ચોથી શ્રેણી

પુસ્તક ૫૧

તા. ૨૮મી ફેબ્રુઆરી , ૨૦૧૮
ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે
થી
તા. ૫મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૧૪, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 160 |
| પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 161 | 170 |
| બિન–સરકારી સંકલ્પો | 171 | 178 |
| **તા. ૧લી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૦, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 179 | 189 |
| અતારાંકિત પ્રશ્નો | 190 | 291 |
| જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું નિવેદન (નિયમ–૪૪ | 292 | 292 |
| જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રી આર. સી. ફળદુનું નિવેદન (નિયમ–૪૪) | 293 | 294 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 295 | 300 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 301 | 302 |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | 303 | 309 |
| ગિલોટીન કરેલ માગણીઓ | 310 | 310 |
| **તા. ૫મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૪, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 311 | 321 |
| અતારાંકિત પ્રશ્નો | 322 | 437 |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | 438 | 465 |

# ગુજરાત વિધાનસભા

## બુધવાર તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ

* ૨૧૫૫ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા મળેલ અરજીઓ, આપવામાં આવેલ જોડાણો અને પડતર અરજીઓની વિગતો પત્રક – અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

પત્રક – અ

બનાસકાંઠા જિલ્લો

| તાલુકાનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| અમીરગઢ | ૬૪૯ | ૬૮ | ૫૩૦ | ૧ | ૧ | ૦ |
| ભાભર | ૫૪૬ | ૪૦ | ૪૩૬ | ૦ | ૦ | ૦ |
| દાંતાવાડા | ૧૧૩૮ | ૨૦૨ | ૭૧૮ | ૩ | ૩ | ૦ |
| ડીસા | ૧૩૦૫ | ૧૪૪ | ૬૯૬ | ૧ | ૧ | ૦ |
| દીઓદર | ૪૧૨ | ૭૧ | ૨૨૪ | ૧ | ૧ | ૦ |
| ધાનેરા | ૧૧૯૧ | ૭૯ | ૮૭૮ | ૪ | ૪ | ૦ |
| કાંકરેજ | ૯૭૧ | ૨૧૯ | ૬૬૩ | ૦ | ૦ | ૦ |
| લાખણી | ૭૦૮ | ૯૩ | ૩૫૫ | ૨ | ૨ | ૦ |
| પાલનપુર | ૧૬૧૧ | ૩૦૨ | ૯૦૭ | ૨ | ૨ | ૦ |
| સુઈગામ | ૧૧૮ | ૯ | ૯૬ | ૦ | ૦ | ૦ |
| થરાદ | ૨૭૯૦ | ૩૦ | ૨૫૧૩ | ૧ | ૧ | ૦ |
| વડગામ | ૧૧૬૪ | ૨૦૮ | ૬૬૩ | ૧ | ૧ | ૦ |
| વાવ | ૧૦૭૯ | ૧ | ૯૪૬ | ૦ | ૦ | ૦ |
| દાંતા | ૮૯૩ | ૨૭૯ | ૫૭૨ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૪૫૫૫ | ૧૭૪૫ | ૧૦૧૯૭ | ૧૬ | ૧૬ | ૦ |
| પાટણ જિલ્લો | | | | | | |
| ચાણસ્મા | ૧૩૨ | ૪૮ | ૬૭ | ૩ | ૨ | ૦ |
| હારીજ | ૩૯૭ | ૬૧ | ૩૧૩ | ૪ | ૪ | ૦ |
| પાટણ | ૨૬૩ | ૧૦૬ | ૧૦૧ | ૮ | ૮ | ૦ |
| રાધનપુર | ૨૭૯ | ૧૬ | ૧૮૩ | ૦ | ૦ | ૦ |
| સમી | ૭૧ | ૧૮ | ૩૫ | ૦ | ૦ | ૦ |
| શંખેશ્વર | ૬૨ | ૧૩ | ૪૨ | ૦ | ૦ | ૦ |
| સાંતલપુર | ૬૬૩ | ૧૨ | ૮૫ | ૦ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સરસ્વતી | ૨૮૬ | ૮૪ | ૧૫૫ | ૧ | ૧ | ૦ |
| સિધ્ધપુર | ૧૯૭ | ૩૧ | ૧૧૭ | ૧ | ૧ | ૦ |
| કુલ | ૨૩૫૦ | ૩૮૯ | ૧૦૯૮ | ૧૭ | ૧૬ | ૦ |

* બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની ૨૬૧૩ અરજીઓ અને પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની ૮૬૩ તેમજ કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણની ૧ અરજી જુદા જુદા કારણોસર રદ થયેલ છે.

(૨) તે પૈકી કેટલા વીજકનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે,અને

(૩) ઉક્ત બાકી વીજ કનેક્શન કયા સુધીમાં આપવામાં આવશે?

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પ્રથમ વખત ખેડૂતોનો પ્રશ્ન પૂછવા માટેનો મોકો મળ્યો છે. આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે અને અમારા આ ગૃહના તમામ સિનિયર સભ્યો પાસે અપેક્ષા રાખીએ કે પ્રથમ વખત ચૂંટાઇને આવ્યા છીએ તો કયાંક અમને માર્ગદર્શનની જરૂર પડે તો તમામ સભ્યો અમને માર્ગદર્શન આપશે. મહિલાઓમાં ચંદ્રિકાબેન હોય, સામે નીમાબેન હોય તો એમની પાસે અપેક્ષા રાખીએ કે અમને માર્ગદર્શન મળશે. બનાસકાંઠા રાજ્યની સૌથી મોટી જિલ્લા પંચાયત બનાસકાંઠા કોંગ્રેસનો ભવ્ય વિજય અપાવવા બદલ બનાસકાંઠાના નાગરિકોનો હાર્દિક આભાર માનું છું. વિધાનસભામાં પણ ૯ માંથી ૬ ધારાસભ્ય તરીકે ચૂંટીને મૂક્યા છે તે બદલ બનાસકાંઠાની જનતાનો આભાર માનું છું. સાથે સાથે ખેડૂતોનો પ્રશ્ન રજૂ કરવાનો મોકો મળ્યો છે, ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૨૦૧૨ માં ૧૪,૫૫૫ કનેક્શનો માગેલ હતા એ પૈકી માત્ર ૧૭૪૫ કનેક્શનો આપવામાં આવ્યા છે. ૧૦,૧૯૭ અરજીઓ પેન્ડિંગ છે, ત્યારે ઉદ્યોગપતિઓને કનેક્શન લેવાનું હોય તો રાતોરાત બે મહિનામાં મળી જતું હોય છે. અને ગુજરાતના ખેડૂતોને ૧૦-૧૦ વર્ષ સુધી કનેક્શનો આપવામાં આવતા નથી. ઉત્તર ગુજરાતની વાત કરું તો અમારા ખેડૂતોને એક ટ્યૂબવેલ બનાવવાનો ખર્ચો ૧૦-૧૦ લાખ રૂપિયા થાય અને એની અંદર ટોટલ ૧૫-૨૦ લાખનો ખર્ચો કરવામાં આવે અને ૫-૧૦ વર્ષ સુધી કનેક્શનો મળતા નથી, તો આ ખેડૂતોની જે ૧૦,૧૯૭ અરજીઓ પેન્ડિંગ છે એને કયાં સુધીમાં કનેક્શન આપવા માગો છો? બીજું, બનાસકાંઠા જિલ્લાના પાટણ જિલ્લાનાં કેટલાંક તાલુકા ડાર્કઝોનમાં છે? કયાં સુધી સરકારશ્રી એ દૂર કરવા માગે છે? આ બંને પ્રશ્નોનો જવાબ આપે. અને આશા રાખું કે શક્ય હોય તો ઉદ્યોગપતિઓને બાજુ પર મૂકી ખેડૂતોને ઝડપી કનેક્શનો આપે એવી માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : ૩ મિનિટનો તો ખાલી પ્રશ્ન થયો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેનને નેતા બનાવવા માટે શુભેચ્છા. બેનને બહુ જ વિગતવાર હું માહિતી આપીશ. એમને ખુલાસામાં હું પૂરું કરીશ. પહેલી વસ્તુ એ જવાબ છપાયેલ છે તે હાલમાં જે મળેલી અરજીઓ છે તે પૈકીના ૧૭૪૫ અપાયેલ છે. ૧૬ તત્કાલ વીજમાં અપાયેલ છે. કુલ આજના જવાબમાં ૧૭૬૧ અરજીઓ પૈકી છે. એવું નથી કે એટલાં જ કનેક્શનો ૨ વર્ષમાં અપાયેલ છે. બે વર્ષમાં એનાથી ઘણાં ઘણાં વધારે કનેક્શનો અપાયેલ છે. ઓલ્ડ એપ્લીકેશન એની પહેલાની હતી એ ૧૯,૫૧૫ રિલીઝ કર્યા છે. પ્લસ આ ૧૭૬૧ રિલીઝ કર્યાં છે. એટલે ટોટલ ૨૧,૨૭૬ રિલીઝ કર્યાં છે. આપ મારો વિષય સમજ્યા બેન. ૨૧,૨૭૬ એકલાં બનાસકાંઠામાં કર્યાં છે. પાટણમાં જે ૪૦૬ છે એ આ બે વર્ષ પૈકીના છે. પરંતુ ૩૯૨૨ પહેલાનાં છે. કુલ ૪૩૨૮ કનેક્શનો રિલીઝ કર્યાં છે. બીજું, ખાસ ધ્યાન દોરવાનું કે મારે થોડી કમ્પેરિઝન આપવી છે કે આપના પક્ષના જ્યારે મુખ્યમંત્રી હતા. ૩૫ વર્ષ આપની સરકાર હતી. તે વખતે (અંતરાય) કમ્પેરિઝન કરું છું. હું કમ્પેરીઝન કરું છું. માહિતી આપું ને. મારે સરકારની ખેડૂતો માટેની કનેકશન આપવા માટેની કેટલી ચિંતા છે તેની વાત કરવી છે. એટલું કહેવું છે કે આ પાંચ વર્ષની અંદર એટલે કે ૨૦૧૨ થી ૨૦૧૭માં ૩૯૮૯૮ કનેકશન આપ્યા છે. એવરેજ ૯૮૮૫ કનેકશન આવે છે. આપના સમયમાં એટલે કે ૩૫ વર્ષમાં ૫૫ હજાર કનેકશન આપ્યા છે અને અમે આ પાંચ વર્ષમાં ૪૦ હજાર કનેકશન આપ્યા છે આટલો ફરક છે. ૨૦૧૨ થી ૨૦૧૭માં આશરે ૪૦ હજાર કનેકશન આપ્યા છે. ૩૫ વર્ષમાં એટલે કે ૧૯૬૦ થી ૧૯૯૫માં ૫૫ હજાર કનેકશન આપ્યા છે. એટલે આ વિષય લઇ આપ ખેડૂતો સુધી જજો એવી મારી આપને નમ્ર વિનંતી છે. બીજું મારે વિગતવાર કહેવું છે અને તાલુકાવાઇઝ કહું તો આપને માહિતી મળે. દા.ત. અમીરગઢ તાલુકામાં ૨૦૧૨માં એકેય નથી, ૨૦૧૩માં એકેય નથી, ૨૦૧૪ના ૧૨ છે અને ૨૦૧૫ના ૫ છે અને ૨૦૧૬ અને ૨૦૧૭ના ભેગા થઇ ૪૫૭ પેન્ડીંગ છે. ભાભર તાલુકાની અંદર ૨૦૧૫ સુધીના પતી ગયા છે. ૨૦૧૬ અને ૨૦૧૭ના બાકી છે. દાંતા તાલુકાની અંદર સંપૂર્ણપણે પતી ગયા છે. દાંતીવાડાની અંદર ૨૦૧૬ અને ૨૦૧૭ ના બાકી છે. ડીસાની અંદર ૨૦૧૬ અને ૨૦૧૭ના બાકી છે. દીયોદરમાં ૨૦૧૬ના ૨૫

બાકી છે અને ૨૦૧૭ના ૧૩૫ કનેકશન એમ કુલ ૧૬૦ બાકી છે. ધાનેરાની અંદર ૨૦૧૫ના ૨૨ કનેકશન અને ૨૦૧૬ના ૩૫૯ એમ કુલ ૪૧૧ કનેકશન બાકી છે. આ જે ૨૦૧૫ના કનેકશન બાકી છે તે બહુ ઓછા કેસો છે તેનું મૂળ કારણ કે કયાંક ને કયાંક ડીસ્પ્યુટ હોવાના કારણે કામો નથી થતા. આજની તારીખમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૬ અને ૨૦૧૭ના કામો ચાલુ છે. ચાણસ્મા અને પાટણ જિલ્લાની વાત કરીએ તો પાટણમાં ૨૦૧૬ના માત્ર ૦૮ કનેકશન બાકી છે. અરે ભાઇ જવાબ આપવા દો. બહેનને મારે સંતોષકારક જવાબ આપવાનો છે. પહેલીવાર ઉભા થયા છે. ૨૦૧૬ના ૧૦૪ કનેકશન બાકી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો જે ડાર્કઝોનમાં પહેલાં વીજળી કનેકશન ન્હોતા મળતા તે હવે મળવાની શરૂઆત થઇ છે. આદરણીય મંત્રીશ્રીએ ખૂબ સરસ ડીટેઇલમાં જવાબ આપ્યો છે અને તે જવાબની અંદર મારા મનની અંદર જે પ્રશ્ન ઉભો થયો હતો તેનો જવાબ મને મળી ગયો છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૫૫૫ કનેકશનની માગણી ૨૦૧૨માં થયેલી છે. ૬ વર્ષ દરમ્યાન આપણે ૧૪૪૫ કનેકશન આપ્યા છે. પર્સન્ટેઝ જોઇએ તો ૧૧.૯૯ થાય છે. એટલે આપણે વર્ષે ૨ ટકા કનેકશન મંજૂર કરીએ છીએ. આનો અર્થ એવો થાય કે ૧૪૫૫૫ કનેકશન પૂરા કરતાં હજી ૪૬ વર્ષ સુધી રાહ જોવી પડશે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન બરાબર વાંચ્યો નથી. ૨૦૧૨ના કનેકશન નથી. ૨૦૧૬ અને ૨૦૧૭ના કનેકશનની માગણીની વાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તેમનો સવાલ પૂરો થઇ જવા દો. જવાહરભાઇ આપ આપનો સવાલ પૂરો કરી દો પછી બેસી જાઓ.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર ડાર્કઝોન હેઠળ હતો તેના કારણે ૨૦૧૨ પહેલાં માગણીઓ હતી જ નહીં. માગણીઓ જ ૨૦૧૨ થી ચાલુ થઇ છે. તેના કારણે આ પ્રશ્ન મોટો થઇ જાય છે. ૨૦ વર્ષ સુધી માગવાની મનાઇ હતી. ૨૦ વર્ષ પછી માગણી થઇ તેનો નંબર કયારે આવશે તે ખબર નથી. આ પ્રશ્ન ખેડૂતો માટે બહુ મોટો છે. જેના માટે મારે જવાબ જોઇએ છે કે આ પૂર્ણ કયારે થશે? ૨૦ વર્ષ રાહ જોઇ, હજી છ વર્ષ રાહ જોઇશું. હજી કેટલા વર્ષ સુધી રાહ જોવાની છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જાણ કરવાની કે આ પ્રશ્નમાં જે અરજીઓ માટે પૂછયું છે તે માત્ર ૨૦૧૬ અને ૨૦૧૭નું જ છે. આપણે ૨૦૧૨ થી અરજીઓ ચાલુ કરી. આમાં મોટા ભાગની અરજીઓ પૂરી થઇ ગઇ છે. હવે મેં આપને જવાબ આપ્યો કે ૨૦૧૬ અને ૨૦૧૭ની અરજીઓ બાકી છે. જે પ્રમાણે અમે સવા લાખ કનેકશનો દરવર્ષે રીલીઝ કરીએ છીએ તો વહેલામાં વહેલી તકે તે કનેકશનો પતી જશે. પેન્ડીંગ અરજીઓ કેટલી બાકી છે તે મેં કહ્યું છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછ્યા અને જે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા છે એથી એવું ચોક્કસ કહી શકાય કે, ખેડૂતોની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને માટે જ છઠ્ઠી વખત ફરીથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ચૂંટાઇને આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો અમૂક જવાબ મળ્યો છે તેમ છતાં એક બીજો વધારાનો પ્રશ્ન હું પૂછું કે, ગુજરાતના વીજ નિયમન પંચે ખેડૂતો માટે જાહેર કરેલ વીજદર શું છે અને, તેની સામે ખડુતો પાસેથી કયો વીજદર લેવાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની છે વીજળીના ભાવો ગમે તેટલા વધે પણ ખેડૂતોના વીજળીના ભાવો આપણે વધાર્યા નથી. ભાવો ગુજરાત રેગ્યુલેટરી કમિશન નક્કી કરે છે અને ગુજરાત રેગ્યુલેટરી કમિશને ૨૪૦૦ રૂપિયા પર હોર્સ પાવરનો ભાવ નક્કી કર્યો છે એની સામે રાજય સરકાર ૭.૫૦ હોર્સ પાવરની નીચે હોય એના ૬૬૫ લે છે અને એબાઉ ૭.૫૦ હોર્સ પાવર હોય તો એના ૮૦૭.૫૦ લે છે એટલે બાકીનો ડીફરન્સ છે એ સંપૂર્ણપણે સબસિડી રાજય સરકાર જી.ઇ.બી.ને આપે છે એટલે ખેડૂતો પાસેથી વધારે નથી લેતા અને બીજું જે નોનરીટર્ન ટેરીફ હોય એમાં ૨૦ પૈસા પર એચ.પી. લઇએ છીએ અને ૬૦ પૈસા પર યુનિટનો ભાવ છે અને તત્કાલમાં ૮૦ પૈસા પર યુનિટનો ભાવ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત મારે ખાસ સભ્યશ્રીને કહેવું છે કે, બનાસકાંઠા અને પાટણમાં પુર આવવાના કારણે આપણે જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં ખેડૂતોના ૭૦.૪૦ કરોડ રૂપિયા લીધા ન હતા.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ખેડૂતોની ચિંતા કરવાની વાત કરે છે ત્યારે ખેડૂતોના ટ્યુબવેલના બિલ મોટરોનું ચેકીંગ કરીને ખોટી રીતે વધારાના બિલ આપે છે તો આ બાબતે સરકાર શું વિચારણા કરવા માગે છે? મોટરો તો એટલીને એટલી જ હોય છે તો બમણીને દોઢી મોટર કેવી રીતે થઇ ગઇ, તો મોટરનું ધ્યાન આપવામાં આવે છે કે કેમ? બીજો પ્રશ્ન મારો એ છે કે, અમારા ધાનેરા મત વિસ્તારમાં વોલ્ટેજ ન મળવાના કારણે મોટરો બળી જાય છે આ માટે સરકાર કયા નવા સબ સ્ટેશન બનાવવા માગે છે અને, મંજૂર થયેલા હોય તો કયા કયા નવા સબ સ્ટેશનો મંજૂર થયેલા છે? ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, ૨૪ કલાક સીંગલ ફેઝની ખેડૂતોને વીજળી આપવાની વાતો કરનારી સરકારને મારે કહેવું છે કે ખેડૂતો મોટા ભાગના ખેતરોમાં જ રહે છે ત્યારે વિદ્યાર્થીઓને ભણવામાં, પોતાના પશુઓને દૂધ દોહવાના મશીનો લગાવેલા હોય તે વખતે ૨૪ કલાક ખેડૂતોને વીજળી આપવાની ખાતરી આપે છે પરંતુ ઘણાં વિસ્તારોમાં સીંગલ ફેઝની વીજળી પણ અપાતી નથી તો આ બાબતે સરકાર શું કરવા માગે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઘણાં બધા સવાલ આ પ્રશ્નની બહારના છે એટલે એમણે જુદી નોટીસ આપવી પડે. પણ હું લો વોલ્ટેજની જે વાત કરી એમાં ચોક્કસ થોડી આપને માહિતી આપુ કે, લો વોલ્ટેજ દૂર કરવા માટે

## તારાંકિત પ્રશ્નો

આપણે સબ સ્ટેશનો વધારે કરીએ છીએ અને આજની તારીખમાં તમે જોશો તો બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૪૭ સબ સ્ટેશન છે અને પાટણમાં ૪૬ બસ સ્ટેશન છે અને ખાલી આપનું ધ્યાન દોરું કે, ૧૪૭માંથી ૮૩ સબ સ્ટેશનો માત્રને માત્ર છેલ્લા ૧૫ વરસમાં બનેલા છે અને ૧૯૯૫ સુધી ખાલી ૪૫ સબ સ્ટેશનો હતા, એટલે આપને ખ્યાલ આવે કે અમે ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી આપવા માટે કેટલા કટિબદ્ધ છીએ અને એના માટે અમે ચોક્કસ નવા સબ સ્ટેશનો કરીશું.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઇલેક્ટ્રિસિટી ડ્યુટી ગુજરાત એક માત્ર દેશની અંદર એવું રાજય છે કે જેમાં ખેડૂતોને માફી આપવામાં આવે છે, શું આ વાત સાચી છે? અને બીજો પ્રશ્ન કે, ખેડૂતો માટે કેટલા કરોડ રૂપિયા સબસિડીની જોગવાઇ કરવામાં આવેલી છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ખેતીનો અને વીજળીનો પ્રશ્ન છે. જો હું ઉદારતાથી આ ગુજરાત માટે ખેતી અને વીજળી અંગેનો પ્રશ્ન નહીં પૂછવા દઉં તો કેમ ચાલશે? અને હવે આપ સમય મને બતાવો છો. (અંતરાય) આપને ન પૂછવું હોય તો મને શું વાંધો છે? (અંતરાય) આપના સભ્ય પુંજાભાઇ વંશને પૂછવા દઉં કે ન પૂછવા દઉં એ આપ મને કહો કેમ કે, તેઓ સિનિયર સભ્ય છે અને આપના દંડકશ્રી ના પાડી દે તો હું ના પાડી દઇશ. માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઇલેક્ટ્રીસીટી ડ્યૂટી માફ કરી છે, ઝીરો ઇલેક્ટ્રીસીટી ડ્યૂટી ખેડૂતો પાસે લે છે, વરસોથી ૧૯૬૦થી રાજ્યની સ્થાપના થઇ ત્યારથી ખેડૂતો પાસેથી સરકાર ઇલેક્ટ્રીસીટી ડ્યૂટી લેતી હતી પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એમણે ઇલેક્ટ્રીસીટી ડ્યૂટી માફ કરી છે. બીજું ખાલી સબસિડીની વાત કરીએ તો આજની તારીખમાં કુલ ૪૦૦૭ કરોડ રૂપિયાની સબસિડી ૨૦૧૭-૧૮માં આપવા માટે રાજ્ય સરકારે બજેટમાં પ્રોવીઝન કરેલ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું, સવાલ કેટલા કનેકશનો આપ્યા છે તે નથી, કેટલા કનેકશનો આપવાના બાકી છે એનો સવાલ છે, રાજ્ય સરકાર એકબાજુ સરપ્લસ વીજળીની વાત કરે છે, બહારના રાજ્યોને વીજળી આપણે વેચાણ કરીએ છીએ એની સરકાર વાત કરે છે, ત્યારે બહારના રાજ્યોને વીજળી વેચાણ કરીને આવક મેળવવાના બદલે રાજ્યના જે ખેડૂતોની વીજળી કનેકશન મેળવવા માટેની અરજીઓ પડતર છે એમાં પણ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અરજીઓ પડતર છે તો આ સરપ્લસ વીજળીનું વેચાણ બંધ કરીને આ ખેડૂતોને છ મહિનામાં કનેકશન આપવા માગો છો કે કેમ? હા કે ના?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને ખાલી એટલું જ કહેવું છે કે, રાજ્ય સરકાર કોઇ વીજળી વેચતી નથી અને આજની તારીખે બનાસકાંઠા અને પાટણની જે વિગતો મેં આપી છે, આપણે ડાર્ક ઝોનમાં હતા, ૨૦૧૨માં ચાલુ કરી, દસ વરસના કનેકશનો બાકી હતા એ બધા કનેકશનો આપણે આપી દીધા છે અને આજની તારીખમાં ૨૦૧૬ અને ૨૦૧૭ના કનેકશનો ચાલુ છે, કુલ ૧૦૧૯૭ કનેકશનો બાકી છે એ કનેકશનો આપવા માટે વહેલામાં વહેલીતકે એ ખેડૂતોને મળે એ પ્રમાણેનું વધારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરીએ છીએ, એ કરીને આ બન્ને જિલ્લામાં વહેલામાં વહેલીતકે જોઇએ ત્યારે મળે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવા માટે સરકાર આગળ વધી રહી છે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વરસ ૨૦૧૬ અને ૨૦૧૭માં વર્ષવાર અને તાલુકાવાર ખેતીવિષયક જોડાણો માટે કેટલી અરજીઓ આવી, તે અંગે શું કાર્યવાહી કરી, કુલ કેટલા વીજ જોડાણો આપ્યા અને કેટલી અરજી પેન્ડીંગ છે ?

શ્રી સૌરભ પટેલ : બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ તાલુકામાં ૨૦૧૬માં ૩૭૨ અને ૨૦૧૭માં ૨૭૭, કુલ ૬૪૯, એમાં ૫૧ અરજીઓ કેન્સલ થઇ, રજીસ્ટર્ડ પેન્ડીંગ ૪૦૧ છે એફ.ક્યુ. અન્ડર પેમેન્ટ ૫૦ છે બીજી પેન્ડીંગ ૭૯ છે એટલે ટોટલ પેન્ડીંગ ૫૩૦ છે. એ પ્રમાણે ભાભર તાલુકામાં ૪૩૬ છે, દાંતીવાડાની અંદર ૭૧૮ છે, ડીસાની અંદર ૬૯૬ છે, દીઓદરમાં ૨૨૪ છે, ધાનેરામાં ૮૭૮ છે, કાંકરેજમાં ૬૬૩ છે, લાખણીમાં ૩૫૫ છે, પાલનપુરમાં ૯૦૭ છે, સૂઇગામે ૯૬ છે, થરાદમાં ૨૫૧૩ છે, વડગામમાં ૬૬૩ છે અને વાવમાં ૯૪૬ છે અને દાંતામાં ૫૭૨ છે. આમ કરીને બનાસકાંઠામાં ૧૦૧૯૭ અરજીઓ પેન્ડીંગ છે. પાટણની અંદર વાત કરીએ તો ચાણસ્મામાં માત્ર ૬૭ અરજીઓ પેન્ડીંગ છે, હારીજમાં ૩૧૩ છે, પાટણમાં ૧૦૧ છે, રાધનપુરમાં ૧૮૩ છે, સમીમાં ૩૫ છે, શંખેશ્વરમાં ૪૨ છે, સાંતલપુરમાં ૮૫ છે, સરસ્વતીમાં ૧૫૫ છે અને સિદ્ધપુરમાં ૧૧૭ છે આમ કરીને પાટણમાં ૧૦૯૮ કનેકશનો બાકી છે અને આ જે કનેકશનો માટે મેં કહ્યું તેમ ચોકકસપણે આવતા દિવસોમાં આમાં મોટાભાગે ડાર્કઝોન એરિયા પણ છે અને એમાં ફોરપાર્ટી એગ્રીમેન્ટ કરવો પડે છે, એમાં ડ્રીપ ઇરીગેશન નાંખવું પડે છે એટલે આ બધું જોતાં સમય લાગતો હોય છે, છતાં પણ સરકાર બને તેટલું ઝડપથી આ કામ પૂરું કરવા માગે છે.

ભાવનગર જિલ્લાના મહુવા-ઉમણીયાવદર-બગદાણા રોડને પહોળો કરવાની કામગીરી

* ૨૦૮૧ શ્રી રાઘવભાઇ મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા-ઉમણીયાવદર-બગદાણા રોડને પહોળો કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને | (૨) રૂ. ૪૫૦.૦૦ લાખ નકશા અંદાજોની કાર્યવાહી |

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે? હેઠળ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર રોડ રસ્તાના કામોમાં અગ્રતાક્રમે છે અને આ બાબતે હરણફાળ ભરી છે અને તેમાંય ખાસ કરીને રસ્તાઓ પહોળા કરવાના કામમાં લગભગ સરકાર ૧૦૦ ટકા કામ પૂર્ણ કરવાને આરે છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું અને પૂછતા મને આનંદ એટલા માટે થાય છે કે બગદાણા એ બજરંગદાસ બાપાનું ધામ છે. એ બગદાણા બજરંગદાસ બાપાના ગામમાં દર્શન કરવા માટે યાત્રાળુઓ માટેનો આ પ્રશ્ન છે ત્યારે મહુવા, ઉમણીયાવદર અને તલગાજરડા એ રોડ જે મંજૂર થયો છે તે રોડની લંબાઇ કેટલી છે ? અને તેની ડામરની સપાટી હાલની હયાતની કેટલી છે ? અને આ કામગીરી કેવા પ્રકારની મંજૂર કરવામાં આવેલી છે અને આ રસ્તો પહોળો કરવાથી યાત્રાળુઓ અને રાહદારીઓને આનો શું લાભ થશે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇએ જે પ્રશ્ન પૂછયો તે બહુ અગત્યનો એટલા માટે છે કે અમારી સરકાર વિકાસને વરેલી છે. અને વિકાસ માટે રસ્તાઓનું નેટવર્ક વધુ સારુ થાય, વધુ લંબાઇના રસ્તાઓ મળે, વધુ પહોળાઇના રસ્તાઓ મળે એ માટે અમારી સરકારે અગાઉના વર્ષોમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારને પ્રાધાન્ય આપી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અમલમાં મૂકી છે અને હું અહીંયા કહીશ મને આનંદ છે કે અહીંયા બેઠેલાં ૧૮૨ ધારાસભ્યમાંથી જે માનનીય ધારાસભ્યશ્રીઓ અગાઉ પણ ધારાસભ્ય હતા તે બધાજ આનંદથી, પ્રેમથી, ઉત્સાહથી આ યોજનાનો લાભ લઇ ચૂકયા છે અને આ વિધાનસભા શહેર સિવાય (અંતરાય) શહેરના ના આવે. આ ૧૮૨માં ગ્રામ્ય વિસ્તાર આવે બીજુ, અત્યારે નવી સરકાર બની હું મંત્રી બન્યો જે પત્રો આપવાની જરૂરિયાત થઇ ચૂકી છે તેમાં વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ પણ ખૂબ આનંદથી તેમના વિસ્તારની સેવા કરવા માટે આ રસ્તાઓની માગણી કરી છે એટલે રાઘવજીભાઇની વાત સાચી છે આ ઉપયોગી યોજના છે અને બધાને તેનો લાભ મળે એ માટે અમે સતત પ્રયત્ન કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાની કુલ ૩૪ કિલોમીટરની લંબાઇ છે એ પૈકી અડધો રસ્તો અગાઉ સાડા પાંચ મીટરનો પહોળો આપણે કરી ચૂકયા હતા પરંતુ તેમણે કહ્યું તે પ્રમાણે અને આપણું આખું ગુજરાત જાણે છે કે પ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા એ આ રોડ ઉપર આવે છે તે સિવાયના બીજા ઘણાં ગામો આ રોડ ઉપર આવે છે તે બધાને અડધો રસ્તો સાડા પાંચ મીટરનો હતો અને અડધો રસ્તો સાંકડો હતો. એટલે સળંગ લંબાઇમાં પહોળો કરવા માટે અમે સાડા ચાર કરોડ રૂપિયાની લગભગ કામગીરી મંજૂર કરી છે અને તે કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે. અને આના કારણે જુદા જુદા ગામો જે એમણે પ્રશ્ન પૂછયો છે તેમાં જે બગદાણા સહિતનો જે વિસ્તાર છે તેમાં ઉમણીયાવદર તેમાં ૩૪૦૦ની વસતિ છે, કોઝડી ૪૧૦૦ની વસતિ છે, તરેલ ૫૧૦૦ની વસતિ છે, બોરડી ૧૫૦૦ની વસતિ છે, રાજાવદર ૭૦૦૦ની વસતિ છે, સેદરડા ૧૫૦૦ની વસતિ છે, વાઘા વડોળા ૩૪૦૦ની વસતિ છે, ખારી ૫૦૦૦ની વસતિ છે અને મોણપર ૬૫૦૦ની વસતિ છે. આમ હજારો લોકો અને નાગરિકોને, ગામડાંના ખેડૂતોને અને જે યાત્રાધામે દર્શન કરવા જાય છે એવા લાખો યાત્રાળુઓને આ રસ્તો પહોળો થવાથી ખૂબ સવલત પ્રાપ્ત થશે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું હમણાં જ અમારા મિત્ર આર.સી.મકવાણાએ જે ઉમણીયાવદર બગદાણા રોડની વાત કરી, સારી વાત હતી. પરંતુ બગદાણા તે સુપ્રસિદ્ધ યાત્રાધામ સમગ્ર વિશ્વનું છે ત્યારે સમગ્ર યાત્રાધામનો ૭૫ થી ૮૦ ટકા ટ્રાફિક તે તળાજા, ખાડજ અને ઢળિયા રાણગોર થઇને ચાલે છે. આ સિંગલ પટ્ટી રોડ હોઇ હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જ્યારે ૮૦ ટકા ટ્રાફિક એ ખાડજ વાળા રોડ પર ચાલતો હોય અને એ રોડ બિલકૂલ બિસ્માર હોય ત્યારે ડબલ પટ્ટીનું અને રીપેરીંગનું સરકારનું આયોજન છે કે નહિ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમારું કામ આખા ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવાનું છે. (અંતરાય) તમારી સલાહની મારે જરૂર નથી.

અધ્યક્ષશ્રી : આપનું વર્તન યોગ્ય નથી. આપ બંને ધારાસભ્યોને હું જોઉં છું. આપ દરેક પ્રશ્નમાં વચ્ચે બોલો છો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી બરાબર છે. હું આજે જ એન્જિનીયરને મોકલી રસ્તાની પરિસ્થિતિ તપાસી લઉં છું અને જરૂર પડે તો એનું કામ પણ આપણે મંજૂર કરી દઇશું.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વર્ષ – ૨૦૧૭માં હયાત રસ્તાને પહોળા કરવા માટે ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા? કેટલી લંબાઇના અને કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે અને બીજો પ્રશ્ન એવો છે કે, બગદાણા – ઠળિયા રસ્તો રીપેર કરવાની ખૂબ જરૂર છે એટલે વહેલી તકે મંજૂરી આપવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભાવનગર જિલ્લામાં પવિત્ર યાત્રાધામ એવું પાલિતાણા છે. શિહોરનું ઔદ્યોગિક મથક પણ છે. ભાવનગરનું અલંગ બંદર પણ ખૂબ અગત્યનું છે અને ખૂબ ટ્રાફિક ધરાવે છે. ઔદ્યોગિક રીતે, વ્યાપારીક રીતે અને ધાર્મિક રીતે બધા જ રસ્તાઓને પ્રાયોરીટી આપી અમે કામ કરીએ છીએ. સોનગઢ થી પાલિતાણાના રસ્તાનું ચાર લેનનું કામ લગભગ પૂર્ણ થવા પર છે. બગોદરાથી ભાવનગર અને પાલિતાણા અને બોટાદ બાજુના રસ્તાઓ પણ વાઇડનિંગ કરી રહ્યા છીએ. આ બધાની સાથે માનનીય કેશુભાઇએ જે વાત કરી એ ગારિયાધારના રસ્તાનું કામ પણ હાથ ઉપર લઇશું અને મેં કહ્યું છે એમ દર વર્ષે જે જોબ નંબર આપવામાં આવે છે એમ આ વર્ષે પણ આ સન્માનનીય ગૃહ બજેટ મંજૂર કરશે ત્યાર પછી લગભગ ૭–૮ હજાર કરોડ રૂપિયાના નવા કામ અમે હાથ ઉપર લેવાના છીએ. એમાં આપને બધાને કહું છું કે જે પ્રાયોરીટીવાળા રસ્તા હોય એ રજૂઆતો કરજો. ધારાસભ્યની રજૂઆત હશે અને જોબ આપવાના હશે તો તબક્કાવાર બધા જોબ

નંબર આપણે આપીશું. આખા ગુજરાતમાં કોઇ પણ જાતના ભેદભાવ વિના દરેકને પુરેપુરા જોબ નંબર આપીશું કારણ કે, પ્રજા અમારી છે. પ્રજાએ સતત છ વખત અમારી ઉપર વિશ્વાસ મૂક્યો છે અને કેશુભાઇએ જે પ્રશ્ન મૂક્યો છે એનું પણ નિરાકરણ કરીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ જવાબ આપતા હતા કે, અમારે કોઇની જરૂર નથી. અમારી જરૂર હોત તો કદાચ આ બાજુ આવી ગયા હોત. માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક કિ.મી.નો રસ્તો બનાવવા માટે આજથી ૨૦ વર્ષ પહેલા કેટલો ખર્ચ થતો હતો અને અત્યારે કેટલો ખર્ચ થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જૂની કોંગ્રેસની યાદ તાજી કરવા માગે છે. એમાં એવું ન હોય. રસ્તાની સ્થિતિ પ્રમાણે એનો ખર્ચ થતો હોય છે. જો કોઇ રેતાળ વિસ્તારમાં રસ્તો બનાવવાનો હોય તો એને નીચેથી મજબૂત કરવો પડે. કોઇ પહાડી વિસ્તારમાં રસ્તો બનાવવો હોય તો એની પર જુદી ટ્રીટમેન્ટ કરવાની હોય. દક્ષિણ ગુજરાતની કોઇ કાંપવાળી, માટીવાળી જમીન હોય તો જ્યાં જમીન તડાઇ જાય તો એને જુદી ટ્રીટમેન્ટ આપવી પડે. રાજ્યના ભૌગોલિક વિસ્તાર પ્રમાણે જુદી–જુદી પદ્ધતિથી એનું ટેન્ડરીંગ, એસ્ટીમેટ બનતા હોય છે અને એક કિ.મી.નો રસ્તો બનાવવા માટે લગભગ ૫૦ લાખથી લઇને ૧ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ થતો હોય છે.

ખેડા અને છોટા ઉદેપુર જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો

* ૨૪૩ શ્રી કાંતિભાઈ પરમાર(ઠાસરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી, અને

જવાબ

(૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વિજજોડાણ આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઇડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔધોગિક વિજજોડાણો માટે ૨૪(ચોવીસ) કલાક સતત થ્રી ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.

ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔધોગિક વિજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે.

વધુમાં રાજ્ય સરકારે સદર યોજનાનો વ્યાપ વધારવા માટે તા.૨૪/૦૧/૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન, જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્ઘઅંતર્ગત ખેડા અને છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લા/તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ખેડા | કઠલાલ | ૨૯૨૬ | ૨૬૭૨ | ૪૧ |
| | કપડવંજ | ૨૫૬૫ | ૨૧૫૭ | ૨૮ |
| | ખેડા | ૨૮૯૬ | ૨૬૮૨ | ૨૭ |
| | માતર | ૧૬૯૩ | ૧૩૮૧ | ૩૩ |
| | મહેમદાવાદ | ૩૧૯૨ | ૨૯૮૧ | ૬ |
| | મહુધા | ૯૨૩ | ૭૭૯ | ૬ |
| | વસો | ૮૮૨ | ૭૫૨ | ૧ |
| | ગલતેશ્વર | ૧૬૭૮ | ૧૩૬૨ | ૦ |
| | ઠાસરા | ૨૦૨૯ | ૧૬૪૯ | ૦ |
| | નડિયાદ | ૭૬૮૮ | ૬૭૩૧ | ૮૯ |
| | કુલ | ૨૬૪૭૨ | ૨૩૧૪૬ | ૨૨૮ |
| છોટા ઉદેપુર | સંખેડા | ૮૭૩ | ૮૧૩ | ૪૦ |
| | બોડેલી | ૨૯૭૧ | ૨૬૧૬ | ૧૪૪ |
| | પાવી જેતપુર | ૧૮૧૨ | ૧૪૮૮ | ૬૪ |
| | છોટા ઉદેપુર | ૧૬૨૫ | ૧૩૦૯ | ૬૫ |
| | કવાંટ | ૧૧૫૪ | ૭૬૫ | ૧૩૪ |
| | નસવાડી | ૭૦૧ | ૬૪૩ | ૫૧ |
| | કુલ | ૯૧૩૬ | ૭૬૩૪ | ૪૯૮ |

* મળેલ અરજીઓ પૈકી ખેડા જિલ્લાની ૩૦૯૮ અરજીઓ અને છોટા ઉદેપુર જિલ્લાની ૧૦૦૪ અરજીઓ જુદા જુદા કારણોસર રદ થયેલ છે.

(૨) તે પૈકી કેટલા વીજકનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ?

શ્રી કાન્તિભાઇ શા. પરમાર (ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લા વીજ કનેકશન આપ્યાં તેના કરતાં ૪૦ ટકાથી વધુ અરજીઓ એટલે કે ૪૦૦૦ અરજીઓ રદ કરી છે તો તેની પાસેથી પૂર્તતા માગી વીજ કનેકશન આપવા માગો છો કે કેમ? આ યોજના હેઠળ વીજ કનેકશન મેળવવા ભરવાની થતી રકમ માફ કરી વિનામૂલ્યે વીજ કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિ ગ્રામ યોજના ૨૪ કલાક વીજળી આપવાની યોજના છે અને આજની તારીખમાં પહેલાં એકલા ગામતળમાં અપાતી હતી, હવે ગામતળ અને ગામતળ બહાર વીજ કનેકશન આપવામાં આવે છે અને ગામતળની બહાર જે કનેકશન આપવામાં આવે છે અને અંદર એમ બંન્ને જગ્યાએ આપવામાં આવે છે. હવે આપણે એમ જોઇએ તો એના ઘણા બધા નિયમો છે. એ નિયમોની અંદર એ પાલન ન થતું હોય તો એમને વીજળીના કનેકશન મળતા નથી. હવે મળેલી અરજીઓ ખાલી જોવા જઇએ તો, માત્ર ખેડાની અંદર ૨૬૪૭૨ અરજીઓ મળી એમાંથી ૨૩૦૦૦ને વીજ કનેકશન આપવામાં આવેલ છે અને છોટા ઉદેપુરમાં ૯૧૩૬ અરજીઓ મળી એમાંથી ૭૬૩૪ વીજ કનેકશન આપ્યા. હવે જે અરજીઓ રદ થાય છે એની વિગત હું આપને આપું. એ રદ થવાનું કારણ છે. દા.ત. ગામતળની બહાર કનેકશન થયા હોય એની અંદર લોકલ તલાટીએ સર્ટિફાઇ કરવું પડે કે દસ વ્યક્તિઓ ઘરોમાં રહે છે કે નથી રહેતા તો એ લોકલ તલાટીનું સર્ટિફિકેટ ના મળે તો એ અરજી આપણે ગણતા નથી. બીજું, પેટા પરાં હોય એ માટે ટી.ડી.ઓ. એ સર્ટિફાઇ કરવું પડે છે કે એ પેટા પરા ગણાય કે નહીં. એવી જ રીતે આપણે જે ૨૪ કલાક ફીડરમાંથી આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, સ્ટેટ અને સેન્ટ્રલ ગવર્મેન્ટ હોલ્ડીંગ અને પબ્લીક પરપઝ માટે જે ઈન્સ્ટીટ્યુશનોને ગામતળની બહાર આપવાનું નક્કી કર્યું છે એની અંદર પ્રુફ ઓફ લેન્ડ ઓફ ઓનરશીપ જોઇએ એટલે જમીનની માલિકી એના નામની જે સરકાર પાસે સર્ટીફિકેટ આવવું જોઇએ તો જ એને મળી શકે. પછી જે માગ્યું છે એમાં ગામતળની બહાર એની ફેન્સીંગને એ પ્રમાણેની વ્યવસ્થા હોવી જોઇએ એટલે આવા ઘણાં બધાં કારણો હોય છે. બીજું, દા.ત. પોલ્ટ્રી ફાર્મ હોય તો એનીમલ હસબન્ડરી ડિપાર્ટમેન્ટે સર્ટિફિકેટ આપવું પડે. કેટલ

શેડ હોય તો કેટલ શેડનું તલાટીએ કે ડિપાર્ટમેન્ટે સર્ટિફિકેટ આપવું પડે કે એ ચાલે છે. સીડ ફાર્મ હોય તો વિભાગે સર્ટિફિકેટ આપવું પડે, તો બધાં કારણો અને આ ડોક્યુમેન્ટ ના આપ્યાં હોય તો એ લોકોની અરજીઓ ના મંજૂર થાય છે.

શ્રી ગોવિંદભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ અને તમામ ધારાસભ્યશ્રીઓનો પહેલાં તો હું આભાર માનું છું અને સૌને મારા રામ રામ અને જય માતાજી,જય માતાજી કારણ કે રામે તો ૧૪ વર્ષ વનવાસ ભોગવેલ હતો પણ હું તો ૧૫ વર્ષ વનવાસ ભોગવીને આ ગૃહમાં આવ્યો છું. એનસીપીના ઉમેદવારને હરાવીને આવ્યો છું. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જયોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવા માટે નવા પરિપત્ર એટલે કે ગામતળની બહાર વીજ જોડાણ મેળવવા માટે નિયમો શું છે, કયા કયા હેતુ માટે વીજ જોડાણ અપાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામ તળની બહાર માટે નવો એક સરક્યુલર તા. ૨૪.૧.૨૦૧૭ના રોજ જયોતિગ્રામ એક્સપાન્ડ કરવા માટેનો રાજય સરકારે નિર્ણય લીધો એના કારણે જે ગામતળની અંદર રહેવા વાળાઓને પહેલાં ૨૪ કલાક લાભ મળતો હતો તે હવે ગામ તળની બહાર પણ ૨૪ કલાકનો લાભ મળવા માંડ્યો. હવે એની અંદર ટ્રાયબલ એરિયાની અંદર એક સાથે દસ ઘરો રહેતા હોય, કે નોન ટ્રાયબલ એરિયામાં ૧૫ ઘરો રહેતા હોય તેને ૨૪ કલાક વીજ કનેકશન આપવામાં આવે છે. બીજું આશ્રમશાળા હોય, આશ્રમ છાત્રાલય હોય, ખેતી ઉદ્યોગ તેની સાથે સંકળાયેલા એગ્રો ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા હોય તેવા પોલટ્રી ફાર્મ હોય, કેટલ શેડ હોય, જીંગા ફાર્મ હોય, ગૌશાળા હોય, મિલ્ક ચીલીંગ પ્લાન્ટ હોય, ટોબેકોની ફેકટરી હોય એવા બીજા નાના મોટા ગૃહ ઉધોગો આવતા હોય આ બધા જ કનેકશનો જે ગામ તળની બહાર આવતા હોય, તો આપણે તેમને ૨૪ કલાક જયોતિગ્રામ ફીડર ઉપરથી કનેકશન આપવાનો નિર્ણય લીધો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ ગામતળમાં અત્યારે કનેકશનો આપવામાં આવે છે. ખેડા જિલ્લામાં અને મધ્ય ગુજરાતમાં મોટા ભાગના લોકો સીમ વિસ્તારોમાં એટલે કે ખેતરોમાં રહેતા હોય છે. ત્યાં છેલ્લા કેટલાય વર્ષોથી જયોતિગ્રામ ફીડરમાંથી કનેકશન આપવામાં આવતું નથી. એના કારણે આ સીમ વિસ્તારમાં જે ૬૦ ટકા વસતિ રહે છે તેવા ઘરોને ૨૪ કલાક પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી શકતો નથી. એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછવા માગું છું કે સીમ વિસ્તારમાં રહેતા લોકોને ૨૪ કલાક રહેણાંકના હેતુ માટે આપ આ જયોતિગ્રામ યોજનાની લાઇનમાંથી કનેકશ આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલઃ મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે, ખેડા જિલ્લાની અંદર ગામ તળની બહાર ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ ની અંદર એટલે કે એક વરસની અંદર ૫૦૫ ઘરવપરાશ માટે વીજ જોડાણ આપ્યાં છે. ૫૦૫ અરજીઓ આવી હતી, તેમાંથી કોમર્શીયલ -૩૩૩, ઇન્ડસ્ટ્રીયલ -૬૧, જનરલ પરપઝ માટે ૧૦ , સ્ટ્રીટ લાઇટીંમાં ૧૧, ૨૩, ૨ અને ૯૪૫ આમ આપણે જોવા જઇએ તો ૯૪૫ કનેકશનમાંથી ૭૦૭ રિલીઝ થયાં છે.આમ ૭૦ કનેકશન આઉટ સાઇટ ગામ તળની બહાર આપ્યાં છે અને રહેણાંકમાં ૩૩૩ માંથી ૨૫૦ કનેકશનો રીલીઝ થયાં છે, ૧૪ કનેકશનો પેન્ડીંગ છે અને ૧૩ કનેકશનો પેઇડ પેન્ડીંગ છે. ૫૩ અરજીઓ કેન્સલ કરવામાં આવી છે અને બાકીના બધા રેસીડેન્શિયલ કનેકશનો આપણે મંજૂર કર્યાં છે.

શ્રી અમીત ચાવડા : કનેકશનો આપતા નથી માટે આપ ખાસ ચેક કરાવો તેવી વિનંતી છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રને આપના માધ્યમથી પૂછવા માગું છું કે, આ જયોતિગ્રામ યોજના હેઠળ કેટલી કામગીરી કરવામાં આવી છે. આ જયોતિગ્રામ યોજના કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે અને તેમાં કેટલો ખર્ચ થશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિગ્રામ યોજના એટલે રાજયના ગામડાંના લોકોની જિંદગી બદલવાના પ્રયાસ રૂપે આદરણીય નરેન્દ્રભાઇ મોદી આ યોજના લાવ્યા હતા. મારે ખાસ કહેવું છે કે ખેડા જિલ્લાના ૬૧૨ ગામડાંની અંદર અને ૧૨૦૭ પેટા પરાંની અંદર ૨૨૭૪ કિલોમીટરની એચ.પી. લાઇનો નાંખી, ૮૯૪ કિલોમીટરની એલ.ટી. લાઇનો નાંખવામાં આવી હતી, ૭૫૬ નવાં ટી.સી. નાખવામાં આવ્યાં હતાં, ૬૯૭૭૮ થાંભલા નાંખ્યા, ત્યારે ખેડા જિલ્લાની અંદર ૨૪ કલાક માટેની જયોતિગ્રામ યોજના બનાવી શકયા. એ જ પ્રમાણેની કામગીરી છોટા ઉદેપુરમાં કરી અને તેમાં ૮૯૧ ગામડાંની અંદર ૪૨૬ પેટા પરાની અંદર આપણે ૧૬૯૯ કીલોમીટરની લાઇન નાખી, એલ.ટી. ની ૬૬૮, થાંભલા ૫૬૮ ઉભા કર્યા અને ૫૬૫ પોલ નાખ્યા ત્યારે ૨૪ કલાક માટે વીજળી આપી શકયા છીએ.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વિદ્યુત બાબતમાં બહુ સારી વાત કરે છે.પરંતુ મારો પ્રશ્ન એ છે કે ખેડા જિલ્લામાં ૩૦૯૮ અરજીઓ નામંજૂર કરી છે, અને છોટા ઉદેપુર જિલ્લામાં ૧૦૦૦ નામંજૂર કરી છે. આમ ૪૦૯૮ લોકોની અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તેનો અર્થ એ થયો કે, આ લોકોને વિદ્યુતની જરૂરિયાત છે. તો નિયમોમાં ફેરફાર કરીને જરૂરીયાત મંદ લોકો છે તેને વિદ્યુત આપવા માગો છો કે કેમ ? જરૂરીયાત વાળા હોય એટલે જ અરજી કરી હોય ત્યાં નથી માટે જ અરજી કરી હોય એ લોકોને નથી મળી એ હકીકત છે.

શ્રી સૌરભ પટેલ : આજની તારીખમાં જેટલા લોકોની અરજી કેન્સલ થયેલ છે એને વીજળી નથી મળતી એવું નથી. એને વીજળી તો મળે જ છે. જે ખેડૂતો ખેતરમાં રહેતા હોય છે એને ખેતીવાડી ફીડરમાંથી ૨૪ કલાક સીંગલ ફેઇઝથી લાઇટ મળે છે પરંતુ ઘણા લોકો એમાંથી શિફટ થઇને ૨૪ કલાકના ફિડરમાંથી લાઇટ લેવા માગતા હોય છે. આપણા જે નિયમો છે એમાં બેસતા ન હોય એની અરજી નામંજૂર કરેલ છે. ૩૩૩ માંથી ૨૫૦ને તો વીજળી કનેકશનો આપ્યા છે. ફકત ૫૩ અરજીઓ જ

કેન્સલ કરી છે. જ્યોતિગ્રામ યોજના નીચે ૨૪ કલાક વીજળી માટેના જે નિયમો નક્કી કરેલા છે એમાં આવતા હોય એને જ ઘર વપરાશ માટે આપવામાં આવે છે. ગામમાં એકે એક વ્યકિતને આપીએ જ છીએ એના લીધે ગામોમાં ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળે છે. પરંતુ ગામતળ બહાર જ્યાં વધારે લોકો દસ ઘર હોય કે ૧૫ ઘરનું પોકેટ હોય કે છુટાછવાયા ઉદ્યોગકારો હોય કે, છુટાછવાયા પોલ્ટ્રીવાળા હોય એ બધાને ૨૪ કલાક વીજળી આપીએ છીએ. કનેકશનો માટે કુલ  અરજીઓ ૩૦૯૮ આવી હતી એમાંથી ગામતળની અંદરની  ૨૨૭૨ હતી.

શ્રી મહેશકુમાર  ક. રાવલ :  ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં ૨૦૧૬-૧૭માં તાલુકાવાર  જ્યોતિગ્રામ હેઠળ કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલા જોડાણો આવ્યા અને કેટલી અરજીઓ પેન્ડિંગ છે?

શ્રી સૌરભ પટેલ :  ખેડા જિલ્લાની છેલ્લા બે વર્ષની વાત કરું તો  કઠલાલ તાલુકાની ૨૯૨૬ અરજીઓ મળી એમાંથી ૨૬૭૨ અરજીઓ મંજૂર કરી  અને ફકત ૧૫ અરજીઓ બાકી છે. કપડવંજ તાલુકામાં ૨૫૬૨ અરજીઓ મળી એમાંથી ૨૧૫૭ મંજૂર કરી અને ૧૧ અરજીઓ પેન્ડિંગ છે. ખેડા તાલુકામાં ૨૮૯૬ અરજીઓ આવી એમાંથી  ૨૬૮૨ અરજીઓ મંજૂર કરી અને ૧૩ અરજી પેન્ડિંગ છે. માતર તાલુકામાં ૧૬૯૩ અરજીઓ આવી એમાંથી ૧૩૮૧ મંજૂર કરવામાં આવી અને ૨૧ અરજીઓ બાકી છે. મહેમદાવાદ તાલુકામાં ૩૧૯૩ અરજીઓ આવી એમાંથી ૨૯૮૧ અરજીઓ મંજૂર કરી અને ત્રણ અરજીઓ બાકી છે. મહુવામાં ૯૨૨ અરજીઓ આવી એમાંથી ૭૭૯ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ચાર અરજીઓ પેન્ડિંગ છે.  વસોમાં ૮૮૨૨ માંથી ૭૫૨ આપી દીધી ૧૮ બાકી છે.  ગલતેશ્વરમાં ૧૬૭૮ માંથી ૧૩૬૨  અરજીઓનો નિકાલ કરેલ છે, એક પણ બાકી નથી. ઠાસરામાં ૨૦૨૯ અરજીઓ આવી હતી એમાંથી ૧૬૪૯ અરજીઓનો નિકાલ કર્યો જયારે  પેન્ડિંગ એક પણ નથી. નડિયાદમાં ૭૬૮૮ માંથી ૬૭૩૭ અરજીઓનો નિકાલ કર્યો છે.  આમ કુલ ખેડા જિલ્લાની અંદર  ૨૨૮ અરજીઓ પેન્ડિંગ છે  એ અરજીઓનું કામ વહેલામાં વહેલી તકે  પૂર્ણ કરીને એને વીજળી આપવાનું કામ કરીશું.

શ્રી સુખરામભાઇ  હ. રાઠવા :  શહેરી વિસ્તાર હોય કે ગ્રામીણ વિસ્તાર હોય વીજળી એ આજે જીવન જરૂરિયાતની ચીજવસ્તુ બની ગઇ છે એમ કહીએ તો ખોટુ નથી. અમારે ત્યાં ગામડાંની અંદર ગામતળ નીમ થયેલા નથી. મારું પોતાનું જામલી મુસટ ગામ છે  એને અરજી કરવી હોય તો એન.એ. નો દાખલો લાવવો પડે છે. સરકારે પાછળથી સુધારો કર્યો છે. આદિવાસીભાઇઓ પોતાના વાડામાં કે ખેતરમાં ઘર કનેકશન  માગતો હોય તો ત્યાં કનેકશન આપવા માગે છે કે કેમ?  જો ન આપી શકાતું હોય તો  એમાં સુધારો કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ :  દસ ઘરોનું પોકેટ હોય કે ૧૫ ઘરોનું પોકેટ હોય તો અમે એમાં એન.એ. માગતા નથી. નોન એનએ હશે તો પણ આપીશું. એ પોકેટની અંદર દસ ઘર હોવા જોઇએ, એ ખેતરમાં હોય તો પણ જ્યોતિ ગ્રામ યોજનાની અંદર એનો સમાવેશ કરવામાં આવશે. એ પોકેટની અંદર હશે તો એનએ વગર પણ આપીશું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા :  માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિ ગ્રામ યોજનાના કારણે રાજ્યના વીજ ગ્રાહકોને શું ફાયદો થયો? જ્યોતિ ગ્રામ યોજનાની દેશના કોઇ રાજ્યો દ્વારા નોંધ લેવામાં આવી છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ :  માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો જ્યારે ગામડાંની અંદર ૧૦-૧૨ કલાક વીજળી બંધ રહેતી હતી અને ખૂબ મોટા પ્રમાણમાં પુઅર વોલ્ટેજ આવતા હતા, વારંવાર ટ્રીપીંગ થતું હતું. આ જ્યોતિ ગ્રામ યોજના લાવવાના કારણે આજની તારીખે સંપૂર્ણપણે ૨૪ કલાક લાઇટ મળવાથી લોકોને ફાયદો થયો છે. બીજુ, ખૂબ મોટા પ્રમાણમાં લોકો ગામડાં છોડીને શહરો તરફ આવતા હતા કારણ કે, ગામડાંમાં દિવસના સમયે ચારથી છ કલાક લાઇટ બંધ રહેતી હતી. જેના કારણે એમના ધંધા-વ્યવસાય થતા નહોતા. જ્યોતિ ગ્રામ યોજનાને કારણે લોકોને રોજગારી મેળવવામાં સૌથી મોટો ફાયદો થયો છે. જ્યોતિ ગ્રામ યોજનાને કારણે ૨૪ કલાક વીજળી મળે છે. જેના કારણે લોકોની ક્વોલીટી ઓફ લાઇફમાં સુધારો થયો છે. પહેલા લાઇટ ન મળવાના કારણે દરેક ક્ષેત્રમાં મુશ્કેલી પડતી હતી. એ આરોગ્ય ક્ષેત્ર હોય કે અન્ય રોજગારીના ક્ષેત્ર હોય દરેકમાં મુશ્કેલીઓ પડતી હતી. આજે ગામડાંમાં હિરાના કારખાના ચાલે છે. બીજા ઘણા વ્યવસાયો પણ ચાલી રહ્યા છે. જ્યોતિ ગ્રામ યોજના આવવાના કારણે ગામડાંમાં ચોક્કસપણે લાભ થયો છે.

શ્રી કુંવરજીભાઇ  મો. બાવળિયા :  માનનીય અધ્યક્ષશ્રી, મારો એક ટૂંકો સવાલ છે. ઘણા વિસ્તારોમાં જિલ્લા પંચાયત હસ્તકની સીમ શાળાઓ આવેલી છે. એમાં જિલ્લા પંચાયત કે રાજ્ય સરકારે કમ્પ્યુટર આપ્યા છે. પરંતુ ત્યાં લાઇટ ન હોવાના કારણે એનો ઉપયોગ થઇ શકતો નથી. જિલ્લા પંચાયત હસ્તકની આ સીમ શાળાઓમાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ વીજળી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ :  માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ જિલ્લા પંચાયતની શાળા હોય અને આપના ધ્યાનમાં આવી હોય તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો. આજની તારીખે તો બધાને આપીએ છીએ. કદાચ એના માટે સુધારો કરવો પડે તો અમે વિચારણા કરીને સુધારો કરીશું. સ્કૂલોમાં આપણે ૨૪ કલાક જ્યોતિ ગ્રામ યોજના હેઠળ વીજળી આપીશું.

અધ્યક્ષશ્રી : પ્રેમસિંહભાઇ, આપે ગામના નામ આપવા હોય તો આપો. આ તો તમને વધારાની તક આપું છું.

શ્રી પ્રેમસિંહભાઇ  દે. વસાવા :  માનનીય અધ્યક્ષશ્રી, દેડીયાપાડા અને સાગબારાના ઉંડાણના જે ગામો છે તેમાં ડુમખલ, મોજદા, નલ, બાર વગેરેમાં વીજળીની વ્યવસ્થા થયેલ નથી.

અધ્યક્ષશ્રી :  બસ, આવી ગયું. આપના મનની વાત હતી એ કહેવડાવી. માનનીય મંત્રીશ્રી જવાબ આપવાની જરૂર નથી. આ તો એમનું ફક્ત સૂચન છે એને ચકાસી લેજો.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો

* ૨૨૧૬ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) ઉક્ત સ્થિતિે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાંથી રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ગીરસોમનાથ | | જુનાગઢ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | ૨૦૧૬–૧૭ | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| રાસાયણિક ખાતર | શૂન્ય | ૦.૦૧ | ૦.૦૦૦૯ | ૦.૧૫ |
| પેટ્રોલ | ૧.૯૨ | ૧.૬૨ | ૭.૩૦ | ૫.૭૫ |
| ડીઝલ | ૪.૧૭ | ૩.૩૨ | ૪.૧૬ | ૩.૨૪ |
| સી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને રાહત મળે એ માટે રાસાયણિક ખાતર ઉપરનો વેરો નાબૂદ કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન– મધ્યમવર્ગને મોંઘવારીનો માર પડે છે તેમાં રાહત આપવા માટે પેટ્રોલ અને ડિઝલ પરના વેરામાં ઘટાડો કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ જાણે છે તે પ્રમાણે અગાઉ જ્યારે વેટ લાગુ પડતો હતો તે વખતે ગુજરાતના ખેડૂતો ઉપર ખાતરનો કોઇ ટેક્સ લેવામાં આવતો નહોતો. અગાઉ વારંવાર આ ગૃહમાં એ વિશે અમે ચર્ચા પણ કરેલી. આપણે બધા જાણીએ છીએ કે સમગ્ર દેશની અંદર જી.એસ.ટી.નો કાયદો તા.૧–૭–૨૦૧૭થી અમલમાં આવ્યો છે. જી.એસ.ટી.નો કાયદો બંધારણની જોગવાઇ પ્રમાણે છે. દેશના તમામ રાજ્યોમાં એક સમાન રીતે લાગુ પડે છે. કોઇપણ પક્ષની સરકાર હોય એ સરકારને લાગુ પડે છે અને વિશેષ આનંદ એ છે સાહેબ કે અમારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની કુશળતાથી સર્વાનુમતે જી.એસ.ટી.માં જુદા જુદા પક્ષોના, એમાં કોંગ્રેસના પણ નાણામંત્રી હોય છે, સામ્યવાદી પક્ષના પણ નાણામંત્રીશ્રી છે, પશ્ચિમ બંગાળના પણ નાણામંત્રી છે તામિલનાડુના નાણામંત્રી છે, બધા પક્ષોના પણ છે. બધા જ રાજકીય પક્ષોની બનેલી જી.એસ.ટી. કાઉન્સિલે સર્વાનુમતે કઇ ચીજવસ્તુ ઉપર કેટલો ટેક્સ લેવામાં આવશે એ નક્કી કર્યુ છે અને એની અમલવારી શરૂ થઇ ચૂકી છે. શરૂ કર્યા પછી પણ વ્યવહારિકતા, જરૂરિયાત, નાગરિકોની, ખેડૂતોની ગ્રાહકોની, ઉદ્યોગવાળાની, વેપારીઓની દરેકની જે રજૂઆતો આવી એના આધારે અનેક ચીજવસ્તુઓના ટેક્સમાં કાઉન્સિલે ઘટાડો પણ કર્યો છે. હવે આવી ખાતર ઉપરના ટેક્સની વાત. કાઉન્સિલે આખા દેશ માટે જે નક્કી કર્યુ છે કે રાસાયણિક ખાતર ઉપર આખા દેશમાં પાંચ ટકા ટેક્સ લેવાનો રહેશે એ પ્રમાણે ગુજરાતમાં પણ અત્યારે લેવાય છે. મારે વિશેષ એ કહેવું છે કે ફર્ટીલાઇઝર કંપનીઓ જે કાચોમાલ ખરીદે, જે રો–મટીરીયલ ખરીદે, ખાતર બનાવવા માટે જે રીતે એને ઇનપુટ ખર્ચો થાય, ફર્ટીલાઇઝર કંપનીઓ જે સહકારી કંપનીઓ પણ છે, સરકારી કંપનીઓ પણ છે અને ખાનગી કંપનીઓ પણ છે. એમની સામેથી માગણી હતી કે અમને ખાતર ઉપર ટેક્સમાં પાંચ ટકાનો સ્લેબ રાખો જેથી અમે જે વસ્તુઓ ખરીદીએ એના ઉપર જે ટેક્સ ભરીએ છીએ એ મજરે લેવા માટે અમને આ વ્યવસ્થાનો લાભ મળે. શરૂઆતમાં આ બધી જ ચર્ચાઓ કાઉન્સિલમાં ઘણી વખત થયેલી. મને એ પણ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે અગાઉ જી.એસ.ટી.માં શરૂઆતમાં જે સ્લેબ જુદા જુદા હતા એમાં ખાતર ઉપર કાઉન્સિલમાં ૧૨ ટકા ટેક્સ લેવો એવો નિર્ણય થઇ ચૂકેલો હતો. ગુજરાત

તરફથી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીને, નાણાંમંત્રી અરૂણ જેટલીજીને અને સચિવશ્રી હસમુખ અઢીયા જે આપણી ગુજરાત કેડરના સીનીયર અધિકારી નાણા વિભાગના સચિવ છે અત્યારે એમને અમે વારંવાર મળીને વિગતવાર સમજાવ્યું કે આટલો ૧૨ ટકા ટેકસ ખેડૂતો ઉપર નાખી શકાય નહીં. મને આનંદ છે કે ગુજરાતની વિનંતી, માગણીને ધ્યાનમાં રાખી ૧૨ ટકામાંથી કાઉન્સિલે ૫ ટકા ટેકસ કર્યો અને અત્યારે ૫ ટકા ટેકસ લેવામાં આવે છે. બીજું માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એમાં પણ હું સ્પષ્ટતા કરવા માગુ છું. આમ તો ચૂંટણી વખતે આખી દુનિયા લુંટાવી દેવાના વચનો લોકોએ આપ્યા હતા. ઘરમાંથી આપવાનું હોય, આપવાનું હતું નહીં એટલે લઇ જાવ, લઇ જાવ કોઇ અભ્યાસ વગર, કોઇ રાજયની નાણાકીય ક્ષમતા જોયા વગર કોઇ બીજી વ્યવસ્થાઓ જોયા વગર બધું લુંટાવી દેવા માટે ઘણા પક્ષો તત્પર થઇ ગયેલા. મારે ગુજરાતની જનતાનો આભાર માનવો જોઇએ કે આ અનેક લાલચો હોવા છતાં ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પક્ષમાં વિશ્વાસ રાખ્યો કે આ સરકાર ગુજરાતનું ભલુ કરશે, આ પક્ષ ગુજરાતનું ભલું કરશે અને અમારી સરકાર છઠ્ઠી વખત બની છે. આપે પેટ્રોલ ડીઝલ ઉપરના ટેકસની વાત કરી, મને જણાવતા પણ આનંદ થાય છે કે અમારી સરકાર પ્રજાકીય સરકાર છે જયારે પેટ્રોલ ડીઝલના આંતરરાષ્ટ્રીય ભાવ વધ્યા હતા, ક્રૂડના ભાવ વધી ગયેલા એ વખતે ભારતમાં પણ પેટ્રોલના અને ડીઝલના ભાવ વધ્યા હતા એ વખતે અમારા વડાપ્રધાનશ્રી અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય અમિતભાઇ શાહ, માનનીય મુખ્યમંત્રી અને અમારી જે મિટિંગ થઇ એમાં પ્રજાની લાગણીને, ખેડૂતોની લાગણીને, ગ્રાહકોની લાગણીને ધ્યાનમાં રાખી. અગાઉ ગુજરાતમાં જે ૨૪ ટકા ટેક્સ હતો એમાં ૪ ટકા ઘટાડો કરીને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦ ટકા ટેક્સ કર્યો અને પ્રજાના કરોડો રૂપિયાની આવક ગુજરાતની આ સરકારે જતી કરીને લાભ આપ્યો છે. હું સન્માનનીય ગૃહનું એ વાત ઉપર વિશેષ ધ્યાન દોરવા માગું છું કે, દેશમાં સરખામણી કરવી જોઇએ. મારે સરખામણી કરવી છે. ગુજરાતની છ કરોડની જનતાનું હિત જોવું જોઇએ. પંજાબ કે જ્યાં બીજા પક્ષની સરકાર છે અને કયા પક્ષની છે એ બધા જાણે છે એટલે એમાં વિવાદ ઉભો કરવા માગતો નથી પણ પંજાબમાં ૨૮ ટકા ટેક્સ ત્યાંની સરકાર લે છે. કેરાલા સામ્યવાદીઓની સરકાર છે ત્યાં ૩૧ ટકા ટેક્સ છે. (અંતરાય) અમિતભાઇ, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે ગુજરાતના લોકો માટે પેટ્રોલ અને ડિઝલના ટેક્સનો ઘટાડો કરવા માગો છો કે કેમ? એનો જવાબ આપ્યો છે. માનનીય સભ્યશ્રી આપના પક્ષના છે અને એમણે પૂછ્યું એનો જવાબ આપ્યો છે. અન્ય રાજ્યોમાં કર્ણાટક કે જ્યાં કોંગ્રેસની સરકાર છે અને ટૂંક સમયમાં ચૂંટણીઓ આવી રહી છે ત્યાં ૩૦ ટકા ટેકસ છે. ગુજરાત કરતાં ૧૦ ટકા વધારે ટેક્સ કોંગ્રેસની સરકાર કર્ણાટકમાં લઇ રહી છે. અહીં સલાહ આપતા હતા, ભાષણો આપતા હતા. પોતાના રાજ્યો છે ત્યાં કશું કરતા નથી. પશ્ચિમ બંગાળ કે જ્યાં મમતા બેનરજીની સરકાર છે ત્યાં પણ ૨૫ ટકા ટેક્સ છે. મારી જાણકારી પ્રમાણે આખા દેશમાં કદાચ ક્યાંક થોડો-ઘણો ઓછો હોઇ શકે પણ મારી જાણકારી પ્રમાણે આખા દેશમાં પેટ્રોલ અને ડિઝલ ઉપર ઓછામાં ઓછો ટેક્સ હોય તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારમાં છે. અમારા મુખ્યમંત્રીશ્રીએ અમારા નેતાઓ સાથે જે પરામર્શ કર્યો એના આધારે આ ટેક્સ ઘટાડ્યો છે. એટલે દેશની પ્રજા કોંગ્રેસ તરફ જોઇ રહી છે. કોંગ્રેસ બધે સલાહ આપે છે, અનામતમાં સલાહ આપે છે, પેટ્રોલ અને ડિઝલમાં સલાહ આપે છે. (અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર પેટ્રોલ, ડિઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના કેટલા વેપારીઓ નોંધાયેલા છે?

અધ્યક્ષશ્રી : માનનીય ભગવાનભાઇ, આપ બેસી જાઓ. હું આપને વિનંતી કરું છું. ચોથી વાર કહું છું કે આપ બેસી જાઓ. આપ સજ્જન સભાસદ છો, આપ બેસી જાઓ પ્લીઝ. (અંતરાય) આવી રીતે બોલ બોલ ન કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ ૩૦ ટકા છે. ૨૦ ટકાની વાત કરવાની હોય તો એક કલાકની ચર્ચા રાખીએ. (અંતરાય) અમે તૈયાર છીએ. હું હા કહું છું. માનનીય અધ્યક્ષશ્રી પાસે સમય માગો. પેટ્રોલ અને ડિઝલના ટેક્સ ઉપર એ લોકો ચર્ચા કરવા માગતા હોય તો અમારી સરકાર ટેક્સ માટે તૈયાર છે. આપો દરખાસ્ત. ૩૦ ટકા ટેક્સ લો છો. ગુજરાત કરતા ૧૦ ટકા વધુ ટેક્સ લો છો. ગરીબોના પરસેવાની કમાણી તમે લઇ લો છો. (અંતરાય) માનનીય બાબુભાઇએ જે પ્રશ્ન પૂછ્યો કે જુનાગઢમાં ૪૫૬૫ ....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. (અંતરાય)

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભરૂચ જિલ્લામાં નવીન હેન્ડપંપ

* ૨૧૩૧ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપ શારવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા હેન્ડપંપના કામ પૂર્ણ થયા?

જવાબ

(૧) અને (૨) વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં નીચે મુજબ હેન્ડપંપ બોર શારવાની કામગીરી કરવામાં આવી.

| તાલુકો | કુલ શારવામાં આવેલ હેન્ડપંપના બોર | સફળ બોર | નિષ્ફળ બોર | પૂર્ણ કરેલ હેન્ડપંપ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ભરૂચ | ૩ | ૩ | ૦ | ૩ |
| અંકલેશ્વર | ૮ | ૮ | ૦ | ૮ |
| વાગરા | ૪ | ૪ | ૦ | ૪ |
| આમોદ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ |
| જંબુસર | ૩૮ | ૩૮ | ૦ | ૩૮ |
| હાંસોટ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઝઘડીયા | ૭૦ | ૬૮ | ૨ | ૬૮ |
| વાલીયા | ૭૩ | ૭૦ | ૩ | ૭૦ |
| નેત્રંગ | ૮૬ | ૭૦ | ૧૬ | ૭૦ |
| કુલ | ૨૯૨ | ૨૭૧ | ૨૧ | ૨૭૧ |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો

* ૨૧૪૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા નવા વીજ કનેક્શનો તાલુકાવાર આપવામાં આવ્યા,

જવાબ

(૧) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આપવામાં આવેલ નવા બીન ખેતી હેતુનાં વીજ જોડાણોની તાલુકાવાર વિગતો પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| ગાંધીનગર | દહેગામ | ૧૦૦૭ |
| | ગાંધીનગર | ૨૧૯૩૧ |
| | કલોલ | ૪૨૦૪ |
| | માણસા | ૧૦૯૨ |
| | કુલ | ૨૮૨૩૪ |
| મહેસાણા | બેચરાજી | ૧૨૪૯ |
| | ગોઝારિયા | ૮૦૧ |
| | જોટાણા | ૫૨૮ |
| | કડી | ૨૧૧૧ |
| | ખેરાલુ | ૧૦૧૧ |
| | મહેસાણા | ૩૯૪૪ |
| | સતલાસાણા | ૫૯૪ |
| | ઊંઝા | ૯૯૮ |
| | વડનગર | ૯૯૧ |
| | વિજાપુર | ૧૧૯૦ |
| | વિસનગર | ૩૦૪૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ખેતીવાડી હેતુ માટે નવા વીજ કનેક્શનો મેળવવા માટે કેટલી અરજીઓ સરકારને મળી તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| જીલ્લા | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ગાંધીનગર | ૧૧૬૬ | ૪૨૭ |

| | | |
|---|---|---|
| મહેસાણા | ૨૭૯૯ | ૧૨૩૪ |
| કુલ | ૩૯૬૫ | ૧૬૬૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ખેતીવાડી હેતુ માટે કેટલા નવા વીજ જોડાણ તાલુકાવાર આપવામાં આવ્યા?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં આપવામાં આવેલ કૃષિ વિષયક વીજ જોડાણોની તાલુકાવાર વિગતો પત્રક–બ મુજબ છે.

પત્રક–બ

| જિલ્લાનું નામ | તાલુકનું નામ | આપેલ કૃષિ વિષયક વીજ જોડાણ |
|---|---|---|
| ગાંધીનગર | દહેગામ | ૧૯૩ |
| | ગાંધીનગર | ૮૯ |
| | કલોલ | ૪૨ |
| | માણસા | ૪૫ |
| ગાંધીનગર | કુલ | ૩૬૯ |
| મહેસાણા | બેચરાજી | ૧૮ |
| | ગોઝારીયા | ૨૪ |
| | જોટાણા | ૩૦ |
| | કડી | ૭૩ |
| | ખેરાલુ | ૧૮૮ |
| | મહેસાણા | ૭૫ |
| | સતલાસાણા | ૧૭૫ |
| | ઊંઝા | ૫૧ |
| | વિજાપુર | ૧૬૧ |
| | વિસનગર | ૧૩૨ |
| | વડનગર | ૨૧૦ |

---------

ખેડા અને આણંદ જિલ્લાની સિંચાઈ નહેરો

* ૨૦૮૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહી સિંચાઈ નેટવર્ક અંતર્ગત ખેડા અને આણંદ જીલ્લાની નહેરો કેટલી લંબાઈની છે,

(૨) તે પૈકી કેટલી લંબાઈની નહેરો પાકી અને કાચી છે, અને

(૩) સરકાર દ્રારા કાચી નહેરો પાકી કરવા માટેનું શું આયોજન કરવામાં આવેલ છે?

જવાબ

(૧) આણંદ જિલ્લોઃ– ૧૬૪૨.૪૮ કિ.મી.
ખેડા જિલ્લોઃ– ૧૫૫૨.૪૭ કિ.મી.

(૨) આણંદ જિલ્લોઃ–
પાકી નહેરોઃ– ૭૩૫.૬૯ કિ.મી.
કાચી નહેરોઃ– ૯૦૬.૭૯ કિ.મી.
ખેડા જિલ્લોઃ–
પાકી નહેરોઃ– ૧૨૪૪.૭૪ કિ.મી.
કાચી નહેરોઃ– ૩૦૭.૭૩ કિ.મી.

(૩) આણંદ જિલ્લાની ૨૩૧.૯૦ કિ.મી.ની નહેરો રૂ.૪૦૩૪ લાખના ખર્ચ પાકી કરવામાં આવી રહેલ છે.

ખેડા જિલ્લાની ૪૩.૫૭ કિ.મી. નહેરોને રૂ.૨,૪૬૯ લાખના ખર્ચે પાકી કરવામાં આવી રહેલ છે તેમજ ૬૬.૭૯૦ કિ.મી. લંબાઈની શેઢી શાખા નહેરને

અતારાંકિત પ્રશ્નો

રૂ.૧૪૫૭૧ લાખના ખર્ચે પાકી કરવાના ટેન્ડર મંગાવેલ છે, જે આગામી ચાર માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

સાવરકુંડલાની જનરલ હોસ્પિટલનું મંજુર મહેકમ

* ૨૫૭ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(આરોગ્ય અને પરિવાર કલ્યાણ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતેની જનરલ હોસ્પિટલમાં તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૭ ની સ્થિતિએ મંજુર મહેકમ સામે કઇ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ |

પત્રક

| ક્રમ | સાવરકુંડલા, જનરલ હોસ્પિટલ | | | | |
|---|---|---|---|---|---|
| | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી હોય તો ક્યારથી |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | બદલી તા.૬/૧૦/૧૫ થી ખાલી (વધારાના ચાર્જથી ભરેલી) |
| ૨ | આર.એમ.ઓ | ૧ | ૦ | ૧ | તા.૧/૧૧/૧૭ થી ખાલી (વધારાના ચાર્જથી ભરેલી) |
| ૩ | સર્જન | ૨ | ૧ | ૧ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૪ | ફીઝીશીયન | ૨ | ૦ | ૨ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૫ | ઓપ્થેલ્મિક સર્જન | ૧ | ૦ | ૧ | તારીખ ૩૦/૧૧/૧૬ થી રાજીનામું આપેલ છે.(પ્રતિનિયુકિતથી સેવાઓ લેવામાં આવે છે.) |
| ૬ | ઓથો સર્જન | ૧ | ૧ | ૦ | સીએમ સેતુથી સેવાઓ લેવામાં આવે છે. |
| ૭ | એનેસ્થેટિક | ૨ | ૦ | ૨ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી ૨૦/૭/૧૦ (વીઝીટીંગ એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે છે.) |
| ૮ | સાયકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૯ | ઈ.એન.ટી.સર્જન | ૧ | ૦ | ૧ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૧૦ | પીડિયાટ્રિક | ૨ | ૦ | ૨ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૧૧ | માયક્રો બાયોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | તા. ૦૭/૦૧/૨૦૧૭ થી ખાલી |
| ૧૨ | ગાયનેકોલોજીસ્ટ | ૪ | ૦ | ૪ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૧૩ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૧૪ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | મંજુરી તારીખ ૨૦/૭/૧૦ થી ખાલી |
| | વર્ગ–૧ કુલ | ૨૧ | ૩ | ૧૮ | |
| ૧૫ | તબીબી અધિકારી | ૮ | ૨ | ૬ | તા.૧/૩/૧૪,૨૦/૧૦/૧૪,૧૯/૦૭/૧૬,૨૭/૧૦/૧૫,૨૧/૦૫/૧૭ અને ૨૩/૦૫/૧૭ થી ખાલી |
| ૧૬ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૭ | વહીવટી અધિકારી | ૧ | ૦ | ૧ | બદલી તા.૦૧/૦૪/૧૭ થી ખાલી |
| ૧૮ | નર્સિંગ પ્રિન્સીપાલ | ૧ | ૦ | ૧ | તા.૧૯/૬/૦૮ ખાલી |
| ૧૯ | ફોરેન્સિક એક્સપર્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ ખાલી |
| | વર્ગ–૨ કુલ | ૧૨ | ૩ | ૯ | |
| ૨૦ | મેટ્રન | ૨ | ૦ | ૨ | બદલી ૯/૪/૧૫ તા.૪/૮/૧૫ |
| ૨૧ | કચેરી અધીક્ષક | ૧ | ૦ | ૧ | તા. ૩૧/૦૫/૨૦૧૭ ની વય નિવૃત તા.૧/૬/૧૭ થી ખાલી |
| ૨૨ | હેડ કલાર્ક | ૧ | ૦ | ૧ | ૧૪/૬/૧૨ થી ખાલી |
| ૨૩ | સિની.કલાર્ક | ૩ | ૦ | ૩ | ૧/૨/૦૭, ૧/૫/૧૦ અને ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૨૪ | એક્સ–રે ટેક. | ૧ | ૧ | ૦ | |
| ૨૫ | એક્સ–રે આસી. | ૨ | ૦ | ૨ | ૨૦/૭/૧૦ થી ખાલી |
| ૨૬ | લેબ.ટેક. | ૨ | ૧ | ૧ | ૮/૪/૧૩,૨/૧૦/૧૪ થી ખાલી |
| ૨૭ | લેબ.આસી. | ૧ | ૦ | ૧ | ૨૪/૪/૦૯ થી ખાલી |
| ૨૮ | સિન.ફાર્મા | ૧ | ૦ | ૧ | ૨૦/૧૨/૧૭ ના રોજ શ્રી ગોટેચા બદલી થતા ખાલી |
| ૨૯ | જુ.ફાર્મા | ૨ | ૦ | ૨ | ૭/૬/૧૨ થી ખાલી |
| ૩૦ | ઓપ્થેલ્મિક આસી. | ૧ | ૧ | ૦ | |
| ૩૧ | ડ્રાઈવર | ૨ | ૦ | ૨ | ૧૫/૬/૦૭ થી ખાલી |
| ૩૨ | ઈ.સી.જી ટેક. | ૧ | ૦ | ૧ | રાજીનામું |
| ૩૩ | સાયકો ટેક. | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |
| ૩૪ | ડાયટ્રીશ્યન | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |
| ૩૫ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |
| ૩૬ | ઇલેક્ટ્રિશયન | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |
| ૩૭ | આકડા મદદનીશ | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |
| ૩૮ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧ | ૦ | ૧ | તા.૨૦/૭/૧૦ થી ખાલી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯ | જુની. ક્લાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૪૦ | સી.સેને.ઇન્સ્પેક્ટર | ૧ | ૦ | ૧ | વય નીવૃત |
| ૪૧ | ફીલ્ડ વર્કર | ૧ | ૦ | ૧ | ૨૯/૨/૦૦ થી ખાલી |
| ૪૨ | એ.એન.એમ | ૨ | ૧ | ૧ | ૨૪/૮/૦૭ થી ખાલી |
| ૪૩ | લેડી.હેલ્થ વિઝીટર | ૧ | ૦ | ૧ | ૨૧/૧૧/૮૭ થી ખાલી |
| ૪૪ | હેડ નર્સ | ૫ | ૩ | ૨ | તા.૩૦/૭/૨૦૧૬ થી બદલી થતાં |
| ૪૫ | ફિઝીયોથેરાપી | ૧ | ૧ | ૦ | ૭/૧૦/૧૬ |
| ૪૬ | સ્ટાફ નર્સ | ૪૨ | ૪૦ | ૨ | ૨૦/૭/૧૦ થી ખાલી |
| | વર્ગ–૩ કુલ | ૮૦ | ૪૯ | ૩૧ | |
| | વર્ગ–૪ | | | | |
| ૪૭ | વર્ગ–૪ કર્મચારી | ૩૩ | ૩૩ | ૦ | ૬ આઉટસોર્સ |
| | કુલ | ૩૩ | ૩૩ | ૦ | |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીઅનજી ઉપર વેરો

* ૨૧૪૯ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાંથી રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી?

જવાબ

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) (રકમ રૂ.કરોડમાં)

| | કચ્છ | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | ૨૦૧૬–૧૭ | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ |
| રાસાયણિક ખાતર | શૂન્ય | ૦.૨૯ | શૂન્ય | ૦.૦૧ |
| પેટ્રોલ | ૧૨.૦૬ | ૮.૬૭ | ૪.૧૬ | ૨.૯૬ |
| ડીઝલ | ૧૫.૯૦ | ૧૫.૫૩ | ૫.૬૫ | ૪.૧૨ |
| સી.એન.જી. | શૂન્ય | શૂન્ય | ૧.૬૪ | ૧.૨૦ |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

---------

રાજકોટ જીલ્લામાં વીજ ગ્રાહકો માટે લોક અદાલતો

* ૨૫૩૯ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે બાકી નીકળતા નાણાની વસુલાત માટે છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) અને (૨) રાજકોટ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ લોક અદલતોની સંખ્યા તથા સમાધાન કરવામાં આવેલ કેસોની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક | સમાધાન |
|---|---|---|

| | અદલતોની સંખ્યા | કરવામાં આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૬ | ૨૭૦ | ૨૮૨૬ |
| ૨૦૧૭ | ૨૪૮ | ૨૬૬૫ |
| કુલ | ૫૧૮ | ૫૪૯૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી વસુલાત કરવામાં આવી?

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૪૯૨.૮૫ લાખની રકમ પૈકી રૂ.૨૭૨.૩૧ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ.૨૨૦.૫૪ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

---------

કામરેજ તાલુકામાં આવેલ કોઝવેના સ્થાને પુલ બનાવવા

* ૨૧૦૩ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના વાંસદા રૂંઢી એપ્રોચ અને વિહાણ ખાનપુર રોડ પર આવેલા કોઝવે નીચા છે અને તેને સ્થાને પુલ બનાવવા માટે સરકારે કોઈ કાર્યવાહી કરેલ છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ કેટલી રકમના કામો મંજુર કરવામાં આવેલ છે અને તે કયા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) વાંસદા રૂંઢી એપ્રોચ રોડ માટે રૂ.૭૦.૦૦ લાખ અને વિહાણ ખાનપુર રોડ માટે રૂ.૭૫.૦૦ લાખ મંજુર. બંને કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

રાજકોટની શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલને કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૨૨૮૩ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ ખાતે શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ ખાતે કેન્સર, ડાયાબિટીસ, કાર્ડીયોવાસ્ક્યુલર રોગો અને મગજના રોગો માટે રાજ્ય સરકાર કે ભારત સરકાર તરફથી કોઈ રકમ મળેલ છે કે કેમ ?

(૨) જો હા, તો તે પૈકી કયા હેતુ માટે, ક્યારે અને કેટલી રકમ હોસ્પિટલ/મેડીકલ કોલેજને મળેલ છે, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા, રાજ્ય સરકાર તરફથી રકમ મળેલ છે.

(૨) કેમોથેરાપીની દર્દીઓના રીએમ્બર્સમન્ટ માટે, તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૧૭ સુધીમાં રૂ.૧૨ લાખ મળેલ છે.

(૩) રૂ.૧,૫૫,૭૬૬/- ખર્ચ કરવામાં આવ્યો.

---------

સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો

* ૨૧૯૧ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વીજકનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ?

જવાબ

(૧) અને (૨)

જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વિજજોડાણો આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઈડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય

## અતારાંકિત પ્રશ્નો

હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણ માટે ૨૪(ચોવીસ) કલાક સતત થ્રી ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.

ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે, તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે.

વધુમાં રાજ્ય સરકારે સદર યોજના નો વ્યાપ વધારવા માટે તા.૨૪-૦૧-૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન, જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્દઅંતર્ગત સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લા/તાલુકાનું નામ | | મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ચુડા | ૬૧૨ | ૫૮૬ | ૧૭ |
| | ચોટીલા | ૧૩૦૯ | ૧૨૬૫ | ૩૯ |
| | થાન | ૧૧૨૫ | ૧૦૬૯ | ૪૯ |
| | દસાડા | ૨૧૯૩ | ૨૧૫૩ | ૩૧ |
| | ધાંગધ્રા | ૧૯૦૬ | ૧૮૭૯ | ૨૫ |
| | મુળી | ૪૫૮ | ૪૫૧ | ૭ |
| | લખતર | ૭૨૮ | ૬૭૪ | ૧૧ |
| | લીંબડી | ૧૬૧૧ | ૧૫૯૩ | ૧૩ |
| | વઢવાણ | ૫૧૬૯ | ૫૦૮૫ | ૫૨ |
| | સાયલા | ૬૪૫ | ૫૬૯ | ૪૮ |
| | કુલ | ૧૫૭૫૬ | ૧૫૩૨૪ | ૨૯૨ |
| પોરબંદર | કુતિયાણા | ૮૦૮ | ૭૭૩ | ૨૬ |
| | પોરબંદર | ૧૮૮૧ | ૧૮૩૩ | ૨૯ |
| | રાણાવાવ | ૧૦૩૫ | ૯૯૦ | ૩૪ |
| | કુલ | ૩૭૨૪ | ૩૫૯૬ | ૮૯ |

- મળેલ અરજીઓ પૈકી જુદા જુદા કારણોસર સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૪૦ તથા પોરબંદર જિલ્લામાં ૩૯ અરજીઓ રદ થયેલ છે.

---------

### અમદાવાદ મહાનગરપાલિકાના શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે ફાળવેલ સ્ટાફ

* ૨૫૨૭ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની આઠ મહાનગરપાલિકા પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે કેટલો સ્ટાફ ફાળવવામાં | (૧) ૨૩૨ |

આવ્યો, અને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) અમદાવાદ મહાનગરપાલિકામાં શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર હેઠળ મેડીકલ અને પેરા મેડીકલ તથા અન્ય કેટલો સ્ટાફ મંજૂર કરવામાં આવ્યો ? | (૨) મેડીકલ – ૪૩<br>પેરા મેડીકલ – ૮૫<br>અન્ય – ૧૦૪ |

---------

સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર–વીરપોર રોડને પહોળો કરવાની કામગીરી

* ૨૧૦૫ શ્રી અરવિંદ રાણા (સુરત–પૂર્વ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર રોસ્વાડ વીરપોર રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું અને કેટલા મીટર આ રસ્તો પહોળો કરવામાં આવશે, અને | (૨) રૂ.૪૧૬ લાખ મંજૂર, ૩.૭૫ મીટર પહોળાઇમાંથી ૫.૫૦ મીટર પહોળો કરવામાં આવશે. |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

અમરેલી જિલ્લામાં કેનાલ મારફત સિંચાઈ સુવિધા

* ૯૬ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં કેટલા ગામોમાં કેનાલ મારફતે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) સિંચાઈની યોજનાઓમાં કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોવાથી ૪૭૬ ગામોમાં સિંચાઈનું પાણી આપી શકાતું નથી. |
| (૨) કેનાલ મારફત સિંચાઈની સુવિધાથી વંચિત ઉક્ત ગામોમાં ખેતી માટે સિંચાઈની વૈકલ્પિક વ્યવસ્થા શી છે ? | (૨) જે વિસ્તારનો સમાવેશ સિંચાઈ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં થતો નથી તેવા માટાભાગના વિસ્તારોમાં ચેકડેમો તળાવો/પર્કોલેશન ટેંક, રીચાર્જ રિઝર્વોયર, કાંસ, સ્પ્રેડીંગ કેનાલ ખાનગી કુવા, પાતાળકુવા, ખેતતલાવડી વિગેરે જેવા સિંચાઈના અન્ય સ્ત્રોતમાંથી સિંચાઈની વૈકલ્પિક વ્યવસ્થા છે. |

રાજકોટ અને મોરબી જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો

* ૨૨૦૦ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી, અને<br>(૨) તે પૈકી કેટલા વીજકનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ? | (૧) અને (૨)<br>જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વિજજોડાણો આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઈડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે ૨૪(ચોવીસ) કલાક સતત થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.<br>ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે, તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે.<br>વધુમાં રાજ્ય સરકારે સદર યોજના નો વ્યાપ |

વધારવા માટે તા.૨૪-૦૧-૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્અંતર્ગત રાજકોટ અને મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લા/તાલુકાનું નામ | | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| રાજકોટ | ઉપલેટા | ૮૩૪ | ૮૦૧ | ૧૮ |
| | કોટડાસાંગણી | ૭૪૪ | ૬૯૭ | ૨૯ |
| | ગોંડલ | ૧૮૩૫ | ૧૭૮૩ | ૩૬ |
| | જસદણ | ૨૮૧૭ | ૨૫૬૬ | ૪૨ |
| | જામકંડોરણા | ૫૩૨ | ૪૯૬ | ૧૮ |
| | જેતપુર | ૧૦૧૦ | ૯૫૬ | ૨૫ |
| | ધોરાજી | ૪૨૭ | ૪૦૭ | ૧૯ |
| | પડધરી | ૮૪૩ | ૭૯૬ | ૩૫ |
| | રાજકોટ | ૨૫૫૧ | ૨૪૧૪ | ૮૮ |
| | લોધિકા | ૧૭૬૯ | ૧૭૦૩ | ૩૨ |
| | કુલ | ૧૩૩૬૨ | ૧૨૬૧૯ | ૩૪૨ |
| મોરબી | ટંકારા | ૧૧૧૭ | ૧૦૪૬ | ૬૬ |
| | માળિયા (મિ) | ૨૮૦ | ૨૬૮ | ૧૧ |
| | મોરબી | ૬૩૨૬ | ૫૯૭૩ | ૩૪૫ |
| | વાંકાનેર | ૧૩૧૨ | ૧૧૮૫ | ૧૧૫ |
| | હળવદ | ૧૦૨૬ | ૯૩૮ | ૮૭ |
| | કુલ | ૧૦૦૬૧ | ૯૪૧૦ | ૬૨૪ |

- મળેલ અરજીઓ પૈકી રાજકોટ જિલ્લામાં ૪૦૧ અરજીઓ તથા મોરબી જિલ્લામાં ૨૭ અરજીઓ જુદા જુદા કારણોસર રદ થયેલ છે.

---------

રાજકોટ જિલ્લાની વેણુ-૨ સિંચાઈ યોજના

* ૨૦૯૦ શ્રી અરવિંદભાઈ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની વેણુ-૨ સિંચાઈ યોજનાની હયાત મુખ્ય નહેરને લાઈનીંગ કામ કરી રીપેરીંગ કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે હાલની સ્થિતિ શું છે, અને | (૨) મુખ્ય નહેરને લાઈનીંગ કામ કરવાના રૂ.૧૫૭.૦૦ લાખના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. |
| (૩) કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) શૂન્ય. |

---------

બનાસકાંઠા જિલ્લામાં ટપક સિંચાઈ સહાયની મંજૂર અરજીઓ

* ૧૩૯૮ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક | (૧) ૭૫,૩૫૮ અરજીઓ. |

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ૬૮,૯૬૧ અરજીઓ.

(૩) તે કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) ૫,૫૦૮ અરજીઓ.

---------

### ખેડા જિલ્લામાં મીની પાઈપ લાઇન પાણી પુરવઠા યોજના

* ૨૧૪૦ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી નવીન મીની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નવીન મીની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજનામાં પાણી પુરવઠો ચાલુ કરેલ છે ?

જવાબ

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એક પણ નવીન મીની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### મહીસાગર અને ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૨૨૪૯ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલીસીનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોએ પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કેટલા કામો મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૩) ઉકત સ્થિતિએ પીવાલાયક પાણી નહિ મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૪) તે અન્વયે સરકારે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) અને (૨) પરિશિષ્ટ મુજબ.

(૩) ઉકત સ્થિતિએ ઉપર જણાવેલ ટ્યુબવેલોમાં પીવા લાયક પાણી ન મળવા બાબતે મહીસાગર અને ગાંધીનગર જિલ્લામાં એકપણ ફરિયાદ મળેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પ રિ શિ ષ્ટ

| અ. નં. | તાલુકો | નવા ટ્યુબવેલ | | | | | | | | નવીન ઓવરહેડ ટાંકીઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | | | | વર્ષ ૨૦૧૭ | | | | વર્ષ ૨૦૧૬ | | | | વર્ષ ૨૦૧૭ | | | |
| | | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી |
| જિલ્લોઃ મહીસાગર | | | | | | | | | | | | | | | | | |
| ૧ | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ |
| ૩ | લુણાવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વિરપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | બાલાશિનોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૩ | ૩ | ૦ | ૩ |
| જિલ્લોઃ ગાંધીનગર | | | | | | | | | | | | | | | | | |
| ૧ | ગાંધીનગર | ૪ | ૪ | ૪ | ૦ | ૮ | ૮ | ૮ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૨ | ૦ |
| ૨ | દહેગામ | ૧ | ૧ | ૧ | ૦ | ૭ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કલોલ | ૨ | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | માણસા | ૯ | ૯ | ૯ | ૦ | ૬ | ૬ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૪ | ૫ | ૧ | ૪ |

## અતારાંકિત પ્રશ્નો

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | ૧૬ | ૧૬ | ૧૬ | ૦ | ૨૪ | ૨૪ | ૨૩ | ૧ | ૩ | ૩ | ૩ | ૦ | ૬ | ૭ | ૩ | ૪ |

---------

### બોટાદ જિલ્લાની લીલકા તથા ઉતાવળી નદી પર નવા પુલ બનાવવા

* ૨૦૯૩ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ–ભાવનગર હાઈવે ઉપર લીલકા તથા ઉતાવળી નદી ઉપર નવા પુલ બાંધવાનું કોઈ આયોજન છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) કામો પ્રગતિમાં. |
| (૩) ઉકત પુલો બનાવવા માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂ.૮૩૬.૮૦ લાખ. |

---------

### હાથમતી યોજનામાં નહેર સુધારણાના કામો

* ૨૦૮૬ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ હાથમતી યોજનામાં નહેર સુધારણાના કામો કેટલા વિસ્તારમાં પૂર્ણ થયેલ છે, અને | (૧) ૪૯૦૦ હેકટર વિસ્તારમાં કામો પૂર્ણ થયેલ છે, અને |
| (૨) તે પેટે કેટલો ખર્ચ કરવાનું અને તે ક્યા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) રૂ.૪૬૫.૪૭ લાખનો ખર્ચ થવા પામેલ છે અને બાકી કામગીરી જુલાઈ–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### પેન્શનરોની માહિતી ઓનલાઈન કરવા

* ૨૧૧૭ શ્રી રાકેશ શાહ (એલિસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પેન્શનર તેમની પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને | (૧) પેન્શન પોર્ટલ, ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |
| (૨) આ ઓનલાઈન પ્રથાનો અમલ ક્યારથી કરવામાં આવશે ? | (૨) તા.૨–૧૦–૨૦૧૧ થી અમલ કરવામાં આવેલ છે. |

---------

### અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૨૧૩૦ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૮૮ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) ઉકત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) ૪૨૭.૯૭ લાખનો ખર્ચ થયો. |

---------

### નવસારી જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના

* ૨૧૩૫ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા વર્ષ ૨૦૧૬–૧૭ માં નવસારી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરવામાં આવી, અને<br>(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ | (૧) અને (૨) નવસારી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા વર્ષ ૨૦૧૬–૧૭ માં પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ ૯૦ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરવામાં આવી, અને તે તમામ ઓકટોબર–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરી શરૂ કરવામાં આવેલ છે. |

કેટલી યોજના શરૂ કરવામાં આવી તથા કેટલી યોજનાઓ પ્રગતિ હેઠળ છે ?

---------

સુરત મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર

* ૨૧૨૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં રાજ્યની આઠ મહાનગરપાલિકા પૈકી સુરત મહાનગરપાલિકામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા, અને | (૧) ત્રણ. |
| (૨) સુરત મહાનગરપાલિકામાં કઈ જગ્યાએ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા ? | (૨) (૧) ઉમરવાડા (૨) ડી.કે.એમ., અને (૩) ન્યુ ડીંડોલી. |

---------

હાંફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી

* ૨૪૬૯ શ્રી સુખરામભાઈ રાઠવા (જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાંફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની હાંફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી મહદઅંશે પૂર્ણ કરેલ છે. |
| (૨) હાંફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના થકી ક્યા તાલુકાને કેટલા ગામોને પીવાના પાણીનો લાભ ક્યાં સુધીમાં મળવાનો છે ? | (૨) હાંફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજનાના કામો સમયબધ્ધ રીતે પૂર્ણ કરી કવાંટ તાલુકાના ૯૬ ગામ અને જેતપુરપાવી તાલુકાના ૪૨ ગામ એમ કુલ ૧૩૮ ગામોને પીવાના પાણીનો લાભ આપવામાં આવનાર છે. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો

* ૨૨૦૬ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

જવાબ

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા કર |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| વિગત | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી ?

(૨) (રકમ રૂ.કરોડમાં)

| | જામનગર | | દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૧/૪/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | ૨૦૧૬–૧૭ | ૧/૪/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ |
| રાસાયણિક ખાતર | ૦.૧૭ | ૦.૦૬ | શૂન્ય | શૂન્ય |
| પેટ્રોલ | ૫૨૯.૪૧ | ૩૭૭.૨૩ | ૧૦૧૩.૦૭ | ૯૧૦.૪૬ |
| ડીઝલ | ૧૧૭૦.૯૮ | ૮૨૯.૮૩ | ૨૨૫૫.૦૨ | ૨૦૨૪.૭૭ |
| સી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

---------

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં ડ્રેઈનોની સાફ સફાઈ

* ૨૧૪૨ શ્રી બાબુભાઈ પટેલ(દસ્ક્રોઈ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં તાલુકાવાર ડ્રેઈનેજની કેટલી લંબાઈમાં સાફસફાઈ કરવામાં આવી,

(૨) વર્ષ ૨૦૧૮–૧૯ માં ડ્રેઈનોમાં કેટલી લંબાઈમાં સાફસફાઈ કરવાનું આયોજન છે, અને

(૩) કેટલા જર્જરીત સ્ટ્રકચર્સના નવીનીકરણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) નીચે મુજબ ડ્રેઈનની લંબાઈમાં તાલુકાવાર સાફસફાઈ કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | ડ્રેઈનની લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | વિરમગામ | ૧૬૩.૦૪ |
| ૨ | માંડલ | ૦૩૩.૮૦ |
| ૩ | દેત્રોજ | ૦૮૭.૨૦ |
| ૪ | સાણંદ | ૦૨૨.૫૮ |
| ૫ | દસ્ક્રોઈ | ૦૧૬.૭૫ |
| ૬ | બાવળા | ૦૩૧.૭૦ |
| ૭ | ધોળકા | ૦૪૦.૮૦ |
| ૮ | ધંધુકા | ૦૨૮.૧૬ |
| | કુલ | ૪૨૪.૦૩ |

(૨) અંદાજે ૨૩૯ કિ.મી. લંબાઈમાં સાફસફાઈ કરવાનું આયોજન છે.

(૩) અંદાજે ૧૦ (દસ) સ્ટ્રકચર્સના નવીનીકરણનું આયોજન છે.

---------

### પેન્શનરોની માહિતી ઓનલાઈન કરવા

* ૨૧૧૬ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પેન્શનર તેમની પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને

(૨) આ ઓનલાઈન પ્રથાનો અમલ ક્યારથી કરવામાં આવશે ?

જવાબ

(૧) પેન્શન પોર્ટલ, ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) તા.૨–૧૦–૨૦૧૧ થી અમલ કરવામાં આવેલ છે.

---------

### વલસાડ તાલુકાના કાકડમતી વેલ્વાચ રોડ પરનો ડુબાઉ પુલ

* ૨૧૦૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના રાબડા નવેરા ઓઝર રોડ થી કચીગામ કાકડમતી વેલ્વાચ રોડ પર આવેલા ડુબાઉ પુલને સ્થાને ઉંચો બારમાસી પુલ બનાવવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

### અમદાવાદમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને સારવાર

* ૨૧૨૨ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ

જવાબ

(૧) સામેલ પત્રક મુજબ.

પ ત્ર ક

| અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ |
|---|

કરવામાં આવી,

| તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોની વિગત | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | તપાસેલ બાળકોની સંખ્યા | |
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧ | બાવળા | ૪૮૦૮૪ | ૪૬૩૩૪ |
| ૨ | ધોળકા | ૭૦૫૪૮ | ૬૯૮૧૪ |
| ૩ | દસ્ક્રોઈ | ૮૩૫૮૫ | ૮૫૫૦૨ |
| ૪ | ધંધુકા | ૪૦૪૬૯ | ૨૮૪૫૪ |
| ૫ | બરવાળા | ૦ | ૦ |
| ૬ | ધોલેરા | ૦ | ૧૧૯૫૦ |
| ૭ | સાણંદ | ૬૭૨૫૭ | ૬૬૨૦૭ |
| ૮ | દેત્રોજ | ૨૦૨૫૨ | ૧૯૯૨૯ |
| ૯ | વિરમગામ | ૫૨૪૭૬ | ૫૪૫૨૧ |
| ૧૦ | માંડલ | ૧૭૫૬૩ | ૧૭૫૫૪ |
| ૧૧ | રાણપુર | ૦ | ૦ |
| | કુલ | ૪૦૦૨૩૪ | ૪૦૦૨૬૫ |

નોંધઃ- અમદાવાદ જિલ્લાના બરવાળા અને રાણપુર બંને તાલુકાનો નવા બનેલ બોટાદ જિલ્લામાં સમાવેશ થયેલ છે અને અમદાવાદ જિલ્લામાં ધોલેરા તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી,

(૨) પાંડુરોગ, આત્રકૃમી, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, માનસીક તાણ, ચેતાતંત્રના રોગ, અસ્થિભંગ, વિકલાંગતા, હૃદય, કિડની, કેન્સર જેવા રોગો માટે સારવાર આપવામાં આવી.

(૩) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૩) રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપેલ બાળકોની વિગત.

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૧૫૧૦ |
| ૨૦૧૭ | ૨૨૪૫ |

(૪) કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી ?

(૪) હૃદયરોગની સારવાર આપેલ બાળકોની વિગત

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૩૨ |
| ૨૦૧૭ | ૫૮ |

---------

''માતા મૃત્યુદરમાં ઘટાડો''

* ૨૧૧૯ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ગુજરાતમાં માતા મૃત્યુદરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૧ માં કેટલો હતો, અને

(૨) પ્રતિ એક લાખ જીવિત જન્મે ૧૭૨ હતો.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલો છે ?

(૩) પ્રતિ એક લાખ જીવિત જન્મે ૧૧૨ છે.

---------

રાજકોટ અને બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૨૧૫૮ શ્રી નાથાભાઈ પટેલ(ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

(૧) અને (૨) *પરિશિષ્ટ મુજબ.

વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોએ પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કેટલા કામો મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૩) ઉકત સ્થિતિએ પીવાલાયક પાણી નહિ મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉપર જણાવેલ ટ્યુબવેલોમાં પીવા લાયક પાણી ન મળવા બાબતે રાજકોટ અને બનાસકાંઠા જિલ્લામાં એકપણ ફરિયાદ મળેલ નથી.

(૪) તે અન્વયે સરકારે શું કાર્યવાહી કરી ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

## નવસારી જિલ્લામાં ગ્રામીણ પેયજળ યોજના

* ૨૧૩૭ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થા પીતી ગામની આંતરીક પેયજળ યોજનાઓ અન્વયે નવસારી જિલ્લાના ચિખલી તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

**જવાબ**

(૧) ૩૭ યોજનાઓ.

(૨) રૂ.૪૩૪.૪૩ લાખ.

---------

## માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજના

* ૨૩૦૯ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના કેટલા ગામોને તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓથી જોડવામાં આવેલ છે,

(૨) નર્મદા આધારિત પાણીની પાઈપ લાઈનથી જોડેલ હોવા છતાં કેટલા ગામોને માથાદીઠ જરૂરી પાણી મળતું નથી,

(૩) તેના શા કારણો છે, અને

(૪) આવા ગામોને ક્યાં સુધીમાં પૂરતા જથ્થામાં પીવાનું પાણી પુરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી, મેંદરડા તાલુકાના ગામોને નીચેની વિગતે જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લીધેલ છે.

| ક્રમ | તાલુકો | તાલુકાનાં કુલ ગામો | જૂથ યોજનાથી જોડાયેલ ગામો | જૂથ યોજનામાં જોડાયેલા પૈકી નર્મદા નેટવર્કથી જોડાયેલા ગામો |
|---|---|---|---|---|
| ૧ | માણાવદર | ૫૫ | ૫૫ | ૩૪ |
| ૨ | વંથલી | ૪૬ | ૪૧ | ૪૧ |
| ૩ | મેંદરડા | ૪૫ | ૧૫ | ૧૫ |
| | કુલ ગામો | ૧૪૬ | ૧૧૧ | ૯૦ |

(૨), (૩) અને (૪) નર્મદા આધારિત પાણીની પાઈપ લાઈનથી જોડેલ હોવા છતાં વંથલી તાલુકાનું ૦૧ ગામ (બાલોટ) જૂથ યોજનાનું છેવાડાનું ગામ હોવાથી પૂરતું પાણી આપવામાં મુશ્કેલી રહે છે. હાલમાં આ ગામ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. આ ગામને ઓઝત-૨ જૂથ પાણી પુરવઠા યોજનામાં જોડવાની શક્યતા ચકાસી જરૂરી કામગીરી સમયબધ્ધ રીતે કરી જૂથ યોજનાનું પાણી શરૂ કરવામાં આવનાર છે.

---------

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા માટે રોબોટની ખરીદી

* ૨૨૩૯ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં ઘૂંટણ અને થાપાના રીપ્લેસમેન્ટની શસ્ત્રક્રિયા કરી શકે તેવા આધુનિક રોબોટની ખરીદી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમના ખર્ચે કઈ કંપની પાસેથી રોબોટ ખરીદવામાં આવેલ છે, | (૨) તા.૩૦–૩–૨૦૧૧ના રોજ રૂ.૧૦,૪૨,૭૯,૫૦૦/- ની કિંમતના મેં.બાયોમેડ હેલ્થકેર પ્રા.લી., મુંબઈ પાસેથી ખરીદવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મેઈન્ટેનન્સ પેટે કેટલી રકમ કઈ કંપનીને ચુકવવામાં આવી, અને | (૩) વર્ષ ૨૦૧૫–૧૬ માં મેઈન્ટેનન્સ પેટે કોઈ ખર્ચ થયેલ નથી. જ્યારે વર્ષ ૨૦૧૬–૧૭ માં રૂ.૫૫,૧૫,૦૦૦/- મેં. બાયોમેડ હેલ્થ કેર પ્રા.લી., મુંબઈને ચુકવવામાં આવેલ છે. |
| (૪) ઉકત રોબોટ દ્વારા કેટલા ઓપરેશન ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યા ? | (૪) ઉકત સ્થિતિએ રોબોટ દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧૧૦ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં ૮૫ મળી કુલ ૧૯૫ ઓપરેશન કરવામાં આવેલ છે. |

---------

પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

* ૨૧૨૯ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજજોડાણ છે, અને | (૧) ૧૬૪૦૯ કૃષિ વિષયક વીજજોડાણો છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે સબસીડી ચૂકવવામાં આવી ? | (૨) |

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસિડીની રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૬૨.૬૯ કરોડ |
| ૨૦૧૬–૧૭ | ૩૦૩.૭૯ કરોડ |
| કુલ | ૫૬૬.૪૮ કરોડ |

---------

અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

* ૨૧૭૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,<br>(૨) તે પૈકી કેટલા વીજકનેકશન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિ વિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા મળેલ અરજીઓ, આપવામાં આવેલ જોડાણો અને પડતર અરજીઓની વિગતો પત્રક–અ માં દર્શાવ્યા પ્રમાણે છે. |

પ ત્ર ક – અ

અરવલ્લી જિલ્લો

| તાલુકાનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| મોડાસા | ૯૩૭ | ૫૮ | ૮૫૪ | ૮ | ૮ | ૦ |
| બાયડ | ૧૦૧૬ | ૩૯૮ | ૫૫૩ | ૦ | ૦ | ૦ |
| ધનસુરા | ૬૧૮ | ૨૪૨ | ૨૮૭ | ૩ | ૦ | ૦ |
| માલપુર | ૭૨૬ | ૧૭૦ | ૫૧૧ | ૦ | ૦ | ૦ |
| ભીલોડા | ૮૫૩ | ૩૫૧ | ૩૭૮ | ૦ | ૦ | ૦ |
| મેઘરજ | ૧૨૭૧ | ૮ | ૧૨૩૩ | ૦ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કુલ | ૫૪૨૧ | ૧૨૨૭ | ૩૮૧૬ | ૧૧ | ૮ | ૦ |

મહેસાણા જિલ્લો

| તાલુકાનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| બેચરાજી | ૧૧૨ | ૧૮ | ૭૫ | ૦ | ૦ | ૦ |
| ગોજારીયા | ૫૧ | ૨૪ | ૨૧ | ૦ | ૦ | ૦ |
| જોટાણા | ૪૬ | ૩૦ | ૮ | ૨ | ૦ | ૦ |
| કડી | ૨૪૮ | ૭૩ | ૧૨૬ | ૧૧ | ૭ | ૦ |
| ખેરાલુ | ૫૫૫ | ૧૮૮ | ૨૪૩ | ૧૨ | ૮ | ૦ |
| મહેસાણા | ૧૮૨ | ૭૫ | ૭૧ | ૨ | ૦ | ૦ |
| સતલાસણ | ૪૧૮ | ૧૭૫ | ૧૮૫ | ૪૨ | ૩૦ | ૦ |
| ઊંઝા | ૧૬૩ | ૫૧ | ૬૬ | ૦ | ૦ | ૦ |
| વિજાપુર | ૪૨૭ | ૧૬૧ | ૧૬૧ | ૨૨ | ૧૨ | ૦ |
| વિસનગર | ૨૭૭ | ૧૩૨ | ૧૧૫ | ૬ | ૬ | ૦ |
| વડનગર | ૩૨૦ | ૨૧૦ | ૬૫ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૭૯૯ | ૧૧૩૭ | ૧૧૩૬ | ૯૭ | ૬૩ | ૦ |

*અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની ૩૭૮ તથા તત્કાલ વીજ જોડાણ મેળવવાની ૩ તેમજ મહેસાણા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની ૪૨૯ તથા તત્કાલ વીજ જોડાણ મેળવવાની ૩૪ અરજીઓ જુદા-જુદા કારણોસર રદ્દ થયેલ છે.

(૩) ઉકત બાકી વીજકનેકશન ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શકય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૦૭૮ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,અને | (૧) ૭૮ તળાવો |
| (૨) ઉકત સ્થિતિએ તેનો ખર્ચ કેટલો થયો ? | (૨) રૂ. ૪૫૦.૫૮ લાખ. |

---------

રાજ્યમાં મનોરોગીઓના પુનઃસ્થાપન માટે કરવામાં આવેલ વ્યવસ્થા

* ૨૫૨૩ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ માનસિક આરોગ્ય ક્ષેત્રે મનોરોગીઓના પુનઃસ્થાપન માટે સરકાર ધ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ? | (૨) • રાજ્યની માનસિક આરોગ્યની હોસ્પિટલોમાં મનોરોગીઓના પુનઃસ્થાપનનો વિભાગ કાર્યરત છે. • રાજ્યની માનસિક આરોગ્યની હોસ્પીટલોમાં માનસિક રોગીઓ માટે ઓક્યુપેશનલ અને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. |

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

- રસ્તે રખડતાં ભટકતાં માનસિક બીમાર વ્યક્તિઓના સારવાર અને પુનઃસ્થાપન માટે આધાર મેન્ટલ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે.
- બાળકોના માનસિક બીમારી માટે જિલ્લા ''અર્લિઈન્ટરવેન્શન '' સેન્ટર ચાલુ કરવામાં આવેલા છે.
- માનસિક દિવ્યાંગ વ્યક્તિઓને વિકલાંગતા પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા જિલ્લા જનરલ હોસ્પીટલો અને મેડીકલ કોલેજોમાં કરવામાં આવેલ છે.
- જુદી જુદી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સાથે માનસિક બીમાર વ્યક્તિઓ માટે સામુદાયક પુનઃસ્થાપનના પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવેલ છે.

---------

''સુરત જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના લાભાર્થીઓ''

* ૨૫૧૦ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' યોજના અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૧)<br>''મા'' યોજના — ૧,૫૧૧<br>''મા વાત્સલ્ય'' યોજના — ૩૨,૮૬૫ |
| (૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવાઓ માટે કૂલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ? | (૨)<br>''મા'' યોજના — રૂ.૪,૪૪,૧૧,૯૦૧/-<br>''મા વાત્સલ્ય'' યોજના — રૂ.૭૪,૯૩,૬૨,૬૩૦/- |

---------

પંચમહાલ જિલ્લામાં પાણી પુરવઠા યોજના

* ૨૧૩૬ શ્રીમતી સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના બાકી રહેતા ગામો માટે પાણી પુરવઠા યોજનાનું પાણી પહોંચતુ કરવા સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને<br>(૨) ઉક્ત યોજનામાં કઈ–કઈ કામગીરીનો સમાવેશ થયેલ છે તથા ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૧) અને (૨)<br>તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના બાકી રહેતા ૪૨ ગામો પૈકી જુથ યોજનાનું પાણી પહોંચડવા માટે ૧૨ ગામોને આવરી લેતી આદેપુર જુથ પાણી પુરવઠા યોજના કરેલ છે. જેમાં ઈન્ટેકવેલ, ફીલ્ટર પ્લાન્ટ, ડીસ્ટ્રીબ્યુશન અને રાઈઝીંગ મેઈન, પાઇપ લાઈન, પંપહાઉસ તથા સ્ટોરેજ કામગીરીનો સમાવેશ થયેલ છે. જે હાલ વહીવટી મંજુરીની પ્રક્રિયામાં છે. જ્યારે ૩૦ ગામોને ભૌગોલિક પરિસ્થિતિને કારણે જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડી શકાય તેમ ન હોઈ, આ ગામો પોતાના સ્વતંત્ર સોર્સથી પાણી મેળવે છે. |

---------

જામનગર જિલ્લામાં આવેલ કુલઝર–૨ સિંચાઈ યોજના

* ૨૦૮૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલ કુલઝર–૨ સિંચાઈ યોજનામાં પાણીના કરકસરયુક્ત વપરાશ માટે કોઈ | (૧) હા, જી. |

આયોજન છે કે કેમ,

(૨) જો હા તો આ કામની અદ્યતન સ્થિતિ શું છે, અને — (૨) આ કામ પ્રગતિ હેઠળ છે.

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે ? — (૩) રૂ. ૭૮.૦૧ લાખ

---------

તાપી જિલ્લામાં મંજૂર કરેલ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૨૦ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) કુલ–૩ (ત્રણ) |
| (૨) વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે તાપી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજૂર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર – ૯<br>મંજૂર – ૮ અને<br>વ્યારા ખાતે ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ હોવાથી ઘટ રહેતી નથી. |
| (૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ભિલોડા તાલુકાના દેવની મોરી – વાઘપુર રસ્તાને પહોળો કરવાની કામગીરી

* ૨૧૦૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના દેવની મોરી–વાઘપુર રસ્તાને પહોળો કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) ૯.૩૦ કી.મી. માટે રૂ. ૩૨૫.૦૦ લાખ |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

દાહોદ જિલ્લામાં સૌર ઊર્જા વીજ જોડાણની અરજીઓ

* ૨૨૯૦ શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સૌર ઊર્જા વીજ જોડાણમાં બે, ત્રણ અને પાંચ હોર્સ પાવર માટે કેટલી અરજીઓ મળી ?

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સૌર ઊર્જા આધારિત સિંચાઈ પમ્પમાં બે હોર્સ પાવર માટેની અરજીઓ મંગાવવામાં આવેલ નથી, પરંતુ ત્રણ, પાંચ અને સાડા સાત હોર્સ પાવર માટેની અરજીઓ મંગાવવામાં આવેલ હતી. તે મુજબ છેલ્લા બે વર્ષમાં કૂલ ૫૨૨ અરજીઓ દાહોદ જીલ્લામાં રજિસ્ટર થયેલ છે. જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ૩ હોર્સ પાવર | ૫ હોર્સ પાવર | ૭.૫ હોર્સ પાવર | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૪૦૪ | ૧૧૭ | ૧ | ૫૨૨ |
| ૨૦૧૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૪૦૪ | ૧૧૭ | ૧ | ૫૨૨ |

(૨) ઉક્ત વર્ષવાર કેટલા લાભાર્થીઓ ને વીજ જોડાણ આપવામાં આવ્યા અને કેટલા ને બાકી છે? અને

(૨) ઉક્ત વર્ષવાર દાહોદ જિલ્લામાં વર્ષ–૨૦૧૬ દરમિયાન નોંધાયેલ અરજીઓ પૈકી કૂલ ૭૪ લાભાર્થીઓને સૌર ઊર્જા આધારિત સિંચાઈ પમ્પ આપવામાં આવેલ છે. જે

પૈકી વર્ષ ૨૦૧૬ દરમિયાન કૂલ ૬૪ લાભાર્થીઓને અને વર્ષ–૨૦૧૭ દરમ્યાન કૂલ ૧૦ લાભાર્થીઓને સૌર ઊર્જા આધારિત સિંચાઈ પમ્પ આપવામાં આવેલ છે. બાકી અરજીઓ પૈકી નાણા ન ભરવાના કારણે ૧૬૬ અરજીઓ રદ થયેલ છે, અને ૨૮૨ અરજદારોને સૌર ઊર્જા પંપ આપવા બાકી છે.

(૩) બાકી રહેલા ને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) બાકી રહેલા કૂલ ૨૮૨ લાભાર્થીઓને માર્ચ ૨૦૧૮ અંત સુધીમાં સૌર ઊર્જા આધારિત સિંચાઈ પમ્પ આપવાનું આયોજન છે.

---------

ગાંધીનગર જિલ્લામાં જન્મજાત બધીર બાળકોને અપાતી સારવાર

* ૨૧૨૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં જન્મજાત બધીરતા વાળા બાળકોની સારવાર માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૧) છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં જન્મજાત બધીરતા વાળા બાળકોની સારવાર માટે નીચે મુજબની હોસ્પીટલો ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે.

| હોસ્પિટલનું નામ |
|---|
| સીવીલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ |
| સીવીલ હોસ્પિટલ, રાજકોટ |
| જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ, ગાંધીનગર |
| શ્રુતિ ઈ.એન.ટી. હોસ્પિટલ, સુરત |
| સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, સુરેન્દ્રનગર |
| નારાયણી ઈ.એન.ટી.કલીનીક એન્ડ કોકલીયર ઇમ્પ્લાન્ટ સેન્ટર, ગાંધીનગર |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોને કોકલીયર ઇમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા ?

(૨) કુલ– ૧૨૯

---------

આણંદ અને નવસારી જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૨૨૩૧ શ્રી કાંતિભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોએ પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કેટલા કામો મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૧) અને (૨)
પરિશિષ્ટ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ પીવાલાયક પાણી નહિ મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉપર જણાવેલ ટ્યુબવેલોમાં પીવાલાયક પાણી ન મળવા બાબતે આણંદ અને નવસારી જિલ્લામાં એક પણ ફરિયાદ મળેલ નથી.

(૪) તે અન્વયે સરકારે શું કાર્યવાહી કરી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરિશિષ્ટ

| અનુ | તાલુકો | નવા ટ્યુબવેલ | | નવીન ઓવરહેડ ટાંકીઓ | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |

## અતારાંકિત પ્રશ્નો

| | | ગામોની સંખ્યા | મંજુર થયેલ ટ્યુબવેલ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ટ્યુબવેલ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જીલ્લોઃ– આણંદ | | | | | | | | | | | | | | | | | |
| ૧ | આણંદ | ૫ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૧૦ | ૧૫ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | આંકલાવ | ૫ | ૬ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પેટલાદ | ૪ | ૪ | ૪ | ૦ | ૩ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ખંભાત | ૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૮ | તારાપુર | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૭ | ૩૩ | ૩૩ | ૦ | ૪ | ૪ | ૩ | ૧ | ૪ | ૪ | ૦ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ |
| જીલ્લોઃ– નવસારી | | | | | | | | | | | | | | | | | |
| ૧ | નવસારી | ૨૪ | ૨૪ | ૨૪ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩૫ | ૩૫ | ૨૮ | ૭ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | જલાલપોર | ૧૧ | ૧૧ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૧૯ | ૧૭ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વાંસદા | ૧૩ | ૧૩ | ૧૩ | ૦ | ૧૭ | ૧૭ | ૨ | ૧૫ | ૧૪ | ૧૪ | ૧૪ | ૦ | ૧૭ | ૧૭ | ૨ | ૧૫ |
| ૪ | ચીખલી | ૬ | ૬ | ૫ | ૧ | ૭ | ૭ | ૭ | ૦ | ૬ | ૬ | ૫ | ૧ | ૭ | ૧૦ | ૦ | ૧૦ |
| ૫ | ગણદેવી | ૪ | ૪ | ૪ | ૦ | ૩ | ૩ | ૧ | ૨ | ૪ | ૪ | ૪ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ |
| ૬ | ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ |
| | કુલ | ૫૮ | ૫૮ | ૫૭ | ૧ | ૩૧ | ૩૧ | ૧૪ | ૧૭ | ૭૮ | ૭૮ | ૬૮ | ૧૦ | ૩૧ | ૩૪ | ૨ | ૩૨ |

–––––––––

### સુરત જિલ્લાના માંડવી–મોરીઠા–રેગામા રોડને પહોળો કરવાની કામગીરી

* ૨૧૦૭ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં માંડવી મોરીઠા રેગામાં રોડને રીસરફેસ કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, | (૧) હા,જી. |
| (૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૨૦૦ લાખ મંજુર. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર આપેલ છે. |

–––––––––

### બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી અને રાસાયણિક ખાતર પર લેવાનો વેટ અને સેસ

* ૨૨૭૭ શ્રી કાન્તિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પી.એન.જી અને રાસાયણિક ખાતર ઉપર કેટલા ટકા વેટ અને સેસ વસૂલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં કેટલી આવક થઈ છે?

જવાબ

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા કર |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |

(૨) (રકમ રૂ.કરોડમાં)

| બનાસકાંઠા | | |
|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૧/૪/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ |
| રાસાયણિક ખાતર | શૂન્ય | ૦.૦૨ |
| પેટ્રોલ | ૧૦.૯૫ | ૧૦.૦૪ |
| ડીઝલ | ૧૬.૧૯ | ૧૩.૬૭ |
| સી.એન.જી. | ૦.૪૨ | ૦.૬૯ |

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય |
|---|---|---|

---------

### સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર થી કોઠારીયા જતા નોન–પ્લાન રસ્તાનું કામ

* ૨૦૮૦ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર થી કોઠારીયા જતા નોન–પ્લાન રસ્તાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું અને ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) રૂ.૨૦૦.૦૦ લાખ ટેન્ડર મંજુરીની પ્રક્રીયામાં. |

---------

### ડભોઈ તાલુકાના ડભોઈ–સેગવા–રાજપીપળા રોડની મજબુતીકરણની કામગીરી

* ૨૦૯૫ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ડભોઈ–સેગવા–રાજપીપળા રોડ કિ.મી.૧૪/૬૦૦ થી ૨૬/૦ ના મજબુતીકરણની કામગીરી માટે કોઈ આયોજન કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૮૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામગીરી તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

### વાઘોડીયા તાલુકાના વડોદરા–વાઘોડીયા રોડની મજબુતિકરણની કામગીરી

* ૨૦૯૭ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના વડોદરા–વાઘોડીયા રોડ કિ.મી. ૧/૦ થી ૧૭/૦૧૬ કિ.મી. માં ચારમાર્ગીય રસ્તાને મજબુતીકરણ માટે કોઈ આયોજન કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ અંદાજેલ છે, અને | (૨) રૂ.૧૫૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામગીરી તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

### પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

* ૨૧૬૪ શ્રી કિરીટકુમાર પટેલ(પાટણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા વીજકનેકશન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજજોડાણ અને કૃષિ વિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા મળેલ અરજીઓ, આપવામાં આવેલ જોડાણો અને પડતર અરજીઓની વિગતો પત્રક–અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

પત્રક–અ

પાટણ જિલ્લો

| તાલુકાનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ચાણસ્મા | ૧૩૨ | ૪૮ | ૬૭ | ૩ | ૨ | ૦ |
| હારીજ | ૩૯૭ | ૬૧ | ૩૧૩ | ૪ | ૪ | ૦ |
| પાટણ | ૨૬૩ | ૧૦૬ | ૧૦૧ | ૮ | ૮ | ૦ |
| રાધનપુર | ૨૭૯ | ૧૬ | ૧૮૩ | ૦ | ૦ | ૦ |
| સમી | ૭૧ | ૧૮ | ૩૫ | ૦ | ૦ | ૦ |
| શંખેશ્વર | ૬૨ | ૧૩ | ૪૨ | ૦ | ૦ | ૦ |
| સાંતલપુર | ૬૬૩ | ૧૨ | ૮૫ | ૦ | ૦ | ૦ |
| સરસ્વતી | ૨૮૬ | ૮૪ | ૧૫૫ | ૧ | ૧ | ૦ |
| સિદ્ધપુર | ૧૯૭ | ૩૧ | ૧૧૭ | ૧ | ૧ | ૦ |
| કુલ | ૨૩૫૦ | ૩૮૯ | ૧૦૯૮ | ૧૭ | ૧૬ | ૦ |

સાબરકાંઠા જિલ્લો

| તાલુકાનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ | | | તત્કાલ વીજ જોડાણ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| ઈડર | ૮૭૫ | ૬૫ | ૭૨૭ | ૪૧ | ૨૯ | ૦ |
| હિંમતનગર | ૧૧૦૮ | ૨૭૫ | ૭૬૮ | ૪ | ૩ | ૦ |
| પ્રાંતિજ | ૪૬૬ | ૧૨૬ | ૨૮૪ | ૨ | ૨ | ૦ |
| તલોદ | ૭૦૧ | ૨૧૧ | ૪૩૧ | ૨ | ૦ | ૦ |
| વડાલી | ૪૮૯ | ૧૧૫ | ૩૦૧ | ૭ | ૧ | ૦ |
| ખેડબ્રહ્મા | ૬૬૧ | ૩૦૩ | ૩૧૩ | ૦ | ૦ | ૦ |
| પોશીના | ૪૮૦ | ૨૦૮ | ૨૬૯ | ૦ | ૦ | ૦ |
| વિજયનગર | ૫૭૪ | ૨૪૩ | ૨૯૩ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૫૩૫૪ | ૧૫૪૬ | ૩૩૮૬ | ૫૬ | ૩૫ | ૦ |

પાટણ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કુલ ૮૬૩ અરજીઓ અને તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૧ અરજી જુદા જુદા કારણોસર રદ થયેલ છે. જ્યારે, સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કુલ ૪૨૨ અરજીઓ અને તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૨૧ અરજીઓ જુદા–જુદા કારણોસર રદ્દ થયેલ છે.

(૩) ઉકત બાકી વીજ કનેકશન ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શકય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

---------

વલસાડ જિલ્લામાં મોટા ચેકડેમો

૨૦૮૪ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા મોટા ચેકડેમ નદી પર બનાવવામાં આવેલ છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ કામોથી કેટલા વિસ્તારને લાભ થનાર છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ મોટા ચેકડેમ નદી પર બનાવવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | મોટા ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૫ |
| ૨ | ૨૦૧૭ | ૧ |
| | કુલ | ૬ |

(૨) કુલ રૂ.૩૦૯.૭૧ લાખ.

(૩) ૧૮૮ હેકટર વિસ્તાર.

---------

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ–લવેટ રોડને પહોળો કરવાની કામગીરી

* ૨૧૦૬ શ્રી કાંતિભાઈ બલર(સુરત–ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ લવેટ રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૪૦૦ લાખ મંજુર. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

મહેસાણા અને સુરત જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી

* ૨૧૯૭ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં કેટલા એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે નીચે મુજબ ચકાસણી કરવામાં આવી.

| જિલ્લાનું નામ | તાલુકાના નામો | ચકાસણી કરવામાં આવેલ એકમોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| મહેસાણા | મહેસાણા | ૭૦ | ૮૩ |
| | વિસનગર | ૬૬ | ૫૬ |
| | વિજાપુર | ૨૨ | ૧૩ |
| | ઉંઝા | ૧૩ | ૨૬ |
| | વડનગર | ૦૮ | ૧૪ |
| | બેચરાજી | ૩૨ | ૧૪ |
| | જોટાણા | ૧૨ | ૧૦ |
| | ખેરાલુ | ૩૮ | ૨૦ |
| | કડી | ૩૩ | ૩૨ |
| | સતલાસણા | ૧૨ | ૦૬ |
| | કુલ | ૩૦૬ | ૨૭૪ |
| સુરત | સુરત કોર્પો. | ૧૧૭૩ | ૧૨૧૨ |
| | બારડોલી | ૧૦૬ | ૧૦૭ |
| | ચોર્યાસી | ૧૦૫ | ૧૦૪ |
| | કામરેજ | ૫૯ | ૫૯ |
| | મહુવા | ૨૧ | ૨૧ |
| | માંડવી | ૪૪ | ૪૦ |
| | માંગરોલ | ૭૮ | ૭૮ |
| | ઓલપાડ | ૫૫ | ૫૪ |
| | પલસાણા | ૭૪ | ૭૪ |
| | ઉમરપાડા | ૦૪ | ૦૪ |

(૨) તે પૈકી કેટલા એકમો કસુરવાર જણાયા અને તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

| કસુરવાર જણાયેલ એકમોની સંખ્યા–૨૨૬ | | | | |
|---|---|---|---|---|
| કસુરવાર એકમો સામે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. | | | | |
| એડજ્યુ | દાખલ | દાખલ | ચુકાદા મુજબ | દાખલ કરેલ |

| ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | કરવાનાં બાકી કેસોની સંખ્યા | કરેલ કેસો પૈકી આપેલ ચુકાદાની સંખ્યા | કરેલ દંડની કુલ રકમ રૂ. | કેસો પૈકી એડજ્યુ ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૬૮ | ૩૯ | ૪૦ | ૩૦,૦૨,૦૦૦/- | ૧૨૮ |
| નામદાર કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટે આપેલ ચુકાદાની સંખ્યા | નામદાર કોર્ટે કરેલ દંડની કુલ રકમ રૂ. | નામદાર કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટમાં દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા |
| ૧૬ | ૦ | ૦ | ૧૬ | ૩ |

---------

આણંદ અને ખેડા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેકશનો

* ૨૦૭૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર(બોરસદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેકશન મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વીજકનેકશન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ?

જવાબ

(૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વીજજોડાણો આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઈડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔધોગિક વીજજોડાણો માટે ૨૪ (ચોવીસ) કલાક સતત થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.

ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔધોગિક વીજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે, તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે.

વધુમાં રાજ્ય સરકારે સદર યોજના નો વ્યાપ વધારવા માટે તા.૨૪–૧–૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્દઅંતર્ગત આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લા/તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ | બાકી અરજીઓ |
|---|---|---|---|

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| | | | વીજ જોડાણ | |
|---|---|---|---|---|
| આણંદ | આણંદ | ૭૨૮૬ | ૬૧૯૬ | ૨૨૫ |
| | આંકલાવ | ૨૦૦૨ | ૧૯૧૫ | ૨૪ |
| | બોરસદ | ૪૫૨૭ | ૪૧૮૬ | ૮૫ |
| | પેટલાદ | ૧૭૦૯ | ૧૪૩૭ | ૧૪ |
| | ખંભાત | ૧૧૩૮ | ૯૮૨ | ૧૮ |
| | સોજીત્રા | ૪૨૯ | ૩૯૨ | ૬ |
| | તારાપુર | ૮૦૫ | ૬૯૯ | ૭ |
| | ઉમરેઠ | ૨૨૫૨ | ૧૮૨૩ | ૩૯ |
| | કુલ | ૨૦૧૪૮ | ૧૭૬૩૦ | ૪૧૮ |
| ખેડા | કઠલાલ | ૨૯૨૬ | ૨૬૭૨ | ૪૧ |
| | કપડવંજ | ૨૫૬૫ | ૨૧૫૭ | ૨૮ |
| | ખેડા | ૨૮૯૬ | ૨૬૮૨ | ૨૭ |
| | માતર | ૧૬૯૩ | ૧૩૮૧ | ૩૩ |
| | મહેમદાવાદ | ૩૧૯૨ | ૨૯૮૧ | ૬ |
| | મહુધા | ૯૨૩ | ૭૭૯ | ૩ |
| | વસો | ૮૮૨ | ૭૫૨ | ૧ |
| | ગલતેશ્વર | ૧૬૭૮ | ૧૩૬૨ | ૦ |
| | ઠાસરા | ૨૦૨૯ | ૧૬૪૯ | ૦ |
| | નડિયાદ | ૭૬૮૮ | ૬૭૩૧ | ૮૯ |
| | કુલ | ૨૬૪૭૨ | ૨૩૧૪૬ | ૨૨૮ |

આણંદ જિલ્લામાં ૨૧૦૦ અરજીઓ અને ખેડા જિલ્લામાં ૩૦૯૮ અરજીઓ વિવિધ કારણોસર રદ થયેલ છે.

---------

કચ્છ જિલ્લામાં નદી ઉપર ચેકડમ બાંધવા બાબત

* ૨૦૭૭ શ્રીમતી માલતી મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મોટી નદી પરના ચેકડેમ બાંધવામાં આવ્યા. | (૧) ૨૭ ચેકડેમો બાંધવામાં આવ્યા. |
| (૨) આ ચેકડેમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ ૮૧૭.૧૫ લાખ |
| (૩) આ કામગીરીથી કેટલા વિસ્તારને સિંચાઈનો આડકતરો લાભ થયો ? | (૩) ૧૩૨૧ હેક્ટર વિસ્તારને |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો

* ૨૨૦૯ શ્રી ચિરાગભાઇ કાલરિયા(જામ જોધપુર ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચુકવ્યા હોય તેવા ક્યા ઔદ્યોગિક એકમોના ડીફોલ્ટર પાસેથી કેટલી રકમ વસુલ કરવાની થાય છે, અને

વધુમાં રાજ્ય સરકારે સદર યોજનાનો વ્યાપ વધારવા માટે તા.૨૪/૦૧/૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન, જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્અંતર્ગત આણંદ અને ભરૂચ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લા/તાલુકાનું નામ | | મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| આણંદ | આણંદ | ૭૨૮૬ | ૬૧૯૬ | ૨૨૫ |
| | આંકલાવ | ૨૦૦૨ | ૧૯૧૫ | ૨૪ |
| | બોરસદ | ૪૫૨૭ | ૪૧૮૬ | ૮૫ |
| | પેટલાદ | ૧૭૦૯ | ૧૪૩૭ | ૧૪ |
| | ખંભાત | ૧૧૩૮ | ૯૮૨ | ૧૮ |
| | સોજીત્રા | ૪૨૯ | ૩૯૨ | ૬ |
| | તારાપુર | ૮૦૫ | ૬૯૯ | ૭ |
| | ઉમરેઠ | ૨૨૫૨ | ૧૮૨૩ | ૩૯ |
| કુલ | | ૨૦૧૪૮ | ૧૭૬૩૦ | ૪૧૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ભરૂચ | અંકલેશ્વર | ૬૧૮૮ | ૫૨૪૦ | ૨૬૩ |
| | હાંસોટ | ૩૮૨ | ૨૫૪ | ૬૪ |
| | ઝગડીયા | ૧૪૩૮ | ૧૩૧૦ | ૪૨ |
| | નેત્રંગ | ૧૪૪૧ | ૧૩૫૦ | ૫૮ |
| | વાલિયા | ૬૩૦ | ૫૯૬ | ૧૪ |
| | ભરૂચ | ૨૮૦૬ | ૨૫૪૬ | ૨૨૬ |
| | આમોદ | ૪૪૬ | ૪૧૪ | ૧૯ |
| | જંબુસર | ૬૫૨ | ૫૯૯ | ૪૫ |
| | વાગરા | ૧૯૮૨ | ૧૮૧૦ | ૧૫૭ |
| કુલ | | ૧૫૯૬૫ | ૧૪૧૧૯ | ૮૮૮ |

* મળેલ અરજીઓ પૈકી જુદા જુદા કારણોસર આણંદ જિલ્લામાં ૨૧૦૦ અરજીઓ તથા ભરૂચ જિલ્લામાં ૯૫૮ અરજીઓ રદ થયેલ છે.

---------

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા માટે રોબોટની ખરીદી

* ૨૨૦૫ શ્રી પ્રવીણભાઈ મુસડિયા(કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં ઘૂંટણ અને થાપાના રીપ્લેસમેન્ટની શસ્ત્રક્રિયા કરી શકે તેવા આધુનિક રોબોટની ખરીદી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમના ખર્ચે કઈ કંપની પાસેથી રોબોટ ખરીદવામાં આવેલ છે, | (૨) તા.૩૦–૩–૨૦૧૧ના રોજ રૂ.૧૦,૪૨,૭૯,૫૦૦/–ની કિંમતના રોબોટ મેં.બાયોમેડ હેલ્થકેર પ્રા.લી. મુંબઈ પાસેથી ખરીદવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મેઈન્ટેનન્સ પેટે કેટલી રકમ કઈ કંપનીને ચુકવવામાં આવી, અને | (૩) વર્ષ ૨૦૧૫–૧૬ માં મેઈન્ટનન્સ પેટે કોઈ ખર્ચ થયેલ નથી. જ્યારે વર્ષ ૨૦૧૬–૧૭ માં રૂ.૫૫,૧૫,૦૦૦ મેઈન્ટનન્સ પેટે મે.બાયોમેડ હેલ્થ કેર પ્રા.લી. મુંબઈને ચુકવવામાં આવેલ છે. |
| (૪) ઉકત રોબોટ દ્વારા કેટલા ઓપરેશન ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યા ? | (૪) ઉકત સ્થિતિએ રોબોટ દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧૧૦ અને વર્ષ ૨૦૧૬–૧૭ માં ૮૫ મળી કુલ ૧૯૫ ઓપરેશન કરવામાં આવેલ છે. |

---------

દાહોદ અને નર્મદા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો

* ૨૨૫૭ શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી, અને<br>(૨) તે પૈકી કેટલા વીજકનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ? | (૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વિજજોડાણ આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઈડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔધોગિક વિજજોડાણો માટે ૨૪(ચોવીસ) કલાક સતત થ્રી ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને |

નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.

ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે.

વધુમાં રાજ્ય સરકારે સદર યોજનાનો વ્યાપ વધારવા માટે તા.૨૪/૦૧/૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન, જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્દઅંતર્ગત દાહોદ અને નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પ ત્ર ક – અ

| જિલ્લા/તાલુકાનું નામ | | ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| દાહોદ | દાહોદ | ૨૮૦૦ | ૧૨૧૮ | ૩૭ |
| | ઝાલોદ | ૨૩૨૩ | ૧૨૫૧ | ૨૬૬ |
| | સંજેલી | ૮૦૩ | ૩૬૯ | ૧૨૯ |
| | લીમખેડા | ૨૪૬૩ | ૧૦૨૨ | ૧૦ |
| | બારિયા | ૨૬૪૪ | ૧૫૯૮ | ૦ |
| | ગોધરા | ૧૫૦ | ૧૦૬ | ૦ |
| | ફતેપુરા | ૨૧૨૩ | ૧૩૫૧ | ૦ |
| | ગરબાડા | ૬૭૨ | ૪૪૨ | ૪૭ |
| | ધાનપુર | ૧૮૨૫ | ૪૨૯ | ૪૭ |
| કુલ | | ૧૫૮૦૩ | ૭૭૮૬ | ૫૩૬ |
| નર્મદા | ડેડીયાપાડા | ૧૪૭૩ | ૧૨૨૯ | ૭૬ |
| | ગરુડેશ્વર | ૨૨૫ | ૧૯૮ | ૮ |
| | નાંદોદ | ૧૦૨૫ | ૭૩૯ | ૪૪ |
| | સાગબારા | ૧૦૬૪ | ૯૬૮ | ૨૫ |
| | તિલકવાડા | ૩૩૮ | ૨૮૪ | ૧૫ |
| કુલ | | ૪૧૨૫ | ૩૪૧૮ | ૧૬૮ |

* મળેલ અરજીઓ પૈકી જુદા જુદા કારણોસર દાહોદ જિલ્લામાં ૭૪૮૧ તથા નર્મદા જિલ્લામાં ૫૩૯ અરજીઓ રદ થયેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૨૫૪૭ શ્રી રમણભાઈ પટેલ(વિજાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં |

એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) ઉકત સ્થિતિએ વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

૨૧,૯૪,૨૪૩ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ વાર્ષિક અંદાજિત ૧૬.૩૪ કરોડ યુનીટની બચત થશે.

(૩) ઉકત સ્થિતિએ વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૭૩.૫૦ કરોડની બચત થશે.

---------

ગાંધીનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી

* ૨૧૭૭ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર ખાદ્ય પદાર્થનું ઉત્પાદન અને વેચાણ કરતાં કેટલા એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા એકમો કસુરવાર જણાયા અને તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે નીચે મુજબ ચકાસણી કરવામાં આવી.

| જિલ્લાનું નામ | તાલુકાના નામો | ચકાસણી કરવામાં આવેલ એકમોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ગાંધીનગર | ગાંધીનગર કોર્પો. | ૪૨ | ૪૮ |
| | ગાંધીનગર | ૧૦૫ | ૯૩ |
| | કલોલ | ૭૮ | ૫૨ |
| | દહેગામ | ૪૨ | ૨૩ |
| | માણસા | ૩૮ | ૨૬ |
| | કુલ | ૩૦૪ | ૨૪૨ |
| દેવભુમિ દ્વારકા | ભાણવડ | ૧૩ | ૦૪ |
| | દ્વારકા | ૨૭ | ૧૭ |
| | કલ્યાણપુર | ૧૪ | ૧૩ |
| | ખંભાળીયા | ૨૯ | ૧૩ |

(૨)

| કસુરવાર જણાયેલ એકમોની સંખ્યા–૪૦ | | | | |
|---|---|---|---|---|
| કસુરવાર એકમો સામે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. | | | | |
| એડજ્યુ ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા | દાખલ કરેલ કેસો પૈકી આપેલ ચુકાદાની સંખ્યા | ચુકાદા મુજબ કરેલ દંડની કુલ રકમ રૂ. | દાખલ કરેલ કેસો પૈકી એડજ્યુ ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા |
| ૩૩ | ૬ | ૧ | ૪૦,૦૦૦ | ૩૨ |
| નામદાર કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટે આપેલ ચુકાદાની સંખ્યા | નામદાર કોર્ટે કરેલ દંડની કુલ રકમ રૂ. | નામદાર કોર્ટમાં પડતર રહેલ કેસોની સખ્યા | નામદાર કોર્ટમાં દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા |
| ૧ | ૦ | ૦ | ૧ | ૦ |

## ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નો

---------

### પોરબંદરની સિમેન્ટ કંપની પાસેથી વસૂલવાની વેચાણવેરા/વેટની બાકી રકમ

* ૨૨૮૬ શ્રી પુંજાભાઈ વંશ(ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી. સિમેન્ટ કંપની પાસેથી ૪૪.૫૯ કરોડ વેચાણવેરો/વેટની બાકી રકમ વસુલવા માટે મિલકત ટાંચ કરવા માટે તા.૧૫–૬–૨૦૧૫ના રોજ મામલતદાર તથા કલેકટરશ્રીએ પત્ર લખેલ તો તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૧) મામલતદારશ્રી ઈ–ધરા કેન્દ્રને સર્વે નંબરના માલિકીની વિગતો મેળવવા જાવક નંબર–.૪૧૩૩ તા.૨૮–૮–૨૦૧૫ના પત્ર લખેલ છે. સીટી સર્વે પોરબંદર દ્વારા તા.૩૧–૭–૨૦૧૫ની ફેરફાર નોંધ દ્વારા સીટી સર્વે નંબર ૪૮૧૭, ૪૮૧૯ જેમાં રેવન્યુ સર્વે નંબર ૩૩૧/૧, ૩૭૩, ૩૬૭, ૩૪૮, ૩૩૬/૨, ૩૭૮/૧, ૩૭૬/૧, ૩૬૦/૧, ૩૭૬/૨ તથા ૩૩૧/૨ નો સમાવેશ થાય છે. જેમાં સીટી સર્વે પોરબંદર દ્વારા તા.૯–૯–૨૦૧૫ બોજો દાખલ કરવાનાં હુકમ થતાં નોંધ દાખલ કરી (જેનો તા.૯–૨–૨૦૧૮ના સીટી સર્વે દ્વારા બોજા નોંધની કોપી મેળવતા બોજાનોંધમાં કોઈ ફેરફાર થયેલ નથી.)

કલેકટર પોરબંદરના જાવક ક્રમાંક.૧૧૫૭૭ તા.૨૬–૮–૨૦૧૫ના પત્રથી સદરહુ કંપનીના નામે આવેલ જમીનના ટેન્યોર, માલીકી હક્ક બાબતે કોઈપણ ફેરફાર ન કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સદરહુ કંપનીના ૧૧૪૯૯/૨૦૦૧ જુદા જુદા હુકમોથી મનાઈ હુકમ ફરમાવેલ છે તેમ જણાવેલ છે. ગુજરાત હાઈકોર્ટમાં કેસ હજુ પેન્ડીંગ છે.

વધારાની વિગતો મંગાવવા નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

તા.૨૩–૯–૨૦૧૫ વધુમાં આસીસ્ટન્ટ ડીવીઝનલ એન્જીનીયર વેસ્ટર્ન રેલ્વે પોરબંદરને તા.૪–૯–૨૦૧૫ માં દર્શાવ્યા મુજબ સદરહુ કંપનીને ફાળવેલ જગ્યા ઉપર ટાંચ મુકવાનો આદેશ સંયુકત વાણિજ્યકવેરા કમિશનર, યુનિટ–૮૭ પોરબંદરે જા.૪૭૮૭/૮૮ તા.૨૩–૯–૨૦૧૫ થી પત્ર પાઠવેલ છે.

સંયુકત વાણિજ્યકવેરા કમિશનર,યુનિટ–૮૭ પોરબંદરે, પત્ર જા.૧૦૨૩૯/૪૪ તા.૪–૨–૨૦૧૬ થી કલેકટર પોરબંદર તથા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ તથા સબ રજીસ્ટ્રારને સદરહુ કંપનીના નામે કોર્ટના મનાઈહુકમ સિવાયની તથા અન્ય મિલકતોની વિગતો પુરી પાડવા પત્ર પાઠવેલ છે.

વધુમાં આસીસ્ટન્ટ ડીવીઝનલ એન્જીનીયર વેસ્ટર્ન રેલ્વે પોરબંદરને તેઓના પત્ર તા.૪–૯–૨૦૧૫ માં દર્શાવ્યા મુજબ સદરહુ કંપનીને ફાળવેલ જગ્યા ઉપર ટાંચ મુકવાનો આદેશ સંયુકત વાણિજ્યકવેરા કમિશનર, યુનિટ–૮૭ પોરબંદરે જા.૧૧૭૧૬/૧૭ તા.૨૧–૩–૧૬ થી યાદી પત્ર પાઠવેલ છે.

વધુમાં વાણિજ્યકવેરા કમિશનર ૧ યુનિટ ૮૭ પોરબંદરના પત્રાંકઃ ૩૫૮/૫૯, તા.૨૨–૪–૨૦૧૬ થી સહાયક વિભાગીય ઈજનેર વેસ્ટર્ન રેલ્વે ભાવનગરે સદરહુ કંપની સાથેનો થયેલ કોન્ટ્રાકટની વિગત જે તે ફાળવેલ સાઈડીંગનો પ્લાન અને સંબંધિત વિગતો માટે પત્ર પાઠવેલ છે.

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલી મિલકત ટાંચમાં લેવામાં આવી ? | (૨) રેવન્યુ સર્વે નંબર ૪૮૧૭, ૪૮૧૯ (જેમાં સર્વે નંબર ૩૩૧/૧, ૩૭૩, ૩૬૭, ૩૪૮, ૩૩૬/૨, ૩૭૮/૧, ૩૭૬/૧, ૩૬૦/૧, ૩૭૬/૨ તથા ૩૩૧/૨ નો સમાવેશ થાય છે.) જેમાં સીટી સર્વે પોરબંદર દ્વારા તા.૯-૯-૨૦૧૫ બોજો દાખલ કરવાનાં હુકમ થતાં નોંધ દાખલ કરેલ છે. |

---------

રાજ્યમાં આવેલી બ્લડ બેંકોમાં બ્લડ પ્રોસેસીંગના દરો નક્કી કરવા

* ૨૩૦૨ શ્રી ગ્યાસુદ્દીન શેખ(દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારના તા.૧૨-૨-૨૦૧૪ના પત્રથી બ્લડ બેંકોને બ્લડના પ્રોસેસીંગ માટેના દરો નિયત કરવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સુચનાનુસાર રાજ્યની તમામ બ્લડ બેંકોને ભારત સરકારની સૂચનાઓ અનુસરવા ક્યારે જાણ કરવામાં આવી, અને | (૨) ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની કચેરીના પત્ર ક્રમાંકઃ નં.GSCBT/Service Charge/636-771/ 2014-15, Dt.12/6/2014 થી ગુજરાતની તમામ બ્લડ બેંકોને પરિપત્ર કરેલ છે. |
| (૩) ખાનગી બ્લડ બેંકો ઉકત સૂચનાનું પાલન કરે છે કે નહીં તેની તપાસ કરવામાં આવે છે કે કેમ ? | (૩) હા, જી. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગનાઈઝેશન (CDSCO), ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) અને ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSCBT) દ્વારા સંયુકત તપાસ કરવામાં આવે છે. તદુપરાંત નવી શરૂ કરવાની થતી તમામ બ્લડ બેંકોને માન્યતા આપતા પહેલા ભારત સરકારની ગાઈડ લાઈન તથા સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવામાં આવશે તેવી તેઓની પાસેથી બાંહેધરી મેળવવામાં આવે છે. |

---------

ભાવનગર અને બોટાદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન

* ૨૨૩૦ શ્રી કનુભાઈ બારૈયા(તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી, અને<br>(૨) તે પૈકી કેટલા વીજ કનેક્શન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ? | (૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના એ નવીન અરજીઓ લઈ વિજજોડાણ આપવા માટેની યોજના નથી. જ્યોતિ ગ્રામ યોજના રાજ્ય સરકારની અત્યંત મહત્વાકાંક્ષી અને સમગ્ર દેશમાં પ્રશંસા પામેલ યોજના છે. આ યોજના અન્વયે રાજ્યના તમામ ગામડાઓમાં ગામતળમાં અને નોટીફાઈડ પેટાપરાઓમાં આવેલા ખેતી વિષયક વીજ જોડાણ સિવાય હયાત રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે ૨૪(ચોવીસ) કલાક સતત થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ દરમિયાન જરૂર જણાય ત્યાં નવા જ્યોતિગ્રામ ફીડરો ઉભા કરીને રાજ્યના તમામ ગામડાઓ અને નોટીફાઈડ પેટાપરાઓને સતત વીજ પુરવઠાનો લાભ આપવામાં આવેલ છે.<br>ગામતળની અંદરના વિસ્તારમાં રહેણાંક, વાણીજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણો માટે જે કોઈ નવી અરજીઓ આવે તેઓને જ્યોતિગ્રામ ફીડરો પરથી વીજ જોડાણો આપવામાં આવે છે. |

વધુમાં રાજ્ય સરકારે સદર યોજનાનો વ્યાપ વધારવા માટે તા.૨૪/૦૧/૧૭ના ઠરાવથી ગામતળની બહારના વિસ્તારમાં આવેલા ખેતી વિષયક સિવાયના, ઠરાવમાં દર્શાવેલ અરજદારોને અમુક શરતોને આધીન, જ્યોતિગ્રામ ફીડર પરથી વીજજોડાણનો લાભ આપવાનું નક્કી કરેલ છે. તદ્અંતર્ગત ભાવનગર અને બોટાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અને બાકી અરજીઓની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પ ત્ર ક – અ

| જિલ્લા/તાલુકાનું નામ | | મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| ભાવનગર | ઉમરાળા | ૧૦૩૮ | ૯૯૧ | ૪ |
| | ગારીયાધાર | ૬૬૪ | ૬૪૩ | ૧૩ |
| | ઘોઘા | ૧૧૨૭ | ૧૦૮૨ | ૪૦ |
| | જેસર | ૫૮૨ | ૫૧૯ | ૬૩ |
| | તળાજા | ૨૭૧૧ | ૨૬૨૨ | ૮૫ |
| | પાલિતાણા | ૧૨૬૯ | ૧૧૯૬ | ૬૪ |
| | ભાવનગર | ૨૩૦૬ | ૧૪૭૭ | ૮૦૭ |
| | મહુવા | ૩૧૪૬ | ૨૯૫૯ | ૧૭૫ |
| | વલ્લભીપુર | ૧૦૩૭ | ૮૩૩ | ૧૯૦ |
| | શિહોર | ૨૦૨૨ | ૧૯૮૬ | ૩૨ |
| | કુલ | ૧૫૯૦૨ | ૧૪૩૦૮ | ૧૪૭૩ |
| બોટાદ | ગઢડા | ૨૭૮૪ | ૨૭૫૬ | ૨ |
| | બરવાળા | ૫૩૦ | ૫૨૧ | ૦ |
| | બોટાદ | ૧૫૮૬ | ૧૫૦૫ | ૮ |
| | રાણપુર | ૮૮૯ | ૭૮૯ | ૬ |
| | કુલ | ૫૭૮૯ | ૫૫૭૧ | ૧૬ |

* મળેલ અરજીઓ પૈકી જુદા જુદા કારણોસર ભાવનગર જિલ્લામાં ૧૨૧ અરજી તથા બોટાદ જિલ્લામાં ૨૦૨ અરજીઓ રદ થયેલ છે.

---------

અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી

* ૨૧૮૦ શ્રી લાખાભાઈ ભરવાડ(વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર ખાદ્ય પદાર્થનું ઉત્પાદન અને વેચાણ કરતાં કેટલા એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે નીચે મુજબ ચકાસણી કરવામાં આવી.

| જિલ્લાનું નામ | તાલુકાના નામો | ચકાસણી કરવામાં આવેલ એકમોની સંખ્યા | |
|---|---|---|---|
| અમદાવાદ | સાણંદ | ૧૦૭ | ૮૦ |
| | બાવળા | ૫૮ | ૪૦ |
| | વિરમગામ | ૮૭ | ૫૪ |
| | માંડલ | ૦૨ | – |
| | દસક્રોઈ | ૮૧ | ૬૩ |
| | ધોળકા | ૨૧ | ૧૯ |
| | ધંધુકા | ૧૪ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| | ધોલેરા | ૦૩ | ૦૧ |
| | દેત્રોજ | ૦૪ | ૦૧ |
| | અમદાવાદ કોર્પો | ૨૨૭૪ | ૧૭૫૭ |
| | કુલ | ૨૬૫૧ | ૨૦૨૦ |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૦૫ | ૦૭ |
| | કવાંટ | ૦૪ | ૦૨ |
| | બોડેલી | ૨૪ | ૧૫ |
| | નસવાડી | ૦૬ | ૦૨ |
| | સંખેડા | ૦૬ | ૦૪ |
| | પાવી-જેતપુર | ૦૩ | ૦૫ |
| | કુલ | ૪૮ | ૩૫ |

(૨) તે પૈકી કેટલા એકમો કસુરવાર જણાયા અને તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

| કસુરવાર જણાયેલ એકમોની સંખ્યા-૪૫૪ | | | | |
|---|---|---|---|---|
| કસુરવાર એકમો સામે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. | | | | |
| એડજ્યુ ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા | દાખલ કરેલ કેસો પૈકી આપેલ ચુકાદાની સંખ્યા | ચુકાદા મુજબ કરેલ દંડની કુલ રકમ રૂ. | દાખલ કરેલ કેસો પૈકી એડજ્યુ ડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા |
| ૪૨૩ | ૧૪ | ૪ | ૧,૧૫,૦૦૦ | ૪૧૯ |
| નામદાર કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટે આપેલ ચુકાદાની સંખ્યા | નામદાર કોર્ટે કરેલ દંડની કુલ રકમ રૂ. | નામદાર કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટમાં દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા |
| ૧૭ | ૦ | ૦ | ૧૭ | ૦ |

---------

### છોટાઉદેપુર અને જેતપુર પાવી તાલુકાઓમાં છેલ્લા ૧૦ વર્ષોથી રીકાર્પેટ કરવાના બાકી રસ્તાઓ

* ૧૫ શ્રી મોહનસિંહ રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૦-૧-૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર અને જેતપુર પાવી તાલુકામાં છેલ્લા ૧૦ વર્ષમાં બનેલા કેટલા પાકા રસ્તાઓની રીકાર્પેટીંગ કરવાની કામગીરી બાકી છે,

(૨) ઉક્ત રસ્તાઓના રીકાર્પેટીંગ પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને

(૩) ઉક્ત રસ્તાઓ ક્યારે રીકાર્પેટીંગ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તાનું રીકાર્પેટીંગ, રસ્તાની સપાટી, તાંત્રિક જરૂરીયાત આંતરીક અગ્રતાક્રમ અનુસાર હાથ ધરાતું હોય છે. ઉક્ત સ્થિતિએ છોટાઉદેપુર તાલુકામાં ૨૮ અને જેતપુર પાવી તાલુકામાં ૧૧ રસ્તા, કાચા/મેટલમાંથી પ્રથમવાર ડામર સપાટીના બનાવવામાં આવેલ છે, તે પૈકી એક રસ્તાને રીકાર્પેટીંગની જરૂરીયાત હોઈ રૂ.૭૫ લાખ મંજુર કરવામાં આવેલ જે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

### ઉજાલા યોજના અંતર્ગત આપવામાં આવતા એલ.ઇ.ડી બલ્બ

* ૨૩૦૫ શ્રી મહેશકુમાર પટેલ(પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉજાલા યોજના હેઠળ પુરા પાડવામાં

**જવાબ**

(૧) ના, જી.

આવતા એલ.ઇ.ડી. બલ્બમાં કોઇ પણ ગેરંટી/વોરંટી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ફરિયાદના નિવારણ માટે સરકારે શા પગલાં લીધાં ?

(૨) ઉપર માહિતી-૧ મુજબ સદર પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો

* ૨૧૯૦ શ્રી સોમાભાઇ કોળીપટેલ(લીંબડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા કર |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦ % | ૪ % |
| ડીઝલ | ૨૦ % | ૪ % |
| સી.એન.જી | ૧૫ % | - |
| પી.એન.જી | ૧૫ % | - |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાંથી રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | સુરેન્દ્રનગર | | અમરેલી | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬-૧૭ | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૨૦૧૬-૧૭ | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ |
| રાસાયણિક ખાતર | શૂન્ય | ૦.૦૩ | શૂન્ય | ૦.૦૭ |
| પેટ્રોલ | ૫.૩૧ | ૩.૮૦ | ૨.૭૫ | ૨.૭૬ |
| ડીઝલ | ૩.૭૧ | ૨.૬૬ | ૩.૩૮ | ૩.૪૦ |
| સી.એન.જી | ૧.૬૯ | ૧.૧૪ | શૂન્ય | શૂન્ય |
| પી.એન.જી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

---------

ખેડા અને પંચમહાલ જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો

* ૨૨૪૨ શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર(મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા કર |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦ % | ૪ % |
| ડીઝલ | ૨૦ % | ૪ % |
| સી.એન.જી | ૧૫ % | |
| પી.એન.જી | ૧૫ % | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને પંચમહાલ જિલ્લામાંથી રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ખેડા | | પંચમહાલ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૬-૧૭ | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૨૦૧૬-૧૭ | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ |
| રાસાયણિક ખાતર | શૂન્ય | ૦.૦૫ | શૂન્ય | ૦.૦૧ |
| પેટ્રોલ | ૫.૮૩ | ૩.૨૪ | ૧.૮૦ | ૧.૬૦ |
| ડીઝલ | ૨.૭૫ | ૨.૮૩ | ૨.૭૦ | ૨.૪૦ |
| સી.એન.જી | શૂન્ય | ૦.૨૯ | શૂન્ય | શૂન્ય |

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

| પી.એન.જી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
|---|---|---|---|---|

---------

### ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૫૧૬ શ્રી કેશુભાઇ નાકરાણી(ગારીયાધાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ શાળા આરોગ્ય તાપાસણી કાર્યક્રમ હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલા બાળકોનું હૃદય,.કિડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ ભાવનગર જિલ્લામાં નીચે મુજબના બાળકોનું હૃદય, કિડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું

(૧) હૃદય - ૨૧૫
(૨) કિડની - ૨૭
(૩) કેન્સર - ૧૬

(૨) ઉક્ત સ્થિતિએ બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

### મોરબી અને બોટાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ

* ૨૧૯૯ શ્રી લલિતભાઇ કગથરા(ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા વીજકનેકશન આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) ઉક્ત બાકી વીજકનેકશન કયા સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧)અને(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને બોટાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણ અને કૃષિવિષયક તત્કાલ વીજજોડાણ મેળવવા મળેલ અરજીઓ, આપવામાં આવેલ જોડાણો અને પડતર અરજીઓની વિગતો પત્રક-અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

(૩)

- <u>કૃષિ વિષયક વીજજોડાણ</u>

ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

- <u>કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણ</u>

મોરબી જિલ્લામાં બાકી રહેલ ૧૮ અરજીઓમાં અરજદાર દ્વારા અંદાજપત્રની રકમ ભરાયેથી જી.જી.આર.સી. સાથેનાં ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ નાણાં ભરપાઇ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે. જ્યારે બોટાદ જિલ્લાની બાકી

રહેલ ૩૩ અરજીઓ પૈકી ૨ અરજીમાં વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે જ્યારે ૩૧ અરજીઓમાં જી.જી.આર.સી. સાથેનાં ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ નાણાં ભરપાઇ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે.

પત્રક–અ

મોરબી જિલ્લો

| તાલુકનું નામ | ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા | | | તત્કાલ વીજ જોડાણ મેળવવા | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| હળવદ | ૪૨૫ | ૦ | ૪૨૫ | ૨ | ૨ | ૦ |
| માળિયા | ૧૨ | ૦ | ૧૨ | ૦ | ૦ | ૦ |
| મોરબી | ૬૫૦ | ૦ | ૬૫૦ | ૪ | ૧ | ૩ |
| ટંકારા | ૧૧૦૨ | ૧ | ૧૧૦૧ | ૨૦ | ૨૦ | ૦ |
| વાંકાનેર | ૧૩૧૫ | ૦ | ૧૩૧૫ | ૩૨ | ૧૩ | ૧૫ |
| કુલ | ૩૫૦૪ | ૧ | ૩૫૦૩ | ૫૮ | ૩૬ | ૧૮ |
| બોટાદ જિલ્લો | | | | | | |
| બરવાળા | ૧૯૮ | ૦ | ૧૯૮ | ૮ | ૫ | ૩ |
| બોટાદ | ૧૨૯૧ | ૧૦ | ૧૨૮૧ | ૨૫ | ૧૩ | ૧૨ |
| ગઢડા | ૧૭૦૪ | ૨૯ | ૧૬૭૫ | ૨૯ | ૧૫ | ૧૪ |
| રાણપુરા | ૩૯૯ | ૩૭ | ૩૩૬ | ૭ | ૩ | ૪ |
| કુલ | ૩૫૯૨ | ૭૬ | ૩૪૯૦ | ૬૯ | ૩૬ | ૩૩ |

- મોરબી જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની ૪ અરજીઓ રદ થયેલ છે. જ્યારે બોટાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની ૨૬ અરજીઓ રદ થયેલ છે.

---------

સુરત જિલ્લામાં 'માં' અને 'મા વાત્સલ્ય' યોજનાના લાભાર્થીઓ

* ૨૫૨૬ શ્રી મુકેશભાઇ પટેલ(ઓલપાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં 'માં' અને 'મા વાત્સલ્ય' યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને | (૧) 'માં' યોજના ૧,૫૧૧<br>'મા વાત્સલ્ય' યોજના ૩૨,૮૬૫ |
| (૨) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવાઓ માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે? | (૨) 'માં' યોજના રૂ. ૪,૪૪,૧૧,૯૦૧/–<br>'મા વાત્સલ્ય' યોજના રૂ. ૭૪,૯૩,૬૨,૬૩૦/– |

---------

દાહોદ અને મહીસાગર જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી

* ૨૨૫૪ શ્રી ભાવેશભાઇ કટારા(ઝાલોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં કેટલા એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે ચકાસણી કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, વર્ષવાર ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં એકમોની ઉત્પાદનની ગુણવત્તા અંગે નીચે મુજબ ચકાસણી કરવામાં આવી |

| જિલ્લાનું નામ | તાલુકાના નામો | ચકામણી કરવામાં આવેલ એકમોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| દાહોદ | દાહોદ | ૧૨૯ | ૧૩૧ |

| | | | |
|---|---|---|---|
| | ઝાલોદ | ૯ | ૨૧ |
| | સંજેલી | ૪ | ૨ |
| | લીમખેડા | ૧૦ | ૨૨ |
| | રણધીકપુર | ૨ | ૦ |
| | ગરબાડા | ૬ | ૬ |
| | ધાનુપર | ૮ | ૬ |
| | બારીયા | ૮ | ૬ |
| | કુલ | ૧૭૬ | ૧૯૪ |
| મહીસાગર | લુણાવાડા | ૨૭ | ૧૬ |
| | સંતરામપુર | ૧૫ | ૪ |
| | ખાનપુર | ૮ | ૧૪ |
| | બાલાસિનોર | ૫૧ | ૨૬ |
| | કડાણા | ૨ | ૧૪ |
| | વિરપુર | ૧૯ | ૪ |
| | કુલ | ૧૨૨ | ૭૮ |

(૨) તે પૈકી કેટલા એકમો કસુરવાર જણાયા અને તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૨)

| કસુરવાર જણાયેલ એકમોની સંખ્યા – ૧૩ | | | | |
|---|---|---|---|---|
| કસુરવાર એકમો સામે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. | | | | |
| એડજ્યુડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | દાખલ કરવાનાં બાકી કેસોની સંખ્યા | દાખલ કરેલ કેસો પૈકી આપેલ ચુકાદાની સંખ્યા | ચુકાદા મુજબ કરેલ દંડની કુલ રકમ રૂ. | દાખલ કરેલ કેસો પૈકી એડજ્યુડીકેટીંગ ઓફીસરની કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા |
| ૧૧ | ૧ | ૫ | ૧,૫૦,૦૦૦/– | ૬ |
| નામદાર કોર્ટમાં દાખલ કરેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટે આપેલ ચુકાદાની સંખ્યા | નામદાર કોર્ટ કરેલ દંડની કુલ રકમ રૂ. | નામદાર કોર્ટમાં પડતર રહેલ કેસોની સંખ્યા | નામદાર કોર્ટમાં દાખલ કરવાના બાકી કેસોની સંખ્યા |
| ૧ | ૦ | ૦ | ૧ | ૦ |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઝુંપડવાસીઓને વીજ કનેકશન

* ૨૪૪૫ શ્રી ધવલસિંહ ઝાલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઝૂંપડવાસી ગરીબ વર્ગના લોકોને રૂ. ૫૦/– ભર્યેથી વીજ કનેકશન આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના જી, |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર, તાલુકાવાર કેટલા ઝુંપડાવાસીઓની વીજ કનેકશન મેળવવાની અરજીઓ મળેલ છે, (૩) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ પડતર | (૨)અને(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ રાજ્ય સરકારની ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત ગરીબ લાભાર્થીઓને વિના મૂલ્યે ઘર વપરાશના વીજ કનેકશનો આપવામાં આવે છે. જે યોજના અંતર્ગત સાબરકાંઠા અને |

છે, અને

અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકીની પડતર અરજીઓની વિગતો આ સાથે સામેલ પત્રક–અ મુજબ છે.

(૪) પડતર રહેલ અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) સાબરકાંઠા જિલ્લામાં પડતર ૨૨૩ પૈકી ૧૮૩ તેમજ અરવલ્લી જિલ્લામાં પડતર ૨૧૯ પૈકી ૭૦ અરજીઓનો નિકાલ જાન્યુઆરી–૨૦૧૮માં કરેલ છે જ્યારે બાકી રહેલ અરજીઓનો નિકાલ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં કરવાનું આયોજન છે.

પત્રક–અ

| જિલ્લા | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મળેલ અરજીઓ | તે પૈકી પડતર અરજીઓ |
|---|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૮૩૪ | ૮૪ |
| | ઇડર | ૫૭૫ | ૦ |
| | ખેડ બ્રહમા | ૩૨ | ૦ |
| | પોશના | ૧૦ | ૦ |
| | પ્રાંતિજ | ૭૮૧ | ૧૧૩ |
| | તલોદ | ૯૫૧ | ૦ |
| | વડાલી | ૧૨૧ | ૦ |
| | વિજયનગર | ૩૦૮ | ૨૬ |
| | કુલ | ૩૬૧૨ | ૨૨૩ |
| અરવલ્લી | બાયડ | ૬૯૩ | ૩૫ |
| | ભીલોડા | ૬૨૭ | ૩૪ |
| | ધનસુરા | ૨૮૦ | ૬ |
| | માલપુર | ૩૭૦ | ૧૬ |
| | મેઘરજ | ૪૭૦ | ૩૩ |
| | મોડાસા | ૯૯૩ | ૯૫ |
| | કુલ | ૩૪૩૩ | ૨૧૯ |

---------

કચ્છ જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

* ૨૫૬૫ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા(માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં છે, અને | (૧) ૭૨ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૯૮૭.૦૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

રાજ્યમાં સૌર ઉર્જાનું ઉત્પાદન

* ૨૫૫૪ શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સૌર ઉર્જાથી ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતા કેટલી છે? | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સૌર ઉર્જાથી ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતા ૧૬૧૨.૧૩ મેગાવોટ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યની સૌર ઉર્જાથી ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતામાં કેટલો વધારો થયો છે? | (૨) છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યની સૌર ઉર્જાથી ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતામાં |

૪૮૩.૬૫૪ મેગાવોટ જેટલો વધારે થયો છે.

-----------

જામનગરની જી.જી. હોસ્પિટલમાં ઇ.સી.જી., એક્સ–રે મશીનની સુવિધા

* ૨૩૦૮ શ્રી વિક્રમભાઇ માડમ(ખંભાળીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ઇ.સી.જી., એક્સ–રે મશીન તેમજ આનુષંગિક સાધનો પુરતા નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો આવા સાધનો ક્યાં સુધીમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ભરૂચ અને નર્મદા જિલ્લામાં પીવાના પાણી ની સુવિધા

* ૨૨૬૬ શ્રી સંજયભાઇ સોલંકી(જંબુસર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોએ પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કેટલા કામો મંજુર થયા, | (૧) અને (૨) પરિશિષ્ટ મુજબ |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, | |
| (૩) ઉક્ત સ્થિતિએ પીવાલાયક પાણી નહિ મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૩) ઉક્ત સ્થિતિએ ઉપર જણાવેલ ટ્યુબવેલોમાં પીવાલાયક પાણી ન મળવા બાબતે ભરૂચ અને નર્મદા જિલ્લામાં એક પણ ફરિયાદ મળેલ નથી. |
| (૪) તે અન્વયે સરકારે શું કાર્યવાહી કરી? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પરિશિષ્ટ

(અ) નવા ટ્યુબવેલ

| અનુ | તાલુકો | વર્ષ ૨૦૧૬ | | | | વર્ષ ૨૦૧૭ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | મંજુર થયેલ ટ્યુબવેલ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ટ્યુબવેલ | પૂર્ણ | બાકી |
| જિલ્લોઃ ભરૂચ | | | | | | | | | |
| ૧ | આમોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અંકલેશ્વર | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૨ |
| ૩ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જંબુસર | ૨ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વાગરા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | વાલીયા | ૭ | ૮ | ૬ | ૨ | ૦ | | ૦ | ૦ |
| ૭ | ઝઘડીયા | ૯ | ૯ | ૬ | ૩ | ૪ | ૪ | ૦ | ૪ |
| ૮ | નેત્રંગ | ૪ | ૭ | ૨ | ૫ | ૭ | ૨૨ | ૦ | ૨૨ |
| | કુલ | ૨૪ | ૨૮ | ૧૪ | ૧૪ | ૧૩ | ૨૮ | ૦ | ૨૮ |
| જિલ્લોઃ નર્મદા | | | | | | | | | |
| ૧ | નાંદોદ | ૫ | ૫ | ૫ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | તિલકવાડા | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગરૂડેશ્વર | ૫ | ૫ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સાગબારા | ૯ | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ડેડીયાપાડા | ૭ | ૭ | ૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| | કુલ | ૨૭ | ૨૭ | ૨૩ | ૪ | ૨ | ૨ | ૨ | ૦ |

પરિશિષ્ટ

(બ) નવીન ઓવરહેડ ટાંકીઓ

| અનુ | તાલુકો | વર્ષ ૨૦૧૬ | | | | વર્ષ ૨૦૧૭ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી | ગામોની સંખ્યા | મંજુર થયેલ ઓવરહેડ ટાંકીઓ | પૂર્ણ | બાકી |
| જિલ્લોઃ ભરૂચ | | | | | | | | | |
| ૧ | આમોદ | ૨ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અંકલેશ્વર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૩ | ભરૂચ | ૬ | ૬ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જંબુસર | ૩ | ૩ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વાગરા | ૨ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | વાલીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઝઘડીયા | ૨ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૮ | નેત્રંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૧૭ | ૧૭ | ૨ | ૧૫ | ૩ | ૩ | ૦ | ૩ |
| જિલ્લોઃ નર્મદા | | | | | | | | | |
| ૧ | નાંદોદ | ૩ | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તિલકવાડા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગરૂડેશ્વર | ૪ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સાગબારા | ૮ | ૮ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ડેડીયાપાડા | ૭ | ૭ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૩ | ૨૩ | ૯ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો

* ૨૨૮૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પીએનજી, સીએનજી, ખાતર અને કેરોસીન ઉપર કેટલો વેટ અને સેસ લેવામાં આવે છે, અને

જવાબ

(૧)

| વિગત | ગુજરાત માલ અને સેવા કર | કેન્દ્રીય માલ અને સેવા કર |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૨.૫% | ૨.૫% |
| કેરોસીન-જાહેર વિતરણ વ્યવસ્થા | ૨.૫ % | ૨.૫ % |
| કેરોસીન-જાહેર વિતરણ વ્યવસ્થા સિવાય | ૯ % | ૯ % |
| | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૦ % | ૪ % |
| ડીઝલ | ૨૦ % | ૪ % |
| પી.એન.જી | ૧૫ % | - |
| સી.એન.જી | ૧૫ % | - |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લીધેલ વેટ અને સેસની આવક કેટલી થઇ?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬-૧૭ | | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ | સેસ | વેટ | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૨ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| પી.એન.જી | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૫ | |
| સી.એન.જી | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

## અતારાંકિત પ્રશ્નો

### પોઈન્ટ ઓફ ઓર્ડર

એક કલાકની ચર્ચા અંગે

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઇ ગયો અને આ ગૃહના ઉપનેતા એમણે ખૂબ સકારાત્મક રીતે વાત કરીને એક કલાકની ચર્ચા પેટ્રોલ અને ડિઝલ સહીત (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા ) : એના ટેક્સ ઉપર (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ, હું અપેક્ષા રાખું છું કે, આ ગુજરાતની ભૂમિ છે અને હું તો સૌરાષ્ટ્રમાંથી આવું છું અને ત્યાં કહેવત છે કે 'સૂરા બોલ્યાં ના ફરે' અને વિજયભાઇ, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા ) : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) હું પણ ઉત્તર ગુજરાતમાંથી આવું છું અને કડવા પાટીદાર છું. તમેય આવી જાવ અને હું ય આવી જાવ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો આપણે. એ પછી આપણે ભગા થઇને નક્કી કરીશું. વાત પૂરી થાય. (અંતરાય) હવે સૂરા બોલ્યા ના ફરે બેસી જાવ. પ્લીઝ, આપણે આગળ વધીએ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આગળ વધવા માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, એ આ વાત નક્કી થઇ ગઇ.

શ્રી વિજય રૂપાણી ( મુખ્યમંત્રીશ્રી ) : આપણે બધા ગુજરાતના છીએ. કોઇ સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાત કોઇ ભેદભાવ નથી આપણે બધા એક ગુજરાતના છીએ. એક ગુજરાતી છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તદ્દન સાચી વાત છે. માનનીય વિપક્ષના નેતાશ્રી હવે બેસી જાવને. (અંતરાય) હવે બોલવાનું કાંઇ રહેતું નથી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બહુ મહત્વનો મુદ્દો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, આપનો કાંઇ મુદ્દો રહેતો નથી (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : શું છે પોઇન્ટ ઓફ ઓર્ડર આપનો? બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમ્યાન ઉભી થયેલી કોઇ નવી બાબત માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નેતા અને ઉપનેતાની વાતને અમે સકારાત્મક રીતે લીધી છે. કર્ણાટકમાં, કેરાલામાં અને પંજાબમાં નળ ખોલેને પેટ્રોલ કે ડિઝલ નીકળશે એવી અપેક્ષા ન હતી. આ ગુજરાતની જનતાની અપેક્ષા હતી.

અધ્યક્ષશ્રી : આમાં ભાષણ નહિ પ્લીઝ. (અંતરાય) સીધો પોઇન્ટ ઓફ ઓર્ડર જ કહો. (અંતરાય) શેના માટે પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે સમય ફાળવવામાં આવે. (અંતરાય) પ્રશ્નોત્તરી પછી ઝીરો અવર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી બંને પક્ષના દંડક ભેગા થઇને મારી પાસે આવો એટલે વાત કરીશું. (અંતરાય)અત્યારે કોઇ ઝીરો અવર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી પછી આ મુદ્દાની પહેલા ચર્ચા થવી જોઇએ. ગુજરાતની જનતા જાણવા માગે છે. (અંતરાય) પેટ્રોલમાં ૭૫ રૂપિયા અને ડિઝલમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : નેક્સ્ટ. (સતત ઘોંઘાટ શરૂ થયો) તમારે હકારાત્મક જોઇતું હોય તો આ રીતે નહિ મળી શકે.(અંતરાય) હવે અત્યારે આ શું છે? (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને ઉપનેતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે અત્યારે કાંઇ નથી. (અંતરાય) કોઇ બીજી વાત સાંભળવામાં નથી આવતી. કંઇ પણ રેકર્ડમાં નથી લેવાતું. (અંતરાય) પ્લીઝ, બધા બેસી જાવ. આપણે ગૃહનું કામકાજ આગળ વધારીએ. આજે ઘણું કામકાજ છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે બહુ હકારાત્મક લીધું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બંને પક્ષ હકારાત્મક છે પછી એની અત્યારે ચર્ચા ના હોય. અત્યારે ના હોય. (અંતરાય) એ હવે મારો અધિકાર છે. આપણે અત્યારે કામ આગળ વધારીએ. નેક્સ્ટ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સત્તા પક્ષ (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, પ્લીઝ, આપણે આગળ કામ વધારો ભાઇ. (અંતરાય)

સચિવશ્રી : પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બંને પક્ષ તરફથી વાત કહેવાઇ ગઇ છે. હવે આમાં બીજું કાંઇ કહેવાપણું રહેતું નથી. કામને આગળ વધારીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે (સતત અંતરાય)

ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : આજ રોજ માનનીય નાણામંત્રીશ્રી અગત્યના કામે બપોરે ૧ કલાકે પ્રશ્નોત્તરી બાદ દિલ્હી જવાના છે અને તે બાબતે તેઓએ મારી પરવાનગી માગેલી છે અને મેં તેમને અગાઉથી પરવાનગી આપેલી છે. આજના એજન્ડા પરની તેમના હસ્તકની બાબત ક્રમાંક ૨ ની કાર્યવાહી તેમના વતી માનનીય ઉર્જા મંત્રી હાથ ધરશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (સતત સૂત્રોચ્ચારો)

અધ્યક્ષશ્રી : હવે ખોટી જીદ થઇ રહી છે એવું મને લાગે છે. (સતત સૂત્રોચ્ચારો ) પ્લીઝ આપ બેસી જાવ (અંતરાય) (સતત સૂત્રોચ્ચારો ) પ્લીઝ, આપ બધા જ બેસી જાવ. આ ચોથી વાર હું કહું છું કે, આપ બેસી જાઓ. મહેરબારી કરીને બેસી જાઓ, આમાં બૂમો પાડવાનું કશું છે જ નહીં. (અંતરાય) આપના તરફથી જે વાત આવી, સામા પક્ષે પ્રત્યુત્તર આવી ગયો, હવે આ કારણ વગરની જીદ છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : અમારો અધિકાર છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : કયો અધિકાર (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : વાત ગૃહના નેતા અને વિપક્ષના નેતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ તમારી વાત થઇ ગઇ આમને-સામને, હવે બન્ને દંડક આવે, મેં કહ્યું તો ખરું, આનાથી વિશેષ શું હોઇ શકે? આ આપના તરફથી અયોગ્ય વર્તન છે, આપના પક્ષ તરફથી અયોગ્ય વર્તન થઇ રહ્યું છે હું એની નોંધ લઉ છું.(અંતરાય) કોઇ જ કારણ નથી અત્યારે, આપને અત્યારે કોઇ જ કારણ નથી, કોઇ જ કારણ નથી (અંતરાય) આપે જે કહ્યું તેનો આપને પ્રત્યુત્તર આપ્યો છે એ સકારાત્મક પ્રત્યુતર છે પછી ક્યાં વાત છે? આપ બેસી જાવ, આપ બેસી જાવ બધા. આપણે આગળ કાર્યવાહી વધારો. ભાઇ બધા પહેરી લો બધા કાનમાં, જેમને ના સંભળાતુ હોય એ હેડફોન કાનમાં પહેરી લો. (સતત સૂત્રોચ્ચાર, સતત અંતરાય)

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### ગૃહ વિભાગ

### માગણી ક્રમાંક : ૪૩

શ્રી સૌરભ પટેલ (ગૃહ મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી વતી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૬,૨૦,૮૯,૧૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૪૩ રજૂ કરવામાં આવી.

(સતત અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

### કૃષિ અને સહકાર વિભાગ

### માગણી ક્રમાંક : ૫

શ્રી સૌરભ પટેલ ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી વતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૭૮,૨૬,૮૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૫ રજૂ કરવામાં આવી.

### ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

### માગણી ક્રમાંક : ૧૩

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૦,૨૪,૩૪,૨૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૧૩ રજૂ કરવામાં આવી.

(સતત અંતરાય, સતત સૂત્રોચ્ચાર વચ્ચે, વિપક્ષના અમુક સભ્યો વેલમાં આવતાં)

અધ્યક્ષશ્રી : જે સભ્યો વેલમાં આવ્યા છે એ તમામને આજ સાંજ સુધી સસ્પેન્ડ કરવામાં આવે છે અને તમામને શાંતિથી ઉચકીને ગૃહની બહાર લઇ જવા. કોઇને હરકત ન થાય. જેટલા સભ્યશ્રીઓ આ વેલની અંદર આવેલા છે એ તમામને સાંજ સુધીની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. આપણી કાર્યવાહી આગળ વધારો. (સતત સૂત્રોચ્ચાર) એમને વાગે નહીં, કોઇને વધારે તકલીફ ન થાય, શાંતિથી લઇ જાવ. બાવડેથી ઉંચકીને શાંતિથી લઇ જાવ. કોઇને વાગે નહીં. પગેથી નહીં, હાથેથી ઝાલીને લઇ જાવ. ખભેથી ઉંચકીને લઇ જાવ. શાંતિથી લઇ જાવ. (સતત સૂત્રોચ્ચાર)

(શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી વિક્રમભાઇ અ. માડમ, શ્રી પ્રતાપ દુધાત, શ્રી વિરજીભાઇ ઠુંમર, શ્રી આનંદભાઇ મ. ચૌધરી, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી કિરીટકુમાર ચી. પટેલ, શ્રી પ્રવિણભાઇ ન. મુસડીયા, શ્રી અમરીશભાઇ જી. ડેર, શ્રી

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં મુખ્યમંત્રીશ્રી વતી મંત્રીશ્રી સૌરભ પટેલે સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

પુનમભાઇ મા. પરમાર, શ્રી ભરતજી સો. ઠાકોર, શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા, શ્રી ધવલસિંહ ન. ઝાલા, શ્રી અલ્પેશ ખો. ઠાકોર, શ્રી લલીત વસોયા, શ્રી રાજેશભાઇ હ. ગોહિલ, શ્રી અનંતકુમાર હ. પટેલ, શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી બાબુભાઇ વાજા આ તમામ સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા.)

(વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર)

ડો. આશા પટેલ : •(×××)

અધ્યક્ષશ્રી : બહેન, આપ મર્યાદામાં શબ્દ બોલો. સંભળાય છે અહીંયા. હું તમને નેઇમ કરું છું બહેન, બહેન, હું તમને નેઇમ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવા પ્રકારના અસંસદીય શબ્દો વાપર્યા છે અને આપે પણ સાંભળ્યા છે. એમને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : અણછાજતા શબ્દો વાપર્યા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, હું ટેકો આપું છું. માનનીય સંસદીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા દ્વારા જે દરખાસ્ત લાવવામાં આવી છે એના સંદર્ભમાં મારે કહેવું છે. મારે એ કહેવું છે આપણે સૌ સંસ્કારને વરેલા લોકો છીએ. ગુજરાતની પ્રજાએ સંસ્કારના આધાર ઉપર આપણને અહીંયા ચૂંટીને મોકલ્યા છે અને આપણે આ પ્રકારના *(×××) તો આ સભાગૃહની અંદર આ પ્રમાણેના શબ્દો કયારે પણ ન ચાલી શકે અને આપના દ્વારા આજના પણ સમગ્ર પ્રશ્નોત્તરી પછીના સમયની અંદર આપે પણ સ્પષ્ટ કહ્યું કે વિધાનસભાના કયા નિયમો હેઠળ આપ કરી શકો. આ વિધાનસભાની કાર્યવાહીનું માત્ર સંચાલન આપ કરતા હોવ છો પણ વિધાનસભાની કાર્યવાહીની સંપૂર્ણ કાર્યરેખા એ બંને પક્ષના લોકો સાથે રહીને કરતા હોય છે. એમને જયારે કોઇ વિશેષ સબ્જેકટના સંદર્ભમાં કોઇ આનુષાંગિક ચર્ચા ઉભી કરવી હોય તો એ ચર્ચા માટેનું આપણું બિઝનેસ એડવાઇઝરીનું પ્લેટફોર્મ હોય છે. એ પ્લેટફોર્મની અંદર વિષય લેવામાં આવે, બંને પક્ષોની સંમતિ થાય ત્યારબાદ એ વિષયના આધાર ઉપર આપણે ચોકકસ આપણા અભિપ્રાયો અને એ દિશામાં એની ચર્ચાઓ ઉભી કરી શકીએ છીએ પરંતુ માત્રને માત્ર આ પ્રકારના સૂત્રોચ્ચાર કરીને, નબળા સૂત્રોચ્ચાર કરીને જે માનસિકતાનું પ્રદર્શન સન્માનનીય ગૃહની અંદર કરવામાં આવ્યું છે. આ અત્યંત ક્ષોભજનક બાબત છે એટલે માનનીય ભુપેન્દ્રસિંહજીએ જે દરખાસ્ત મૂકી છે એને હું મારું સમર્થન આપું છું.

( આ તબકકે કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવ એ છે કે ડો. આશાબેન એક સ્ત્રી હોવા છતાં જે પ્રકારના શબ્દોનું ઉચ્ચારણ આ ગૃહમાં કર્યું છે તે બદલ એમને સભાગૃહમાંથી બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી ડો. આશાબેનને ૨ દિવસ માટે આ સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. નેકસ્ટ

શ્રી પરેશ ધાનાણી: આ દરખાસ્ત ઉપર વિરોધ પક્ષના નેતાશ્રીને વિચારો રજૂ કરવા (અંતરાય)

અધ્યક્ષશ્રી : નેકસ્ટ..

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યોને સસ્પેન્ડ કર્યા છે તે સભ્યો ગૃહમાં આવ્યા છે. એમને બહાર મોકલવામાં આવે.

અધ્યક્ષશ્રી : જે સભ્યો ગૃહમાંથી વેલમાં આવેલ છે.

શ્રી પરેશ ધાનાણી : વેલમાં આવ્યા નથી.

અધ્યક્ષશ્રી : એમની જ વાત છે. જે વેલમાં આવ્યા તેમણે ગૃહમાં પ્રવેશવું નહિ અને પ્રવેશવા દેવા નહિ. આજ સાંજ સુધી સસ્પેન્ડ કરેલા છે. જે લોકો વેલમાં આવેલા છે તે તમામને.(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : નથી આવ્યા અમે. માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. અત્યારે કોઇ અધિકાર નથી. કાર્યવાહી આગળ ચાલે છે.(અંતરાય) અત્યારે કોઇ અધિકાર નથી. કાર્યવાહી ચાલે છે. કાર્યવાહીના સંદર્ભમાં કહેવું હોય તે કહો?

શ્રી પરેશ ધાનાણી : *(×××) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ *(×××) તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે. જવાબદાર વિપક્ષના નેતા તરીકે આવા શબ્દો વાપરવા આપને શોભતા નથી.

શ્રી પરેશ ધાનાણી : આપ રેકર્ડ ચકાસી જુઓ. એક પણ શબ્દ અસંસદીય હોય તો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક–૨૨**

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હુ અન્ન અને નાગરિક પુરવઠો અને સેવાને લગતી અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬,૧૪,૭૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક–૩૯**

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૩૯ રજૂ છું.

પૂરક માગણી ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૭–૨૦૧૮ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી બુધવાર, તા.૨૮– ૨–૨૦૧૮ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | ગૃહ વિભાગ<br>માગણી નં. ૪૩ | | |
| *૧ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯– જિલ્લા પોલીસ<br>૦૧–MEP–૬ જિલ્લા પોલીસ ખુદ<br>રૂ. ૩,૮૩,૪૧,૫૦,૦૦૦<br>પાના નં. ૩૮ | ૧૦૦ | પોલીસ પાસે હાઇટેક વાહનો હોવા છતાં ગુનેગારોને પકડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા<br>(સુખરામભાઇ રાઠવા) |
| *૨ | ––''–– | ૧૦૦ | પોલીસ દ્વારા પકડાતા દારૂનો જથ્થો જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(ભાવેશભાઇ કટારા) |
| *૩ | ––''–– | ૧૦૦ | પોલીસ સ્ટેશનોની કામગીરીની સમયાંતરે ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર<br>(શ્રી કાળાભાઇ ડાભી) |
| *૪ | ––''–– | ૧૦૦ | રાજ્યને સ્પર્શતી સરહદોમાંથી રાજ્યમાં આવતા દારૂના જથ્થાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા<br>(ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૫ | ––''–– | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલીંગના વાહનનો થતો દુરૂપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભરતજી ઠાકોર<br>(સુનિલભાઇ ગામીત) |
| *૬ | ––''–– | ૧૦૦ | ચોરી– લૂંટ જેવા ગુન્હાઓને ડામવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ<br>(નિરંજન પટેલ) |
| *૭ | ––''–– | ૧૦૦ | દારૂ પીતા પકડાયેલ પોલીસ કર્મચારીઓ સામે કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી<br>(જવાહરભાઇ ચાવડા, હર્ષદકુમાર રીબડીયા અને બાબુભાઇ વાજા) |
| *૮ | ––''–– | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ગુન્હો ન નોંધતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કર્મચારીઓ સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૯ | --''-- | ૧૦૦ | વર્ષો પહેલા નોંધાયેલા ગુન્હાઓના ભેદ ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (અમરિષભાઇ ડેર અને મહમદજાવીદ પીરઝાદા) |
| કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૫ | | | | |
| *૧૦ | ૨૪૨૫- સહકાર<br>૧૦૭- ધિરાણ....... સહાય<br>૧૮- COP-૩૪ વ્યાજ.....સહાય<br>રૂ. ૨,૭૮,૨૬,૮૩,૦૦૦<br>પાના નં. ૫ | ૧૦૦ | ખેડૂતોની લોનનું વ્યાજ સહકારી બેંકોને સમયસર ભરપાઇ કરી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશપાલસિંહ ઠાકોર (અક્ષયકુમાર પટેલ, આનંદભાઇ ચૌધરી અને સંજયભાઇ સોલંકી) |
| ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં. ૧૩ | | | | |
| *૧૧ | ૨૮૦૧- પાવર<br>૮૦- સામાન્ય<br>૧૯૦- જાહેર... સહાય<br>૦૫- બળતણ ... સહાયકી<br>રૂ. ૧૦,૨૪,૩૪,૨૨,૦૦૦<br>પાના નં. ૧૪ | ૧૦૦ | જી.યુ.વી.એન.એલ. દ્વારા કરાયેલ વિવિધ દાવાઓ અન્વયેની બાકી રકમ સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત (જીતુભાઇ ચૌધરી, અનંતકુમાર પટેલ અને મંગળભાઇ ગાવીત) |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં. ૨૨ | | | | |
| *૧૨ | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૧૯૦- જાહેર......સહાય<br>૧૧- અન્ન સલામતિ<br>રૂ. ૧૬,૧૪,૭૦,૦૦૦<br>પાના નં. ૨૧ | ૧૦૦ | અન્ન સલામતી કાયદાનો સચોટ અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં. ૩૯ | | | | |
| *૧૩ | ૨૨૧૦- તબીબી...આરોગ્ય<br>૦૩- ગ્રામિણ .....એલોપથી<br>૧૦૩- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર<br>૦૧- HLT-૩૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર<br>રૂ. ૧,૦૦૦<br>પાના નં. ૩૪ | ૧૦૦ | આશા બહેનોને ૩૦% ઇન્સેન્ટીવ આપવાની જાહેરાતનો સમયસર અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ (વિરજીભાઇ ઠુંમર, જે. વી. કાકડિયા અને પ્રતાપ દુધાત) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ફાલ્ગુન ૯, ૧૯૩૯ શાકે

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### પૂરક માગણીની ચર્ચા અંગે

પૂરક માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિષય ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ –૨૪૩(૪) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ ઉપર ચર્ચા ન કરતા જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પુરતી ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ બાબતે ધ્યાન રાખવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંદર્ભમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે, તે બાબત પુરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદાઓ ખાસ ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું. બીજું કે આજે વિરામ સમય પછી બિનસરકારી કામકાજ હાથ ધરવાનું થાય છે. આથી ૧–૩૦ કલાકે પૂરક માગણીઓ ઉપરની ચર્ચાને પૂરી કરવાની થાય છે. પરંતુ પૂરક માગણીઓ ઉપરની ચર્ચાને વધુ સમય મળી રહે તે માટે મને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૪(૪) માં છૂટછાટ મૂકી બપોરના ૨–૨૫ વાગ્યે પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાનું ઠરાવું છું. નેકસ્ટ.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ–૨૦૧૭–૧૮ ની ગૃહ વિભાગની અંદાજપત્ર પરની પૂરક માગણી છે એમની ઉપર મારા વિચારો રજૂ કરું છું. મારે ''ગૃહ વિભાગના પોલીસ બેડા'' એ વિષયની પૂરક માગણી પર ચર્ચા કરવી છે, ત્યારે વાત એટલી જ છે કે પોલીસ, એનો વિભાગ, એની જવાબદારીઓ બહુ વ્યાપક પ્રમાણમાં હોય છે. આ લોકશાહીના મંદિરમાં રાજય સરકારનો અભિગમ હોય છે કે લોકશાહીનું જતન કરવું. લોકોની સુખાકારી, સર્વાંગી વિકાસ થાય, સૌનો સાથ અને સૌના વિકાસ માટે કાયદો વ્યવસ્થા અને સુલેહ શાંતિ એ ખૂબ અગત્યનો વિષય છે અને તે પોલીસના ભાગે આવે છે. છેલ્લા બાવીસ વર્ષમાં જે રીતે ગુજરાતમાં શાંતિ છે તેના કારણે ગુજરાત ગતિશીલ બન્યું છે, ગુજરાત સુરક્ષિત બન્યું છે. સુરક્ષિત અને ગતિશીલ ગુજરાતના કારણે આ સમૃદ્ધ ગુજરાતે જે રીતે દેશ અને દુનિયામાં સ્થાન મેળવ્યું છે ત્યારે સ્વાભાવિક રીતે ગુજરાત તરફ લોકોનો આવવાનો ઝોક વધ્યો છે. એટલા માટે કાયદો અને વ્યવસ્થાના નાના મોટા પ્રશ્નો કદાચ ઉભા થયા હોય પણ મારે ગર્વ સાથે કહેવું છે કે જે રીતે આ ગુજરાત સરકાર અને આ વિભાગ તથા પોલીસ કાર્યવાહી કરી રહી છે તેના માટે માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે. રાજયનો ગૃહ વિભાગ તથા પોલીસ તંત્રની શિસ્તબદ્ધ કામગીરી થાય, તેના ફરજ પાલનને શ્રેય આપી શકાય અને તેના કારણે છેલ્લા બે દાયકાથી જે રીતે ગુજરાતમાં સુલેહ શાંતિ જળવાઇ છે. તહેવારો, ઇદ, તાજિયાના જૂલુસ બિલકૂલ શાંતિપૂર્ણ રીતે નીકળ્યા છે. ગુજરાતની સાડા છ કરોડની જનતા આવી રીતે ઉત્સવો ઉજવી રહી છે. ભૂતકાળના દિવસો હતા ત્યારે તોફાનો ભાંગફોડ, મારામારી, હત્યા, સ્ટેબીંગ થતા. હું એ મહાનગર અમદાવાદમાંથી આવું છું ત્યાં પશ્ચિમ વિસ્તારમાં મારું નિવાસસ્થાન છે. ભૂતકાળમાં એવા દિવસો હતા જયારે કામધંધા અર્થે શહેરમાં જતા હોઇએ તો સાંજે ઘેર પાછા આવીશું કે કેમ અને પાછા આવીશું તો સ્ટેબીંગ થઇને આવીશું, કયાંક દાખલ થયા હોઇશું એ પ્રકારની પરિસ્થિતિ ઉભી થઇ જતી. તે વખતના સત્તાધીશો, અને હમણાં અહીં વાત કરતા હતા વિકાસ ગાંડો થયો છે. હું પોલીસની વાતમાં એટલું કહેવા માગું છું કે વિકાસ ડાહ્યો હતો ત્યારે વર્ષમાં છ વાર કરફ્યુ રહેતા હતા? આ વિકાસ ગાંડો થયો ત્યારે જ કરફ્યુ બંધ થઇ ગયો છે. તેનો શ્રેય કોઇને જતો હોય તો આ ગૃહ વિભાગ, પોલીસ અને ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. હું રીપીટ નથી કરતો. ભૂતકાળમાં ઘણીવાર ચર્ચા થઇ છે કે અમૂક શહેરો અમૂક લોકોના નામે ઓળખાતા હતા. હું અમદાવાદમાંથી આવું છું તે લતીફના નામે ઓળખાય, ભરૂચનો કોઇ નઝીર હોય, કચ્છમાં ઇભલા શેખ હોય, વડોદરામાં રાજુ રિસાલદાર અને મોહમદ સુરતી સુરતમાં ઓળખાતો. ત્યારે વિકાસ ડાહ્યો હતો. છેલ્લા બાવીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર, પોલીસ વિભાગની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, તેનું સુદ્રઢ સંચાલન તેના કારણે ગુજરાતની પ્રજા શાંતિથી રહે છે. તેનો શ્રેય આ પોલીસ બેડાને આપું છું. હમણાં જ આપણે ૨૦૧૭ ડિસેમ્બર મહિનાની ચૂંટણી બધા સભ્યો લડીને આવ્યા છે. તે પછી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી થઇ, આટલા મોટા પ્રાંતમાં આવી ચૂંટણીઓ થાય છે છતાં કયાંય કોઇ સમસ્યા નહીં, કયાંય કોઇ તોફાન નહીં. તેનો અગર શ્રેય આપું તો ગુજરાતના પોલીસ બેડાને આપું છું, તે ગૃહ વિભાગને આપું છું. તે સિવાય ગુજરાત ૨૦૧૭ની ચૂંટણી હોય કે તેની પહેલાંનો સમયગાળો તમે જોયો હોય તો ૨૦૧૭માં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો આ શહેરમાં થયા હતા. તે વાઇબ્રન્ટ ગુજરાત હોય, પ્રવાસી ભારતીય દિવસ હોય, જાપાન અને ઇઝરાઇલના વડાપ્રધાન સીધા આ ગુજરાતમાં ઉતરે તેનો શ્રેય એટલા માટે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને પોલીસ બેડાથી તેમને સંતોષ છે. ભૂતકાળમાં આપણા વડાપ્રધાનો કોઇ દેશની મુલાકાતે જતા હતા પણ ત્યાં પહોંચ્યા પછી પાછા આવે ત્યાં સુધી કોઇને ખબર ન્હોતી પડતી. કોઇ દેશનો વડો સીધો ગુજરાત આવે તેનો અર્થ કે ગુજરાતના પોલીસ તંત્ર પર તેને વિશ્વાસ છે. તેની સિકયોરીટીનો વિશ્વાસ હતો તો સીધા તેમને અહીં લેન્ડ કરાયા અને ગુજરાતમાં તે આવી શકયા છે. ૫૪ આફ્રિકન દેશોની વ્યાપક કોન્ફરન્સ વિશ્વમાં પહેલીવાર ભારતમાં થઇ અને તે પણ ગુજરાતમાં ગયા વર્ષે થઇ છે. આવા અનેક નામી અનામી પ્રસંગોમાં કાયદો અને વ્યવસ્થા માટે પોલીસે જ જહેમત કરી છે હું એને અભિનંદન પણ આપું છું. રાજયની પોલીસની કામગીરી છે, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં રાજયની પોલીસની સીધી ભરતીનો પ્રશ્ન છે તેમાં લગભગ ૫૦ હજાર જેટલી ભરતી આ વર્ષમાં કરવાની છે. પોલીસને તાલીમ આપવાની છે. મહિલા સંબંધી અત્યાચારોના

નિવારણ માટેની પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે અને તેની વિશેષ ટ્રાફીકની સમસ્યા મહાનગરોમાં બની રહી છે તેની વ્યવસ્થા કરવા માટે જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મારા વિચારો રજૂ કરું છું. રાજયમાં વર્ષ ૨૦૧૬-૧૭ની ખરીફ મૌસમમાં થયેલ વિપુલ ઉત્પાદન છતાં ખેડૂતોને તેની પડતર કિંમતના પ્રમાણમાં બજારના ભાવ મળવામાં કેટલીક મુશ્કેલીઓ ઉભી થાય છે. ભાવ ન મળવાના કારણે ખેડૂતની આવક ઉપર પ્રતિકૂળ અસર જોવા મળેલી છે, પરિણામ સ્વરૂપે ખેડૂતોએ લીધેલ પાક ધિરાણ ઉપર વ્યાજનું ભારણ થતું હોય છે ત્યારે ભારત સરકાર દ્વારા નક્કી કરેલા પાકોને ટેકાના ભાવે ખરીદવાની વ્યવસ્થા કરવાનો હાલની ભારતીય જનતા પાર્ટીની સરકારે નિર્ણય લીધો છે ત્યારે હું ભારતીય જનતા પાર્ટીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ચિંતા કરનાર સરકાર દ્વારા, મને કહેતા આનંદ થાય છે કે, ગત વર્ષમાં મગફળી, તુવેર, કપાસ જેવા પાકો માટે ટેકાના ભાવો જાહેર કરીને સરકારશ્રીએ ખેડૂતોની ચિંતા કરેલી છે અને મગફળી મોટા પ્રમાણમાં ખેડૂતો પાસેથી સરકારે લીધી છે. જે પરિસ્થિતિ છે એમાં ચાલુ વર્ષે પણ માનનીય વિજયભાઇ રૂપાણીની અને માનનીય નીતિનભાઇ પટેલની સરકારના સહકાર વિભાગે એ નક્કી કરેલું છે કે, આવનારા દિવસોમાં પણ મગફળી અને તૂવેરના પાકને ટેકાના ભાવે ખરીદવાનો સરકારે નિર્ણય લીધેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં મોટા પ્રમાણમાં થયેલા ખેત ઉત્પાદનોના કારણે ખેત ઉત્પાદનના ટેકાના ભાવ સિવાય ખુલ્લા બજારમાં ખેત ઉત્પન્ન બજારમાં વેચવા માટે રાજય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે. જયારે ખેત ઉત્પાદન ખૂબ વધુ થાય છે ત્યારે ભાવ મળતો નથી જ્યારે બીજી બાજુ ખેડૂતો ઉપર કરજ વધતું જાય છે આવા સંજોગોમાં ખેડૂત સહાય આપવા માટે રાજય સરકારે ૨૦૧૬-૧૭માં મને કહેતા આનંદ થાય છે કે આ દેશના વડા પ્રધાન અને તે વખતના તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્રભાઇ મોદીની અને આજની વિજયભાઇ રૂપાણીની સરકારની દીર્ઘદ્રષ્ટિના કારણે દેશના વડા પ્રધાને ખેડૂતોને માટે ત્રણ ટકા કેન્દ્ર સરકાર, ત્રણ ટકા રાજય સરકાર એમ મળીને ખેડૂતોને વ્યાજની રાહત મળી રહે એ માટે ત્રણ લાખ રૂપિયા સુધી એ સહાય મળતી હોય છે ત્યારે ખેડૂતોને ગયા વર્ષે એક ટકાનું ધિરાણ પડતું હતું. એના આર્થિક અને ઇકોનોમીક્સની અંદર ખેડૂત મજબૂત બને એ પ્રકારનું કામ આ સરકારે કરેલું છે. ચાલુ સાલની વાત કરું તો રાજયની અને કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારના આ દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી છે ત્યારે ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત વિના વ્યાજે કૃષિ ધિરાણ આપવા બદલ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં સરકારની દ્રષ્ટિએ ૨૦૧૬-૧૭માં ત્રણ ટકા અને ૨૦૧૭માં ચાર ટકા વ્યાજમાં રાહત કરી આપી છે એનાથી ખેડૂતોને આજે ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થાય છે. માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારે ખેડૂતોને ચાલુ વર્ષે મુશ્કેલીમાં મદદ કરી છે અને મને આજે કહેતા આનંદ થાય છે કે, બજેટમાં પણ ખેડૂતો માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે માત્ર વાતો નહીં. મારી સામેના કોંગ્રેસના સભ્યો જોતા હશે, સાંભળતા હશે કે ખેડૂતોની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલી છે અને ત્યારે જ આ છઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં બેસી શકી છે. ખેડૂતોની પ્રગત્તિ અને કલ્યાણ કરવાની અમારી પ્રાથમિકતા હોય, ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ મળે, ઉત્પાદન ખર્ચ ઘટે તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકારના બજેટમાં પણ સહકાર વિભાગની અસંખ્ય જોગવાઇઓ કરેલી હોય આમ, માનનીય મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલની સરકારે ખેડૂતોની ચિંતા કરી છે. સહકારની દ્રષ્ટિએ વાત કરું તો બેન્કમાંથી ૭ ટકાના દરે ધિરાણ જ્યારે આપવાનું હતું ત્યારે પણ ભારતીય જનતા પાર્ટી આગળ આવેલી છે, ખેડૂતો માટે પાક ધિરાણ વિના વ્યાજે આપવાની યોજના કરી છે, આને કહેવાય છે વિકાસ, ખેડૂતોની તુવેર ટેકાના ભાવે ખરીદેલ છે, આને કહેવાય ભારતીય જનતા પાર્ટીની ખેડૂતલક્ષી નીતિ અને દ્રષ્ટિકોણ. મગફળી પણ ટેકાના ભાવે ખરીદાય છે. બજેટમાં ખેડૂતોની વાત કરું તો અસંખ્ય બાબતો સાંકળેલી છે અને કરોડો રૂપિયાનું આયોજન કરવામાં આવેલું છે એટલે ભારતીય જનતા પાર્ટીના આ ઐતિહાસિક નિર્ણયો ખેડૂતો માટે લેવામાં આવેલા છે ત્યારે મેં મારા આ વિચારો રજૂ કરેલા છે

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણી રૂપિયા, ૧૦૨૪ કરોડ, ૩૪ લાખ, ૨૩ હજારની લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને તે માટેના મારા વિચારો વ્યક્ત કરું છું. ગુજરાત વીજળી અને ટ્રાન્સમીશન ક્ષેત્રે સ્વનિર્ભર થયું છે એનો ખરો યશ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને જાય છે. જ્યારે તેઓએ ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યારે ખેડૂતોએ કહેલું કે સાહેબ અમને સાંજે વાળું કરતી વખતે અજવાળું મળે એવું કરજો અને નરેન્દ્રભાઇએ જે રીતે ગુજરાતની પ્રજાને વીજળીનો એક વિકલ્પ આપ્યો અને એના કારણે વીજળીનો આપણને સપ્લાય મળી રહે છે એ માટે સૌરભભાઇનું જે સંચાલન છે, મેનેજમેન્ટ છે એને પણ અભિનંદન આપવા ઘટે. હાલના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની સરકાર પણ આ જ વાતને આગળ વધારી રહી છે. આખા ભારતનો સરેરાશ વીજ વપરાશ પર યુનિટ ૧૯૧૬ જેટલો છે, જ્યારે ગુજરાતમાં આના કરતાં પોણાબે ગણો વપરાશ થાય છે એ બતાવે છે કે, ગુજરાત ખેતી તેમજ ઉદ્યોગ ક્ષેત્રે આગળ પડતું છે અને આ જે વીજ સપ્લાય મળી રહે છે એના લીધે જ ગુજરાતનો વિકાસ થયો છે અને ગુજરાત આગળ વધી રહ્યું છે. આપણા વિપક્ષના સભ્યશ્રીઓ વાંરવાર વાત કરે છે કે ટેકાના ભાવ આપો, કેમ કે ઉત્પાદન વધું થયું છે, પણ ઉત્પાદન વધારે કેવી રીતે થયું એનો જવાબ એ લોકો સ્વીકારતા નથી, જ્યારે ગુજરાત સારામાં સારો પાવર સપ્લાય આપે છે, સારામાં સારી પાણીની વ્યવસ્થા કરે છે ત્યારે જ ઉત્પાદન વધે છે એટલે આપણા ગુજરાતે જે રીતે વીજ સપ્લાય માટેની

વ્યવસ્થા કરી છે એ ખાસ અભિનંદનને પાત્ર છે. ઉકાઇ અને વણાકબોરીના થર્મલ યુનિટ ઉપર ટર્બાઇનનું જે આધુનિકરણ અને નવીનીકરણ કરવામાં આવ્યું છે એના લીધે યુનિટદીઠ ઉત્પાદનશક્તિમાં ૩૦ પૈસાનો ઘટાડો થયો છે એનો લાભ આપણા ગ્રાહકોને મળશે, જ્યારે યુ.પી.એ. ની સરકાર હતી ત્યારે રાજ્યને દૂરના કોલ સેકટરમાંથી કોલસો મળતો હતો ત્યારે આપણને અનેકગણું નુકસાન થતું હતું. આપણા નરેન્દ્રભાઇ અને સૌરભભાઇની રજૂઆતના લીધે જ્યારે આપણને નજીકના કોલક્ષેત્રમાંથી કોલસો મળવાનું ચાલુ થયું અને એના લીધે ગયા વરસે આપણને ૩૬૨ કરોડ રૂપિયાની બચત થયેલી છે. હાલમાં રાજયની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૬૧૫૪ મેગાવોટ છે માત્ર પંદર વર્ષમાં લગભગ ત્રણ ગણાથી પણ વધારે આ રીતે ગુજરાતે સમગ્ર દેશમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,સરકારે ૨૦૦૯માં સૌર ઉર્જા શકિતની નીતિ જાહેર કરેલી છે. ૧૯૬૦ થી ૨૦૦૨ આ ૪૨ વર્ષ દરમિયાન રાજયની સૌર ઉર્જા શકિત ઝીરો હતી. ૨૦૦૨ થી ૨૦૧૭ દરમિયાન સૌર વીજ ઉત્પાદન ક્ષમતામાં ૧૧૫૯ મેગાવોટ આપણે એચીવ કર્યુ છે. કોલસાની સાથે સાથે પ્રદૂષણ અને પર્યાવરણને કન્ટ્રોલમાં રાખવા માટે જે રીતે સૌર ઉર્જાને ગુજરાત સરકારે પ્રોત્સાહન આપ્યું છે તે પણ અભિનંદનને પ્રાપ્ત છે. અને આ વખતના રજૂ થયેલા બજેટમાં વીજ ઉત્પાદન ક્ષેત્રે કોલસા અને સોલાર આધારિત નવી યોજનાઓની કામગીરી હાથ ધરવા ૨૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જૂના વીજ મથકોની સુધારણા માટે આધુનિકરણ માટે ૨૧૪ કરોડની યોજના કરવામાં આવી છે. વીજ પ્રવાહના માળખાને વધુ સુદ્રઢ કરવા માટે જૂની વીજ લાઇનોને સુધારવા માટે કુલ ૨૭૫૭ કરોડના ખર્ચે ૨૫૨૭ સર્કિટ કિલોમીટરની લંબાઇના નવા વીજ રેસાઓ નાંખવાની અને સો નવા વીજ સબ સ્ટેશન સ્થાપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. કૃષિ વિષયક વીજ જોડાણની જુદી જુદી યોજનાઓ અંતર્ગત અંદાજે ૧.૨૨ લાખ વીજ જોડાણો પૂરાં પાડવા માટે ૧૯૨૧ કરોડનો મૂડી ખર્ચ પણ બજેટમાં અંદાજવામાં આવ્યો છે. આ રીતે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વિજયભાઇની આગેવાનીમાં જે રીતે સૌરભભાઇ ફરીથી આપણને વીજ ઉત્પાદન ક્ષેત્રે સ્વનિર્ભર કરવા માટે આગળ વધી રહ્યાં છે ત્યારે આ પૂરક માગણીઓને સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : કોંગ્રેસ પક્ષ તરફના કોઇ સભ્યો હાજર નથી અને કેટલાક વેલમાં આવી ગયેલાં હોઇ તેમને સસ્પેન્ડ કરેલ છે એટલે તેમના તરફથી કોઇ પ્રવચન નથી એટલે આગળ માનનીય હસમુખભાઇ પટેલ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાગરિક પુરવઠાને લગતી રૂપિયા ૧૬ કરોડ ૧૪ લાખ ૭૦ હજારની પૂરક માગણી નંબર ૨૨ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા આપણાં રાજયમાં ગરીબોની અન્ન સલામતી માટે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ, ખાંડ, કેરોસીન, આયોડાઇઝ મીઠું આવુ બધુ વિતરણ કરવાની ખૂબ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ આપણાં રાજયમાં તેનો ૧-૪-૨૦૧૬થી અમલ કરવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની ૨ કરોડ ૫૮ લાખ ૭૮ હજાર જન સંખ્યા અને શહેરી વિસ્તારની ૧ કરોડ ૨૪ લાખ ૬ હજાર જેટલી જન સંખ્યા આમ કુલ મળીને સમગ્ર રાજયની ૩ કરોડ ૮૨ લાખ ૮૪ હજાર જન સંખ્યાને આવરી લેવાનો લક્ષ્યાંક આ રાજ્ય સરકાર દ્વારા નકકી કરવામાં આવ્યો છે. આ રાષ્ટ્રીય અનસલામતી કાયદા હેઠળ બે પ્રકારના કુટુંબો અસ્તિત્વમાં આવે છે એક છે અંત્યોદય કુટુંબો અને બીજા છે અગ્રતા ધરાવતા કુટુંબો. અંત્યોદય કુટુંબની વાત કરીએ તો આ યોજના મુજબ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ ૮ લાખ ૧૨ હજાર ૮૦૦ કુટુંબોની સામે, ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આપણાં રાજયમાં ૮ લાખ ૧૫ હજાર ૬૬૯ કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. આ અંત્યોદય કુટુંબોને પ્રતિ કાર્ડ દીઠ ઘઉં ૨૩ કિલો, બે રૂપિયા પ્રતિ કિલોના ભાવે, અને ચોખા ૧૨ કિલો કાર્ડ દીઠ પ્રતિ કિલો ત્રણ રૂપિયાના ભાવે આમ, કુલ ૩૫ કિલો અનાજના જથ્થાનું વિતરણ નવેમ્બર-૨૦૧૭થી કરવાનુ શરૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગ્રતા ધરાવતા કુટુંબોને માસિક વ્યકિતદીઠ પાંચ કિલો અનાજનું વિતરણ કરવાનું થાય છે. આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ૬૩ લાખ ૮૮ હજાર ૧૩૯ કુટુંબો એટલે કે વસતિની દ્રષ્ટિએ ૩, ૩૭, ૪૧, ૨૯૩ જનસંખ્યાને આવરી લીધેલ છે. આ કાયદા હેઠળ હમણાં કેન્દ્ર સરકાર દ્વારા આપણા રાજયને મે-૨૦૧૭ થી ૧, ૯૮, ૨૮૮ મેટ્રિક ટન અનાજ પ્રાપ્ત થયેલ છે. આ કાયદાનો સારી રીતે અમલ થઇ શકે, જે અનાજ મળે એનો સારી રીતે સંગ્રહ થઇ શકે એ માટે કુલ ૧૨૪ સ્થળોએ ગોડાઉનના બાંધકામ કરવા માટે સંગ્રહ શકિત વધારવા માટે જે બાંધકામ કરીએ છીએ એના થકી ૨,૩૬,૫૦૦ મેટ્રિક ટન અનાજ સંગ્રહવાની આપણી શકિત બનવાની છે. આ આધાર આધારિત વિતરણ થઇ શકે એ માટે કેન્દ્ર સરકારે આપણને ૮/૨૦૧૭ના જાહેરનામા દ્વારા આધાર આધારિત વિતરણ વ્યવસ્થા ગોઠવવાનો આદેશ કરેલ છે. આધાર આધારિત વિતરણ વ્યવસ્થા તા.૩૧/૩/૨૦૧૮ સુધી અમલ કરવા જણાવ્યું છે ત્યારે રાજ્યની તમામ ૧૭૨૧૦ વાજબી ભાવની દુકાનોમાં જાન્યુઆરી - ૨૦૧૮ થી માર્ચ - ૨૦૧૮ સુધીમાં આ આધાર આધારિત વિતરણ વ્યવસ્થાનું આપણે અમલીકરણ કરવા જઇ રહ્યા છીએ. ૧લી એપ્રિલ - ૨૦૧૮થી ફકત આધાર આધારિત વિતરણ કરવાનું પણ મન આ સરકારે બનાવી લીધું છે. આધાર આધારિત વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ અને સરળ બનાવવાના હેતુસર રાજ્યની ૧૭,૨૧૦ વાજબી ભાવની દુકાનોમાં આઇ.આર.આઇ.એસ.ની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કર્યું છે અને જેનો અંદાજિત ખર્ચ રૂ. ૧૬ કરોડ થવાનો છે. ડી.બી.ટી. એટલે ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર. લાભાર્થીઓને સીધો લાભ એના ખાતામાં જમા થાય એ માટે રાજ્યમાં દરેક જિલ્લામાં એક મુખ્ય મથક અને કોઇ એક તાલુકા મથકે હાલની પી.ડી.એસ.ના બદલે ડી.બી.ટી.ના

માધ્યમથી ચૂકવવા પાત્ર રકમ સીધી લાભાર્થીના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થાના ભાગ રૂપે એપ્રિલ – ૨૦૧૮ થી એક જિલ્લાના મુખ્ય મથક પર પાયલોટ બેઝ પર ડી.બી.ટી. ફૂડનું આયોજન પણ વિચારી રાખેલ છે. આ રીતે છેવાડાના માનવીને પૂરતું અન્ન મળી રહે, કોઇ નાગરિક ભૂખ્યો ન સૂવે એ દિશામાં ચિંતા કરવાની દિશામાં જ્યારે ખર્ચ થઇ રહ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ તબીબી અને જાહેર આરોગ્યની ૧૦૦૦ કરોડની ૩૯ નંબરની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. હું આજે વાત્સલ્યની વાત કરવા માગું છું. મારે વાત કરવી છે માંના વાત્સલ્યની. માં એ કાયમ પોતાના બાળકની પ્રેમથી સારસંભાળ કરે છે, એનું જતન કરે છે, એની નાનામાં નાની જરૂરિયાતનું ધ્યાન રાખે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની પ્રજા માટે એક માંની ભૂમિકા નિભાવે છે. હું આ એટલા માટે કહું છું કે, સરકાર છેક છેવાડાના માનવીની ચિંતા કરે છે. એક સંવેદના સાથે ગરીબ અને મધ્યમ વર્ગની ચિંતા જો કોઇએ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. ‘‘ઘણી મેં શોધ કરી શ્લોક અને સ્તુતિમાં પણ ઇશ્વર આખરે મળ્યા સ્નેહ અને સહાનુભૂતિમાં’’. આ સ્નેહ, સંવેદના અને સહાનુભૂતિ એ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા છે. જો કોઇ મધ્યમ વર્ગના પરિવારમાં બિમારી આવે તો એની આખા જીવનની ઇકોનોમી ધ્વસ્ત થઇ જાય છે. બધાં જ રીસોર્સીસ એક જગ્યાએ ચેનલાઇઝ થઇ જાય છે. આ ખર્ચ ઓછો કરો, શાક ઓછું લાવો, બાળકોની ફી નથી આપવી એવી બધી પરિસ્થિતિ ઊભી થાય છે. આવા સમયે ‘મા અમૃતમ’ તથા ‘મા વાત્સલ્ય’ યોજના દ્વારા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને અતિ ગંભીર રોગોની સારવાર વિનામૂલ્યે મળી રહે, કેશ લેસ સારવાર મળી રહે એ ભારતીય જનતા પાર્ટીનો પ્રાઇમ એજન્ડા બની ગયો છે. આ બે યોજના અંતર્ગત ગંભીર બિમારોઓ જેમ કે, હૃદય, કિડની, મગજ, કેન્સર જેવી ૬૨૮ બિમારીઓ માટે સારવાર મળી રહે છે. મારે આપના થકી પૂછવું છે કે, શું કોંગ્રેસની સરકાર હતી ત્યારે બિમારી નહોતી થતી? શું એ લોકોને ગરીબ પ્રજાની વેદના નહોતી સંભળાતી? શું એ લોકોને આવા લોકહિતના વિચારો નહોતા આવતા? મેં ન્યુમેરોલોજી વિશે સાંભળ્યું છે. એનું મહત્ત્વ ઘણા ધર્મોમાં પણ છે. ૧૦૮ નંબરને ઘણા ધર્મમાં શુભ મનાય છે. એનું ટોટલ કરીએ તો ૯ થાય છે. આ નંબરને બહુ પવિત્ર માનવામાં આવે છે. માળાના મણકા પણ ૧૦૮ હોય છે. ૯ એટલે બ્રહ્મા. The creator of universe. ગણિતમાં ૯ નંબરની એક interesting property છે. 9 into 1 is equal to 9. 9 into 2 is equal to 18. 1 plus 8 is eqal to 9. 9x 1=9, 9x 2=18, 1+8 = 9, 9x 3=27, 2+7 =9 આમ ખરેખર જોવા જઇએ તો આ એક miracle number છે. માળાનો જપ કરીએ અને એ ૧૦૮ વાર કરીએ તો એ મંત્ર યાદ રહી જતો હોય છે. એ sincerity થી કરે છે, devotion થી કરે છે, feeling થી કરે છે એવી જ sincerity devotion આ ૧૦૮ એમ્બ્યુલન્સ લોકોની સેવા કરીને મેળવે છે. It is a miracle of good governance આ જે miracle નંબર છે એવી જ રીતે એની સેવા કોઇ miracle થી ઓછી નથી. રાજયમાં કુદરતી આફત હોય, અકસ્માત હોય, ડીલીવરી હોય, કોઇને stroke આવ્યો હોય, ઘણી બધી બિમારીઓ હોય, રાજયના લોકોને સંપૂર્ણ સલામત રીતે મેડીકલ સેવા પૂરી પાડવી એ દ્રષ્ટિથી રાજય સરકારે ૨૯ ઓગસ્ટ, ૨૦૦૭થી આ સેવા શરૂ કરી. નવ વર્ષ કરતાં ઓછા સમયમાં કુલ ૫૮૦ એમ્બ્યુલન્સ જનતાના લાભાર્થે અમલમાં મૂકવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત શાળાના હેલ્થ ચેકિંગની વ્યવસ્થા કરી છે. આંગણવાડીથી લઇને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં બાળકોને સારવાર અને નિદાન કરવામાં આવે કે એને શું તકલીફ છે? એના માટે ડોકટરોની ટીમ દ્વારા લગભગ દોઢ કરોડથી પણ વધારે બાળકોનું પરિક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં ડેન્ટલ, આંખ, ચામડીના રોગોની સારવાર આપવામાં આવી છે. સુપર સ્પેશ્યાલિટી સારવાર પણ આપવામાં આવી છે. જેમકે, કીડની, હૃદયરોગ, કેન્સર, club foot, bone marrow ઇત્યાદીની પણ સારવાર કરવામાં આવે છે. આ સારવારો ખૂબ મોંઘી છે. આ સારવાર માટે સારી હોસ્પિટલ, સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલની પાસે મોકલવામાં આવે છે. લગભગ ૧૦ હજારથી વધારે બાળકોને આ સારવાર આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર બહેનો માટો પણ ખૂબ સંવેદનશીલ છે. જે બહેન ઘરકામ કરતી હોય, સર્વિસ કરતી હોય, કોઇ પણ સમજી લો કે, જેની ઉંમર ૩૦ થી ૫૯ વર્ષની હોય એના બ્રેસ્ટ અને cervical cancerની એવરનેસ આવે તે માટે ફ્રી સ્કેનીંગ કરવામાં આવે છે અને એના માટે જો એનું બિમારીનું નિદાન થાય તો એની ફ્રી ટ્રીટમેન્ટ પણ કરવામાં આવે છે. જે અંતર્ગત લગભગ ૧.૨૭ લાખ બહેનોનું screening થઇ ગયું છે અને જે પૈકી ૩૦૦૦ જેટલી બહેનોની સારવાર પણ ચાલુ થઇ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી સૌરભ પટેલ (ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાકેશભાઇ, માનનીય અરૂણસિંહજી, માનનીય કનુભાઇ, માનનીય હસમુખભાઇ, માનનીય મનીષાબહેને માગણીઓને સમર્થન આપ્યું છે, એમનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૧૦૭૯૨ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ છે. એમાં રેવન્યુની ૧૦૧૮૨ અને કેપીટલની ૬૦૯ કરોડ રૂપિયાની માગણીઓ આ વિધાનસભા ગૃહમાં આવવાની છે. તો આનું રીઝન શું છે? લાવવાનું કારણ શું છે? લાવવાના કારણ જુદા જુદા હોય છે. દા. ત. પગારમાં વધારો થયો હોય, ૭મા પગારધોરણનો અમલ થયો, ડી.એ.માં વધારો થયો, પેન્શન અને ગ્રેજ્યુએટી આપવામાં આવે, ખેડૂતો માટેની સબસિડીની વીજળી ખરીદવા માટે થયો, સ્મોલ અને મધ્યમ

વર્ગ માટેનું જે આપણે સ્પેશિયલ પોલીસી અને બીજી પોલીસીઓ દ્વારા ઇન્સેન્ટીવ આપીએ એના માટે થયો, કૃષિ માટે થયો છે, આવી રીતે અનેક અનેક માગણીઓ માટે આ વિધાનસભા ગૃહમાં આપણે લાવતા હોઇએ છીએ.

આજે જે પાંચ માગણીઓ છે એમાં ખાસ કરીને ગૃહ વિભાગ, કૃષિ વિભાગ, ઉર્જા વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ અને આરોગ્ય વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. આપણે કૃષિની વાત કરીએ તો કૃષિની અંદર ગુજરાતમાં એગ્રીકલ્ચરનો હિસ્સો ૧૩.૬ ટકા છે એટલે કુલ ૧,૩૭,૧૩૨ કરોડ રૂપિયાનો આજે હિસ્સો છે. કુલ ૧૦ લાખ ૬ હજાર ૪૬૨ કરોડ ગુજરાત સ્ટેટ developed products માંથી આટલો મોટો હિસ્સો છે અને એની અંદર જુદા જુદા ક્રોપ્સ અને જુદી જુદી ટકાવારીની અંદર foodgrain હોય, સુગર હોય કે tobacco હોય, જુદી જુદી ટકાવારીની અંદર જુદો જુદો શેર હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદની વાત છે કે, આખા દેશની અંદર ગુજરાતમાં groundnutનું ઉત્પાદન ૩૫ ટકા છે. કોટનની અંદર ૩૧ ટકા છે અને બનાના હોય, spices હોય કે onion હોય આ બધાની અંદર આપણો હિસ્સો સરખામણીમાં ખૂબ સારો હોય છે. કૃષિની અંદર ટોટલ બજેટ જોવા જઇએ તો ૭૮૩૭ કરોડ રૂપિયાનું બજેટ છે અને ખેડૂતો માટે તો કાયમ માટે ચિંતા કરી છે. એમએસપી રેટ કેવી રીતે મળે અને ઘણી જગ્યાએ તો એમએસપી રેટ ઉપર બોનસ આપવામાં આવે છે. દા. ત. પર કવિન્ટલના ૫૦ રૂપિયા groundnutની અંદર અને ૫૦૦ રૂપિયા પર ક્વિન્ટલ કપાસની અંદર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાર ૮.૧૦ લાખની મગફળી ખરીદવામાં આવી છે. આની અંદર ૩૬૪૯ કરોડ રૂપિયા રાજય સરકારે આ મગફળીની ખરીદીમાં ખર્ચ કર્યો છે. કપાસની અંદર પણ ૪૦૪૭૭ મેટ્રિક ટન ૨૦૧૭-૧૮ ની અંદર આપણે પ્રોકયોર કર્યો છે અને ૧૯૨ કરોડનો ખર્ચ કર્યો છે અને રાજય સરકારે ૩૦ કરોડ રૂપિયાનું બોનસ આપ્યું છે. એ પ્રમાણે ખેડૂતોને ભાવો મળતા રહે એ માટે સરકાર ચિંતા કરે છે. ટ્રાન્સપોર્ટ અને સ્ટૌરેજની અંદર પણ આપણે બટાકાથી માંડીને એ લોકને પણ સબસિડી આપી છે, રોડમાં પણ આપીએ છીએ. રેલ ટ્રાન્સપોર્ટમાં પણ આપીએ છીએ. કાંદાની અંદર પણ આ વખતે આપણે આસીસ્ટંટ આપવામાં આવી છે. ખેડૂત પર ભારણ ન થાય એટલા માટે જીરો પરસન્ટેઝ ઇન્ટરેસ્ટથી ૧૭-૧૮ ની અંદર ૭૩૫ કરોડની લોન આપેલી છે. આવા અનેક ઇન્સેન્ટીવ આપણે કૃષિ ક્ષેત્રે આપતા રહીએ છીએ. એના કારણે ફાઇનાન્સીયલ આસીસ્ટન્સ માટેની આપણે જે જોગવાઇ કરી છે, ૨૨૧૬ કરોડનું આપણે જે આપ્યું છે તેની અંદર ૫૭૬ કરોડ રૂપિયા માઇક્રો ઇરીગેશ માટે અને એ.પી.એમ.સી.ની અંદર પણ આપી છે, એટલા માટે આવી જુદી જુદી માગણીઓ લઇને આ હાઉસમાં આવ્યો છું.

હોમ ડિપાર્ટમેન્ટની વાત કરું તો ૫૭૯૫ કરોડનું આપણું બજેટ છે, આર.ઇ.ની અંદર ૨૦૧૭-૧૮ માં માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત માટે ગૌરવ છે, આખા દેશની અંદર બીજા રાજયો કરતાં ગુજરાતમાં શાંતિ અને સલામતી છે. તેના કારણે ખૂબ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ આવી રહ્યાં છે. આપણો ગૃહ વિભાગ જરૂરિયાત પ્રમાણે જુદા જુદા એરિયાની અંદર પોલીસ સ્ટેશનો કરે છે. નવી ભરતીઓ પણ કરે છે અને ૨૦૧૭ ની અંદર ૧૭૪૬૫ વ્યકિતઓની ભરતી કરી એટલા માટે આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ અને માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહને અભિનંદન આપવાં જોઇએ, કારણ કે આટલી મોટી ભરતીઓ ગઇ સાલ કરવામાં આવી છે અને ચાર વરસમાં કુલ ૪૯૬૬૦ની ભરતી કરવામાં આવી છે. એટલે આના કારણે ટ્રાફીક હોય તો તેમાં ભરતી કરીએ છીએ, પોલીસ સ્ટેશનો બનાવી એછીએ, આના કારણે વધારે ડિમાન્ડ આવી એટલા માટે આ હાઉસની અંદર આ માગણી લઇને આવ્યો છું.

ઉર્જાની વાત કરું તો તેમાં ખેડૂતોની આ સરકાર કાયમ માટે ચિંતા કરે છે અને એડીશનલ સબસિડીની એમની માગણી એમાં ખૂબ મોટા પ્રમાણમાં રાજય સરકારે ખેડૂતોને સબસિડી આપી છે. આજે જુદા જુદા સાધનો આવે છે તેની કિંમત ૬ રૂપિયા હોય છે, પરંતુ આપણે ખેડૂત પાસેથી ૬૦ પૈસા લઇએ છીએ. આપણે જોઇએ તો ૧૧૦૦ કરોડ રૂપિયા એચ.પી બેઇઝ પર આપણે સબસિડી ખેડૂતોને આપીએ છીએ. આ ઉપરાંત જીઆરસીએલ જે ટેરિફ નકકી કરતા હોય છે, તે ટેરિફના પ્રમાણની અંદર પણ જે ભારણ વધારે હોય છે તેને માટે પણ સબસિડી રાજય સરકાર આપે છે, ૧૨૦૬ કરોડ રૂપિયાની સબસિડી, દાખલા તરીકે ૨૪૦૦ રૂપિયા રેગ્યુલેટરીએ ભાવ નકકી કર્યો તો આપણે ૬૬૫ લઇએ છીએ, સાડા સાત હોર્સ પાવર સુધીનો, અને એનાથી ઉપરના હોર્સ પાવર હોય તો ૮૦૭, એટલે કે ૨૪૦૦ માઇનસ ૮૦૭ અને ૬૬૫ એટલે ૧૫૯૬ કરોડ રૂપિયાની એડીશનલ સબસિડી હોર્સ પાવર ઉપર રાજય સરકાર આપે છે. ખેડૂતોને ભારણ ન આવે એટલા માટે આ કરીએ છીએ. આમ એ લોકોને એડીશનલ સબસિડી ૧૨૦૬ કરોડની આપીએ છીએ. બીજુ ફયુઅલ પ્રાઇઝ સરચાર્જ રેગયુલેટરી નકકી કરે છે એ પ્રમાણે હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ સબસિડીનું પ્રમાણ જોઇએ તો જીએનએલની સબસિડીનું ૨૦૧૬-૧૭ માં ૧૭૦૦ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવ્યું હતું એટલે ફયુઅલ પ્રાઇઝ અને Power Purchase Act AAA માં જો જોવા જઇએ તો ૨૨૮૫ કરોડ જે ગઇ સાલ કર્યું, આ વખતે એડીશનલ ૧૦૨૪ કરોડ રૂપિયાનું આની અંદર રિવાઇઝ એસ્ટીમેટની અંદર આયોજન હતું એટલા માટે આ સપ્લીમેન્ટરી ડિમાન્ડ લાવવી પડી છે. એટલે કુલ બધી જ રીતથી ખેડૂતોને હોર્સ પાવર બેઇઝ ટેરીફ , ખેડૂતોને F AAA નું ભારણ ન થાય , જીઆરસીનું ભારણ ન થાય એમ કરીને રાજય સરકાર દર વરસે ૪૦૦૦ કરોડ રૂપિયાથી વધારે સબસિડી આપે છે. એ જ રીતે પાણીના બિલ જોઇએ એમાં વોટર વર્કસની સબસિડીની વાત કરું તો આ

સબસિડી ગ્રામ પંચાયતોને આપીએ છીએ જેમાં ૪૫૯ કરોડ રૂપિયાની સબસિડી થવા જાય છે. આ રીતે જોઇએ તો ગુજરાત સરકાર મોટા પ્રમાણમાં સબસિડી આપે છે એના લીધે હું વધારાની માગણીઓ લઇએ ગૃહ સમક્ષ આવ્યો છું.

આ ઉપરાંત ગૃહ વિભાગ, કૃષિ વિભાગ, ઉર્જા વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ, સિવિલ સપ્લાય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પણ માગણીઓનો સમાવેશ થાય છે. હેલ્થમાં દર વર્ષે રાજય સરકારનું બજેટ વધતું જાય છે. જેમાં આપણે નવી નવી યોજનાઓનો અમલ કરી રહ્યા છીએ. મા અમૃતમ યોજના હોય કે મા વાત્સલ્ય યોજનાનો ખૂબ મોટા પ્રમાણમાં લોકોને લાભ આપીએ છીએ. આપણે મફત સારવાર આપીએ છીએ, મફત દવાઓ આપીએ છીએ એના લીધે ખર્ચમાં પણ વધારો થતો જાય છે. નવી નવી હોસ્પિટલો ખોલી રહ્યા છીએ. નવી હોસ્પિટલોમાં નવા નવા સાધનો લાવી રહ્યા છીએ એના લીધે વધારે બજેટ ફાળવવાની જરૂર પડતી હોય છે. વધારે કર્મચારીઓ આવે છે એટલે વધારે સપ્લીમેન્ટરી ડિમાન્ડ લાવીએ છીએ લોકોને વધારે સારી સુવિધા પુરી પાડવા વધારાની જોગવાઇ લાવ્યા છીએ. એ જ રીતે ફૂડ છે, સિવિલ સપ્લાય છે આખી સિસ્ટમની અંદર છેવાડાના માનવીને વધારે કેવી રીતે લાભ મળે અને વધારેને વધારે સુવિધા કેવી રીતે મળે, સસ્તા ભાવે સરકારની નીતિ નિયમ પ્રમાણે કેવી રીતે મળે જયાં ન મળેલા હોય હાઉસોની અંદર એના માટેની જાહેરાતો પણ કરતાં હોઇએ છીએ. ગ્રામસભાની અંદર વોર્ડની અંદર ડિસ્પ્લે કરીએ છીએ, પ્રયોરિટીથી હાઉસ હોલ્ડરો નક્કી કરીએ છીએ એ કમિટી નક્કી કરે એમાં ૩.૮૦ કરોડ લોકોને લાભ મળે એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે. એટલા માટે સપ્લીમેન્ટરી વિભાગની જરૂરિયાત છે એની અંદર ફૂડ સિવિલ સપ્લાય એમ કુલ પાંચ વિભાગની મગણીઓ લાવ્યો હતો. એમાં મારે એટલું જ કહેવું છે મને દુઃખ થાય છે કે વિરોધપક્ષના મિત્રો આવી આવી અગત્યની માગણી વખતે હાજર રહ્યા હોત તો ખબર પડત. આજે સુરક્ષાની માગણી, આ હાઉસમાં સુરક્ષા વિશે ઘણી બધી વાતો કરે છે. એમને ખબ હોવી જોઇએ કે ગુજરાત એક જ એવું રાજય છે જે ગૌરવ સાથે કહી શકે કે આપણી દીકરીઓ રાત્રે ૧૨ અને ૨ વાગ્યે નવરાત્રી ઉજવી શકે છે. બીજા કોઇ રાજયમાં આટલી સારી સલામતી નથી. આપણા રાજયમાં લોકો રાત્રીના ૧૧ અને ૧૨ વાગ્યે બહાર નીકળી શકે છે. બીજું મૂડી રોકાણની સલામતી છે અને એના માટે ગૃહ વિભાગ કરોડો રૂપિયા દર વર્ષે વાપરતું હોય છે. હોમ ડિપાર્ટમેન્ટ આદરણીય મુખ્યમંત્રીશ્રી, આદરણીય ગૃહમંત્રીશ્રી દારૂ માટે કડક કાયદો લાવ્યા અને એ દારૂને કડક કાયદાની અંદર જે પ્રમાણે લોકોને પકડે છે એના કારણે કરોડો રૂપિયાન દારૂ આપણે પકડયો છે. આ સ્પષ્ટપણે બતાવે છે કે આપણો વિભાગ સોથી એકટીવ છે. આવે વખતે વિરોધપક્ષના સભ્યો જો અહીંયા બેઠા હોત તો એમને ચોકકસ થોડું જ્ઞાન મળત. એ જ પ્રમાણે લોકો વાતો કરે છે દરેક વિષયની અંદર કે એગ્રીકલ્ચર હોય કે સિવિલ સપ્લાયની વાત કરે, કૃષિની અંદર આપણે ડાયરેકટ ઇનડાયરેકટ અબજો રૂપિયા ખર્ચીએ છીએ. આપણો વિભાગ વધારેમાં વધારે કેવી રીતે ઉત્પાદન થાય એની ચિંતા કરે છે. તેથી ઉત્પાદનમાં સતત વધારો થતો ગયો છે. ખેડૂતોની ખેતીની ઉપજ દિવસે દિવસે વધતી જાય છે. આપણે ત્યાં આજે આંતરરાષ્ટ્રીય કનેકટીવિટી થઇ ગઇ છે. આપણે ત્યાં જે ભાવ હોય એ જ ભાવ બીજા દેશમાં હોય છે. ડબલ્યુ. ટી. ઓ. ના એગ્રીમેન્ટ થયેલા હોય છે. આવા અનેક એગ્રીમેન્ટો હોવા છતાં આપણા ખેડૂતોને કેમ ઉપજનો વધારે લાભ મળે એના લીધે આવડી મોટી ખરીદી થાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પછી કપાસનું ઉત્પાદન પર વિઘે કેટલું છે, મગફળીનું પર વિઘે કેટલું ઉત્પાદન છે, હોલ્ટીકલ્ચરનું ઉત્પાદન કેટલું છે એ જોઇએ તો ખબર પડે. હોલ્ટ્રીકલ્ચરનું ઉત્પાદન ઘણું વધ્યું છે. પહેલા બે કે ત્રણ પાકની ચિંતા કરતા હતા. ચિંતા કેવી કરતાં હતા કે વાવણી કરો તો કોની કરો તો કપાસની કરો, મગફળીની કરો પણ આજની તારીખમાં આપણા જે કરન્ટ ઉત્પાદન ૧ લાખ ૬ હજાર કરોડના એમાંથી ૩૨.૮ ટકા ફકત હોલ્ટ્રીકલ્ચરનું ઉત્પાદન છે. એટલે કે ૩૯ હજાર કરોડ રૂપિયા ખાલી આમાંથી આવે છે. આથી ખરી આવક ખેડૂતોની છે એ છેલ્લા દસ વર્ષમાં આવક વધી છે. આદરણીય નરેન્દ્રભાઇ આવ્યા પછી આ બધું થયું છે. આટલી બધી ટકાવારી નહોતી. એવી જ રીતે આપણે જોઇએ તો ફૂડ ગ્રેઇનમાં પણ એની ઉપજ ૧૫.૯ ટકા છે, કપાસની અંદર ૧૦.૪ ટકા છે, મગફળીની ૧૨.૨ ટકા છે અને એના કારણે દિવસે દિવસે ખેડૂતોની ઇન્કમ વધતી જાય છે. એટલે પાણી આપવાની જરૂર છે. ફર્ટિલાઇઝર સમયસર આપીએ છીએ. કોઇ દિવસ પહેલા ફર્ટિલાઇઝર આપણે સ્ટોર કરતા નહોતા. આજની તારીખમાં સીઝન ન હોય ત્યારે કંપનીઓ પાસેથી લઇ, કેન્દ્ર સરકાર પાસેથી લઇને આપણા ગોડાઉનોમાં ફર્ટિલાઇઝર સેવ કરીએ છીએ એના કારણે છેલ્લા ઘણા વર્ષોથી ખેડૂતોની ફર્ટિલાઇઝર માટેની ડિમાન્ડ પ્રમાણે સપ્લાયમાં આપણે પહોંચી વળ્યા છીએ. એમને કોઇ તકલીફ ઉભી થવા દીધી નથી. ખેડૂતો માટે જ્યાં રાજ્ય સરકારને જરૂર પડી હોય ત્યાં આપણે એમને મદદ કરીએ છીએ અને એની આવક કેમ વધે અને આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું છે કે તેમની આવક ડબલ કરવી છે. તો ચોક્કસપણે ગુજરાત સરકાર એમની આવક ડબલ કરશે. સૌથી મોટો પ્રશ્ન પાણીનો છે. પાણી એક જમાનામાં ખેડૂતોને કૂવાની અંદર અને નદીમાં કાયમ માટે રહેતું હતું. આજની તારીખમાં જે પ્રમાણે પાણીનો વપરાશ થાય છે એમાં પાણી બચાવવું અને પાણી સારી રીતે વપરાય એ માટે સરકાર ચિંતા કરે છે. એટલે આખા ગુજરાતની અંદર ડ્રીપ ઈરીગેશનનો વ્યાપ વધારવા માટે આપણે મહેનત કરીએ છીએ. ગુજરાત ગ્રીન રેવોલ્યુશન કંપની આપણે એસ્ટાબ્લિશ કરી એના કારણે ટપક પદ્ધતિ યોજના ખેતરે ખેતરે કેવી રીતે પહોંચે અને જે આદરણીય પ્રધાનમંત્રીશ્રીનું ‘‘પર ડ્રોપ મોર ક્રોપ’’ એ કેવી રીતે થાય એ માટે ૧૭૦૦૦૦ હેક્ટરની અંદર આજની તારીખે એમાં ઉમેરો કર્યો છે. ૧૭૦૦૦૦ હેક્ટરની અંદર થાય એટલે ચોક્કસપણે પાણી ઓછું વપરાશે, વાજબી વપરાશે. એટલે સો ટકા સબસિડી એ પ્રમાણે વધારે આપીએ છીએ અને ખેડૂતોની કાયમ માટે આ સરકાર ચિંતા કરશે. એક જમાનામાં ખૂબ મોટા પ્રમાણમાં વીજળીના કનેક્શન બાકી હતા. આજે દર વર્ષે લાખથી સવા લાખ વીજળીના કનેક્શન આપીએ છીએ. વીજળીના કનેક્શનો આપીએ છીએ ત્યારે એની રૂ.૧,૬૮,૦૦૦/– એવરેજ કોસ્ટ હોય છે

એ આપણે લેતા નથી. આમાં ખૂબ મોટી સબસિડી રાજ્ય સરકાર આપે છે. આવતા દિવસોની અંદર હું ચોક્કસપણે કહીશ કે આપણે જે રીતે કનેક્શનો આપવાનું ચાલુ કર્યું છે એનાથી કનેક્શન માગે ત્યારે મળે એ પ્રમાણેની વ્યવસ્થા રાજ્ય સરકારમાં ગોઠવવામાં આવશે. આ જે પાંચેય વિભાગના મંત્રીશ્રીઓ માગણીઓ લઇને આવ્યા છે એને સર્વાનુમતે આ હાઉસ પસાર કરે એવી હું વિનંતી કરું છું. પૂરક માગણી ક્રમાંક–૪૩, ૫, ૧૩, ૨૨ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

વિરામનો સમય રદ કરવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય રદ કરી બિન સરકારી કામકાજ હાથ ધરવામાં આવે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) બિન સરકારી કામકાજ પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય રદ કરી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો**

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક–૨૦૧૮

રાજ્યના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક,૨૦૧૮

રાજયમાં શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય તપાસ અને સારવાર માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ભરતભાઇ કી. પટેલ (વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**બિન–સરકારી સંકલ્પો**

**રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત વ્યાપક પગલાં લેવાં તેમજ નક્કર અમલીકરણ કરવા અંગે.**

શ્રી હિતુ કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''રાજયની પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારે'' સૌનો સાથ, સૌનો વિકાસ'' એ મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા સરકારે અનેક પ્રજાલક્ષી અને કલ્યાણકારી નિર્ણયો લઇ તેનું અસરકારક અમલીકરણ કરેલ છે. રાજયનાં ખેડૂતોને ૧.૨૫ લાખ વીજ જોડાણો આપવાનો નિર્ણય કરી અમલીકરણ ચાલુ કરેલ છે. ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતોને ગુણવત્તાયુકત બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ૬૦ જેટલા કોલ્ડ સ્ટોરેજની સુવિધા તથા પાકમૂલ્ય સંવર્ધન યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના તથા અનુસૂચિત જાતિ–જનજાતિના તથા નાના સિમાંત ખેડૂતોને ખેતઉપયોગી ઓજારની કીટસ તેમજ ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે અને ટ્રેકટરની ખરીદી માટે નાણાંકીય સહાય અને ગુજરાતમાં ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી સ્થાપવાનું પણ આયોજન કરેલ છે.

રાજય સરકારે યુવાનોના કૌશલ્ય નિર્માણ માટે આદિજાતિ વિસ્તારોમાં નવી ૧૦ સરકારી કોલેજો, રાજયોમાં ૧૭ નવા રમતગમત સંકુલો માટે કોચની ભરતી તથા નીટની પરીક્ષા, ગુજરાતી ભાષામાં લેવાય તે માટેનો નિર્ણય લેવડાવેલ છે. આ ઉપરાંત ''સ્ટાર્ટ અપ'' પોલિસી, ''ડીઝીટલ ઇન્ડિયા'', ''આઇ ક્રિએટ''ના માધ્યમથી યુવાનોના નવતર વિચારોને મૂર્તિમંત કરી રહી છે.

બિન-સરકારી સંકલ્પો

આ ઉપરાંત વંચિતોના વિકાસ માટે આવાસોનું નિર્માણ, સાગર ખેડૂઓને ડીઝલ સબસિડી, વિધવા બહેનો માટે પેન્શન તેમજ વરિષ્ઠ નાગરિકોના માસિક પેન્શન, સિંચાઇ અને પીવાના પાણી, આદિવાસી વિસ્તારોમાં ''પેસા''નિયમોનું અમલીકરણ, આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના, વિદ્યાર્થીઓને સાયકલોનું વિતરણ, ગામડાંના વિકાસ, સ્માર્ટ વિલેજ ''શ્રમિક અન્નપૂર્ણા યોજના '' ''અંત્યોદય અન્ન યોજના'', ''સૌની યોજના'', ''સાયબર કોપ્સ'', ''ઉજાલા યોજના'' વિગેરે યોજનાઓ અંતર્ગત વ્યાપક પગલાં લેવા અને તેના નક્કર અમલીકરણ કરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.''

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સંકલ્પ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. મારી ભારતીય જનતા પાર્ટીના મોવડીમંડળે મને અરવલ્લીની ગિરિમાળા એવા આધ્યાત્મિક, પૌરાણિક અને ઐતિહાસિક એવી પાક ભૂમિ, પવિત્ર ભૂમિ જે સાબરકાંઠા જિલ્લાની ઇડર છે ત્યાં મને ઉમેદવારી કરાવી અને મને ઇડર અને વડાલીની જનતાએ ખૂબ જ પ્રેમ આપ્યો અને મને સેવાની તક આપી છે. આજે હું લોકશાહીના તિર્થ સમા આ વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત થયો છું અને આજે પ્રથમવાર બોલી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મૂળ હું એક અભિનેતા છું. થોડા વખત પહેલાં મેં એક શોર્ટ ફિલ્મ બનાવી હતી. હું છું વિકાસ, હું છું ગુજરાત. લોકોને ખૂબ પસંદ આવી હતી અને ખૂબ પ્રચલિત થઇ હતી. આજે અહીં ઉપસ્થિત છું એ વિકાસની ફિલ્મ હતી એમાં મેં વિકાસનું પાત્ર ભજવ્યું હતું. હું જે વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત છું એ બતાવે છે કે ઇડર-વડાલીની પ્રજાને વિકાસ ગમે છે અને હું જે તમારી જમણી બાજુએ ઉપસ્થિત છું એ સાબિત કરે છે કે ગુજરાતની પ્રજાને વિકાસ ગમે છે. થોડા દિવસો પહેલાં તમારી ડાબી બાજુથી ખૂબ અવાજ આવતો હતો કે વિકાસ ગાંડો થયો છે. એવું નથી, કારણ કે ગુજરાતની પ્રજાએ આ સતત છઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીની સરકારને જ્યારે તમારી જમણી બાજુએ બેસાડી સરકાર બનાવવાનો મોકો આપ્યો છે ત્યારે એ સાબિત થાય છે કે એ વિકાસ સમજદાર છે, એ વિકાસ છે એ હોંશિયાર છે અને વિકાસ છે એ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીની ઓળખ છે અને લોકોને એ ગમે છે. Gujarat is on fast track. ફાસ્ટ ટ્રેક ત્યારે જ થઇ શકે છે જ્યારે કોઇપણ સ્ટેટ જ્યારે વિકાસ કરતું હોય છે. basically Vikas is on fast track. વિકાસ સર્વ જન હિતાય હોય, વિકાસ સર્વ જન સુખાય હોય, વિકાસ છેવાડાના માણસ સુધી પહોંચે એના માટે કલ્યાણકારી હોય આ વાતને ચરિતાર્થ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા ૨૨ વર્ષથી સંનિષ્ઠ પ્રયાસ કરતી રહી છે અને કરતી રહેશે. લોકશાહીની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરવી હોય તો લોકભાગીદારીની પ્રાથમિકતા હોવી જોઇએ. ગુજરાતની વિકાસ યાત્રાનો આત્મા છે સૌનો સાથ, સૌનો વિકાસ. પ્રત્યેક ગુજરાતીને એમ લાગે છે કે પોતે ગુજરાતનો ઘડવૈયો છે. પ્રત્યેક ગુજરાતીને એમ લાગે છે કે ગુજરાતના વિકાસમાં તેનો પોતાનો વિકાસ સમાયેલો છે. આજે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, એ ખેડૂતો માટેની સરકાર છે. અનેકવિધ કામો માટે ખેડૂતોનું ભલું કરવામાં આ રાજ્ય સરકારે કામ કર્યું છે. એક સમય એવો હતો કે જ્યારે રાસાયણિક ખાતર માટે લાંબી લાંબી લાઇનો લગાવવી પડતી હતી. લોકોને ડંડા ખાવા પડતા હતા. લોકોને લાઠીચાર્જનો ભોગ બનવું પડતું હતું. પરંતુ ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રીશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નીમ કોટેડ યુરિયા કરવાના કારણે ભ્રષ્ટાચાર થતો હતો એ અટકી ગયો છે અને ખેડૂતોને સમયસર રાસાયણિક ખાતર મળી રહ્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના લાવ્યા અને એના કારણે ખેડૂતોને જે હાલાકી અને તારાજીનો સામનો કરવો પડતો હતો એ હવે સ્થિરતા મળી છે. I am young. I represent the youth of Gujarat અને આ જે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ યુવાનો માટેની સરકાર છે. યુવાનોને વધારે રોજગારી મળે એટલા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. ખરેખર દેશમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ સ્થાન ધરાવે છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સ્ટાર્ટ-અપ પોલિસી, ડિઝિટલ ઇન્ડિયા લાવ્યા, વગેરેના માધ્યમથી યુવાનો નવા નવા વિચારોથી મૂર્તિમંત થાય છે અને રાજ્ય સરકારના આ પ્રયાસો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દલિત છું. I am a scheduled caste Vankar. નાનપણથી મારા નાના પગથી સાળ ચલાવતા હતા ત્યારે એક વાત કહેતા હતા તાણા અને વાણાની. ત્યારે નાનો હતો એટલે બહુ સમજી નહોતો શકતો પણ હવે મને સમજાય છે કે તાણા-વાણા સાથે જોડાય છે ત્યારે એક કાપડ બને છે. એટલે શિડ્યુલ કાસ્ટનો વણકર હોય છે, એક દલિત હોય છે એ જોડવાનું કામ કરતો હોય છે તોડવાનું કામ નથી કરતો. દલિતો એવા કામ કરતા હોય છે કે જેનાથી બીજા લોકોને સૂગ ચઢતી હોય છે એવા કામ દલિતોને કરવા પડતા હોય છે એટલા માટે દલિતોના દિલમાં એક અલગ ટાઇપની વેદના હોય છે. આ વેદનાને સંવેદનાથી સમજવી જોઇએ. આ સરકાર સંદેનશીલ છે અને આ સમજે છે. આ વેદનાને કારણે અમારા દલિત સમાજની અંદર એક સામાજિક જાગરુકતા એક સામાજિક ચેતનાની જરૂરત છે ના કે એ વેદનાની આગમાં જઇને તમે ઘી હોવાનું કામ કરો. અમુક લોકો આ કરી રહ્યાં છે. જેના કારણે અમુક જે યુથ છે એ ગેરમાર્ગે જઇને આક્રોશ બતાવી રહ્યાં છે. આ ગેરમાર્ગે દોરવાનું કામ લોકો કરી રહ્યાં છે એ બંધ થવું જોઇએ. આજે જોડવાનું કામ છે, આજે સંવેદનશીલતા બતાવવાનું કામ છે એ આપણી ગુજરાત રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. એટલે જ હું કહું છું કે આ સરકાર દલિતોની, પીડિતોની, શોષિતોની અને વંચિતોના વિકાસ માટેની સરકાર છે. માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના, ઘરનું ઘર આપવા માટે

પ્રયત્નશીલ છે. આજે દલિત સમાજની યોજનાઓ પૈકી ખૂબ ઉપયોગી નીવડેલી એવી ડો. આંબેડકર આવાસ યોજના વિષે અને તેમાં થયેલી કામગીરી વિષે મારે વાત કરવી છે. આવાસ યોજના એવા લોકો માટે છે જેના માથે છત નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપને ફરી પણ પાછું બોલવાનું છે. આપનો સમય પૂરો થાય છે. પૂર્ણેશભાઇ મોદી.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હિતુભાઇ કનોડિયા જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. સાહેબ, શું સ્કાયબ્લુ કલર મહાનગરના પાણીનો છે કે આકાશ અને પાણી બંનેનો છે? સાહેબ, આ સ્કાયબ્લુ કલર ન તો પાણીનો છે ન તો આકાશનો છે. સાહેબ, આ સ્કાયબ્લુ રંગ એ પાણી અને હવાના કણ દ્વારા પ્રકાશના પરાવર્તનથી ઉત્પન્ન થાય છે અને આ મહાન શોધ તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ ભારત રત્ન અને આ દેશના મહાન વૈજ્ઞાનિક ડો. ચંદ્રશેખર વેંકટ રામન જેને આપણે ડો. સી. વી. રામનથી ઓળખીએ છીએ. એ મહાનુંભાવે આ શોધખોળ કરી છે જેથી આજનો દિવસ ૨૮ ફેબ્રુઆરી નેશનલ સાયન્સ ડે, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસથી ઓળખાય છે. આ તબક્કે મહાન વૈજ્ઞાનિક ડો. સી. વી. રામનને કોટિ કોટિ વંદન કરીને મારી વાત રજૂ કરું છું.

સાહેબ, અમારી સરકાર પારદર્શક સરકાર, અમારી સરકાર પ્રગતિશીલ સરકાર, અમારી સરકાર સંવેદનશીલ સરકાર અને હા, અમારી સરકાર નિર્ણાયક સરકાર. સાહેબ, છેલ્લા એક વર્ષ પહેલાની વાત કરું તો એક આખા વર્ષમાં અમારી ભારતીય જનતા પાર્ટીના શાસનવાળી અને આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પાર્ટી ગુજરાતની આપણી આ સરકાર કે જે ગરીબ, દલિત, શોષિત, પીડિત, મજદૂર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પશુપાલકો, માલધારી એવા એનક નાના નાના માણસ જે શ્રમજીવી છે એના જીવનના ઉત્થાન અને તેઓની સુખ–સમૃદ્ધિ માટે અનેક નિર્ણયો કર્યા છે. એક વર્ષમાં ૪૭૫થી વધુ મહત્વના નિર્ણયો કરીને આ સરકાર ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેકના માર્ગે આગળ વધી રહી છે. સાહેબ, કોંગ્રેસના જમાનામાં ટેસ્ટ મેચ રમાતી હતી.પાંચ–પાંચ દિવસ ટેસ્ટ મેચ રમાય અને કોઇ રિઝલ્ટ ના આવે. સાહેબ, સમયની માંગ હતી ૫૦–૫૦ ઓવરની. એમાં પણ યુવાનોને કળ ન વળી અને યુવાનોને ૨૦–૨૦ મેચમાં ઇન્ટરેસ્ટ છે તેમ આજે ગુજરાતની સરકાર જે પ્રમાણે ૨૦–૨૦ મેચનો મૂળ જે ગુણધર્મ છે, એ જે ઝડપ છે એવી ઝડપ દરેક યુવાનો, દરેક ગુજરાતનો વ્યક્તિ અમારી સરકારમાં જોવા માગે છે એટલા માટે સરકાર ઓન ફાસ્ટ ટ્રેકના માધ્યમથી અમે આ ૨૦–૨૦ની જેમ અમે નિર્ણયો લેવામાં આ સ્પીડ કરી છે. એક વર્ષના ૩૬૫ દિવસ હોય અને ૪૭૫ નિર્ણયો લીધા.

ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક. સાહેબ, ક્રિકેટની ભાષામાં કહીએ તો એક રન રેટ જે છે એક બોલનો એક રન એની ભાષામાં વાત કરીએ તો એક દિવસનો સ્ટ્રાઇક રેટ ૧.૩૦ થાય છે અને એટલા માટે મારે કહેવું છે કે, હવે ગુજરાતનો વિકાસ, ગુજરાતનો વિકાસ પરંતુ મારે હવે એવું કહેવું છે કે, આ નવી ટર્મથી ગુજરાતનો ઝડપી વિકાસ, અને એટલા માટે અમે સ્પીડ પકડી છે. તમારી જેમ જે કોંગ્રેસના બધા હતા એવો ૫૬ વર્ષ કોઇ પ્રોજેક્ટ પુરો કરવામાં સરદાર સરોવરની જેમ અમે ના લઇએ. અમારા રાજ્યની અંદર જ્યારે પણ કોઇ ભૂમિ પૂજન થાય, બે થી ત્રણ વર્ષના ગાળામાં એ પ્રોજેક્ટ પુરો થાય એ અમારી કટિબદ્ધતા છે અને એટલા માટે બુલેટ ટ્રેનની ઝડપે ૨૦૦ થી ૩૦૦ કિલોમીટરની ઝડપે યોજના પુરી કરવાનું સ્વપ્નું અને યોજના પુરી કરવાની કટિબદ્ધતા આ ગુજરાતની સરકારમાં છે અને એટલા માટે ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક ઉપર આગળ વધી રહી છે અને એના માટે રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન હું આપુ છું.

સાહેબ, ગૃહમાં ઘણી બધી વાતો થઇ, ખેડૂતો વિશે ઘણી બધી વાત થઇ મારે વાત કરવી છે કે, એક વર્ષની અંદર ગુજરાત સરકારે ૪૭૫ જે મહત્વના નિર્ણયો લીધા આ નિર્ણયોમાં, હું સુરત મહાનગરમાંથી આવું છું, અમારા મહાનગરમાં શું કામો થયા, અમારા મહાનગરમાં શું શું ડેવલપમેન્ટ થયું, અમારા મહાનગરને આ નિર્ણય દ્વારા શું શું ફાયદાઓ થયા, એ વાત મારે મૂકવી છે. એક વર્ષથી ગુજરાત સરકારે જે અનેક મહત્વના નિર્ણયો લીધા એમાં મારે આ બજેટની અંદર અનેક પ્રકારના પ્રોજેક્ટો ભવિષ્યમાં આવવાના છે એ વાત નથી કરવા માગતો. મારે માત્ર એટલી જ વાત કરવી છે કે, ગયા એક વર્ષ દરમિયાન જે મહત્વના નિર્ણયો લીધા એ નિર્ણયને કારણે સુરતમાં એની શું અસર આવી છે એ વાત કરું તો સાહેબ, સૌથી પહેલા સુરતને જે મેટ્રો ટ્રેનની સુવિધા મળે એના માટે રૂ. ૧૨,૮૦૦/– કરોડના ખર્ચે તૈયાર થનારી સુરત મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ, એ પ્રોજેક્ટની અંદર છારા થી લઇને ડ્રિમ સિટી, ભેંસાણથી લઇને સરોલી સુધીનો જે આખો રોડ છે એના ઉપર આ મેટ્રો ટ્રેન દોડવાની છે( સમયસૂચક ઘંટડી) સાહેબ, હજુ તો શરૂઆત છે.

અધ્યક્ષશ્રી : ૧૪.૨૪એ તમારું વકતવ્ય પુરું થાય છે, ૧૪.૨૩ થઇ છે.

શ્રી પુર્ણેશ મોદી : સાહેબ, એટલા માટે આ મેટ્રો ટ્રેનને સૈદ્ધાંતિક મંજૂરી આપવાનું કામ ગુજરાત સરકારે ફાસ્ટ ટ્રેક પર કર્યું છે. બીજું સુરત રેલ્વે સ્ટેશન, સાહેબ વિશ્વમાં ક્યાંય નહીં એવું રેલ્વે સ્ટેશન બનાવવા આગળ વધી રહ્યા છે. આખા વિશ્વમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રેલ્વે સ્ટેશન, વર્લ્ડ ક્લાસ રેલ્વે સ્ટેશન માટે મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ બનાવવાનો નિર્ણય આપણી ગુજરાતની આપણી ફાસ્ટ ટ્રેક સરકારે કર્યો છે એ અભિનંદનને પાત્ર છે.

સાહેબ, એર કનેક્ટિવીટી, રિઝિયોનલ કનેક્ટિવીટીની સ્કીમ હેઠળ ગુજરત સરકાર અને કેન્દ્ર સરકારના એમ.ઓ.યુ. થયા, ૧૧ જેટલા ગુજરાતના નાના નાના શહેરો જોડે ભાવનગર, પોરબંદર, ભૂજ, કેશોદ, કંડલા, ડિસા, અમરેલી, મહેસાણા,

માંડવી અને જામનગર જોડે સુરતને એર કનેક્ટિવીટીનું જોડાણ ઉપલબ્ધ થયું એનો જો નિર્ણય કોઇએ કર્યો હોય તો એ આ ગુજરાતની અમારી ફાસ્ટ ટ્રેક સરકારે કર્યો છે.

સાહેબ, લોક માતા તાપી નદી અમારી, શુદ્ધિકરણ અભિયાન કરોડો કરોડો રૂપિયાના ખર્ચે તાપી નદી શુદ્ધિકરણ ફેઝ–૧નો માસ્ટર પ્લાન તથા પ્રોજેક્ટ રિપોર્ટને રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી, આ નિર્ણય લેવા બદલ પણ આ ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક ઉપર આગળ વધી રહી છે એ બદલ સરકારને અભિનંદન આપું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર ધારાસભ્ય હિતુભાઇએ આ સન્માનનીય ગૃહ સમક્ષ આજે જે બિનસરકારી સંકલ્પ રજૂ કર્યો છે તેમાં મારો સૂર પુરાવું છું અને સમર્થન કરું છું. આમાં પણ મારા વિચારો વ્યકત કરું છું કે અમારી સરકાર હંમેશા પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ સરકાર રહી છે અને નિર્ણયમાં હંમેશા ત્વરિત નિર્ણય કરતી અમારી સરકાર હંમેશા ખેડૂતલક્ષી સરકાર રહી છે. હું પણ એક ખેડૂતપુત્ર છું. ખેડૂતપુત્ર હોવાના નાતે મારા બ્લડમાં પણ ખેડૂત પ્રત્યે લાગણી હોય એ સ્વાભાવિક છે. ગામડાંમાં રહેનારો ખેતી પર આધારિત ભગવાન ભરોસે જીવનારો એટલે ખેડૂત. પાકે તો શું, ન પાકે તો શું પણ હસતા મુખે સ્વીકારી લે અને નવા વર્ષની રાહ જોનાર એને ખેડૂત કહેવાય. પથ્થરને પાટુ મારીને પેદા કરવાની જેની હિંમત છે. ખડતલ, સખત મહેનત કરીને જીવનારો વર્ગ એટલે ખેડૂત. અગાઉની સરકારોએ કયારેય પણ આ ખેડૂતોની પરવા કરી નહોતી. આ તકલીફોમાં મદદ કરવાની ખેવના ધરાવનારા આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર ખેડૂતોને સારા બિયારણ મળે, પાણીની સુવિધા મળે, રાસાયણિક ખાતરો અવેલેબલ થાય એ માટે હંમેશા સતત પ્રયત્નશીલ રહી છે. ગુજરાતની સરકારે એને ફુલ સમર્થન કરીને ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇએ પણ આ પ્રધાનમંત્રી વિમા ફસલ યોજના લાગુ કરીને આજના ખેડૂતને એક સક્ષમ ખેડૂત બનાવવા માટેની કોશિષ કરી છે એટલું જ નહીં પરંતુ ખેડૂતને મદદરૂપ થવા માટે ડેપ્યુટી સી.એમ. આદરણીય નીતિનભાઇએ પણ બજેટમાં અનેક જોગવાઇઓ કરીને ખેડૂતલક્ષી ૭૭૩૭ કરોડનું બજેટ મૂકીને એમણે અનેક જોગવાઇઓ ખેડૂતલક્ષી કરી છે. સાથેસાથે આ વખતે ગુજરાત સરકારે પણ ઓર્ગેનીક યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન કરેલ છે ત્યારે ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાત સરકારે કેન્દ્રની પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના જયારે અમલમાં મૂકી છે ત્યારે તેના થકી ખેડૂતોને આવનારા સમયમાં કેટલો ફાયદો થશે, કેવી યોજના છે એ વિશે હું ચોકકસ મારી વાત રજૂ કરીશ. ભારત સરકાર દ્વારા જાહેર કરેલી નવી આ પાક વીમા યોજના પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અમારા રાજયમાં ખરીફ વર્ષ ૨૦૧૬–૧૭ થી કરેલ છે. સદર યોજનામાં કૃષિક્ષેત્રે પ્રવર્તતા અનેક જોખમો સામે ખેડૂતને આર્થિક રક્ષણ આપવાની જોગવાઇ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. વિપરીત વિસ્તારોમાં વરસાદની અછત હોય છે. પ્રતિકૂળ વાતાવરણ હોય છે. વાવણી ન થવી એમાં પણ એનો સમાવેશ કરેલો છે. કાપણી પછી નુકસાન થાય એનો પણ સમાવેશ કરેલો છે. ખેડૂતને તારાજી વેઠવી ન પડે અને એનો વિશ્વાસ વધે એ માટે અમારી સરકારે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનું આયોજન કર્યું છે. સ્થાનિક આપત્તિના કારણે થતું નુકસાન જેવા જોખમોને પણ આ સ્કીમમાં કવરેજ કરેલું છે. આ સ્કીમ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના નજીવું પ્રીમિયમ ખેડૂતોએ ભરવાનું હોય છે. ખરીફ ઋતુ માટે કઠોળ સહિતના ખાદ્ય પાકો અને તેલીબીયાના પાકો કરતા ખેડૂતો માટે ફકત બે ટકા પ્રિમિયમ અને રવિ ઉનાળુ ઋતુના કઠોર પરિશ્રમના ખાદ્યપાકો અને તેલીબીયા પાકો ઉગાડતા ખેડૂતોને ફકત દોઢ ટકો પ્રિમિયમ અને ત્રણેય ઋતુના વાર્ષિક, વાણિજય અને બાગાયતી પાકો માટે પાંચ ટકા પ્રિમિયમ ભરવાનું રહે છે. તે ઉપરાંતના પ્રિમિયમમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર સરખા ભાગે મળી આ રીતે ખેડૂતને સહાય કરવાનું કામ અમારી સરકારે કર્યું છે. માટે જ ખેડૂતોમાં વિશ્વાસ પેદા થયો છે અને ખેડૂત ભા.જ.પ. ની પડખે રહ્યો છે. આ યોજનાના અમલીકરણ હેઠળ ખરીફ પાક ૨૦૧૬–૧૭ ની ઋતુમાં ૨૫.૬૭ લાખ હેકટર અને રવિ ઉનાળુમાં ૨૦૧૬–૧૭ ની ઋતુમાં ૨૭૫૦૦૦ હેકટર વાવેતર વિસ્તારમાં આ વિમા હેઠળ આવરી લેવામાં આવેલ. ખરીફ ૨૦૧૭–૧૮ માં ૨૩.૧૪ લાખ હેકટર અને રવિ ઉનાળું ઋતુમાં ૨૦૧૭–૧૮ હાલની સ્થિતિએ ૩.૨૬ લાખ હેક્ટર વીમા હેઠળ આવરી લેવામાં આવેલ હતું. ગઇકાલની ચર્ચામાં અમારા કોંગ્રેસના સાથી મિત્રો એવી વાત કરતા હતા કે સરકારે ૨૪ લાખ પ્રિમિયમ રાજ્ય સરકારે ભરીને એનું વળતર ન મેળવ્યું, પણ કદાચ એ પણ અમારા ડેપ્યુટી સી.એમ.એ જવાબ આપેલ અને હકીકત છે કે ગઇ ખરિફમાં ૨૦૧૬–૧૭ માં ૧૧૦૮.૨૮ કરોડ અને રવિમાં ફકત ૧૫ કરોડનું પ્રિમિયમમાં સહાય કરવામાં આવી હતી. હકીકત ફકત ગુજરાત સરકારે ૧૧૦૮.૨૮ કરોડ અને ભારત સરકારે પણ એટલું જ પ્રિમિયમ ભરેલું. એટલે કોંગ્રેસની વાત વાહિયાત છે. ખોટું બોલવાની એમની માનસિકતા છે. અનુસૂચિત જાતિ તથા જનજાતિના તથા નાના સીમાંત ખેડૂતોને ઉપયોગી ઓઝારોની કીટ આમાં મળી રહે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં અનુસૂચિત જાતિ જનજાતિ, સામાન્ય વર્ગના નાના, સીમાંત ખેડૂતો નાના પાયે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે અને આધુનિક ખેતી તરફ આવા ખેડૂતોને વાળવા માટે ઘણા પ્રયત્ન થવા છતા આવા મોટી સંખ્યામાં ખેડૂતો અને આવા કુટુંબના સભ્યો જાતે મહેનત કરી ખેતી ઉપર નભે તેવા પ્રયત્નો અમારી સરકાર કરી રહી છે. ખેડૂતોને ખેતીના સામાન્ય કાર્ય, શેઢા, પાળા સાફ કરવા, રોપણી, ચોપણી, અને વાવણી કરવી એ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દેશી ખાતર તૈયાર કરવું અને જમીનમાં આપવું, કાપવું, લણવું વગેરે તમામનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખેતી કરતો ખેડૂત જાતે પોતાના હાથ ઓજારની મદદથી કામ પાર પાડે આવા વર્ગના ખેડૂતોને સારા ગુણવત્તાવાળા ૧૧ પ્રકારના ૨૮ હાથ ઓજારની એવી કીટ બનાવી સહાય આપવાની યોજના આમાં સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના યુવાન સભ્ય અને ગુજરાતી ચલચિત્રના

બિન–સરકારી સંકલ્પો

ખૂબ જ સારા કલાકાર આપણા બધાનું ગૌરવ પણ છે એવા આદરણીય હિતુભાઇ કનોડિયા બિન–સરકારી સંકલ્પ ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક ઉપરનો લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. આજે સાયન્સ ડે તો છે, પણ ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજીભાઇ દેસાઇનો આજે જન્મ દિવસ છે, ત્યારે જ્યારે ઇતિહાસ પ્રયાસોને નથી જોતો. એ હંમેશા પરિણામને જુએ છે. આજથી ૪ વર્ષ પહેલાં રાષ્ટ્રના જન માનસ ઉપર એક પોલિસી પેરાલીસીસનો શબ્દ સવાર હતો. કોઇપણ નિર્ણય ન લેવો એ પણ એવો એક નિર્ણય છે. એવી જાણીતી વાતને અનુસરતા ૧૦ વર્ષ કેન્દ્રના શાસનમાં રહેલ યુ.પી.એ. સરકારે અનિર્ણિતાને પોતાના શાસનનું શીર્ષક બનાવી દીધું હતું. એનાથી વિપરિત પ્રો– એક્ટિવ ગવર્નન્સ આદરણીય આજે તો એક જમાનામાં ગુજરાતની તેજ, તમન્ના અને તાકાતના પ્રતિનિધિ હતા. પછી દેશની તેજ, તમન્ના અને તાકાતના પ્રતિનિધિ થયા. અને આજે સમગ્ર વિશ્વની તેજ, તમન્ના અને તાકાતના પ્રતિનિધિ આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સિદ્ધાંતને ચરિતાર્થ કરીને આજે ભાજપની સરકારના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇના વડપણ હેઠળની આ ભાજપની સરકારના એક ધારાસભ્ય હોવાનો હું ગૌરવ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલા નિર્ણયની વાત કરું. ફાસ્ટ ટ્રેક નિર્ણયો જે લીધા છે અને આપ પણ તેમાંથી પસાર થયા છો પરંતુ આપે મને નિશ્ચિત સમય આપ્યો છે. એટલે મને *(×××).

અધ્યક્ષશ્રી : આ *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૬૫ દિવસમાં લેવાયેલા ૪૭૫ નિર્ણયો પૈકી કેટલા નિર્ણયની ચર્ચા કરી શકું. દેશમાં આજે મારા જે સભ્ય છે અને સંકલ્પ લઇને આવ્યા છે તેમણે યુવાનોની સરકારની વાત કરી છે. સાચી વાત છે. આજે દેશમાં ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષની ઉંમરની આસપાસની છે. રાષ્ટ્રના જીવનમાં આવો તબક્કો હજાર વર્ષ નહીં કેટલાય વર્ષો પછી આવતો હોય છે અને તે આ હિન્દુસ્તાનને ફાળે આવ્યો છે. આ તબકકાને આપણે ઝડપી લઇએ. ડેમોગ્રાફી ડિવીડન્ડની જે વાત છે, તેમાં ગઇકાલે માનનીય પ્રમુખશ્રીએ વાત કરી હતી. તે ડેમોગ્રાફી ડિવીડન્ડમાં ડેમોગ્રાફી સરપ્લસ બને અને જો નિષ્ફળ જાય તો તે ડીઝાસ્ટર બને છે. માનનીય વડાપ્રધાને ડીઝીટલ ઇન્ડિયા હોય, સ્ટાર્ટઅપ ઇન્ડિયા હોય, સ્ટેન્ડઅપ ઇન્ડિયા હોય, કૌશલ્ય ભારત જેવા પ્રકલ્પોને આગળ વધારીને બજેટની અંદર નાણામંત્રીએ દસ લાખ રૂપિયાની યુવા સ્ટાર્ટઅપ યોજના અમલમાં મૂકી છે તે આનંદની વાત છે અને અભિનંદનને પાત્ર છે. સામાન્ય રીતે વિદેશના વડાઓ દેશની રાજધાની ઉપર રીસીવ થતા હોય છે. આજકાલ આ વિદેશી મહાનુભાવો દેશની રાજધાનીમાં તો આવે છે સાથે સાથે આ ગાંધીના ગુજરાતની મુલાકાત લેવા પ્રેરાય છે. તેની પાછળનું કોઇ કારણ હોય તો આપણા રાજયનું ફાસ્ટ ટ્રેક ગવર્નન્સ છે. ગુજરાતે વિશ્વના નકશા પર આગવી નિશાની ઉપસ્થિત કરી છે. ખૂબ નાની વાત એટલા માટે છે કે ઇઝરાઇલના વડાપ્રધાન અહીં આવ્યા ત્યારે બનાસકાંઠાના સૂઇગામ તાલુકામાં વોટર ડીસેલીનેશન કરવા માટેની મોબાઇલવાન આપી. નિર્ણય ખૂબ નાનો છે પરંતુ અસરો ખૂબ વિશાળ છે. રાજય સરકારે સવા લાખ વીજ જોડાણો આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ પહેલીવાર એવું બન્યું છે કે ખેડૂતોને એક જ સરવે નંબરમાં બીજીવાર વીજ જોડાણ આપવાનો નિર્ણય ભાજપની ફાસ્ટટ્રેક સરકારમાં થયો છે. શ્રમીક અન્નપૂર્ણા યોજનામાં ફકત દસ રૂપિયામાં ભોજન આપવાની વાત છે તે સરકારની સંવેદના સૂચવે છે. ઇ ગવર્નન્સના ઉદ્દેશને લઇને ગ્રામ પંચાયતથી લઇને સચિવાલય સુધી તમામ સેવાઓને ટેકનોલોજીના માધ્યમથી આપણે સાંકળી છે. સોશ્યલ સેકટરની વાત કરીએ તો શિક્ષણ અને આરોગ્ય, મહિલા અને બાળ કલ્યાણ તે આપણી સરકારની પ્રાથમિકતા રહી છે. મા વાત્સલ્ય યોજનામાં આજે અઢી લાખની જગ્યાએ ત્રણ લાખ થયા છે. બે લાખની જગ્યાએ ત્રણ લાખ કરવામાં આવેલ છે. વિરોધપક્ષના કોઇ સભ્ય નથી. મને યાદ છે ગઇ વખતે ગ્યાસુદ્દીન શેખે તે વખતના મુખ્યમંત્રીને આપ પણ તેના સાક્ષી બન્યા છો. તે વખતે તેમણે અભિનંદન આપ્યા હતા.

અધ્યક્ષશ્રી : અત્યારે મને સાક્ષીમાં ન લો તો સારું. અત્યારે સાક્ષી નહીં જજના રોલમાં છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આ એટલા માટેની વાત છે કે આપણે સોશ્યલ સિકયોરિટીની વાત કરીએ છીએ. સિનિયર સિટીઝન માટે આવકની મર્યાદા છ લાખની કરી છે. એક જમાનો એવો હતો કે જીપીએસસીની પરીક્ષા આપીને દરેક ગુજરાતના યુવાનો એમ ઇચ્છે કે હું ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ અને ૨ ની પરીક્ષા આપીને આગળ વધું. મામલતદાર બનુ, પ્રાંત ઓફિસર બનું. છેલ્લે આપ પણ તેના સાક્ષી હતા.

અધ્યક્ષશ્રી : મને સાક્ષી ન બનાવો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : વિરોધપક્ષને એક શાયરીમાં કહેવું છે. પ્રધાનમંત્રીએ પાર્લામેન્ટમાં વિરોધપક્ષ માટે આ શાયરી કહી હતી.

‘‘સફર મેં ધૂપ તો હોગી જો ચલ શકો તો ચલો, સભી હૈ ભીડમે, તુમ ભી નિકલ શકો તો ચલો,  
કીસી કે વાસ્તે રાહે કહાં બદલતી હૈ, તુમ અપને આપકો ખુદ હી બદલ શકો તો ચલો,  
યહાં કીસી કો કોઇ રાસ્તા નહીં દેતા, મુઝે ગીરા કર અગર તુમ સંભલ શકો તો ચલો’’ આભાર.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય સભ્યશ્રી હીતુભાઇ કનોડિયા બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, સૌથી પહેલા તો એમની મેઇડન સ્પીચ માટે અભિનંદન આપુ છું. ખૂબ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અભ્યાસપૂર્ણ અને સારી રીતે એમણે એમની વાત રજૂ કરી છે. પૂર્ણેશભાઇએ આજે વિજ્ઞાન દિવસની વાત કરી, હું પણ રાજ્યના શિક્ષણ મંત્રી તરીકે આજના નેશનલ સાયન્સ ડે માટે સભાગૃહને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું અને માહિતી માટે કહું છું કે આજે અમદાવાદ કોરપોરેશનની શિક્ષણ સમિતિએ એક સાથે ૧૧૫૮ બાળ વૈજ્ઞાનિકોને એમની કૃતિ રજૂ કરવાની તક આપી અને સરદાર પટેલ સ્ટેડીયમમાં ખૂબ મોટો દેશનો સર્વશ્રેષ્ઠ કાર્યક્રમ કર્યો એમાં સવારમાં હું ઉદઘાટનમાં ગયો હતો. આજે માનનીય મોરારજીભાઇનો પણ જન્મ દિવસ છે, ત્યાં પણ સરકાર વતી રાજઘાટ ઉપર જઇને મેં પણ આજે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા છે અને દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદજીનો આજે નિર્વાણ દિન છે એટલે હું સ્મર્ણાંજલિ અને શ્રદ્ધાંજલિ બન્ને અર્પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા બધા જ સાથી મિત્રોએ ખૂબ સારી રીતે સરકારની ગવર્મેન્ટ ઓન ફાસ્ટ ટ્રેક ખૂબ સરસ સિદ્ધિઓની પોત પોતાની આગવી રીતે રજૂઆત કરી છે. મારે તો મૌલિક જે આ સરકારે કામ કર્યું છે એની વાત કરવી છે, એમાં જ્યોતિગ્રામ યોજના, ભૂતકાળમાં ક્યારે આવે, ક્યારે જાય, ખેતીની તો વાત જ નહીં પૂછવાની પણ ડોમેસ્ટીક ઘર વપરાશની વીજળી પણ અનિયમિત રીતે કેટલીકવાર બપોરનો સમય હોય મા કે બાપ બિમાર હોય તો એને જ ખબર હોય કે વીજળી નથી એટલે કરન્ટ નથી એટલે પંખા પણ બંધ છે, આનો જન્મ પણ એમાંથી જ થયો હતો. ગામડાંમાં ૨૪ કલાક વીજળી મળવી એ તો એક સ્વપ્ન હતું. સામેના મિત્રોને આજે પણ એનો ખ્યાલ નથી આવતો અને અમને છટ્ઠી વાર લોકોએ પસંદ કર્યા હોયને તો શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ અને આ જ્યોતિગ્રામની યોજના છેને એને કારણે અમને પસંદ કર્યા છે. રાજ્ય સરકારે માનનીય નરેન્દ્રભાઇ હતા ત્યારે સોશીયો ઇકોનોમિક સરવે કરાવ્યો કે ૬ વાગ્યે લાઇટ બંધ થઇ જાય અને ગામમાં નવરાત્રી હોય, તહેવાર હોય, લગ્નપ્રસંગ હોય, નવા વર્ષની ઉજવણી હોય, મહેમાનો આવે–જાય, જાન આવે આ બધા જ પ્રસંગોએ એ ગામોની પાન–બીડી, ઠંડા પીણા આ બધાની જે આવક જ્યોતિગ્રામ પહેલા હતી એ સીમીત હતી. એક કે બે વર્ષ જ્યોતિગ્રામ યોજના શરૂ થઇ અને પછી અમે સર્વે કરાવ્યો તો એ બધાની આવકમાં દોઢ ગણો, ડબલ વધારો થયો કારણ કે ૨૪ કલાક વીજળી મળતી થઇ એને કારણે તહેવારો કે નવરાત્રીની ઉજવણી થાય અને રાત્રે અગિયાર–બાર વાગ્યે કોઇને કંઇક જોઇતું હોય તો એ મળી શકે. એટલે આ એક મૌલિક જેને કહી શકાય એવો નિર્ણય આખા સમાજ જીવનના જીવન ધોરણને બદલી શકે છે, ખેડૂતોને શુદ્ધ બિયારણ મળવું જ જોઇએ. શુદ્ધ બિયારણ ન હોય તો એનું આખું વરસ બગડતું હોય છે અને એટલા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે એક નેમ કરેલ છે, એક સંકલ્પ કરેલ છે કે અમારે રાજ્યના ખેડૂતોને એનું વરસ ના બગડે એટલા માટે એવી કામગીરી કરવી છે. એક દિવસ એવો હતો કે પાનના ગલ્લે બિયારણ મળતું હતું. આજે શુદ્ધ બિયારણ મળે છે. રાજ્યની બીજ નિગમ કે જે એક એજન્સી છે એના દ્વારા પણ તમામ પાકનું પૂરતા પ્રમાણમાં બિયારણ જે આજે મળે છે અને એના માટે પણ ફાસ્ટટ્રેક કેવી રીતે કહેવાય? ૩૬૫ દિવસમાં ૩૭૫ નિર્ણય કરવા એ કોઇ નાની બાબત છે. ટવેન્ટી ટવેન્ટી કરતાં પણ ઝડપથી માનનીય વિજયભાઇએ આ એક સવા વરસમાં વહીવટ કર્યો છે. કોઇપણ એક નિર્ણય કરવો હોય તો ઓછામાં ઓછી ત્રણ ચાર વખત અધિકારીઓ સાથે મિટિંગ કરવી પડે. એટલો સમય ક્યાંથી? પણ છતાંય રાત દિવસ જોયા સિવાય પ્રજા માટે સરકારે આ બધા કામો કરીને નિર્ણયો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો ખાતરની, એની સાથે સાથે બિયારણની પણ વાત કરું. આપણે વરસો સુધી જોયું છે કે મળે, ના મળે, હિતુભાઇએ બહુ સરસ કહ્યું કે ખેડૂતોને લાઠી ખાવી પડે, લાઇનોમાં ઉભાં રહેવું પડે. આ એક મૌલિક નિર્ણય લીધો. મેં કહ્યુંને કે મારે બીજી બધી વાત નથી કરવી કે નીમકોટેડ બિયારણ. અગાઉ એ બધું બિયારણ જતું હતું ક્યાં? નરેન્દ્રભાઇનો એક સ્વભાવ રહ્યો છે કે પહેલાં ડાયગ્નોસીસ કરવું અને પછી એનો ઉકેલ શોધવો અને પછી એનો અમલ કરવો. આ ખાતર, ખેતરના બદલે ક્યાં જતું હતું તો કોઇ કેમિકલના કારખાનામાં જતું હતું. સહકારી મંડળીઓ સુધી પહોંચે જ નહિ અને અધ્ધવચ્ચેથી જ ઉપડી જતું હતું એવા સંજોગોમાં આ ખાતર ત્યાં ન પહોંચે અને પહોંચે તો એનું જે કામ છે એ બગડે એને બિનઉપયોગી થાય. એટલા માટે આઇડીયા કેવો કર્યો કે જે લીંબોળી હોય છે એને ક્રશ કરીને જે પ્રવાહી નીકળે એમાંથી આ ખાતરને પસાર કરવામાં આવે એટલે પછી ક્યાંય એનો કોઇ ઉપયોગ જ ન થાય, માત્રને માત્ર એ ખેતર સુધી જ પહોંચે અને એમાં જ ઉપયોગ થઇ શકે. આ એક મૌલિક નિર્ણયના કારણે છેલ્લાં ત્રણ ચાર વરસની અંદર આખા દેશની અંદર ક્યાંય વાંચ્યું નથી, જોયું નથી, મિડિયામાં સાંભળ્યું નથી કે કોઇ ખેડૂતે આ માટે લાઇનમાં ઉભા રહેવું પડ્યું હોય અને તૈયાર પાક હોય અને ખાતરની રાહ જોતો હોય એવો એક પણ દિવસ આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રીપ ઈરીગેશન. ઇઝરાયેલમાં માત્ર ૩ કે ૪ ઇંચ વરસાદ પડે છે અને છતાંય કોઇપણ પ્રકારની પાણીની અછત નથી. નથી ખેતીમાં, નથી ઉદ્યોગમાં નથી ઘર વપરાશમાં, ક્યાંય પણ નથી. વિવેકપૂર્ણ પાણીનો ઉપયોગ થાય છે. આ બાબતમાં પણ ૨૦૦૫ કે ૨૦૦૬ની સાલમાં આપણા નરેન્દ્રભાઇ ઇઝરાયેલ ગયા અને એ વખતે માનનીય શરદ પવાર કેન્દ્રમાં કૃષિમંત્રી તરીકે હતા તેઓ પણ ગયા હતા, ત્યાં એક મૌલિક વાત કરી. પર ડ્રોપ એક ટીપાંમાંથી વધુ પાક, પર ડ્રોપ મોર ક્રોપ. ઇઝરાયેલ તો ચાળીસ વરસથી આ કામમાં છે. હું પણ ૧૯૯૪–૯૬ ની સાલમાં ત્યાં જઇ આવેલો છે. પણ આ એક મૌલિક વિચાર આ જે કામ કરતા હતા એમને નહોતો આવ્યો, એ વિચાર આવ્યા પછી હું કૃષિમંત્રી તરીકે માનનીય શ્રી શરદ પવારને મળ્યો. ત્યારે એમણે કહ્યું કે તમારા મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું આ એક મૌલિક વિચાર એમને આવ્યો. આના ઉપર આખા ઇઝરાયેલની ઇકોનોમી ચાલે છે. એ દિશામાં ગુજરાતને પણ અમે લઇ જાવ માગીએ છીએ. ખેડૂતના ટેકાના ભાવની એ ખરીદી હોય, એ મગફળી હોય, કપાસ હોય, દાળ હોય, ડાંગર હોય, આ બધી બાબતોમાં અમે ખેડૂતોની પડખે ઉભાં રહ્યા છીએ. અમારે મન બધા જ વર્ગો સમાન છે. બધી જાતિઓ સમાન છે. જેમ હિતુભાઇએ બહુ જ સરસ વાત કરી

આજે કે વણકરનું કામ જે છે એ જોડવાનું કામ છે જે કાપડ બને છે એ સવર્ણો પહેરે છે એટલે વણકર સમાજની તો સવર્ણ સમાજની ઉપર મોટી દેન છે, અર્થકારણમાં પણ એમની મોટી દેન છે અને એવા સંજોગોમાં જોડાયેલા સમાજને તોડવાનું કામ જે અત્યારે આપણે જોઇએ છીએ એ સામાજિક રીતે ખૂબજ નુકસાનકારક છે. આદિ જાતિ વિસ્તાર હોય એ આદિજાતિને છેક અમદાવાદ સુધી ન આવવું પડે એના માટે અમે ગોધરામાં યુનિવર્સિટી આપી. હજુ પણ આગળ વધીને ગણપતભાઇ અને અમારા મંગુભાઇ બધાની જે તે વખતની માગણીને ધ્યાનમાં રાખીને ૨૦૧૭ની અંદર અમે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી પણ આ વિસ્તારને આપી છે. એમની કન્યાઓને ભણવા માટેની સાયકલની ભેટ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી આજે વિશ્વ કયાં પહોંચ્યુ છે. તો ગુજરાત તેની પાછળ ના જ રહી જાય સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં ગઇકાલે મેં જવાબ આપ્યો હતો પણ આજે તેની થોડી માહિતી આપવા માગુ છું •(×××) જીનમાં નહોતું સાંભળવું અને સમજવુ. પણ જાણવા જેવી બાબત છે છેલ્લે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં બાયો ટેકનોલોજી વિષય આવે છે અને છેલ્લામાં છેલ્લી શોધ કેવી થાય છે અને તેનાથી ગુજરાત કેવી રીતે પાછળ રહી શકે. કોઇ માણસનું શરીર કામ કરતુ નથી પણ મગજ કામ કરે છે આપ કહો તે પહેલાં જ હું ટૂંકમાં પતાવું છું.

અધ્યક્ષશ્રી : ના, એટલા માટે નહીં *(×××) જીનમાં શબ્દની જગ્યાએ કોંગ્રેસના જીનમાં તમે કહેવા માગતા હોય તો ભલે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તે કોંગ્રેસના જ, સામે કોંગ્રેસ જ બેસે છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાંખીશુ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હા, તો કોંગ્રેસના જ તે આમાં તે હોત તો કોંગ્રેસ શબ્દ મારા મોઢામાં આવી જાત.

માનનીય અધ્યક્ષશ્રી, કેવી શોધ થાય છે આપણને આશ્ચર્ય લાગે. બે બિમાર વ્યકિતઓ છે એમાં એકનું શરીર કામ નથી કરતુ પણ મગજ કામ કરે છે જયારે બીજાનું શરીર કામ કરે છે પણ મગજ કામ નથી કરતુ. બન્ને મરી જવાના છે પણ વિજ્ઞાનની છેલ્લી શોધ બાયો ટેકનોલોજીની શોધ અને નક્કી કરે કે કોઇ એકને બચાવવો છે તો જેમ ગણાપતિનું દાદાનું શિરચ્છેદ થયેલુ અને પછી બાયો ટેકનોલોજીના અમલના કારણે હાથીનું મસ્તક જેમ એમના ઉપર લગાવેલું તે બાયો ટેકનોલોજી તે આપણાં પુરાણોમાં છે, શાસ્ત્રોમાં છે આપણે વિશ્વગુરુ કેમ હતા કારણ કે તે વખતે પણ ગણાપતિ દાદાના મસ્તક ઉપર હાથીનું મસ્તક લગાવ્યું તે બાયો ટેકનોલોજીનો પુરાવો છે. એમ આમાં પણ જેનું શરીર કામ કરે છે અને બીજાનું મસ્તક કામ કરે છે આ છેલ્લી શોધ. આજે ડાયબિટીસ છે તે દસ વર્ષે થાય, વીસ વર્ષે થાય, ચાલીસ વર્ષે પણ થાય છેલ્લી બાયો ટેકનોલોજીની શોધ કઇ છે સાયન્સની કે, માતા ગર્ભાવસ્થામાં હોય અને તેનું લોહી લેવામાં આવે તો આવનાર બાળકને ડાયાબિટીસ વીસ વર્ષે થશે કે ચાલીસ વર્ષે થશે ગુજરાત તેનાથી પાછળ રહેવું જ ના જોઇએ તેના માટે માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારે, નીતિનભાઇએ પૂરતાં પ્રમાણમાં પૈસા આપીને સો કરોડથી વધારે કલ્પસર યોજના માટે પણ રાજય સરકાર કટિબદ્ધ છે. પાણી પુરવઠાની પણ ખૂબ વિગતે માહિતી મારી પાસે છે પણ મારે આ સભાગૃહને કહેવું છે કે આજકાલ પાણીની તંગી અંગે ચર્ચા ચાલે છે, પણ આપણે સ્વભાવ કેમ ના બનાવીએ, કરકસરયુકત, વિવેકપૂર્ણ રીતે પાણીનો ઉપયોગ કેમ ના કરીએ અને તેના કારણે આપણે ચોક્કસ આજે આ તકે મારે વિધાનસભા મારફતે સમાજને પણ અપીલ કરવી છે. પાઇપ લાઇનની નાની માટેી બધી યોજનાઓ શહેરી ગ્રામ ગૃહ નિર્માણ દ્વારા પણ શ્રમ અને રોજગાર મારફતે પણ આજે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી, ભરતી મેળા ૮૫ ટકા સ્થાનિકને રોજગારી મળવી જોઇએ તેનો પણ ચૂસ્ત અમલ. તાલુકા લેવલના, જિલ્લા લેવલના અને રાજય લેવલના ભરતી મેળા કરીને કારીગરની તાલીમની યોજના હોય, ટેબલેટની મારા વિભાગની વિતરણની યોજના. વિદ્યાર્થી માન્ય યુનિવર્સિટી કે સરકારી કોલેજમાંથી બહાર પડે તો એક હજાર રૂપિયા ભરે તો તેને આઠ હજાર રૂપિયાનું ટેબલેટ આપે. અને એક હજાર રૂપિયા પણ સરકાર પોતાની પાસે રાખવા માગતી નથી એમાં ૩૦ કરોડ રૂપિયા ભેગાં થયા તે બધીજ સરકારી કોલેજોને અમે સરકારી વાઇ-ફાઇ કરી નાંખી છે. આજનો આપણે દીકરો તે આવતીકાલનો નાગરિક છે તે ભવિષ્યમાં વિશ્વ સાથે માત્ર હરિફાઇ નહીં પણ હરિફાઇમાં આગળ નીકળી શકે તેના માટેની પણ ખૂબ મોટી વ્યવસ્થા. સૌની યોજના, આપણે નેવાના પાણી મોભારે ચડાવવા તે કહેવત અને કહેવતમાં વિશ્વાસ કે નેવાના પાણી મોભારે ના જ ચડે પણ આ સૌની યોજનાએ તે કહેવતને ખોટી પાડી છે. નરેન્દ્રભાઇએ આ સૌની યોજના દ્વારા જયાં ભૂતકાળમાં ઇજનેરોએ કહેલું અને એટલા માટે એ વિસ્તારને તેમણે કમાન્ડમાં નહોતો લીધો પણ આ સૌની યોજના તે નેવાના પાણી મોભારે ચડાવવાનું એક મોટું સફળ કામ. નેશનલી સુધારા, સૂચિત સોસાયટીઓમાં એક લાખથી વધારે પરિવારોને લાભ અને વર્ષોથી અટવાયેલો પ્રશ્ન અને કોર્પોરેશનમાં સત્તા બદલાય, કમિશ્નર બદલાય, અધિકારી બદલાય અને સામાન્ય માણસને ચિંતા થાય નોટિસ મોકલાવે. ૯ અધિકારી હોય એટલે કંઇ કામ તો કરે જ ને. કુલ એક લાખથી વધારે પરિવારોને અને સરકારી જમીનને નિયમિત કરવા માટે મહેસૂલી સુધારા પણ કરવામાં આવ્યા છે. ટૂંકમાં કહીએ તો આ રાજ્ય સરકારે ગવર્નમેન્ટ ઓન ફાસ્ટ ટ્રેક એ સાત વર્ષની અંદર સાબિત કરી બતાવ્યું છે. છેલ્લે મારા સાથી મિત્રોએ પણ કહ્યું કે, આજે ૨૨ વર્ષથી ગુજરાતમાં શાંતિ અને સલામતી છે એના કારણે બહારથી વેપાર-ઉદ્યોગ પણ આવે છે અને એના કારણે જે સામાન્ય માણસ પાસે બે-ત્રણ વિઘા જમીન હતી એ વેપાર-ઉદ્યોગને કારણે જમીનોના ભાવ વધ્યા છે. સામાન્ય માણસ જે ઝૂંપડામાં રહેતો હતો એ આજે ફ્લેટમાં રહેવા ગયો છે. એનું એક જ કારણ શાંતિ અને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સલામતી છે અને એના કારણે ગુજરાતમાં જે વિકાસ થયો છે એ ભારતીય જનતા પાર્ટીને આભારી છે. હું માનનીય સભ્યશ્રીને અનુરોધ કરું છું કે, આપનો અક્ષરશ: સંકલ્પ રાજ્ય સરકારમાં હું માનનીય મંત્રીશ્રીઓને રજૂ કરીશ અને અમલીકરણ માટે ઘણું કર્યું છે છતાં કંઇ બાકી રહેતું હોય તો એનો હું સ્વીકાર કરું છું.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહમાં એક વિશેષ નોંધ લેવાની બાબત બને છે. આદરણીય ધારાસભ્ય શ્રી રતનસિંહભાઇ રાઠોડ જે લુણાવાડાના છે, જે અપક્ષ ધારાસભ્ય છે. જે ધારાસભ્યના સમયની કિંમત સમજી અને પોતે હાજર રહ્યા છે. હું એમને સામાન્ય રીતે અપક્ષ હોવાના કારણે એમને કદાચ ધ્યાનમાં હોય કે ન હોય કે આપને આ સંકલ્પના સંદર્ભમાં સિંચાઇ, પીવાના પાણી, વીજ જોડાણ માટે સરકારને કંઇ કહેવું હોય તો કહી શકો છો. હું આપને તક આપવા માગું છું.

શ્રી રતનસિંહ મ. રાઠોડ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી કહેવા માગું છું કે, સિંચાઇનો ખાસ પ્રશ્ન મારા તાલુકાને સંકળાયેલ છે ત્યારે આપે બોલવાની તક આપી છે તે બદલ આપનો ખૂબ–ખૂબ આભાર. ખાસ કરીને લુણાવાડા અને ખાનપુર છેવાડાના વિસ્તાર છે. આ છેવાડાના વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી છે અને સિંચાઇની મુશ્કેલી છે તો માનનીય સિંચાઇ મંત્રીશ્રીને વિનંતી કરું કે, મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના જે ૨૫ ગામો છે એને ધ્યાનમાં લે અને જે ખેડૂતો સિંચાઇથી વંચિત છે એની ચિંતા કરે એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી હિતુ કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કેટલી મિનિટ છે?

અધ્યક્ષશ્રી : બે મિનિટ. મને એવું લાગશે તો હું વધારી આપીશ.

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક બજેટની વાત રહી ગઇ હતી એટલે કહી દઉં છું કે, નાયબ મુખ્યમંત્રીશ્રી જે આ બજેટ લાવ્યા હતા એ બજેટ ખેડૂત લક્ષી બજેટ છે. નાયબ મુખ્યમંત્રી જે બજેટ લઇને આવ્યા હતા એ યુવાન માટેનું બજેટ છે. એ બજેટ મહિલાઓ માટેનું બજેટ છે અને આ જે બજેટ લાવ્યા છે એ ગરીબો માટેનું બજેટ છે. એટલે ગુજરાતની સાડા છ કરોડની જનતાના પ્રજાકીય કામોને ધ્યાનમાં રાખીને જ્યારે આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આ સરકાર કામ કરી રહી છે ત્યારે મારા આ સંકલ્પને આદરણીય ધારાસભ્યશ્રીઓ શ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબ, શ્રી રમણભાઇ પટેલ સાહેબ, શ્રી પિયુષભાઇ દેસાઇ સાહેબ અને આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબ અને આપણા અપક્ષના ધારાસભ્ય એવા શ્રી રતનસિંહ રાઠોડ સાહેબ આજે અહીં બોલ્યા એ લોકોએ મને સમર્થન આપ્યું છે એ બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું સરકારનો આભાર માનું છું. મારી પાસે હજી એક મિનિટ છે?

અધ્યક્ષશ્રી : આપ આપનું વક્તવ્ય ચાલુ રાખો. મને યોગ્ય લાગશે તો હું સમય વધારી આપીશ.

શ્રી હિતુ કનોડીયા : હું સરકારનો આભાર માનું છું અને ગુજરાતની અંદર ઊભો છું અને એક અભિનેતા છું તો એક મિનિટ જ માગીશ અને એની અંદર આપ સૌનો સાથ માગીશ. હું હાથ આમ કરું એટલે આપે કહેવાનું કે, ''ગુજરાતમાં છે.''

અધ્યક્ષશ્રી : આવી કોઇ પ્રથા ન પાડશો.

શ્રી હિતુ કનોડીયા : ભગવાન ભોળાનાથ પ્રથમ જ્યાતિર્લિંગ સ્વરૂપે જ્યાં પ્રગટ થયા હતા એ સોમનાથ ગુજરાતમાં છે. ભગવાન શ્રી કૃષ્ણ જે દ્વારકામાં સ્થાયી થયા હતા એ દ્વારકા ગુજરાતમાં છે. ભગવાન સ્વામિનારાયણ આખા ભારતનું ભ્રમણ કરતા કરતા જે ધરતીને ભક્તિમય બનાવી હતી એ ધરતી પણ ગુજરાતમાં છે. પૂજ્ય ગાંધી બાપુ કે જેમણે આઝાદીની લડાઇ લડી એ ગાંધી બાપુ પણ ગુજરાતના છે. ગાંધી બાપુની સાથે ખભાથી ખભા મિલાવીને જેમણે આઝાદીની લડાઇ લડી અને લોખંડી પુરુષ કહેવાય એ સરદાર વલ્લભભાઇ પટેલ પણ ગુજરાતના છે અને આજે આપણા ભારતના વડા પ્રધાન જે આખી દુનિયામાં પ્રખ્યાત છે એ શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ ગુજરાતના છે. જય જય ગરવી ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે એવી વિનંતી સાથે વિરમું છું.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

(૨) માનનીય સભ્યશ્રી શીવાભાઇ ભૂરીયાનો સંકલ્પ

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ( થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી હાજર નથી.

(૩) માનનીય સભ્યશ્રી પ્રતાપ દૂધાતનો સંકલ્પ

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી સસ્પેન્ડ. સભાગૃહનું આજનું કાર્ય પૂર્ણ થાય છે. સભાગૃહની બેઠક આવતી કાલે સવારે ૮.૩૦ કલાકે ફરીથી મળે, હજુ મારું વાક્ય પૂરું નથી થયું તે પહેલાં આપણે બધાયે જાણવું જોઇએ કે, અધ્યક્ષ જ્યારે બોલતા હોય ત્યારે સભાગૃહમાં હલનચલન કરવાની જરૂર નથી. શાંતિથી સાંભળવા જોઇએ. તો હું આ કહું એ પહેલાં બીજી એક વાત કહેવા માગું છું કે, મોર હંમેશા એના પીંછાઓથી શોભે અને આ સભાગૃહમાં ૧૮૨ પીંછા છે પણ પીંછાઓથી કાં તો કનડગત થાય કાં તો પીંછા પોતાની જાતે ખરી પડે એમાં મોર શું કરે? મને ખરેખર દુઃખ છે આ વાતનું કે, આ સભાગૃહમાંથી જેટલા વેલમાં આવેલા હતા એમને જ સસ્પેન્ડ કરવામાં આવેલા છે. બાકીના સભ્યશ્રીઓ હાજર રહ્યા નથી મને એ વાતનું ખૂબ દુઃખ થાય છે એની હું નોંધ લઉં છું.

**"સભાગૃહનું કામકાજ બપોરના ૩.૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું."**

**ગુજરાત વિધાનસભા**

## ગુરૂવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## ફાલ્ગુન ૧૦, ૧૯૩૯ શાકે
## સભાગૃહ સવારના ૮.૩૦ કલાકે મળ્યું
## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને

## તારાંકિત પ્રશ્નો

અરવલ્લી અને તાપી જિલ્લામાં નવીન શૌચાલય

* ૨૬૬૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી અને તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન શૌચાલય બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) અરવલ્લી અને તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના નવીન શૌચાલય બનાવવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૬૩૯૨ | ૭૩૫૭ | ૧૩૭૪૯ |
| ૨ | ભિલોડા | ૯૩૩૮ | ૧૩૮૫૩ | ૨૩૧૯૧ |
| ૩ | ધનસુરા | ૨૮૧૩ | ૬૧૮૫ | ૮૯૯૮ |
| ૪ | માલપુર | ૪૮૭૦ | ૪૦૬૬ | ૮૯૩૬ |
| ૫ | મેઘરજ | ૭૧૧૭ | ૧૩૫૭૪ | ૨૦૬૯૧ |
| ૬ | મોડાસા | ૮૪૨૭ | ૪૨૯૪ | ૧૨૭૨૧ |
| | કુલ | ૩૮૯૫૭ | ૪૯૩૨૯ | ૮૮૨૮૬ |

તાપી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નિઝર | ૪૫૫૧ | ૦ | ૪૫૫૧ |
| ૨ | કુકરમુંડા | ૮૨૮૩ | ૦ | ૮૨૮૩ |
| ૩ | સોનગઢ | ૧૩૮૪૦ | ૦ | ૧૩૮૪૦ |
| ૪ | ઉચ્છલ | ૩૭૩૪ | ૦ | ૩૭૩૪ |
| ૫ | વાલોડ | ૪૩૨૬ | ૦ | ૪૩૨૬ |
| ૬ | વ્યારા | ૮૪૧૬ | ૦ | ૮૪૧૬ |
| ૭ | ડોલવણ | ૯૭૨૯ | ૦ | ૯૭૨૯ |
| | કુલ | ૫૨૮૭૯ | ૦ | ૫૨૮૭૯ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર તાલુકાવાર કેટલા ગામોને ઓ ડી એફ જાહેર કરવામાં આવ્યા ?

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર તાલુકાવાર નીચે મુજબના ગામોને ઓ ડી એફ જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧લી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો

અરવલ્લી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | ગામોની સંખ્યા | |
| ૧ | બાયડ | ૨ | ૧૨૩ | ૧૨૫ |
| ૨ | ભિલોડા | ૬ | ૧૪૪ | ૧૫૦ |
| ૩ | ધનસુરા | ૨ | ૭૧ | ૭૩ |
| ૪ | માલપુર | ૩ | ૯૬ | ૯૯ |
| ૫ | મેઘરજ | ૨ | ૧૨૭ | ૧૨૯ |
| ૬ | મોડાસા | ૪ | ૧૦૩ | ૧૦૭ |
| | કુલ | ૧૯ | ૬૬૪ | ૬૮૩ |

તાપી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | ગામોની સંખ્યા | |
| ૧ | નિઝર | ૨૪ | ૦ | ૨૪ |
| ૨ | કુકરમુંડા | ૩૪ | ૦ | ૩૪ |
| ૩ | સોનગઢ | ૧૬૪ | ૨ | ૧૬૬ |
| ૪ | ઉચ્છલ | ૩૩ | ૦ | ૩૩ |
| ૫ | વાલોડ | ૪૦ | ૦ | ૪૦ |
| ૬ | વ્યારા | ૯૦ | ૦ | ૯૦ |
| ૭ | ડોલવણ | ૫૬ | ૪ | ૬૦ |
| | કુલ | ૪૪૧ | ૬ | ૪૪૭ |

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે હોળીનો શુભ તહેવાર હોઇ તમામ સભ્યશ્રીઓને હોળીની શુભકામનાઓ પાઠવું છું અને એક સુખના સમાચાર જે બા-ઇલેકશન થયા તેમાં કોંગ્રેસનો આજે વિજય થયો છે તે બદલ આભાર વ્યક્ત કરું છું. મારો પ્રશ્ન શૌચાલયો બનાવવાનો છે તેમાં ગુજરાતમાં મોટું કૌભાંડ, ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તે રીતની વાત છે. મારા અરવલ્લી જિલ્લામાં જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે તેમાં કુલ ૮૮૨૮૬ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તે શૌચાલયોમાંથી એકપણ શૌચાલયનો ઉપયોગ કરવામાં આવતો નથી. જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે તેની અંદર ઉપર ફકત સિમેન્ટના બે પતરાં હોય છે, અંદર કોઇ ટાઇલ્સ લગાવવામાં આવતી નથી અને તે ટાઇલ્સ ન હોવાના કારણે પ્લમ્બીંગની કે પાણીની પણ વ્યવસ્થા હોતી નથી. જે દરવાજા લગાવવામાં આવ્યા છે તે હલકી કક્ષાના લગાવવામાં આવ્યા છે. આમાં કોઇ રાજકીય અવલોકન નથી. એકપણ શૌચાયલનો ઉપયોગ કરવામાં આવતો નથી. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે તે કઇ એજન્સી દ્વારા બનાવવામાં આવ્યા છે અને તેમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે? જે ઓડીએફ જાહેર કરવામાં આવેલ છે તો તેમાં વસતિના ધોરણે ઘણાબધા શૌચાલયો ઘણીબધી પંચાયતોમાં બનાવવાના બાકી છે. આવા ગામોમાં શૌચાલયો કયારે બનાવવામાં આવશે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, શૌચાલયની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. અરવલ્લી જિલ્લાના તમામ તાલુકા અને તમામ ગામો અમે ઓડીએફ જાહેર કર્યા છે. ૨૦૧૨ના સરવેના અનુસંધાને પૂરા કર્યા છે. જીઓ ટેગીંગથી અમે તેને ઓનલાઇન કરીએ છીએ. તેના કામની ચકાસણી કરીએ છીએ. પૂરું થાય અને વપરાતું થાય તેના માટે લાભાર્થી, તલાટી અને સરપંચનો સ્થળ પર ફોટોગ્રાફ લઇએ છીએ. તે ફોટોગ્રાફી ઓનલાઇન કરીને કામ કર્યુ છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કે, અરવલ્લી જિલ્લાની અંદર ૨૦૧૬ અને ૨૦૧૭ની અંદર બાયડ તાલુકાની અંદર બીપીએલ લાભાર્થીને ૬૯૬૫ શૌચાલય બનાવવામાં આવ્યા છે. તેમાં ૫૧૪.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એપીએલ કુટુંબના ૨૮૧૮૧ શૌચાલય બનાવવામાં આવ્યા છે. તેમાં ૨૪૧૦.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. નિર્મળ ગુજરાતની અંદર ૦૯ શૌચાયલની અંદર ૩૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. એકંદરે ૩૫૧૫૫ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તેની અંદર કુલ ખર્ચ ૨૯૨૪.૯૩ લાખનો

ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૧૭ની અંદર અરવલ્લી જિલ્લાની અંદર બીપીએલ કુટુંબના ૯૫૪૭ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તેમાં ૬૭૪.૭૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એપીએલ કુટુંબના ૩૮૨૮૧ શૌચાલયો બનાવવામાં આવ્યા છે અને તેમાં ૩૪૦૮.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એકંદરે કુલ ૪૭૮૨૮ શૌચાલયો બનાવવામાં આવ્યા છે અને તેનો ખર્ચ ૪૦૮૨.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી વી. ડી. ઝાલાવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સહાયની પાત્રતા ધરાવતા કુટુંબોની વિગતો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાને ૨૦૧૯ સુધી સમગ્ર ભારતને સ્વચ્છ ભારત બનાવીને એડીએફ જાહેર કરવાનો જે નિર્ણય કર્યો છે તેના અનુસંધાને દરેક જિલ્લા અને તાલુકાની અંદર ૨૦૧૨ની અંદર તાલુકા પંચાયતના કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરો સાથે મળીને જે સરવે કર્યુ છે તે ડેડલાઇન સરવેના આધારે તેના પેરામીટર્સ નકકી કરવામાં આવ્યા છે. તમામ બીપીએલ કુટુંબો, એપીએલ પૈકીના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કુટુંબો અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિના કુટુંબો, નાના સીમાંત ખેડૂતો, જમીન વિહોણા ખેત મજૂર કુટુંબો, કુટુંબના વડા વિધવા હોય તેવા કુટુંબો, કુટુંબના વડા અપંગ હોય તેવા કુટુંબો, ઉક્ત કેટેગરીમાં સમાવેશ ન હોય તેવા એ.પી.એલ., જનરલ તમામ લાભાર્થી કુટુંબોને રાજયની આ નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યા છે એવા તમામને શૌચાલય આપવાનો જે નિર્ણય કરેલ છે એના માટે આવા પરિવારોને તમામને સમગ્ર ગુજરાત અને અરવલ્લી જિલ્લાને આપણે સો ટકા જાહેર કરેલ છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કોઇ પણ યોજના બનાવીએ તો એનો ઉપયોગ કરવા માટે હોય છે, એનો ટાર્ગેટ સિદ્ધ કરવા માટે, એનો યશ લેવા અથવા તો વાહવાહી મેળવવા માટે યોજનાઓ નથી હોતી. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ઓ.ડી.એફ. જાહેર કર્યા તો મેં મારા જ ગામમાં સરવે કરાવ્યો તો મારા જ ગામમાં ૯૦ ટકા ઘરોને શૌચાલય નથી બન્યા એની મેં પોતે ટી.ડી.ઓ. અને કલેકટરશ્રીને ફરિયાદ કરી છે અને સરકારનો ટાર્ગેટ પૂર્ણ થઇ ગયો હતો પણ મેં જ્યારે રજૂઆત કરી ત્યારે ટી.ડી.ઓ. અને કલેકટરશ્રીએ એમ કહ્યું કે આ યોજના પૂર્ણ થઇ ગઇ છે એટલે હવે એને માટે કોઇ ગ્રાન્ટ મળે એમ નથી. તો મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ફકત આંકડાઓની માયાજાળ છે તો એ આંકડાઓને જોઇને ખરેખર લોકોને ઉપયોગ થાય એટલા માટે તમે ફરી ત્યાં શૌચાલયો બનાવવા માગો છો કે કેમ? અને ત્યાં જે શોષ ખાડા કરવામાં આવ્યા છે એ દોઢ ફૂટના કરવામાં આવ્યા છે, દોઢ ફૂટના ખાડાથી કોઇ શૌચાલય ચાલે ખરું? તમે તપાસ કરાવો સૌથી મોટો ભ્રષ્ટાચાર થયો છે તો મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા જે શૌચાલયો બન્યા છે એમાં યોગ્ય તપાસ કરીને ફરી પાછું નવું વ્યવસ્થિત શૌચાલય બને, લોકો ઉપયોગ કરી શકે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ હજુ બાકી રહેલા શૌચાલયની જે વાત કરી છે એમાં મારું કહેવાનું છે કે, ૨૦૧૨માં જે સરવે કરાવવામાં આવ્યા હતા એ તમામ આપણે બનાવ્યા છે અને બાકી રહેલા નોન બી.એલ.એસ. છે એનો સરવે કરાવ્યો છે અને એમાં અરવલ્લી જિલ્લામાં ૪૬૪૬૧ જેટલા બાકી છે એ પૈકીના ૩૮૦૯ બનાવ્યા છે અને સમગ્ર જિલ્લામાં ૪૨૩૫૨ બાકી છે એને પણ ક્રમશઃ બનાવવાનો અમારો અભિગમ છે અને એ પ્રમાણે આજે કામ કરી રહ્યા છીએ અને ભારત સરકારના ૯૧ ટકાથી વાધારે શૌચાલયો ગુજરાતમાં આજે અમે ઉપયોગમાં લઇ રહ્યા છીએ અને માનનીય સભ્યશ્રીએ જે ખાડાની વાત કરી છે એમાં અમે પૂરતી કાળજી રાખીને જ ખાડા બનાવ્યા છે, અને શૌચાલયોમાં જે મટિરિયલ્સ વાપરવામાં આવે છે એ મટિરિયલ્સ પણ સારું, ગુણવત્તાવાળું વપરાવીએ છીએ અને લાભાર્થી પોતે બનાવતો હોવાથી એમાં કવોલિટી ખરાબ વપરાવાનો પ્રશ્ન નથી અને લાભાર્થીએ હાજરીમાં કહ્યું છે કે મારું શૌચાલય ઉપયોગ થઇ શકે એવું સરસ થયેલું છે જેથી ન ઉપયોગ થવાનો સવાલ નથી. એમાં માનનીય સભ્યશ્રીનું કોઇ સૂચન હશે તો એ બાબતે મને વ્યક્તિગત માહિતી આપશે તો હું તપાસ કરાવી લઇશ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય સભ્યશ્રીની બાબતમાં મારે કહેવું છે કે, એમણે જે આક્ષેપ કર્યો છે એવું કશું છે નહીં. મારે તો એ કહેવું છે કે, મૂળ પ્રશ્નમાં રાજેન્દ્રસિંહ ઠાકોરે જે વાત કરી છે કે બંને વિધાનસભામાં અમારી જીત થઇ છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આ બંને સીટ કોંગ્રેસની જ હતી અને અગાઉ ૨૫૦૦૦ હજાર મતથી જીત્યા હતા એ માંડમાંડ પડતા આખડતા જીત્યા છો, હવે આનું ગૌરવ ન લ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને વિનંતી કે, સભ્ય પોતાના ગામની વાત કરે છે તો તપાસ કરાવવાની વાત કરીએ આપણે. માનનીય મોહનભાઇ,

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં રાજેન્દ્રસિંહ ઠાકોર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા, એ શેના આપ્યા? •(×××)? અમારા આદિવાસી સમાજમાં આજે હોળીના તહેવારને ખૂબજ પ્રાધાન્ય આપવામાં આવે છે. તો સૌપ્રથમ તો ગૃહના સૌ સભ્યશ્રીઓને હોળીની શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે અમારા કેબિનેટ મિનિસ્ટર શ્રી ઇશ્વરભાઇ પરમારનો જન્મ દિવસ છે, એમને પણ હેપ્પી બર્થડે ગૃહ વતી કહુ છું. મારો પ્રશ્ન એ છે કે, અરવલ્લી અને તાપી જિલ્લામાં કેટલી ગ્રામપંચાયતો ઓ.ડી.એફ. થઇ અને એ જિલ્લાઓના તાલુકાઓ કઇ કઇ તારીખે ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવ્યા હતા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બન્ને જિલ્લાના રાજય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી ૧૦૦ ટકા પંચાયતો અને ૧૦૦ ટકા ગામો જે ઓ.ડી.એફ. જાહેર કર્યા છે, એના અનુસંધાને વાત કરું તો અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં કુલ ૬૩ પંચાયતો છે અને આ તમામ પંચાયતો સ્વઘોષિત કરેલી છે અને એ તમામ ઓ.ડી.એફ. થયેલ છે. એની ચકાસણી પણ ગ્રામ પંચાયતો મારફતે થયેલી છે અને તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ આખો સમગ્ર તાલુકો ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલો છે. ભીલોડા તાલુકાની ૭૩ ગ્રામ પંચાયતો સ્વઘોષિત કરેલ છે અને તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ એ પણ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. ધનસુરા તાલુકાની ૩૩ ગ્રામપંચાયતો સ્વઘોષિત કરેલ છે અને એ પણ તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. માલપુર તાલુકાની ૩૯ ગ્રામ પંચાયતોની પંચાયતે જાહેર કર્યા મુજબ તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. મેઘરજ તાલુકાની ૪૬ ગ્રામ પંચાયતો સ્વઘોષિત કરવામાં આવેલ છે અને એ પણ તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. મોડાસા તાલુકાની ૫૯ ગ્રામ પંચાયતો સ્વઘોષિત જાહેર કરેલી છે અને તારીખ ૨૨–૫–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. એ રીતે સમગ્ર અરવલ્લી જિલ્લાની ૩૧૩ ગ્રામ પંચાયતો અને ૬૮૩ ગામો તારીખ ૨૫–૫–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલા છે. માનનીય સભ્યશ્રીએ એમના પોતાના જિલ્લા તાપીની વાત કરી છે ત્યારે નિઝર તાલુકાની ૧૮ ગ્રામ પંચાયતોની ચકાસણી કરીને સ્વઘોષિત કરેલ છે તારીખ ૧૬–૧–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે. કુકરમુંડા નવીન તાલુકો છે છતાં પણ ત્યાંની ૨૦ ગ્રામપંચાયતો સ્વઘોષિત કરેલ છે અને એની તારીખ ૧૬–૧–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ.ની જાહેરાત કરવામાં આવેલ છે. સોનગઢ તાલુકાની ૭૫ ગ્રામ પંચાયતો સ્વઘોષિત જાહેર કરેલ છે અને તારીખ ૧૯–૧–૨૦૧૭ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ટૂંકમાં જવાબ આપશો પ્લીઝ,

શ્રી બચુભાઇ મ. ખાબડ : સમગ્ર તાપી તાલુકાની ૨૮૭ ગ્રામ પંચાયતો અને એમાં સ્વઘોષિત પણ ૨૮૭ જ છે અને કુલ ૫૧૯ ગામો સમગ્ર તાપી જિલ્લાની તારીખ ૧૬–૧–૨૦૧૭ થી તારીખ ૧૯–૧–૨૦૧૭ સુધીમાં ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે અને એ રીતે આખો જિલ્લો ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલો છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, જે શૌચાલયો બનાવવામાં આવે છે એમાં ૬૦–૪૦નો રેશિયો જળવાતો નથી, એમાં કોઇ નાણાંકીય ગેરરીતિ જણાઇ આવેલ છે કે કેમ અને જો હા તો જવાબદારો સામે શુ પગલાં લેવામાં આવેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રેશિયો જળવાય છે અને આમાં કેન્દ્ર સરકારના ૭૨૦૦ રૂપિયા અને રાજ્ય સરકારના ૪૮૦૦ રૂપિયા છે અને એમાં કેન્દ્ર સરકારની આ શૌચાલયો બનાવવા માટેની જે યોજના ૬૦–૪૦ની છે એ પ્રમાણે રેશિયો સચવાય છે.

### મહેસાણા આરટીઓ કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાઈસન્સ

* ૨૫૭૩ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા આરટીઓ કચેરીમાં વર્ષ:૨૦૧૬–૧૭ માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે, અને | (૧) મહેસાણા આરટીઓ કચેરીમાં વર્ષ:૨૦૧૬–૧૭ માં ૧૯,૩૦૦ નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ ? | (૨) ૨૦,૦૭૩ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ. |

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર વિધાનસભામાં બોલવાની તક આપી એ માટે ભા.જ.પ. સરકારનો આભાર માનું છું. અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનું છું. મહેસાણા જિલ્લામાં ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલા લર્નીંગ લાયન્સ આપવામાં આવ્યા એટલે કે કેટલા ડ્રાઈવીંગ લાયસન્સો ઈસ્યુ કરવામાં આવ્યા તે મારો પ્રશ્ન છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં કુલ ૨૬,૭૩૭ લર્નીંગ લાયસન્સ આપવામાં આવ્યા જે પૈકી નોન ટ્રાન્સપોર્ટ વાહનોના ૨૨,૧૮૪ તથા ટ્રાન્સપોર્ટ વાહનના ૪૫૫૧ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા. જયારે જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ ૨૪૪૬૨ લર્નીંગ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા જે પૈકી નોન ટ્રાન્સપોર્ટ વાહનોના ૧૯,૫૭૦ તથા ટ્રાન્સપોર્ટ વાહનના ૪૮૯૨ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૬–૧૭માં કુલ ૧૯,૩૦૦ ડ્રાઈવીંગ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા જે પૈકી નોન ટ્રાન્સપોર્ટ વાહનોના ૧૫,૮૨૬ તથા ટ્રાન્સપોર્ટ વાહનના ૩૪૭૪ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા. જયારે જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ ૧૭,૬૫૮ ડ્રાઈવીંગ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા જે પૈકી નોન ટ્રાન્સપોર્ટ વાહનોના ૧૪,૩૭૪ તથા ટ્રાન્સપોર્ટ વાહનના ૩,૨૮૪ ડ્રાઈવીંગ લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો સૌ સભ્યશ્રીઓને હોલી મુબાર.

અધ્યક્ષશ્રી : એમાં હું ખરો કે નહીં ?

તારાંકિત પ્રશ્નો

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપ પહેલાં પછી અમે. તમારા સભ્યશ્રી જયારે અભિનંદનની વાત કરતા હતા ત્યારે પેલા *(×××) તેના અભિનંદન આપ્યાં તે વાત સારી ના કહેવાય, નહીં કહેવું જોઇએ. •(×××)

અધ્યક્ષશ્રી : આ તમારા શબ્દો આમાંથી દૂર કરવામાં આવે છે તમે આ બધી વાતો કયાં લાવ્યા પાછાં.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એમના શબ્દો પાછાં ખેંચો.

અધ્યક્ષશ્રી : તમે ધ્યાન દોરો તો એ પણ કાઢી નાખીશું (અંતરાય) એ પણ કાઢી નાંખીએ પણ તમે ધ્યાન દોરો. (અંતરાય) અહીંયા બદલો વાળવા માટે નથી. એકબીજા માટે બદલો વાળવા માટે નથી આપનો પ્રશ્ન પૂછો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એમને બોલવાનો અધિકાર છે તો અમારે બોલવાનો અધિકાર નથી ?

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો જે ગૃહમાં હાજર નથી તેની ચર્ચા ના કરાય જવા દો ચાલો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ બોલ્યાં જ છેને ?

અધ્યક્ષશ્રી : તો તમે કેમ ધ્યાન દોરતાં નથી ?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર છે.

અધ્યક્ષશ્રી : આગળ પ્રશ્ન ચલાવો (અંતરાય ) આપ બેસી જાવ, માનનીય બળદેવભાઇ સક્ષમ છે અરે, પ્રવિણભાઇ આપની જરૂર નથી આપ બેસી જાવ. (અંતરાય) પ્રવિણભાઇ બેઠા બેઠા બોલશો નહીં, આપ તેમાં વકીલાત ના કરશો તેમને બોલવા દો. (અંતરાય) જયાં જરૂર પડશે ત્યાં ઠપકો આપીશ અને તમારે મને સલાહ આપવાની જરૂર નથી અને ફરીથી કહું છું કે આપ બેઠા બેઠા બોલશો નહીં, તે વખતે તરત ધ્યાન દોરવું જોઇએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય સભ્યશ્રીએ જયારે ઉલ્લેખ કર્યો એટલા માટે મારે કહેવું પડયું ત્યારે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે લાયસન્સ કાઢવાની પ્રક્રિયા છે તેમાં કયાંક કયાંક એવી ફરિયાદો મળે છે કે ટેસ્ટીંગ વગર લાયસન્સો નીકળે છે તે વાત સાચી છે કે ખોટી ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે લાયસન્સ કાઢવામાં ગેરરીતિઓ થાય છે તો હું તેમને એટલુ કહીશ કે, પાકુ લાયસન્સ મેળવવા માટે અરજદારે લર્નીંગ લાયસન્સ મેળવ્યાના ૩૦ દિવસ પછી અને ૧૮૦ દિવસ પહેલાં પાકા લાયસન્સ માટે ઓન લાઇન નિમણૂક લઇને ટેસ્ટ આપવાનો રહે છે. દ્વિચક્રીય વાહનો માટે અરજદારે અંગ્રેજીમાં ૮ આકારનો ટેસ્ટ આપવાનો હોય છે અને આ ટેસ્ટ દરમિયાન અરજદારનું બેલેન્સ, સ્ટીયરીંગ પરનો કન્ટ્રોલ, વળાંકનું જજમેન્ટ વગેરેનો ટેસ્ટ લેવામાં આવે છે જયારે ફોર વ્હીલર માટે અંગ્રેજીમાં ૮ આકારનો ટેસ્ટ આપવામાં આવે છે અને રીવર્સ માટે અંગ્રેજીનો એસ નો ટેસ્ટ આપવાનો રહે છે. આ ટેસ્ટ દરમિયાન અરજદાનું બેલેન્સ, સ્ટીયરીંગ કન્ટ્રોલ, રીવર્સ, પાર્કીંગ વગેરેના ટેસ્ટ લેવામાં આવે છે અને જે તેમણે વાત કરી તેમાં કોઇ તથ્ય નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો સૌને હોળી–ધૂળેટીની શૂભકામનાઓ.

અધ્યક્ષશ્રી : હવે આવી ગઇ બધાની આપણો સમય બહુ અગત્યનો છે બધાની શુભેચ્છા આવી ગઇ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ લાયસન્સ કેટલાં સમય પહેલાં રીન્યુ કરાવી શકાય ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લાયસન્સ રીન્યુ કરવાની પ્રક્રિયા અગાઉના વર્ષોમાં એક મહિનાની અંદર કરાવવાનું હતું જયારે હવેથી ૩૬૫ દિવસમાં પણ તે લાયસન્સને રીન્યુ કરાવી શકાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, લાયસન્સ મેળવવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમરની જરૂર હોય છે અને જો કોઇ લાયસન્સ વગરનો વ્યકિત અથવા તો કોઇ બાળક ઓછી ઉંમરે પકડાય તો એના માટે સજાની શું જોગવાઇ છે?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ લાયસન્સ મેળવવા માટે ઉંમરનો પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં મોટર વાહન એક્ટ – ૧૯૮૮ની કલમ ૪ મુજબ ૧૮ વર્ષથી ઉપરની વ્યકિત લાયસન્સ મેળવી શકે છે. એવી જ રીતે ૧૬ વર્ષથી વધારે અને ૧૮ વર્ષથી ઓછી એટલે કે ૧૬ થી ૧૮ વર્ષ વચ્ચેની વ્યકિત ૫૦ સી.સી. અંદરનું વાહન હોય તો એમાં ગીયરલેસ વાહનની અંદર એનું લાયસન્સ મળે છે અને ટ્રાન્સપોર્ટ વાહનના લાયસન્સ માટે ઓછામાં ઓછી ૨૦ વર્ષ પૂરા કરેલ હોવા જોઇએ.

જૂનાગઢ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે રકમ ફાળવવા બાબત

* ૨૩૯૨ શ્રી ભીખાભાઈ જોશી (જૂનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોએ ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં છે કે | (૧) હા,<br>(૧) સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬–૨૧<br>(૨) કેન્દ્ર સરકાર પુરસ્કૃત નેશનલ હોર્ટીકલ્ચર |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| | |
|---|---|
| કેમ, | મિશન<br>(૩) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ મિનિમલ પ્રોસેસીંગ એકમ ઉભા કરવા માટે સહાય યોજના |
| (૨) જો હા, તો તે અન્વયે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) (૧) સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ સમગ્ર ગુજરાત માટે અમલમાં હોઈ કોઈ એક જિલ્લા માટે અલગથી રકમ ફાળવવામાં આવી નથી.<br>(૨) સુગંધિત પાક પામારોઝના પ્રોસેસ માટે કેન્દ્ર પુરસ્કૃત નેશનલ હોર્ટીકલ્ચર મિશન હેઠળ રૂ. ૯.૩૩ લાખ<br>(૩) સુગંધિત પાક પામારોઝના પ્રોસેસ માટે રાજ્ય સરકારનાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. ૨.૫૦ લાખ |
| (૩) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૧૧.૮૩ લાખ. |

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ ફરી વખતે મગફળી ખરીદવાની જે જાહેરાત કરી છે એને હું આવકારું છું. અગાઉ જૂનાગઢમાં જે ખરીદી થઇ એમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હતો અને અમે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂછો.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછું છું. અમે એમની સાચી વાતને આવકારી પણ છે. સાહેબ અમે કલેક્ટરને આવેદનપત્ર આપ્યા પછી એમાં ભયસ્થાન પણ બતાવ્યું હતું કે, આ મગફળીનું કૌભાંડ છૂપાવવા માટે એને સળગાવી દેવમાં આવશે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન લાગુ પડતો નથી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા ખેડૂતોને એનો લાભ આપવામાં આવ્યો અને પ્રતિ ખેડૂત દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. એમાં સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ એ સમગ્ર રાજ્યમાં અમલમાં છે. સુગંધિત પાક માટે નેશનલ હોલ્ટ્રીકલ્ચર મિશનની પણ યોજના અમલમાં છે. સુગંધિત પાક પ્રોસેસ માટે રાજ્ય સરકારની સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ પણ અમલમાં છે. સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ છે એમાં કૃષિ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત પાસે વણ ખેડાયેલ વિશાળ અપેક્ષા છે. રાજ્ય પાસે દેશની કેટલીક ખેત પેદાશો તથા બાગાયત પેદાશોમાં ઘણી ઉચ્ચ કક્ષાનું ઉત્પાદન તથા ઉત્પાદન ક્ષમતાઓ છે. રાજ્યની ઔદ્યોગિક નીતિ ૧૬ થી ૨૧માં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગોને એક વિકાસ પામતા ઉદ્યોગો પૈકીના એક ક્ષેત્ર તરીકે નિરૂપવામાં આવ્યું છે. કૃષિ આધારિત ઉદ્યોગોનો વિકાસ વેગવાન બને તે માટે રાજ્ય સરકાર વચન બદ્ધ છે. સમગ્ર ક્ષેત્રમાં બદલાવની ગુણક અસર અને વેગ લાવવા માટે પુરવઠા સાંકળના માળખામાં પરિવર્તન કરવાની સરકારની નેમ છે. ગ્રામ્ય ક્ષેત્રમાં રોજગારીની વધુ તકો ઊભી થાય અને ગ્રાહકોને ગુણવત્તાસભર ચીજો મળી રહે, રાજ્યના એકંદર વિકાસમાં ખેતી તથા ખાદ્ય પ્રક્રિયા આધારિત એકમોનું મહત્વ અને રાજ્યના વિકાસ દરમાં યોગદાન ધ્યાને લેતાં કૃષિ ઉદ્યોગ નીતિ માટે ફળવાયેલ સંશાધનો અંગે પૂર્ણ વિચારણા કરવાનું જરૂરી લાગ્યું એટલે કૃષિ ઉદ્યોગ નીતિને ખેડૂતોએ વધુ આકર્ષક અને સારી રીતે બનાવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ.

શ્રી અમિત ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવું પૂછ્યું કે, કેટલા ખેડૂતોને કેટલી રકમનો લાભ આપ્યો છે. આમાં બીજી વાત ક્યાં આવી?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ટૂંકો જવાબ આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( કૃષિ મંત્રીશ્રી ) : જો હું આખી નીતિ ના કહું તો જે લાભ આપ્યો એ સન્માનનીય ગૃહના ધ્યાને આવે અને આ નીતિ ખૂબ અગત્યની નીતિ છે અને એનો લાભ આખા ગુજરાતમાં લેવાશે, આ નીતિ આખા ગુજરાત માટેની છે, પણ જૂનાગઢમાં જે લાભ આપ્યો. એમાં જૂનાગઢ તાલુકામાં છ જણને એનો લાભ મળ્યો છે. કેશોદ તાલુકામાં એક અને માળીયા તાલુકામાં એક એમ કુલ આઠ જણાને લાભ મળ્યો છે. હવે બીજો એમનો જે પ્રશ્ન છે એમાં જે લાભ મળ્યો છે એ રાજય સરકારની અને કેન્દ્ર પુરસ્કાર યોજનામાં એની પણ થોડીક વાત આપના ધ્યાને મૂકવા માગું છું કે, એમાં જે બતાવ્યું છે કે જૂનાગઢમાં બીજો અઢી લાખ રૂપિયાનો ગુજરાત રાજયના સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ લાભ આપવામાં આવ્યો છે અને માણાવદરમાં પણ ૯ લાખ ૩૩ હજારનો કેન્દ્ર પુરસ્કાર નેશનલ હોલ્ટ્રીકલ્ચર મિશન હેઠળ લાભ આપવામાં આવ્યો છે.

## ફાલ્ગુન ૧૦, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને ઉત્પાદનના પોષક ભાવ મળી રહે એ માટે ખેત પ્રોસસ ઉદ્યોગ સ્થાપવા માટેની નીતિ વિષયક પ્રોસસ યોજનાઓની જાહેરાતો કરવામાં આવી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવ માગું છું કે, આ માટે અરજી કોણ કરી શકે અને એનો લાભ કોને મળી શકે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનો સવાલ ખૂબ અગત્યનો છે. આ ખેડૂતોએ આઇ ખેડૂત પોર્ટલ પર ઓન લાઇન અરજી કરી તે અંગેના જરૂરી પુરાવા આધાર પુરાવા જેવા કે, જમીનના પુરાવા, આધાર કાર્ડ સાથેની અરજી, જે તે જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીમાં જમા કરાવવાની રહે છે. જો ખેડૂત ઓન લાઇન અરજી કદાચ ન કરી શકે તો પણ બાગાયત ખાતાની જિલ્લા કક્ષાની કચેરીએ રૂબરૂ પણ અરજી કરી શકે છે. કામગીરી પૂર્ણ થયે, એનું આખું કામ પૂરું થઇ જાય મંજૂર થયા પછી ત્યારે જરૂરી બિલો ફોટોગ્રાફ સાથે ખેડૂત જે તે જિલ્લાના નાયબ બાયાગત નિયામકશ્રીને અથવા તાલુકા બાયાગત અધિકારીશ્રીને સહાયની માગણી માટે દરખાસ્ત એમને મોકલવાની હોય છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી દ્વારા માનનીય મંત્રીને પૂછવું છે કે, આ જે ખેડૂતોની ચિંતા કરવાની વાત કરી છે અને એના પ્રોસેસ યુનિટો મારફત ખેડૂતોને પોષણક્ષમ ભાવ વધારે મળે અને ખેડૂતો એનો ફાયદો વધારેમાં વધારે લઇ શકે એ માટેની વાત આમાં લીધી છે ત્યારે મારે પૂછવું છે કે, ગીરસોમનાથ જિલ્લામાં જે પ્રોસેસ યુનિટ છે અને ખાસ કરીને જે ખેડૂતો મોટે ભાગે શેરડીનું વાવેતર કરે છે, શેરડી પકાવે છે એ શેરડી પકાવનાર ખેડૂતોના પ્રોસેસ યુનિટ આજે ગીરસોમનાથ જિલ્લાના બે હતા તાલાલા અને કોડીનાર એ બંધ છે તો એ ચાલુ કરવા માટેની કોઇ આપે યોજના બનાવી છે અને એ ચાલુ કરવા માગો છો? બીજો મારો મુદ્દો એ છે કે, અમારા ગીરસોમનાથ જિલ્લાની અંદર કેરીનું મોટાપાયે બાગાયતી પાકના બગીચાઓ આવેલા છે. મારે યાદ અપાવવું જોઇએ કે, ૨૦૦૮ની અંદર આ જ ગૃહના નેતાશ્રી અને આજના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ જયારે મારા વિસ્તારમાં આવ્યા ત્યારે એમણે વાત કરી હતી કે, આવનારા સમયમાં બાગાયતી પાકમાં કેરીનું ઉત્પાદન કરનારા ખેડૂતોની કેરી વિદેશની અંદર ગોરા લોકો ખાતા હોય છે તો આ અંગે મારે પૂછવું છે કે, ગીર સોમનાથ જિલ્લાની અંદર કેરી માટેના કેટલા યુનિટો આપે ચાલુ કર્યા છે અથવા ન કર્યા હોય તો કરવા માગો છો કે કેમ? અને કેટલા ખેડૂતોને એક્ષ્પોર્ટ કેરીનો લાભ મળ્યો છે આ બે વાતનો મને માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ પ્રશ્ન જૂનાગઢ જિલ્લાનો છે. ગીરસોમનાથ જિલ્લાનો નથી, તેમ છતાંય મારે કહેવું છે કે આ રાજયના બાગાયતી પાકો સાથે સંકળાયેલા ખાતેદારો ખેડૂતોનું અત્યાર સુધી કોઇ સરકારે ભલું નથી કર્યું, પરંતુ અતિવૃષ્ટિ થઇ હોય, વાવાઝોડા આવ્યા હોય તેવે વખતે કેરીનો પાક છે તે બિલકુલ સાફ થઇ ગયો હોય, મોર ખરી ગયો હોય, ફાલ જતો રહ્યો હોય અને ખેડૂત બરબારદ થઇ ગયો હોય તે વખતે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોની વહારે આવી છે. આ આંબાના પાક લેનારા ખેડૂતો છે, કેરીનો પાક પકવતા ખેડૂતો છે, તેને ગીર સોમનાથ જિલ્લો જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપે જે પૂછયું છે તે આમાં આવતું નથી છતાં જવાબ આપી રહ્યા છે. પ્લીઝ, આપ બેસી જાઓ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : ભગાભાઇ મને જવાબ તો આપવા દો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ કેરીનો પાક પકવતા ખેડૂતોને વાવાઝોડાના કારણે જે નુકસાની થઇ હતી, સમગ્ર ગુજરાતમાં કેરીનો પાક પકવતા ખેડૂતોને આર્થિક રક્ષણ આપવામાં પહેલીવાર ભાજપની સરકારે ખેડૂતોને સહાયતા કરી હતી. એટલું જ નહીં આ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત અને દેશના જે ખેડૂતો બાગાયતી પાકો લેવા માગે છે તેને વધુ ઉત્તેજન મળે એ માટે ઇઝરાઇલની સરકાર સાથે આપણે કરારો કર્યા છે. તાલાલા ખાતે સેન્ટર ઓફ એક્ષલન્સ, મેંગો માટેનું સેન્ટર ખોલવામાં આવ્યું છે. અને તેમાં વધુ પાક ખેડૂતો લઇ શકે અને વધુ ભાવ મળી શકે, એ પ્રકારે મૂલ્યવર્ધન થાય એ પ્રકારની કામગીરી ભારતના વડાપ્રધાનશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાબબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળ આ પ્રકારની કામગીરી ચાલી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ વાજા, (અંતરાય) ઘણું થયું હવે. આપનો પ્રશ્ન ખૂબ સારો લાંબો હતો અને મંત્રીશ્રીએ પણ જવાબ આપ્યો છે બહારનો હોવા છતાં. (શ્રી ભગાભાઇ બારડ ઉભા રહેતાં) બાબુભાઇ બોલો આપે પૂછવાનું છે. આપ પ્રશ્ન પૂછશો એટલે તેઓશ્રી બેસી જશે. માનનીય બાબુભાઇ આપને પૂછવું નથી લાગતું.

શ્રી બાબુભાઇ કા. વાજા : સાહેબ, ભગાભાઇ ઉભા છે.

અધ્યક્ષશ્રી : એ તો ઉભા રહેશે. તો તમે નહીં પૂછો? માનનીય બાબુભાઇ આપ ઉભા થાઓ. માનનીય બાબુભાઇ આપને પ્રશ્ન પૂછવો નથી, પ્રશ્ન ક્રમાંક-૪. લાગુ નથી પડતો તેમ છતાંયે જવાબ આપ્યો છે. અને આટલો સમય જાય છે, પછી આપના તરફથી વાંધો આવશે કે પ્રશ્નના લાંબા લાંબા જવાબો આપે છે. આ પ્રશ્નની અંદર ઘણો સમય ગયો છે. માનનીય બાબુભાઇ આપે પ્રશ્ન પૂછવો નથી, પ્રશ્ન ક્રમાંક-૪. પ્લીઝ. આપ પૂછો નહીં તો હું શું કરું, હું વિનંતી કરી કરીને થાકયો આપને. ચાર વાર કહ્યું આપને, સારું ચાલો પ્રશ્ન પૂછો.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

બાબુભાઇ કા. વાજા : આ પ્રોસેસ કરવા માટે, કેટલા પ્રોસેસ છે, આ ઉદ્યોગ માટે કેટલા આપવાના છે, કઇ કઇ જાતના પ્રોસેસ છે. અને તેમાં સહાય ઉપરાંત બાકી રહેતી, લોન દેવાની છે તો એ લોન માટે કેટલા ટકાએ લોન આપવાના છે. આજે અમારા વિસ્તારમાં ગ્રીન હાઉસ છે, અને આ ગ્રીન હાઉસમાં મોટા મોટા •(×××)

અધ્યક્ષશ્રીઃ આ *(×××) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. આપ સીધો પ્રશ્ન પૂછો ને. ત્રણ પ્રશ્ન લખાયા છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : ગ્રીન હાઉસમાં સહાય આપે અને આ ગ્રીન હાઉસમાં મોટી મોટી વાતો કરી. એવું તો ચાલે ને.

અધ્યક્ષશ્રી : જે ચાલતું હશે તે ચાલવા દઇશ. કાયદાની અંદર હશે તે ચાલવા દઇશ. કાયદાની બહારનું નહીં ચાલવા દઉં.

શ્રી બાબુભાઇ કા. વાજા : અને એ જે પ્રોસેસ છે અને ૨૦ લાખ કે ૨૫ લાખ જે લોન આપતા હોય તે એ લોન ૧૩ કે ૧૪ ટકા લેખે આપતા હોય એ લોનને ઓછી કરી આ ખેડૂતોને રાહત આપવા માગો છો કે કેમ ? જે આ બધા ગ્રીન હાઉસો છે.

અધ્યક્ષશ્રી : ચાર પ્રશ્નો છે. પછી લાંબો સમય કેમ જાય છે તેનું કારણ હું કહું છું. કેમ કે અધ્યક્ષની ખુરશી પર બેસે તેને ખબર પડે કે કેવી પરિસ્થિતિ થાય છે.

શ્રી બાબુભાઇ કે. વાજા : ભીંડા વાવે કે બીજા કોઇપણ શાકભાજી વાવે એના વધારે ભાવ મળશે પરંતુ એ મળતા નથી. આ ગ્રીન હાઉસો છેલ્લા બે વર્ષમાં બંધ થઇ ગયા છે તો એની સંખ્યા કેટલી અને એને સરકાર કોઇ સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ સન ૨૦૦૨થી અમલી મૂકયો છે એમાં પ્રાઇમરી મોબાઇલ મિનિમમ પ્રોસેસીંગ યુનિટ મહત્તમ કોસ્ટ ૨૫ લાખ, એકમ દીઠ ક્રેડીટ લીંક બેન્કડ એન્ડેડ સબસિડી સામાન્ય વિસ્તારો માટે કુલ પ્રોજેકટ ખર્ચના ૪૦ ટકા મહત્તમ દસ લાખ પર યુનિટ, શિડયુલ અને પહાડી વિસ્તાર માટે ૫૫ ટકા, મહત્તમ રૂપિયા ૧.૭૫ લાખ પર યુનિટ, ઔષધીય સુગંધીત પાકો માટે નવા ડિસ્ટીલેશન યુનિટ ખર્ચના ૭૫ ટકા કે રૂપિયા અઢી લાખ બેમાંથી જે ઓછું હોય તે, ફકત એકજ વખત કાજુ તથા અન્ય ફળ પાક પ્રોસેસીંગના નવા યુનિટ ખર્ચના ૭૫ ટકા કે ખર્ચના એક લાખ એમાંથી જે ઓછું હોય એ ફકત એક વખત. બાકીના માનનીય સભ્યશ્રીના સૂચનો છે.

### રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગ્રીન હાઉસ માટે મળેલ અરજીઓ

* ૨૭૪૪ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ગ્રીન હાઉસમાં કેટલી અરજીઓ મળી, | (૧) નિયમાનુસાર હોય તેવી<br>રાજકોટ : વર્ષ ૨૦૧૬–૪ (ચાર) અરજીઓ<br>વર્ષ ૨૦૧૭–૩ (ત્રણ) અરજીઓ<br>કુલ–૭ (સાત) અરજીઓ<br>પોરબંદર : વર્ષ ૨૦૧૬– ૦<br>વર્ષ ૨૦૧૭–૨ (બે) અરજીઓ<br>કુલ–૨ (બે) અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ ના મંજુર કરવામાં આવી, અને | (૨) રાજકોટ : વર્ષ ૨૦૧૬–૪ (ચાર)<br>વર્ષ ૨૦૧૭–૩ (ત્રણ)<br>કુલ–૭ (સાત) અરજીઓ<br>પોરબંદર : વર્ષ ૨૦૧૬– ૦<br>વર્ષ ૨૦૧૭–૨ (બે) અરજીઓ<br>કુલ–૨ (બે) અરજીઓ |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ સહાય પેટે ચુકવવામાં આવી ? | (૩) રાજકોટ – વર્ષ ૨૦૧૬ ની ચાર અરજીની રૂ.૬૫.૭૪ લાખ સહાય ચૂકવી. વર્ષ ૨૦૧૭ ની ૩ અરજીની સહાય ચૂકવવા માટે કાર્યવાહી ચાલુ છે.<br>પોરબંદર – વર્ષ ૨૦૧૭ ની ૧ અરજીની રૂ.૨૦.૦૬ લાખ સહાય ચૂકવી. વર્ષ ૨૦૧૭ ની ૧ અરજીની સહાય ચૂકવવા માટે કાર્યવાહી ચાલુ છે. |

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : મારો પ્રશ્ન એ છે કે રાજકોટ જિલ્લામાંથી ત્રણ અરજીઓ આવી જયારે પોરબંદર જિલ્લામાંથી એક અરજી આવી છે એને સહાય ચૂકવવાની બાકી છે એના કારણો શું? ગ્રીન હાઉસની સહાય મેળવતા ખેડૂતે કેટલા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વર્ષ ગ્રીન હાઉસ સ્ટ્રકચર ફરજિયાત રાખવાનું હોય છે, આ નિયમના ભંગના કિસ્સામાં શું કાર્યવાહીની જોગવાઇ છે, એ જોગવાઇ નીચે કેટલા સામે કાર્યવાહી કરવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : જે અરજીઓ મંજૂર થઇ છે એ પૈકી પાંચ અરજીઓ મંજૂર કરીને પૂર્ણ કરેલ છે. એમાં રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં કુલ ચાર ગ્રીન હાઉસનું કામ પૂર્ણ થયેલ છે. એમાં બે રાજકોટના છે, એક લોધીકા અને એક ગોંડલનું છે. પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં એક ગ્રીન હાઉસ પૂર્ણ થયેલ છે બીજુ રાણાવવા ખાતે થયેલ છે. બાકીની વાત કરું તો કામગીરી પ્રગતિમાં છે એ માર્ચ ૨૦૧૮ સુધીમાં કામ પૂર્ણ થશે એટલે એને પેમેન્ટ આપવામાં આવશે. આમાં રાજકોટના ૩ છે, એક પોરબંદરનું છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગ્રીન હાઉસ બનાવવાથી ખેડૂતોને શું શું ફાયદા થયા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : શું ફાયદા થાય છે એ જણાવું તો ખેતીની અંદર ગ્રીન હાઉસ ખૂબ ઉપયોગી છે. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હતો એનો જવાબ બાકી છે. એમનો પ્રશ્ન હતો કે ગ્રીન હાઉસનું સ્ટ્રકચર કેટલા સમય સુધી રાખવાનું અને એવા કિસ્સામાં સ્ટ્રકચર ન રાખે એની સામે શું કાર્યવાહી કરી એનો જવાબ નથી આપ્યો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સભ્યશ્રી ઇચ્છા રાખે એ પ્રમાણે મંત્રીશ્રી જવાબ ન આપે. ફાયદાઓ થાય છે એમાં આખા વર્ષ દરમિયાન પાકો ઉગાડી શકાય છે. એકમ વિસ્તારમાં ઉત્પાદન વધારી શકાય છે. ઉંચી ગુણવત્તાવાળું ઉત્પાદન કરી શકાય છે. પાણી, ખાતર, બીજ અને પાક સંરક્ષણ, દવાઓનો ઉપયોગ અસરકારક અને આર્થિક રીતે કરી શકાય છે. જીવાત અને રોગથી પાકને અસરકારક કરીને બચાવી શકાય છે. બીજના ઉગાવાના ટકા વધારે મળતા હોવાથી કિંમતી બિયારણ, ધરૂ, છોડ સહેલાઇથી તૈયાર કરી શકાય છે. પેસી સંવર્ધનથી ઉછેડેલા છોડ સહેલાઇથી ઉગાડી શકાય છે. જમીન વગર જુદા જુદા માધ્યમો જેવા pittmos, vermiculite, coco pit વગેરેમાં પાકને ઉગાડી શકાય છે. બજારને ઘ્યાનમાં રાખીને શાકભાજી અને ફૂલ પાકો ઉગાડી શકાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિણામો પ્રમાણે નિકાસ કરી શકાય તેવા પાકોનું ઉત્પાદન કરી શકાય છે. વાતાવરણના પરિબળો જેવા કે અંગારવાયુ, પ્રકાશ, બીજ, ગરમીનું નિયંત્રણ કમ્પ્યુટર કે અન્ય સાધનો દ્વારા વધુ ઉત્પાદન મેળવી શકાય છે. યુવાન કૃષિ સ્નાતકોને રોજગારી પૂરી પાડવા માટે પણ આ ઉપયોગી છે. શાકભાજીના ધરૂ જ્યારે ખુલ્લા ખેતરમાં કરી શકાય તેમ ન હોય ત્યારે ગ્રીન હાઉસમાં તૈયાર કરી શકાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જ્યારથી દાખલ થઇ છે ત્યારથી લઇને આજ સુધીમાં આ યોજના લગભગ માહિતી મુજબ જેટલી સફળ થવી જોઇએ એટલી સફળતા મળી નથી. મોટાભાગના ખેડૂતોએ લોન લઇને આ યોજના બનાવ્યા પછી આમાં નિષ્ફળ નિવડ્યા છે ત્યારે સરકાર પાસેથી જાણવું છે કે આ યોજનામાં આજની તારીખ સુધીમાં ટકાવારીએ આપણે આમાં કેટલી સફળતા પ્રાપ્ત કરી છે અને જે લોનો આપી છે એ પૈકી આજની તારીખે કેટલા ખેડૂતો એ લોન ભરપાઇ કરી શક્યા નથી. બીજો મુદ્દો– સરકાર પાસેથી એ જાણવું છે કે મોટાભાગે જે કંપની મારફત આ કામગીરી કરવામાં આવે છે એ રાજ્ય સરકારના નાણાં સબસિડીના જે તે કંપની પાસે જાય છે. ખેડૂતોને આનો લાભ મળતો નથી. તો આ યોજનામાં પુનઃવિચારણા કરી ખેડૂતોને ફાયદો થાય એવી વિચારણા કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી છેલ્લા બે વર્ષ માટેનો પ્રશ્ન છે અને બાકીની જે વાત કરી એ એમનું સૂચન છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન હાઉસ ખેતી કરતા ખેડૂતોના મુખ્ય પ્રશ્નો શું હતા અને એના નિવારણ માટે સરકારે શું પગલા ભર્યા?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રીન હાઉસ છે એને બનાવવા માગતા ખેડૂતોને રાજ્યની કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૫ દિવસની તાલીમ પણ આપવામાં આવે છે. ધિરાણ મેળવતા ખેડૂતોના ધિરાણના ખાતામાં સહાયની રકમ સીધી જમા કરાવવામાં આવે છે. ખેડૂતોને ૩ વર્ષ સુધી એમ–પેનલ કંપનીઓ મારફત સાર–સંભાળ અને મફત સલાહ સુચન આપવામાં આવે છે. ગ્રીન હાઉસનો વીમો ફરજિયાત છે. કંપનીઓ સમયસર કામગીરી કરે તે માટે કેસ દીઠ ખર્ચના ૧૦ ટકા લેખે ડિપોઝીટ જમા કરાવવામાં આવે છે. ખેડૂતોને માર્ગદર્શન મળી રહે એ માટે તાલીમ અને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી પુંજાભાઇએ વાત કરી એમ હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સામાન્ય રીતે ગ્રીન હાઉસ જે ખેડૂત ઉભું કરે છે એનું એક તો જે કંપની મારફતે એને મટિરિયલ્સ આપવામાં આવે છે એ ખૂબ હલકી ગુણવત્તાવાળું અને ઓવર એસ્ટીમેટ કરીને અપાય છે. લગભગ એ ત્રણ વર્ષ સુધી ઉપરનું કપડું કે મટિરિયલ્સ ચાલતું નથી. એટલું હલકું હોય છે. એને વીજ કનેક્શન લેવા માટે આ ખેડૂતોએ ખૂબ મોટી રકમ ચૂકવવી પડે છે. એ ઉપરાંત જે ખેડૂતો જે જગ્યાએથી લોન લે છે એ લોન માટે પણ કાંતો એજન્ટો સાથે એને સમજુતી કરવી પડે છે તો જ એને લોન મળે છે. એ ઉપરાંત જે ખેડૂતોએ આ ગ્રીન હાઉસ તૈયાર કર્યા છે, એ ત્રીજા વર્ષ પહેલાં એનું લગભગ અસ્તિત્વ રહેતું નથી એટલા માટે આની કાંઇક સરળ પદ્ધતિ કરી અને ખેડૂતો ખરેખર આનો લાભ લઇ શકે અને

ખેડૂતોને ઉપયોગી બને એ માટે જે કંઇ અત્યારના ધારાધોરણો છે એમાં કંઇ સુધારો કરીને લેટેસ્ટ ટેકનોલોજી મુજબ આ ગ્રીન હાઉસની અંદર કંઇ યોજના ઉભી કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે કવોલીટી સાથે કયારેય આ સરકારે કોમ્પ્રોમાઇઝ નથી કર્યુ. સારામાં સારી કવોલીટી વપરાય, એ વર્ષો સુધી ટકે એવી ચિંતા આ રાજય સરકારે કરી છે. એની થોડી વાત કરું કે સરકારે જે ૧૪ કંપનીઓ નકકી કરી છે એ ૧૪ કંપનીઓમાંથી આપણા અરજદાર નકકી કરે કે અમારે આ કંપની પાસે કરાવવું છે એ જ કંપની પાસે કરી શકાય એટલે પારદર્શક રીતે એનો નિર્ણય જે તે અરજદાર કરતા હોય છે અને આ એમ્પેલ કંપનીઓની યાદી સરકારે ખૂબ વિચારણા કરીને તૈયાર કરી હોય છે અને એમ્પેલ કંપનીઓના આપ કહો તો નામ આપવા હું તૈયાર છું પણ સમય લાગે એમ છે. આ જે ૧૪ કંપનીઓ જે નકકી કરી છે એની અંદરથી અરજદાર નકકી કરે એ પ્રમાણે કરવાનું હોય છે અને ગ્રીન હાઉસમાં તમારા ધ્યાને કંઇ હોય તો તમે કહેજો. આ સરકાર કયાંય કોઇ કવોલીટીમાં કોમ્પ્રોમાઇઝ કરવા માગતા નથી એટલે તમારે ધ્યાને હોય તો અમારા ધ્યાને મૂકજો.

મોરબી અને કચ્છ જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગારી ગેરંટી યોજનામાં નાણાંકીય ગેરરીતી

* ૧૯૧૨ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગારી ગેરંટી યોજના હેઠળ મોરબી અને કચ્છ જિલ્લામાં નાણાંકીય ગેરરીતીઓ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગારી ગેરંટી યોજના હેઠળ મોરબી અને કચ્છ જિલ્લામાં નાણાંકીય ગેરરીતીઓ અંગેની એક પણ ફરિયાદ સરકારને મળી નથી, અને |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલી ફરિયાદો અંગે તપાસ કરી, કસૂરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) એક પણ ફરીયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન રહેતો નથી. |

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગેરરીતિની કોઇ ફરીયાદ મળી નથી તો મારા પાસે પુરાવાઓ છે કે પાનરોમાં બોગસ જોબકાર્ડની ગેરરીતિ અંગે લખપત તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રીએ તા.૧૩–૧૦–૧૬, ૨૪–૭–૧૭, ૨૮–૭–૧૭ના રોજ પત્ર લખ્યો છે અને તાલુકા વિકાસ અધિકારીએ તા.૩–૧૧–૧૬ના પત્રમાં ગેરરીતિઓ સ્વીકારી છે. આ માહિતીઓ છુપાવી અને સરકારને ગેરમાર્ગે દોરવા માટે આના જે પણ ઇસમો હોય એમના સામે શું પગલા લેવા માગે છે અને પ્રશ્ન –૨, મોરબી અને કચ્છ જિલ્લાના મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં કેટલા માનવદિન ઉત્પન્ન કરવાનું આયોજન હતું અને તેની સામે કેટલા માનવદિન ઉત્પન્ન કરવામાં આવ્યા?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો હતો ૨૦૧૭, છેલ્લા બે વર્ષની અંદર આ બે જિલ્લામાં કેટલી મનરેગા યોજનાની અંદર ગેરરીતિઓ થઇ? છેલ્લા બે વર્ષની અંદર એક પણ ગેરરીતિનો પ્રશ્ન કે રજૂઆત અમારી પાસે આવી નથી. માનનીય સભ્યશ્રી વાત કરે છે એ અગાઉના બે વર્ષની અંદર આ ઘટના બનેલી છે એના અનુસંધાને માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. તેમ છતાં માનનીય સભ્યશ્રીની લાગણી છે એના જે પાનરો ગ્રામ પંચાયતની માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ બે વર્ષ અગાઉનું છે છતાં એમની લાગણી છે એટલે હું જવાબ આપુ છું. સદર પ્રકરણ બાબતે તાલુકા વિકાસ અધિકારીશ્રી લખપત કચ્છ દ્વારા તપાસ કરી અને તા.૩–૧–૨૦૧૬ના રોજ કલેકટરશ્રી ભુજ–કચ્છને તપાસનો અહેવાલ રજૂ કરવામાં આવેલો છે. તાલુકા વિકાસ અધિકારીશ્રી લખપત કચ્છ દ્વારા તા.૩–૧૧–૨૦૧૬ના તમામ અહેવાલમાં જણાવ્યા મુજબ સોગંદનામા, જવાબ, નિવેદન લક્ષમાં લેતા યોજના હેઠળ ગેરરીતિ અને અનિયમિતતામાં ગ્રામપંચાયતના નિયમોમાં ઘટતી કાર્યવાહી હાથ ધરવા કરેલ સુચન અન્વયે જિલ્લા પંચાયત ભુજ–કચ્છ દ્વારા તા.૭–૩–૨૦૧૭ ના પત્રથી નાયબ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભુજ કચ્છ તથા કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત, માર્ગ મકાન પેટા વિભાગ દ્વારા તાલુકા લખપતને તપાસ સોંપવામાં આવેલ છે. જે અન્વયે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ–ભૂજ દ્વારા તા. ૧૮–૭–૨૦૧૭ના રોજ અહેવાલ સુપરત કરી વધુ ઝીણવટભરી તપાસ કરવા સૂચન કરેલ છે. નાયબ કાર્યપાલક ઇજનેર દયાપર તાલુકો લખપત દ્વારા તા. ૨૫–૯–૨૦૧૭ના રોજ અહેવાલ સુપરત કરી યોજના હેઠળના કામો ૭–૮ વર્ષ જૂના હોઇ, હાથ ધરેલ કામોમાં કોઇ ખામી જણાયેલ નથી. હાલના સંજોગોમાં ઉપરોક્ત તમામ તળાવોના કામોમાં તળાવો પાણીથી ભરાયેલા છે અને સ્થાનિક લોકો પાણીનો વપરાશ કરતા જોવા મળે છે. જેથી સદર બાબતે સ્થળ–સ્થિતિ જોતા તમામ તળાવોનું માટીકામ તેમજ તળાવો ઉંડા કરવાનું કામ હાથ ધરાયેલ હોય તેમ જણાયેલ છે. વિશેષમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભૂજ–કચ્છના સૂચન મુજબ જિલ્લા કક્ષાએથી તા. ૬–૯–૨૦૧૭ના હુકમથી ટીમની રચના કરવામાં આવેલ છે. સદર ટીમ દ્વારા ૯–૯–૨૦૧૭ના રોજ સ્થળ પર હાજર રહી તત્કાલીન સરપંચનું નિવેદન લીધેલ છે. રેકર્ડ ચકાસણી કરતાં અપેક્ષિત ૩૩ જોબ કાર્ડ ધારકોના પૈસા પોસ્ટ ખાતામાં જમા થયેલ છે કે કેમ તે અંગે પોસ્ટ ઓફિસ, પાનન્ધ્રો પાસેથી વિગતો લેવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. સદર બાબત ૭–૮ વર્ષ જૂનું હોઇ પોસ્ટ ઓફિસ પાસેથી વિગતો મેળવવામાં વિલંબ થઇ રહ્યો છે. જેથી સદર બાબતે નાણાકીય ગેરરીતિ કે જોબકાર્ડની ગેરરિતી સાબિત થશે તો તપાસના અંતે જવાબદારો સામે

ફોજદારી કાર્યવાહી કરવા સરકાર તૈયાર છે. પાનન્ધ્રો ગ્રામ પંચાયતમાં માત્ર ૬ જ કામો કર્યા છે અને ૨૦.૨૫ લાખનું કામ કરેલ છે અને મજૂરોના જે ફોટા ઇસ્યુ કરવામાં આવેલ છે એ બાબતે જી.એમ.ડી.સી.એ બે રોજમદારોના નામ આપ્યા છે અને એણે એમ કહ્યું છે કે આ લોકો અમારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા છે. આ બાબતો આપના ધ્યાન ઉપર મૂકું છું.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મોરબી અને કચ્છ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ સુધીમાં કેટલા ભારતીય નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા? તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો પ્રગતિ હેઠળ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજીવ ગાંધી ભવનના બાંધકામ માટેનો પ્રશ્ન છે એમાં જણાવીશ કે મોરબી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ ૨૦૧૭–૧૮માં હળવદ તાલુકામાં ૬૭ ગ્રામ પંચાયતો છે એમાં ૧૯ રાજીવ ગાંધી ભવન મંજૂર કરવામાં આવેલ છે અને તે પૈકી ૯ શરૂ કરવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૯૮.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. માળિયા તાલુકામાં ૪૩ ગ્રામ પંચાયતોમાંથી ૬ મંજૂર કરવામાં આવેલ છે અને ૬ ના કામો શરૂ કરવામાં આવેલ છે અને રૂપિયા ૯.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. મોરબી તાલુકાની ૯૮ ગ્રામ પંચાયતો પૈકી ૧૬ મંજૂર કરવામાં આવેલ છે અને ૯ કામો શરૂ કરવામાં આવેલ છે અને ૧૦૨.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ટંકારા તાલુકાની ૪૫ ગ્રામ પંચાયતોમાંથી ૬ મંજૂર કરવામાં આવેલ છે. એની પાછળ રૂપિયા ૪૪.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વાંકાનેર તાલુકામાં ૮૯ ગ્રામ પંચાયતોમાંથી ૬ મંજૂર કરવામાં આવેલ છે અને એની પાછળ રૂપિયા ૩૦.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ, મોરબી જિલ્લામાં કુલ ૩૪૨ ગ્રામ પંચાયતો પૈકી ૫૩ રાજીવ ગાંધી ભવનો મંજૂર કરવામાં આવેલ છે. એ પૈકી ૩૧ કામો શરૂ કરવામાં આવેલ છે. એક પ્લીન્થ લેવલે, એક રૂફ લેવલે અને સ્ટેન્ડ લેવલે બે કામો છે. આમ કુલ ૧૮ કામો કરવામાં આવેલ છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમણે પ્રમાણિકપણે સ્વીકાર કર્યો કે આ પહેલાની સરકારોએ ખેડૂતોનું કશું ભલું કર્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના પાસેથી મંત્રીશ્રીને હું એ પૂછવા માગુ છું કે, મનરેગા યોજનાની ગાઇડ લાઇન પ્રમાણે ૬૦: ૪૦ મજૂરી અને મટિરિયલ માટેની ગ્રાન્ટના વિભાગો કરવામાં આવતા હોય છે. એની સ્પષ્ટતાના અભાવે મોરબી અને કચ્છ જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાઓમાં પણ એસ્ટીમેન્ટના ૬૦: ૪૦ના વિભાગ કરવાના બદલે ગ્રાન્ટના ૬૦: ૪૦ ના વિભાગ કરીને કેટલીક જગ્યાએ મટિરિયલની ગ્રાન્ટમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ થાય છે તો સરકાર ગેરરીતિઓની તપાસ કરવા માગે છે કે કેમ? અને જો આવી કોઇ ગેરરીતિ જણાય તો એના ઉપર કેવા પ્રકારના પગલા લેવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જે ૬૦: ૪૦નો રેશિયો છે એ રેશિયા પ્રમાણે જ કામગીરી થતી હોય છે અને એમાં વેતનના પૈસા સીધે સીધા એના બેંક ખાતાની અંદર જમા કરાવવામાં આવે છે એટલે એમાં ગેરરિતિનો કોઇ પ્રશ્ન નથી અને એના મટિરિયલની બાબતની અંદર ૬૦: ૪૦ના રેશિયા મુજબ જે મટિરચલ વાપરવામાં આવે છે એ પણ જે એજન્સી પાસેથી લીધેલું છે એને પણ ઓન લાઇન એના ખાતાની અંદર જમા કરાવવામાં આવે છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, મોરબી અને કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં મનરેગા યોજના હેઠળ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી? તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી?

| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૨૪૯ અરજીઓ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લામાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ.૧૧૧.૫૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | (૩) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ તમામ અરજીઓની સહાયનું વિમા નિયામકશ્રીની કચેરી દ્વારા ચૂકવણું પૂર્ણ કરવામાં આવેલ છે. |

---------

નર્મદા જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૨૮૭૬ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮ માં નર્મદા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૩,૬૯,૪૧૨/– |

---------

નર્મદા જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૮૬૬ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૭૭૩૪ |

---------

અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૨૮૯૯ શ્રી કનુભાઈ પટેલ (આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મીશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મીશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે નીચે મુજબના શૌચાલય બનાવવામાં આવ્યા. |

અમદાવાદ જિલ્લો

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ |
|---|---|---|---|
| ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | ૫૩૧૭ | ૧૧૮૩૦ | ૧૭૧૪૭ |
| ૦૧–૦૧–૨૦૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ | ૧૦૨ | ૧૩૭ | ૨૩૯ |
| કુલ | ૫૪૧૯ | ૧૧૯૬૭ | ૧૭૩૮૬ |

સરેન્દ્રનગર જિલ્લો

| વર્ષ | બી.પી.એલ. | એ.પી.એલ. | કુલ |
|---|---|---|---|

| | કુટુંબો | કુટુંબો | |
|---|---|---|---|
| ૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૧૩૭૧૪ | ૪૦૦૩૩ | ૫૩૭૪૭ |
| ૦૧-૦૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૧૬૫૧૫ | ૩૮૧૭૫ | ૫૪૬૯૦ |
| કુલ | ૩૦૨૨૯ | ૭૮૨૦૮ | ૧૦૮૪૩૭ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

અમદાવાદ જિલ્લો (રૂ. લાખમા)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | એ.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૬૩૭.૨૩ | ૧૪૧૨.૨૦ | ૨૦૪૯.૪૩ |
| ૦૧-૦૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૧૨.૨૪ | ૧૬.૪૪ | ૨૮.૬૮ |
| કુલ | ૬૪૯.૪૭ | ૧૪૨૮.૬૪ | ૨૦૭૮.૧૧ |

સરેન્દ્રનગર જિલ્લો (રૂ. લાખમા)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | એ.પી.એલ. કુટુંબો માટે ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૨૭૫.૬૪ | ૧૬૭૮.૭૯ | ૧૯૫૪.૪૩ |
| ૦૧-૦૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૭૮૭.૩૨ | ૫૩૫૫.૮૪ | ૬૧૪૩.૧૬ |
| કુલ | ૧૦૬૨.૯૬ | ૭૦૩૪.૬૩ | ૮૦૯૭.૫૯ |

---------

## કપડવંજ અને કઠલાલ તાલુકામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી

* ૨૮૦૨ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ કપડવંજ અને કઠલાલ તાલુકામાં કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ કપડવંજ અને કઠલાલ તાલુકામાં નીચેની વિગતે રોજગારી પૂરી પાડવામાં આવી.

| ક્રમ | તાલુકો | પૂરી પાડવામાં આવેલ રોજગારી (માનવદિન) | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | કુલ |
| ૧ | કપડવંજ | ૧,૩૩,૭૦૮ | ૨,૧૦,૮૨૦ | ૩,૪૪,૫૨૮ |
| ૨ | કઠલાલ | ૭૯,૪૮૬ | ૧,૫૧,૭૩૭ | ૨,૩૧,૨૨૩ |
| | કુલ | ૨,૧૩,૧૯૪ | ૩,૬૨,૫૫૭ | ૫,૭૫,૭૫૧ |

(૨) ઉક્ત રોજગારી આપવા ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત રોજગારી આપવા ઉક્ત વર્ષવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો, અને

| ક્રમ | તાલુકો | કરવામાં આવેલ ખર્ચ (રકમ રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | કુલ |
| ૧ | કપડવંજ | ૨૫૩.૩૨ | ૩૩૦.૧૫ | ૫૮૩.૪૭ |
| ૨ | કઠલાલ | ૧૩૮.૩૭ | ૨૫૪.૩૦ | ૩૯૨.૬૭ |
| | કુલ | ૩૯૧.૬૯ | ૫૮૪.૪૫ | ૯૭૬.૧૪ |

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેન્દ્ર સરકારે રકમ

કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી ?

રૂ.૯૭૬.૧૪ લાખ ફાળવી. મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનાની માર્ગદર્શિકા મુજબ શ્રમિકોના વેતન અંગેનો ખર્ચ ૧૦૦% કેન્દ્ર સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે.

---------

અરવલ્લી જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૨૮૭૮ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં અરવલ્લી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) રૂ. ૧,૧૫,૫૪,૮૦૯/- |

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૨૮૯૭ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ની છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

જિલ્લોઃ- મહીસાગર (સંખ્યામાં)

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | બી.પી.એલ | એ.પી.એલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૫૮૪ | ૫૫૬૪ | ૭૧૪૮ |
| ૨ | ૨૦૧૭ | ૮૬૫૬ | ૨૦૫૨૮ | ૨૯૧૮૪ |
| કુલ | | ૧૦૨૪૦ | ૨૬૦૯૨ | ૩૬૩૩૨ |

જિલ્લોઃ- પંચમહાલ (સંખ્યામાં)

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | બી.પી.એલ | એ.પી.એલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૨૦૧૮ | ૪૦૩૬૨ | ૫૨૩૮૦ |
| ૨ | ૨૦૧૭ | ૧૧૩૭૭ | ૩૯૨૪૦ | ૫૦૬૧૭ |
| કુલ | | ૨૩૩૯૫ | ૭૯૬૦૨ | ૧૦૨૯૯૭ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

જિલ્લોઃ- મહીસાગર (લાખમાં)

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | બી.પી.એલ | એ.પી.એલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૯૦.૦૦ | ૬૬૭.૬૮ | ૮૫૭.૬૮ |
| ૨ | ૨૦૧૭ | ૧૦૩૮.૭૨ | ૨૪૬૩.૩૬ | ૩૫૦૨.૦૮ |
| કુલ | | ૧૨૨૮.૭૨ | ૩૧૩૧.૦૪ | ૪૩૫૯.૭૬ |

જિલ્લોઃ- પંચમહાલ (લાખમાં)

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | બી.પી.એલ | એ.પી.એલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૪૪૨.૧૬ | ૪૮૪૩.૪૪ | ૬૨૮૫.૬ |
| ૨ | ૨૦૧૭ | ૧૩૬૫.૨૪ | ૪૭૦૮.૮ | ૬૦૭૪.૦૪ |
| કુલ | | ૨૮૦૭.૪ | ૯૫૨૨.૨૪ | ૧૨૩૫૯.૬૪ |

# તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો
### સુરત જિલ્લામાં વાજબી ભાવની દુકાનો

* ૨૮૩૮ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે, | (૧) સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ ૧૦૬૧ વાજબી ભાવની દુકાનો આવેલી છે. |
| (૨) દુકાન સંચાલકોને પરમીટો ક્યારે આપવામાં આવે છે, અને | (૨) જાહેર વિતરણ યોજના હેઠળ દર માસની ૧૬મી તારીખથી ૨૫મી તારીખ સુધીમાં તે પછીના માસ માટેના જથ્થાની વાજબી ભાવના દુકાન સંચાલકોને ઓનલાઈન પરમીટ આપવામાં આવે છે.ત્યારબાદ અસાધારણ સંજોગોમાં લાભાર્થી અનાજથી વંચિત ન રહે તે હેતુસર સક્ષમ અધિકારીની મંજુરીથી કેટલાક કિસ્સાઓમાં પરમીટ આપવામાં આવે છે. |
| (૩) પરમીટો મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે? | (૩) તમામ વાજબી ભાવની દુકાનો ઉપર સરકારી ગોડાઉનમાંથી ડોર સ્ટેપ ડીલીવરી દ્વારા જથ્થો પહોંચાડવા માટેના કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. તે મુજબ રૂટ નક્કી કરી, આવશ્યક ચીજવસ્તુનો જથ્થો સંબંધકર્તા વાજબી ભાવની દુકાનના સ્થળે જથ્થો પહોંચાડવા માટેની જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

### વલસાડ જિલ્લામાં સહકારી મંડળીઓ માટે ગોડાઉન બનાવવાની દરખાસ્ત

* ૧૯૩૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓ માટે ગોડાઉન બનાવવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગોડાઉન બનાવવાની દરખાસ્ત મંજૂર કરી અને કેટલી પડતર છે, અને | (૨) તમામ ૧૬ દરખાસ્ત મંજૂર કરેલ છે. કોઈ પડતર નથી. |
| (૩) ઉક્ત પડતર રહેલ દરખાસ્તને ક્યાં સુધીમાં મંજૂરી આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### દેવગઢ બારિયા ખાતે રમતગમત ક્ષેત્રે રકમ ફાળવવા બાબત

* ૧૯૩૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે દેવગઢ બારિયા ખાતે સંકુલ બનાવેલ છે. જેના વિકાસ માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) ૩.૮૭૬.૦૭ લાખ |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ ક્યા કામ માટે ખર્ચ કરવામાં આવી? | (૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી નીચે મુજબ કામવાર ખર્ચ કરવામાં આવેલ છે. |

| ક્રમ | કામનું નામ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | દેવગઢબારીયા મુકામે સ્પોર્ટસ એકેડમીનું કામ | ૨૨૭.૭૨ |
| ૨ | દેવગઢબારીયા ખાતે નવી ગર્લ્સ સ્પોર્ટસ હોસ્ટેલના | ૨૫૬.૪૬ |

| | | |
|---|---|---|
| | નિર્માણ અંગે | |
| ૩ | દેવગઢબારિયા ખાતે નવી બોયસ સ્પોર્ટસ હોસ્ટેલનું કામ | ૧૨૨.૭૫ |
| ૪ | દેવગઢબારિયા ખાતેની રમત સંકુલ અંતર્ગત વિવિધ સુવિધા અને રીનોવેશન, રીપેરીંગ અને અપગ્રેડેશન માટે | ૮૧.૫૧ |
| | કુલ | ૬૮૮.૪૪ |

---------

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં નવીન શૌચાલય

* ૨૬૭૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર, તાલુકાવાર કેટલા ગામોને ઓડીએફ જાહેર કરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવીન શૌચાલય બનાવવામાં આવેલ છે.

જિલ્લોઃ-ગાંધીનગર

| ક્રમ | તાલુકા | ૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) નવીન બનાવેલ શૌચાલયો | ૨૦૧૭ (કેલેન્ડર વર્ષ) નવીન બનાવેલ શૌચાલયો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૧૯૪ | ૩૫૫૧ | ૭૭૪૫ |
| ૨ | કલોલ | ૫૦૫૦ | ૨૦૩૬ | ૭૦૮૬ |
| ૩ | માણસા | ૫૯૬૪ | ૯૯૬ | ૬૯૬૦ |
| ૪ | દહેગામ | ૯૨૭૨ | ૧૧૦૮૧ | ૨૦૩૫૩ |
| | કુલ | ૨૪૪૮૦ | ૧૭૬૬૪ | ૪૨૧૪૪ |

જિલ્લોઃ- સાબરકાંઠા

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકા | ૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) નવીન બનાવેલ શૌચાલયો | ૨૦૧૭ (કેલેન્ડર વર્ષ) નવીન બનાવેલ શૌચાલયો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦૧૬૮ | ૪૨૧૨ | ૧૪૩૮૦ |
| ૨ | ઇડર | ૬૭૯૩ | ૧૫૬૯ | ૮૩૬૨ |
| ૩ | વડાલી | ૩૬૫૯ | ૦ | ૩૬૫૯ |
| ૪ | પ્રાંતિજ | ૬૦૪૦ | ૧૫૭૦ | ૭૬૧૦ |
| ૫ | તલોદ | ૭૨૬૪ | ૧૩૪૮ | ૮૬૧૨ |
| ૬ | ખેડબ્રહ્મા | ૫૭૮૧ | ૩૦૧૩ | ૮૭૯૪ |
| ૭ | પોશીના | ૪૫૭૫ | ૫૦૭૭ | ૯૬૫૨ |
| ૮ | વિજયનગર | ૧૩૪૪ | ૫૨૦ | ૧૮૬૪ |
| | કુલ | ૪૫૬૨૪ | ૧૭૩૦૯ | ૬૨૯૩૩ |

(૨) ODF (જાહેરમાં શૌચક્રિયા મુક્ત) કરવામાં આવેલ તાલુકાવાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

જિલ્લોઃ-ગાંધીનગર

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) | વર્ષ ૨૦૧૭ (કેલેન્ડર વર્ષ) | કુલ |
|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | ગામોની સંખ્યા | |
| ૧ | ગાંધીનગર | ૨૭ | ૪૬ | ૭૩ |
| ૨ | કલોલ | ૩૫ | ૩૪ | ૬૯ |
| ૩ | માણસા | ૩૭ | ૩૧ | ૬૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | દહેગામ | ૨૧ | ૮૩ | ૧૦૪ |
| | કુલ | ૧૨૦ | ૧૯૪ | ૩૧૪ |

જિલ્લોઃ–સાબરકાંઠા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (કેલેન્ડર વર્ષ) | વર્ષ ૨૦૧૭ (કેલેન્ડર વર્ષ) | કુલ |
|---|---|---|---|---|
| | | ગામોની સંખ્યા | ગામોની સંખ્યા | |
| ૧ | હિંમતનગર | ૨૫ | ૧૨૧ | ૧૪૬ |
| ૨ | ઇડર | ૧૦ | ૧૪૩ | ૧૫૩ |
| ૩ | વડાલી | ૧૬ | ૪૦ | ૫૬ |
| ૪ | પ્રાંતિજ | ૭ | ૬૩ | ૭૦ |
| ૫ | તલોદ | ૭ | ૬૪ | ૭૧ |
| ૬ | ખેડબ્રહ્મા | ૭ | ૬૯ | ૭૬ |
| ૭ | પોશીના | ૦ | ૬૧ | ૬૧ |
| ૮ | વિજયનગર | ૧ | ૮૫ | ૮૬ |
| | કુલ | ૭૩ | ૬૪૬ | ૭૧૯ |

---------

આણંદ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૮૬૯ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૮૩. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૪,૫૮૪. |

---------

ડાંગ જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૨૮૬૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨,૩૩,૨૩૬ |
| (૨) કયા કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ગળસૂંઢો, ગાંઠીયો તાવ, ખરવા–મોવાસા, આંત્રવિષજવર, હડકવા, પી.પી.આર. |

---------

અમરેલી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની અરજીઓ

* ૧૯૧૧ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જીલ્લામાં સન ૨૦૧૭ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને તાલુકાવાર મળી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | સને ૨૦૧૭માં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૯ |
| ૨ | લીલીયા | ૩ |
| ૩ | ધારી | ૧૧ |
| ૪ | બગસરા | ૩ |
| ૫ | લાઠી | ૧૦ |
| ૬ | સાવરકુંડલા | ૧૨ |
| ૭ | રાજુલા | ૩ |
| ૮ | ખાંભા | ૫ |
| ૯ | જાફરાબાદ | ૪ |

| | | |
|---|---|---|
| ૧૦ | બાબરા | ૧૪ |
| ૧૧ | કુકાવાવ | ૯ |
| કુલ | | ૮૩ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તા.૨૮-૦૧-૨૦૧૮ની સ્થિતિએ મંજુર કરવામાં આવી,

(૨) ૭૬

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શાં કારણો છે, અને

(૩) ૭ – નામંજૂર

નામંજૂર થવાના કારણોની વિગત નીચે મુજબ છે :

| ક્રમ | તાલુકો | નામંજૂર થવાના કારણો | નામંજુર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | લાઠી | ૭૦ વર્ષ કરતાં વધારે ઉંમર | ૦૨ |
| ૨ | સાવરકુંડલા | ૭૦ વર્ષ કરતાં વધારે ઉંમર | ૦૩ |
| ૩ | ખાંભા | હાર્ટ એટેકથી મૃત્યુ | ૦૧ |
| ૪ | બાબરા | ૭૦ વર્ષ કરતાં વધારે ઉંમર | ૦૧ |

(૪) તમામ પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરી સહાય ચૂકવવામાં આવશે ?

(૪) તમામ પડતર અરજીઓમાં વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈ ધ્યાને લઈ મંજુર કરી સહાયની રકમ ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

ગાંધીનગર જિલ્લામાં બિયારણના નમુના

* ૨૮૬૦ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં બિયારણના કુલ કેટલા નમુના લેવામાં આવ્યા ?

(૧) ૩૩૯

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૨) ૩૨૮ નમુના પ્રમાણિત થયા
૧૧ નમુના બિનપ્રમાણિત થયા અને

(૩) બિનપ્રમાણિત નમુના માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૪ બીન પ્રમાણિત નમુના માટે કોર્ટ કેસ કરેલ છે, ૧ બિનપ્રમાણિત નમુના માટે વહીવટી પગલાં ભરવામાં આવેલ છે, અને ૬ બિનપ્રમાણિત નુમના માટે એફ.આઈ.આર. નોંધાવેલ છે.

---------

બોટાદ જિલ્લામાં બીપીએલ અને એપીએલ કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય

* ૨૮૯૮ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) બોટાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૧) બોટાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે | એ.પી.એલ. કુટુંબો માટે | કુલ કુટુંબો |
|---|---|---|---|
| તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૯૬૨ | ૮૨૪૪ | ૯૨૦૬ |
| તા.૧-૧-૧૭ થી ૩૧- | ૪૬૭ | ૨૫૪૭ | ૩૦૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૨-૧૭ | | | |
| કુલ | ૧૪૨૯ | ૧૦૭૯૧ | ૧૨૨૨૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો. (રૂ. લાખમાં)

| વર્ષ | બી.પી.એલ. | એ.પી.એલ. | કુલ |
|---|---|---|---|
| તા.૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ | ૧૧૫.૪૨ | ૯૮૬.૬ | ૧૧૦૨.૦૨ |
| તા.૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ | ૪૦૭.૪ | ૩૦૩.૫૫ | ૭૧૦.૯૫ |
| કુલ | ૫૨૨.૮૨ | ૧૨૯૦.૧૫ | ૧૮૧૨.૯૭ |

---------

અમરેલી જિલ્લામાં કાંતનાર-વણનાર કારીગરોને સહાય

* ૨૮૦૬ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખાદીકામ કરનાર, કાંતનાર-વણનાર કારીગરોને રાજ્ય સરકાર દ્વારા કાંતણ-વણાટ સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા કાંતનાર-વણનાર કારીગરોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) હા જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં નીચે મુજબ કાંતનાર-વણનાર કારીગરોને સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ | કારીગરો | સંખ્યા | કુલ ચુકવેલ સહાય રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | કાંતનાર | ૩૩૫ | ૮,૨૪,૯૦૬ |
| ૨ | વણનાર | ૧૨૯ | ૫,૪૩,૨૫૦ |
| | કુલ કારીગરો | ૪૬૪ | ૧૩,૬૮,૧૫૬ |

---------

જ્ય સરકારે કપાસ અને મગફળીના ટેકાના ભાવો માટે દરખાસ્ત

* ૧૯૨૨ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કપાસ અને મગફળીના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકાર સમક્ષ ક્યારે દરખાસ્ત કરી,

(૨) તે અન્વયે ભારત સરકારે શું પ્રતિભાવ આપ્યો, અને

(૩) પ્રતિભાવ બાદ રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર ટેકાના શું ભાવેથી વર્ષવાર કેટલી ખરીદી કરેલ છે ?

જવાબ

(૧) રાજ્ય સરકારે કપાસ અને મગફળીના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકાર સમક્ષ દરખાસ્ત કરી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મોરબી જિલ્લામાં રોટાવેટર સહાય માટેની અરજીઓ

* ૨૮૫૮ શ્રીમતિ ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં રોટાવેટર સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચુકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે

જવાબ

(૧) ૬૦૪

(૨) ૪૧૧

(૩) સહાય ચુકવવાની બાકી અરજીઓ શૂન્ય છે.

?

---------

આણંદ અને ખેડા જિલ્લામાં પશુ દવાખાના/સારવાર કેન્દ્રમાં મહેકમ

* ૨૮૧૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| અ.ન | સંવર્ગ | આણંદ | ખેડા |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૧૬ | ૧૬ |
| ૨ | ડ્રેસર | ૫ | ૬ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટકમ ડ્રેસર | ૯ | ૧૩ |

| અ.ન | સંવર્ગ | આણંદ | ખેડા |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૧ | ૦ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૧૯ | ૧૮ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ | ૧૬ | ૧૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અ.ન | સંવર્ગ | આણંદ | ખેડા |
|---|---|---|---|
| | | પશુદવાખાના | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૪ | ૧૦ |
| ૨ | ડ્રેસર | ૪ | ૪ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ એટેન્ડન્ટકમ ડ્રેસર | ૬ | ૮ |

| અ.ન | સંવર્ગ | આણંદ | ખેડા |
|---|---|---|---|
| | | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | |
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૦ | ૦ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૧૨ | ૩ |
| ૩ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/ | ૧૦ | ૧૩ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) શક્ય તેટલી ઝડપથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

બનાસકાંઠા જીલ્લામાં પાલનપુર ખાતે સ્પોટર્સ સંકુલનુ આધુનીકરણ

* ૧૯૦૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં જીલ્લાકક્ષાનું રમતગમતનું આધુનિક સ્પોટર્સ સંકુલ પાલનપુર ખાતે બનાવવાની કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ હાલ કયા તબક્કે છે, અને

(૨) તે ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) પાલનપુર ખાતે હયાત રમતગમત સંકુલમાં આનુસાંગિક સુવિધાઓ પુરી પાડવા અંગેના કામના અંદાજો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) બનતી ત્વરાએ.

---------

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### અમરેલી જિલ્લામાં પી.ઓ.એસ. મશીન આપવા બાબત

* ૨૮૫૭ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સબસીડીપાત્ર ખાતર વિતરણ કરનાર ખાતર વિક્રેતાઓ કેટલા છે, | (૧) ૩૦૯. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિક્રેતાઓને પી.ઓ.એસ. મશીન આપવામાં આવેલ છે, અને | (૨) ૩૦૨. |
| (૩) કેટલા વિક્રેતાઓને પી.ઓ.એસ. મશીન આપવાના બાકી છે ? | (૩) ૭. |

---------

### કૃષિ ઉત્પાદન વધારવાની કામગીરી

* ૨૮૯૨ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત કૃષિ ઉત્પાદન વધારવા કોઇ કામગીરી હાથ ધરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત કૃષિ ઉત્પાદન વધારવા કામગીરી હાથ ધરવામાં આવે છે. |
| (૨) જો હા, તો કઇ કઇ કામગીરી કરવામાં આવે છે ? | (૨) આ યોજના અંતર્ગત જમીન અને ભેજ સંરક્ષણના કામો, જળ સંગ્રહના કામો, સૂક્ષ્મ પિયત પદ્ધતિના કામો, પિયત સાધન આપવાની કામગીરી, અળસિયા ખાતર (વર્મી કમ્પોસ્ટ) ની કામગીરી, નર્સરીના કામો, ખેતીના સાધનો આપવાની કામગીરી વગેરે કામો કરવામાં આવે છે. |

---------

### પંચમહાલ જિલ્લામાં પેટ્રોલપંપની તપાસણી

* ૨૩૫૧ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પેટ્રોલપંપની તપાસણી કરવામાં આવી, | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને | (૨) કોઇ જથ્થો કબજે લેવામાં આવેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગેરરીતિઓ જોવા મળેલ પંપોમાં શું પગલાં લીધા ? | (૩) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા<br>(૧) રૂ.૬૧૬૧/– નો દંડ<br>(૨) રૂ.૨,૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે. |

---------

### પાટણ જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય

* ૨૮૭૨ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં પાટણ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ.૫,૪૧,૦૫૬/-.

---------

અમરેલી જિલ્લામાં એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો

* ૨૮૯૪ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે.

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | એ.પી.એલ. કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૨૮૧૩૩ |
| ૨ | ૨૦૧૭ | ૩૬૮૩ |
| | કુલ | ૩૧૮૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | (કેલેન્ડર વર્ષ) | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૧૯૭૬.૧૧ |
| ૨ | ૨૦૧૭ | ૪૬૫.૮૮ |
| | કુલ | ૨૪૪૧.૯૯ |

---------

નર્મદા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની અરજીઓ

* ૨૮૫૪ સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે ?

જવાબ

(૧) ૩૧ અરજીઓ.

(૨) રૂ.૮.૦૦ લાખ.

(૩) મંજુર થયેલ અરજીઓ પૈકી કોઇ સહાય ચૂકવવાની બાકી નથી.

---------

**જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું નિવેદન (નિયમ-૪૪)**

**સાતમા કેન્દ્રીય પગારપંચના એરીયર્સની ચુકવણી અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સાતમા કેન્દ્રીય પગારપંચની (અંતરાય) ભાઇ, મારો વિષય મુકાઇ ગયો છે એ પછી કહેજો તમે. આ મુકાઇ ગયા પછી કહો. પરેશભાઇ, કલમ-૪૪ નું નિવેદન છે, અગત્યનું છે અને આજે હોળી-ધુળેટીના શુભ દિવસોએ રાજ્ય સરકાર તરફથી છ લાખ કર્મચારીઓને અને પેન્શનરોને અમે મોટી એક ભેટ આપીએ છીએ એની હું જાહેરાત કરું છું પછી આપનો વિષય લેજો. પ્લીઝ. પછી લેજો, સાહેબ પરવાનગી આપે તો પછી લેજો. માનનીય અધ્યક્ષશ્રી, સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા વિચારણા બાદ તા. ૧૬-૮-૨૦૧૬ ની મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ સૈદ્ધાંતિક નિર્ણય અનુસાર રાજ્યના સરકારના અને પંચાયતના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ તા. ૧-૧-૨૦૧૬ થી સુધારેલ પગાર માળખામાં પગાર સુધારણા મંજૂર કરવા અંગેનો નિર્ણય નાણા વિભાગના તા. ૧૬-૮-૨૦૧૬ ના ઠરાવથી લેવામાં આવેલ હતો અને તેનો વાસ્તવિક અમલ એટલે કે પગારમાં ચૂકવણી તા. ૧-૮-૨૦૧૬ થી કરવામાં આવેલ છે. જયારે પેન્શન સુધારણા તા. ૧૫-૧૦-૨૦૧૬ ના ઠરાવથી કરવામાં આવેલ છે તેમજ તેનો વાસ્તવિક અમલ તા. ૧-૧૦-૨૦૧૬ થી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના અને પંચાયતોના કર્મચારીઓને તા. ૧-૧-૨૦૧૬ થી પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ તેથી તા. ૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૭-૨૦૧૬

સુધીના સાત મહિનાના પગારના તફાવતની રકમ ચૂકવવા અંગેનો નિર્ણય લેવાનો થાય છે જયારે રાજયના પેન્શનરોને તા. ૧−૧૦−૨૦૧૬ થી પેન્શન સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેથી તેમને પણ તા. ૧−૧−૨૦૧૬ થી તા. ૩૦−૯−૨૦૧૬ સુધીના ૯ મહિનાના પેન્શન તફાવતની રકમ ચૂકવવા અંગે વિચારણા કરવાની થાય છે. રાજયના સરકારી કર્મચારીઓ અને પંચાયતના કર્મચારીઓને અને પેન્શનરોને સાતમા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજૂર કરવાને કારણે નીચે મુજબની તફાવતની રકમ ચૂકવવાની થાય છે. પગારની જે રકમ છે સાત મહિનાની એ રૂ. ૨૨૫૮,૩૪,૦૦,૦૦૦ રૂપિયા થાય છે અને પેન્શનરોને ૯ મહિના પેન્શનની જે રકમ ચૂકવવાની થાય છે એની રકમ ૧૦૨૧,૪૫,૦૦,૦૦૦ રૂપિયા થાય છે આમ બંનેનું મળીને ૩૨૭૯,૭૯,૦૦,૦૦૦ રૂપિયાની રકમ તફાવતની જે છે સાતમુ પગારપંચ આપણે આપવા માંડયા પણ સાત મહિનાનન પગારની અને ૯ મહિનાની પેન્શનની જે બાકી ચુકવણી હતી એ ચૂકવવા માટે સાતમા પગારપંચની ભલામણોનો અમલ કરવાનો નિર્ણય ઝડપથી લેવાને કારણે કર્મચારીઓને તા. ૧−૧−૨૦૧૬ થી તા. ૩૧−૭−૨૦૧૬ સુધીના સાત માસના સમયગાળાના પગાર તફાવતની રકમ ચૂકવવાની થાય છે તેમજ પેન્શનરોને તા. ૧−૧−૨૦૧૬ થી તા. ૩૦−૯−૨૦૧૬ ના ૯ માસના પેન્શનની તફાવતની રકમ ચૂકવવાની થાય છે. રાજયના કર્મચારી મંડળો, મહામંડળો અને પેન્સનર મંડળો દ્વારા પગાર પેન્શન તફાવતની રકમ ચૂકવવા અંગેની માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અને મારી સમક્ષ જે માગણીઓ મૂકવામાં આવેલી તેને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા કર્મચારીઓના અને પેન્શનરોના હિતમાં ઉકત તફાવતની રકમ ત્રણ હપ્તામાં રોકડેથી ચૂકવવાનો નિર્ણય કરેલ છે જે મુજબ રાજય સરકારના કર્મચારીઓ તેમજ પેન્શનરને સાતમા પગારપંચના તફાવતની રકમનો પ્રથમ હપ્તો માર્ચ માસમાં, બીજો હપ્તો મે માસમાં તેમજ ત્રીજો હપ્તો જુલાઇ માસમાં ચૂકવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આમ ઉપર મુજબ ત્રણ હપ્તામાં રોકડેથી એરીયર્સની ચુકવણી કરવાના કારણે પગાર તફાવત પેટે પ્રથમ હપ્તામાં રૂ. ૭૫૨.૭૮ કરોડ તથા પેન્શનના ૩૪૦.૪૮ કરોડ એમ કુલ મળી પ્રથમ હપ્તામાં ૧૦૯૩ કરોડ ૨૬ લાખ રૂપિયા અને ૩ હપ્તાના કુલ ૩૨૭૯ કરોડનું ભારણ રાજ્ય સરકાર ઉપર વધારાનું આવશે. જેનો લાભ રાજયના આશરે ૪ લાખ ૬૫ હજાર કર્મચારીઓને તેમજ ૪ લાખ ૧૨ હજાર પેન્શનરોને મળશે. આમ આજના આ નિવેદનથી રાજયના આ કર્મચારીઓને લગભગ ૩૨૭૯ લાખ રૂપિયાની રકમ રોકડેથી ચુકવવાનો નિર્ણય કર્યો છે. તે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જાહેર કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ, આપે ખજૂર તો ખવડાવી, પછી ધાણી તો ખવડાવો કોઇ? ૪૪ નું બીજું નિવેદન છે આજે? પરેશભાઇ, ૪૪ નું બીજું નિવેદન આજે છે. ખજૂર અને ધાણી પૂરા થયા મને લાગે છે. બળદેવભાઇની વાત પણ ધ્યાનમાં લેજો. ધારાસભ્યશ્રીઓનો પગાર વધારો કરવા અંગેનું.

**જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રી આર. સી. ફળદુનું નિવેદન (નિયમ−૪૪)**

**તુવેરના ટેકાના ભાવ અંગે**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના તુવેર પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે રાજ્ય સરકારશ્રીએ નાફેડ સાથે સંકલનમાં રહી નાફેડ મારફત તુવેરના ટેકાના ભાવે ખરીદી હાથ ધરવા માટે વિધાનસભાના નિયમોના નિયમ− ૪૪ નીચે નિવેદન કરવા આપશ્રીની અનુમતિથી ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તુવેરનું આશરે ૨.૭૨ લાખ હેક્ટરમાં વાવેતર થયેલ છે. તેનું આશરે ૩.૧૪ લાખ મેટ્રિકટન ઉત્પાદન થવાની ધારણા છે. હાલમાં તુવેરના ટેકાના બજાર ભાવથી નીચા ભાવ ચાલી રહેલ છે. જે ટેકાના ભાવ કરતા નીચા જોવા મળેલ છે. ભારત સરકારશ્રી દ્વારા ૨૦૧૭−૧૮ માટે તુવેરના ટેકાના ભાવ રૂપિયા ૫૪૫૦ પ્રતિ કિવન્ટલ જાહેર કરેલ છે. કેન્દ્ર સરકારશ્રીની નોડેલ એજન્સી નાફેડ દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરેલ છે. ભારત સરકારશ્રીએ ૧.૨૮ લાખ મેટ્રિકટન ટેકાના ભાવે તુવેર ખરીદી માટે મંજૂરી આપેલ છે. રાજ્ય સરકારશ્રીએ નાફેડ મારફત ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે તુવેરની ટેકાના ભાવે ખરીદી હાથ ધરવાનું આયોજન કરેલ છે. રાજ્યમાં વાવેતર વિસ્તારને ધ્યાને લઇને નાફેડ વતી રાજ્યની ૩ નોડેલ એજન્સી મારફત રાજ્યના ૨૨ જિલ્લામાં પ્રથમ તબક્કામાં ૪૦ ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આનાર છે. તા. ૫−૩−૨૦૧૮ થી આ કેન્દ્રો ઉપર ખેડૂતો દ્વારા તુવેરના વેચાણ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન થનાર છે. તુવેર વેચાણ માટે તા.૧૨−૩−૨૦૧૮ થી આ કેન્દ્રો ઉપર એસ.એમ.એસ.થી જાણ કરી ખરીદી શરૂ થનાર છે. જે જિલ્લામાં કેન્દ્ર નથી તેવા ખેડૂતો બાજુના જિલ્લાના નજીકના ખરીદ કેન્દ્રો ઉપર વેચાણ કરી શકશે. રાજ્યના તુવેર પકવતા ખેડૂતોને લાભ મળે તે માટે દરેક ખેડૂતદીઠ વધુમાં વધુ ૧૨૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરના ધોરણે તુવેર ખરીદ કરવામાં આવશે. તમામ ખેડૂતોને લાભ મળે તે માટે ખેડૂત દીઠ વધુમાં વધુ ૧૨૦૦ કિલો તુવેર ખરીદવામાં આવશે. તુવેરની ખરીદીથી રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહેશે તેવી અપેક્ષા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ધારાસભ્યશ્રીઓને નિયમ−૪૪ હેઠળ નીતિનભાઇ જે જાહેર અગત્યની બાબતમાં નિવેદન આપી રહ્યા હતા. તે પુરવણીમાં ધારાસભ્યશ્રીને આપવામાં આવેલ છે. ત્યારે માનનીય આર. સી. ફળદુ સાહેબ જે નિયમ−૪૪ નું નિવેદન વાંચી રહ્યા હતા તે અમારા ધારાસભ્યશ્રીના ધ્યાનમાં નથી કે પુરવણીમાં નથી. તો આ નિવેદન કઇ રીતે સભાગૃહ સમક્ષ લાવવામાં આવ્યું?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મોડી સાંજે આપણો ઓર્ડર ઓફ ધી ડે ઇશ્યુ થઇ ગયા પછી ભારત સરકારશ્રીએ આપણને સંદેશો આપ્યો. અત્યારે ખુલ્લા બજારમાં ખેડૂતોનો માલ સસ્તો વેચાઇ રહ્યો છે. એક મિનિટ પણ

લેઇટ થઇએ તે રાજયના ખેડૂતો માટે પોષાય નહીં. એટલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે કે સાંજે જેવા મેસેજ મળ્યા એટલે મેં આપને વિનંતી કરી. માનનીય અધ્યક્ષશ્રીએ એવું કહ્યું કે આ ખેડૂતોના હિતની વાત છે..

અધ્યક્ષશ્રી : જાહેર અગત્યની બાબત અને ખેડૂતોના હિતની વાત છે એટલે મેં તેમને પરમિટ કર્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાનું નિવેદન રજૂ કર્યુ છે તેનો અમને વાંધો નથી. વાંધો ત્યાં છે.

અધ્યક્ષશ્રી : આવકારો છો? પ્રશ્નો પૂછવા હોય તો થોડો સમય પણ હું આપીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમને પુરવણી-ર આપવામાં આવી છે તેમાં તે નિવેદનનો ઉલ્લેખ ન હતો. એટલે આ સવાલ ઉભો કર્યો છે. મંત્રીશ્રીએ જયારે એમનું નિવેદન શરૂ કર્યુ ત્યારે અમે એવી અપેક્ષા જરૂર રાખતા હતા અને માનનીય મંત્રીશ્રીએ કહેવું જોઇએ કે, માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી લઇને હું મારું આ નિવેદન વાંચું છું. આપે પણ કહેવું જોઇએ કે, મારી પરવાનગી લઇને મેં આ નિવેદન વાંચવાની છૂટ આપી છે. જેથી કરીને આ કન્ફયુઝન ઉભું થયું છે એટલે આ બાબત પર હું આપનું ધ્યાન દોરવા માગુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ પરમારની આ વાત ટેકનિકલી સંપૂર્ણ સાચી છે. ફળદુ સાહેબે એટલે કે કૃષિમંત્રીશ્રીએ ખેડૂતોના હિતમાં અને ત્રણ-ચાર દિવસ જયારે રજા આવતી હોય ત્યારે માર્કેટ યાર્ડમાં ખેડૂતો માલ વેચે નહીં અને તેમને જાણકારી મળી જાય કે સરકારે ટેકાના ભાવે ખરીદવાની પ્રક્રિયા પૂર્ણ કરી દીધી છે. એટલા માટે આ કર્યુ છે. ટેકનિકલી તેમની વાત સાચી છે. ભવિષ્યમાં આ બાબત ધ્યાનમાં રાખીશું.

અધ્યક્ષશ્રી : તમામ માનનીય સભાસદોની જાણ માટે માનનીય મંત્રીશ્રીએ વાંચન વખતે પણ કહ્યું હતું કે હું આપની અનુમતિ માગું છું અને મેં અનુમતિ આપી છે. આપની વાત સાચી છે તેમ છતાં જાહેર હિતની ખૂબ અગત્યની બાબત છે. હું એમ માનું છું કે આમાં પક્ષાપક્ષીથી પર તમામ લોકો આ વાતને ખેડૂતોના હિતની વાત છે એટલા માટે વધાવી લેશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની રચના લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની સુખાકારી વધે તેના માટે થઇ છે. લોકોની સમસ્યાઓ ઉપર ચર્ચા થાય તેના માટે થઇ છે. તે ચર્ચાઓ તંદૂરસ્ત રીતે થાય એટલે વિધાનસભાના નિયમો ઘડવામાં આવ્યા છે. આ ગૃહની અંદર બેસનારા બધા જ લોકો વિધાનસભાના નિયમો, નીતિઓ અને પરંપરાઓને આધિન જે કંઇ વાત રજૂ કરે તે જનતાના કલ્યાણ માટે, જનતાને પજવતા પ્રશ્નોના સમાધાન માટે કરતા હોય છે. અહીંયાં કોઇ ફરિયાદ, કોઇ રજુઆત, કોઇ ટીકા તે પણ સરકારની નીતિઓ સુધરે, લોકોની સમસ્યાઓ હલ થાય અને સરકારશ્રી હંમેશાં આ રીતે આ વાતને લેતી આવી છે. આ નામદાર ચેર પાસેથી એટલી અપેક્ષા અમે જરૂ રાખીએ કે, કોઇપણ અગત્યની બાબત હોય અને આ નવી બાબત નથી. માનનીય કૃષિમંત્રીશ્રીએ ઓર્ડર ઓફ ધી ડે માં સુધારાની અંદર જે વાતનો ઉલ્લેખ ન થયો હોય તે વાત નિયમ ૪૪ના નિવેદન તરીકે આવી શકે તે આપનો અધિકાર છે. તેમાં વિરોધપક્ષને વાંધો પણ ન હોઇ શકે. આ ગૃહમાં બેઠેલા બધાય કયાંકને કયાંક ખેતી કે ખેતી આધારિત વ્યવસાય કે ખેતીથી ઉત્પાદિત વસ્તુઓ સાથે જોડાયેલા છે. મગફળીની ખરીદીની પ્રક્રિયા છ મહિના પહેલાં એટલે કે લગભગ ચૂંટણી પહેલાંના દિવસોમાં શરૂ થઇ ગઇ હતી. તેની રાજય સરકારે મંજૂરી આપી હતી. વધારાની મંજૂરી આપ્યા પછી પણ એક મણ મગફળીની ખરીદી થઇ નથી અને આજે ફેબ્રુઆરી મહિનો પૂરો થયો છે. ભારત સરકારે ૧૦ ફેબ્રુઆરી સુધીમાં એક લાખ ટન મગફળી ખરીદવાની મંજૂરી આપી હતી. માનનીય અધ્યક્ષશ્રી, એક મણ મગફળી હજુ સુધી ખરીદી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમે આપની લાગણી સાથે, માનનીય મંત્રીશ્રીની લાગણી સાથે સંમત છીએ કે રાજયમાં ૩૩ લાખ ટન મગફળી થઇ હતી એમાંથી માત્ર પોણા આઠ લાખ ટન મગફળી ખરીદાઇ, હજુ ૨૫ લાખ ટન કરતા વધુ મગફળી ખેડૂતોના ઘરમાં સડી રહી છે, પાણીના ભાવે વેચાઇ રહી છે એનો કોઇ ભાવ પૂછનારું નથી. આપ માનનીય મંત્રીશ્રી, ૨૫ લાખ ટન મગફળીની ખરીદીનું નિવેદન આ ગૃહ સમક્ષ લઇને આવો તો અમે બધા સાથે મળીને પાટલીઓ થપ-થપાવીશું. પણ પ્રશ્ન માત્ર એટલો જ છે કે, આ ગૃહની ગરિમા તો જ જળવાશે કે ગુજરાત વિધાનસભાએ ઘડેલા વિધાનસભાના નિયમોની મર્યાદામાં સરકાર અને વિપક્ષ બન્ને વર્તે અને એ પ્રમાણે ગૃહનું સંચાલન થાય અને એની આપની પાસે અપેક્ષા છે. સરકાર હંમેશા બહુમતીમાં હોય છે, માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ ગમે તેટલા આક્રોશ સાથે વાત કરે તો પણ આ વિધાનસભા કાર્યવાહીમાં અમે સરકારની નીતિને ડાબેથી જમણી તરફ લઇ જઇ શકીએ નહીં કારણ કે, નીતિઓ નક્કી કરવા માટે ગુજરાતની પ્રજા બહુમતીએ નક્કી કરે છે અને બહુમતી ભારતીય જનતા પાર્ટીને આપી છે તો અમે અભિનંદન આપીએ છીએ અને સહર્ષ સ્વીકાર્યું છે. એવું ન હોઇ શકે, નીતિ ઘડવાનો એનો અધિકાર છે પણ આ ગૃહની અંદર ભાજપ હોય કે કૉંગ્રેસ, સત્તા પક્ષ હોય કે વિપક્ષ, ગૃહના નેતા હોય કે વિપક્ષના નેતા એ આ ગુજરાતની જનતાની બે આંખો છે. એક આંખ નીતિઓ ઘડવાનું કામ કરે છે, બીજી આંખ એ નીતિઓનું બરાબર અમલીકરણ થાય છે કે કેમ? એમાં કાંઇ ક્ષતિઓ છે કે કેમ? એમાં કાંઇ ગેરરીતિઓ છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, એક અંગની બે આંખો એ વહીવટમાં સુધારો સૂચવે તો મને લાગે છે કે જનતાનું કલ્યાણ થાય. હવે આજનો આ જે મુદો માનનીય શૈલેષભાઇએ ઉઠાવ્યો છે, આ ગૃહમાં હંમેશા એવી પરંપરા રહી છે...

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાશ્રી, આના ઉપર રુલિંગ માગતા નથીને આપ? કે સજેશન કરો છો?

શ્રી પરેશ ધાનાણી : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન દોરવા માગીએ છીએ.

અધ્યક્ષશ્રી : એ મેં ધ્યાને લઇ લીધું.

તા. ૧લી માર્ચ, ૨૦૧૮

## જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રી આર. સી. ફળદુનું નિવેદન (નિયમ–૪૪)

શ્રી પરેશ ધાનાણી : અમે સ્વીકારી લીધું છે પણ ભવિષ્યમાં માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે વાત લઇને આવ્યા, માનનીય નીતિનભાઇ નિયમ ૪૪નું નિવેદન લાવ્યા, દિવસના કામકાજની યાદીમાં એનો સુધારો આવી ગયો. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે સ્વીકારી લીધું કે આ બાબત ધ્યાને રાખીશું પછી ક્યાં પ્રશ્ન રહે છે? (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : બાપુસાહેબ, મને સાંભળો તો ખરા, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમની સાલસતા છે ત્યાં સુધી વાંધો નહીં. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઉપ નેતાએ કબૂલ કર્યું કે, તમારી વાત ટેકનીકલી સાચી છે, ભવિષ્યમાં ધ્યાન રાખીશું.

અધ્યક્ષશ્રી : માનનીય સભાગૃહને જાણ કરવાની કે આવા ભૂતકાળમાં પણ પ્રસંગો બન્યા છે અને આવી રીતે રજૂ થયા છે, એના દાખલા છે પણ એ સિવાય જ્યારે ટ્રેઝરી બેચ તરફથી એમ કહેવામાં આવ્યું હોય કે, ફરીવાર એની કાળજી લઇશું, પછી હું માનું છું આ વિષયને હવે પૂરો કરીને આગળ વધીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત સરકારને માત્ર એ વિનંતી છે કે, મગફળી ખરીદીની મંજૂરી મળી એ મુદો ટી.વી.માં કાલે દિવસ દરમ્યાન ચાલતો હતો, ગુજરાતની જનતાને પણ ખબર હતી કે મગફળીની ખરીદીનો નિર્ણય થઇ ગયો છે તો માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા યાદી સાથે આવી શક્યું હોત. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત સરકારને ફરી વિનંતી કે, ભવિષ્યમાં કયારેય પણ નિયમ ૪૪નું નિવેદન આપનો અધિકાર છે કે લાવો તો કામકાજની યાદીમાં દર્શાવવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં કોઇ જરૂરિયાત જણાતી નથી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, તુવેરનો વિષય છે, એક નવી જણસની ખરીદીની જાહેરાતનો વિષય હતો, મગફળી છે એ તો ખરીદી કરવાની પ્રક્રિયા ભારત સરકારના નાફેડ દ્વારા ચાલતી પ્રક્રિયા છે અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે વચ્ચે વચ્ચે ના બોલશો, (અંતરાય) વચ્ચે ના બોલશો. પ્લીઝ, આટલી હેલ્ધી ચર્ચા ચાલતી હોય તો વચ્ચે તમે બગાડ ન કરો. (અંતરાય) આપને કાંઇ કહેવું છે? માનનીય સભ્યશ્રી, હું તમને બોલવા દઇશ પણ અત્યારે પહેલા બેસો, આવી રીતે બેઠા બેઠા પણ ન બોલશો, આ પ્રથા સારી નહીં. હમણા જ આ વાત થઇને કે આપણે બધા નિયમોથી બંધાયેલા છીએ તો આપણે બધા નિયમોનું પાલન કરીએ. માનનીય સભ્યશ્રી, આપની પાછળ જુઓ જરા, હું આપને વિનંતી કરું છું કે આપ આપની પાછળ જુઓ, આ મર્યાદા છે ગૃહની કે હાથ ઉંચો કરવો બોલવું હોય તો.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મગફળી ખરીદવાની પ્રક્રિયા સતત ચાલતી આવે છે એટલે એમાં કોઇ જાહેરાત કરવાની કોઇ આવશ્યકતા નથી લાગતી. આ નવી આઇટેમ ખરીદવાની વાત આવી હતી એટલે સન્માનનીય ગૃહ સમક્ષ આ વિષય લઇને આવવું પડ્યું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એમાં અમે એમની સાથે સંમત છીએ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તુવેર ખરીદવા માટેનું નિયમ –૪૪ નીચે જે નિવેદન કર્યું છે એને હું આવકારું છું. ખેડૂતોના હિતમાં આવું નિવેદન થયું છે. અમારા નેતાએ પણ આ આવકાર્યું છે અને કહ્યું છે કે એની સામે અમને વાંધો નથી. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે હું પ્રશ્ન પુછવા માગું છું કે, તુવેરની ખરીદી માટે જે ખેડૂત પોતાનું ફોર્મ ભરીને અથવા તો અરજી નક્કી કરેલ હોય એ માર્કેટયાર્ડમાં નોંધાવે એની રોજેરોજની નોંધણીની વિગત કલેકટર ઓફિસને મોકલવામાં આવે, એટલા માટે કે જે નથી નોંધાવેલા હોતા એ લોકોનું નામ ખરીદીમાં પહેલાં આવી જાય છે એટલે આ બાબતમાં સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઓનલાઇન રજિસ્ટ્રેશન થવાનું છે અને ક્રમ બાય ક્રમ એટલે કે વન બાય વન જે તે ખેડૂતનો માલ લેવામાં આવશે.

અધ્યક્ષશ્રી : વચ્ચે ના બોલશો, એવું લાગશે તો આપને હું તક આપીશ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : વહેલા તે પહેલાના ધોરણે આ કરવામાં આવશે એટલે ક્રમ જળવાવાનો છે માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જાણ કરી કે ઓનલાઇન અરજીઓ કરવામાં આવે છે પણ ઓનલાઇન અરજીઓ કોણ કરે? ઓનલાઇન તો માર્કેટયાર્ડમાં એ ખેડૂત જાય અને ત્યાં જે કર્મચારીઓ અને કામ કરનારા લોકો છે એજ ઓનલાઇન અરજી કરવાના છે અને એમાં આગળપાછળ થાય છે અને એના કારણે મગફળી ખરીદીમાં વ્યાપક પ્રમાણમાં નાણાકિય ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયો છે ત્યારે વિરજીભાઇએ કહ્યું છે એ બહુ સ્પષ્ટપણે કહ્યું છે કે તુવેરની જે ખરીદી કરવામાં આવે અને જે ખેડૂતો અરજી કરે એ ઓનલાઇન થાય પણ એની યાદી ડે ટુ ડે કલેકટર પાસે જાય તે જરૂરી છે કે જેથી કરીને ગેરરીતિના કોઇ ચાન્સ રહે નહિ અને એ કરવું જરૂરી છે ખેડૂતોના હિતમાં. નહિતર અગાઉ તુવેરની ખરીદી

થઇ ત્યારે પણ વ્યાપક પ્રમાણમાં વેપારીઓની જ ખરીદી થઇ હતી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ જે લાગણી વ્યક્ત કરી છે એ પ્રકારની વ્યવસ્થા અમે ઓલરેડી કરેલી જ છે અને એ પ્રમાણેનું પ્લાનીંગ કરેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે શિસ્ત જાળવેલી એટલે એમને પહેલાં ચાન્સ આપ્યો મેં, અને તમે આવું કરશો તો હું ચાન્સ નહિ આપું. માનનીય ધવલભાઇ, (અંતરાય) આપ શિસ્ત જાળવો, ફરીવાર કહુ છું આપને. આપે નિયમો વાંચ્યા નથી લાગતા? આપ ઉભા થઇ ગયા છો, હું ફરી આપને વિનંતી કરું છું કે આપ બેસી જાઓ. આપને નિયમોની ખબર નથી. એક સભ્ય પાછળ ઉભા છે અને પ્રશ્ન પૂછી રહ્યા છે અને આપને મેં પહેલાં જ કહ્યું કે (અંતરાય) ના આવી રીતે નહિ, આમને પહેલાં પ્રશ્ન પુછવાની તક આપી મેં. (અંતરાય) મારે નક્કી કરવાનું છે હવે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, તુવેરની વાત મંત્રીશ્રી કરી રહ્યા છે તો અરવલ્લી જિલ્લાની અંદર, તુવેરનું કેટલું પ્રમાણ વરસોથી પાકે છે અને ઓનલાઇન જે અરજીની વાત કરી છે એની અંદર બહુજ મોટો ભ્રષ્ટાચાર અરવલ્લી જિલ્લાની અંદર વેપારીઓ દ્વારા કરવામાં આવ્યો છે, ત્યાં તુવેરનું ઉત્પાદન નથી અને બાજુના રાજ્યની તુવેરો બે નંબરમાં લાવીને વેપારીઓ વેચે છે અને મિડિયાના માધ્યમથી એ પ્રસ્તુત પણ કરવામાં આવેલ છે, તેમ છતાંય આજદિન સુધી કોઇ કાર્યવાહી કરી નથી. તો આ ના થાય એવી કાળજીરૂપે હું આપને વિનંતી કરું છું કે, આ બાબતમાં યોગ્ય તપાસ કરવી જોઇએ એ આપ ક્યારે કરવા માગો છો?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કોઇપણ પ્રકારની ગેરરીતિ ચલાવી લેવાના મૂડમાં નથી, ખેડૂતોના હિત માટે થઇને, ભારત સરકાર ગુજરાતના અને દેશના ખેડૂતોને જે પોતાના ખેતરમાં જણસીઓ પેદા કરે છે, એના પોષણક્ષમ ભાવ મળે, કદાચ ખુલ્લા બજારોમાં માર્કેટ નીચા હોય તો ટેકાના ભાવથી ભારત સરકાર ખેડૂતોનું આર્થિક રક્ષણ કરે છે અને એના માટે કોઇ ગેરરીતિ ચલાવી લેવાના મૂડમાં આ સરકાર નથી. ભારત સરકાર નાફેડ દ્વારા આ કામગીરી ચલાવે છે અને નાફેડ સંસ્થા જે છે એમણે ગુજરાતની ત્રણ નોડલ એજન્સીઓ મારફતે ખરીદી કરવાની છે. આ નોડલ એજન્સી જે છે એ એ.પી.એમ.સી. અને સ્થાનિક જે કો–ઓપરેટીવ સોસાયટી હોય એના મારફતે આ કામગીરી કરતી હોય છે. જ્યારે ગુજરાત સરકાર આના ઉપર સંપૂર્ણ વોચ રાખી રહેલ છે. બીજું માનનીય ધારાસભ્યશ્રી ઝાલાનું સૂચન છે એ બાબત પણ અમે ધ્યાનમાં રાખીશું.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય કૃષિમંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મગફળીની ખરીદી વખતે જે જે કેન્દ્રોમાંથી ભ્રષ્ટાચાર અને કંઇક ખોટું થવાની ફરિયાદ આવી છે એવા સેન્ટરોને તુવેરની ખરીદી આપવામાં ન આવે. સાહેબ, તુવેરની ખરીદી માટે એવી ફડચામાં ગયેલી સંસ્થાઓ કે જે કાર્યક્ષમ સંસ્થાઓ નથી એવી સંસ્થાઓને તુવરેની ખરીદી માટે મંજૂરી આપવામાં ના આવે. જે કેન્દ્રો છે તે પ્રમાણિકતાના ધોરણે ચાલતા નથી.

અધ્યક્ષશ્રી : આપનુ સૂચન છે, માનનીય મંત્રીશ્રી જવાબ આપવાની જરૂર નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આજે ખેડૂતોના તુવેરના ટેકાના ભાવ જાહેર કરી દીધા છે તેનો આનંદ છે પણ માત્ર અને માત્ર સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે આજે મારા ભાલ વિસ્તારના તારાપુર એપીએમસીમાં ઘઉંનો પાક ખૂબ મબલખ પાક્યો છે. ટેકાના ભાવ જાહેર કરી દીધા છે સમર્થીંગ ૧૫૦૦ની આસપાસ. આજે અમારો ખેડૂત ટેકાના ભાવથી ઓછી રકમથી વેપારીઓ ઘઉં ખરીદે છે અને ત્યાં ખરીદ કેન્દ્ર શરૂ થયુ નથી તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ટેકાના ભાવ વારંવાર જાહેર થાય છે પણ ખરીદ કેન્દ્ર શરૂ થતું નથી જેના કારણે ખેડૂત લૂંટાય છે તો ખરીદ કેન્દ્ર શરૂ કરવા માગો છો કે કેમ ?

( માનનીય મંત્રીશ્રી તરફથી જવાબ આપવામાં આવેલ નથી. )

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે તારાંકિત પ્રશ્નોની પ્રશ્નોત્તરીની ચર્ચા દરમિયાન ઉપસ્થિત થયેલી કોઇ બાબતમાં આ સન્માનીય સભાગૃહના ઉપનેતા માનનીય નીતિનભાઇ સામેથી કોઇ મુદ્દાને લઇને ચર્ચા કરવા માટે સરકારે દરખાસ્ત કરી હતી માટે. તે મુદ્દો આ ગુજરાત રાજયની લાખો ગૃહિણીઓને મોંઘવારીના મારથી તેનુ જે માસિક બજેટ ખોરવાઇ જાય છે તે મુદ્દા ઉપર વેટ નામના વેરાની વસૂલાત ઓછી કરવા માટેની ચર્ચાઓ ચાલતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને આજે ખાલી સાંભળો મારી કોઇ ટીકાઓ નથી એટલા માટે કે એક તંદૂરસ્ત પ્રણાલિ આ ગૃહમાં જળવાઇ રહે અને વિપક્ષ ચર્ચા કરવા માટે.

અધ્યક્ષશ્રી : તે વાત તો ગઇકાલે ઘણી બધી થઇ ગઇ.

શ્રી પરેશ ધાનાણી : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, નથી થઇ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આ આપ પોઇન્ટ ઓફ ઓર્ડર લો છો ?

શ્રી પરેશ ધાનાણી : આ માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે...

અધ્યક્ષશ્રી : ના, ના એમ નહીં, આનુ એક કારણ આપણે સમજીએ કે ગઇકાલે જે વાત થઇ ગઇ તે પૂરી થઇ ગઇ આજે કોઇ નવી વાત છે ?

શ્રી પરેશ ધાનાણી : આ માનનીય અધ્યક્ષશ્રી, નવી વાત છે એટલા માટે.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮

## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : અને નવી વાતમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે ? તો આજની કોઇ કાર્યવાહીમાં કશું એવું આવ્યું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની પરંપરા રહી છે આપ સભાગૃહના વડા છો, અધ્યક્ષ છો અને વિધાનસભાના નિયમો, પ્રણાલિઓ અને નીતિ મુજબ આ સભાગૃહનું કામકાજ..

અધ્યક્ષશ્રી : ચોક્કસપણે હું દરેક નિયમોનું પાલન કરીશ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આપ મને મારી વાત રજૂ કરવાની તક આપશો.

અધ્યક્ષશ્રી : પણ ટૂંકમાં.

શ્રી પરેશ ધાનાણી : આ માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમો ટાંકીને મારી વાત કરીશ. વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮(૧) અને ૧૧૦ (૧) ને સાથે ધ્યાન ઉપર લેવા માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાલે તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન એક કલાક કોઇ એક વિષયને લઇ અને ઉભી થયેલી બાબતો પ્રત્યે એક કલાકની આ ગૃહમાં ચર્ચા કરવા માટે સરકારશ્રી તરફથી દરખાસ્ત આવી હતી અને વિપક્ષે તે વાતને સ્વીકારી હતી. તાકીદની જાહરે અગત્યની કોઇ ચોક્કસ બાબતે સભા મોકૂફીનો પ્રસ્તાવ આ ગૃહ સમક્ષ લાવવો હોય તો તેમાં વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮(૧) મુજબ જે સભ્ય તાકીદની જાહેર અગત્યની કોઇ ચોક્કસ બાબત ચર્ચવા માટે સભા મોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા હોય તેમણે સભાગૃહની જે બેઠકમાં તે એવો પ્રસ્તાવ લાવવા માગે, અનુમતિ માગવા ઇચ્છતા હોય એ બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ આવા પ્રસ્તાવની લેખિત સૂચના આપવાની રહેશે. આ વિધાનસભાના નિયમોનો નિયમ-૧૦૮(૧) છે એની સાથે વિધાનસભાના નિયમોના નિયમ – ૧૧૦ને જોડીને આપનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોનો નિયમ – ૧૧૦(૧) 'અનુમતિ ક્યારે અને કેવી રીતે માગવી જોઇએ?' આમાં ઠરાવ્યું છે કે, ' પ્રસ્તાવ જો નિયમોનુસાર જણાય તો પ્રશ્નોત્તરી પછી અને કામકાજની યાદી પ્રમાણે તે દિવસના બીજા કામકાજ હાથ ઉપર લેવાય તે પહેલાં અધ્યક્ષશ્રી સભ્યને પ્રસ્તાવ રજૂ કરવા માટે સભાગૃહની અનુમતિ માગવાની પરવાનગી આપી શકશે. કાલની વિધાનસભાની કાર્યવાહીમાં સરકારે એક કલાકની ચર્ચા માટે પ્રસ્તાવ મૂક્યો હતો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, કાયદાની વાત કરીએ તો એ પ્રસ્તાવ કેવી રીતે આવે એ આપ જાણો છો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળીને આપ નિર્ણય આપશો તો મને ગમશે.

અધ્યક્ષશ્રી : નિર્ણયની વાત નથી કરતો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનું છે.

અધ્યક્ષશ્રી : તો આ પ્રસ્તાવ કેવી રીતે આવે એ ટ્રેઝરી બેંચ પણ જાણે છે એટલે અત્યારે એ વિષય ન હોઇ શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળો.

અધ્યક્ષશ્રી : આમાં આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હવે મને નક્કી કરવા દો. અત્યારે આપ પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇઝ કરતાં હોવ તો ગઇકાલની બાબતમાં આજે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇઝ થઇ શકે એમ નથી અને નિયમ- ૧૦૮ આપ બહુ સારી રીતે વાંચી ગયા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમો ટાંકુ છું. આપ રુલિંગ આપશો તો મને ગમશે.

અધ્યક્ષશ્રી : જ્યાં લાગુ ન પડતું હોય ત્યાં રુલિંગ ન અપાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : લાગુ નથી પડતું આ મારું રુલિંગ છે. આજના દિવસમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર આ વિષય સંદર્ભમાં લાગુ પડતો નથી. હું ખૂબ નમ્રતાપૂર્વક કહું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પરંપરા સારી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, જો આપ અને ટ્રેઝરી બેંચ બંને ઇચ્છો તો રુલિંગ થઇ શકે. આપ જે ઇચ્છતા હોવ અને ટ્રેઝરી બેંચ જે ઇચ્છતી હોય એની કાર્યવાહી કરીને મારી પાસે આવો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું. (સૂત્રોચ્ચાર) મારી વિનંતી છે કે, પહેલાં આપ બધાં બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે પેટ્રોલ, ડિઝલ ઉપર અને સી.એન.જી. ગેસ ઉપર કેટલો વેટનો દર છે એની માહિતી માગતો પ્રશ્ન કૉંગ્રેસમાંથી પૂછવામાં આવેલ હતો. એમણે એમ પણ પૂછ્યું હતું કે, અત્યારે ગુજરાતમાં ૨૦ ટકા દર છે. એ સરકાર ઘટાડવા માગે છે કે કેમ? એટલે મેં સ્પષ્ટ કહ્યું હતું કે, ગુજરાત કરતાં બાકી અન્ય રાજ્યોમાં ૩૦ ટકા સુધીનો ટેક્સ છે. ગુજરાતમાં ૨૦ ટકા છે. કર્ણાટક, પંજાબ જેવા રાજ્યોમાં ગુજરાત કરતાં અનેક ગણો વધારે છે એ મેં માહિતી આપી હતી. આના ઉપરથી માનનીય વિરોધપક્ષના નેતા પરેશભાઇએ બીજો પ્રશ્ન પૂછ્યો એનો પણ જવાબ આપ્યો. પછી એમ કહ્યું કે આ બાબતની ચર્ચા કરવી છે. તો મેં સરકાર તરફથી કંઇ તમારા વિષય પર કયા રાજ્યમાં કેટલો ટેક્સ છે એ વિષય પર ચર્ચા કરવા એક કલાકની ચર્ચા કરવા સરકાર સંમત છે. એ મેં હા પાડેલી છે, આજે પણ અમે હા પાડીએ છીએ પણ પ્રશ્ન એટલો જ છે કે, કામકાજ સલાહકાર સમિતિ અથવા બન્ને પક્ષના દંડકશ્રીઓ, અમારા તરફથી શ્રી પંકજભાઇ અને આપના તરફથી શ્રી અમિતભાઇ સાથે બેસે, માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં જાય અને બન્ને પક્ષ નક્કી કરે કે સાહેબ, આ દિવસે આ વિષય ઉપર અમે બન્ને પક્ષો ચર્ચા કરવા માગીએ છીએ અને માનનીય અધ્યક્ષશ્રી આની સહમતી અને પરવાનગી આપે એ દિવસે, આજે પણ એ વિષય ઉપર અમે પૂરેપૂરી ચર્ચા કરવા તૈયાર છીએ, એમાં કોઇ ચર્ચાને ટાળવાનો

અમારો કોઇ ઇરાદો નથી. ગુજરાતની જનતા સાચું જાણે, દેશમાં શું ચાલી રહ્યું છે, બીજા પક્ષોની સરકારો કેવો ટેક્સ પ્રજા પાસે લે છે એ બધાની ગુજરાતની જનતાને ખબર પડે એ જરૂરી છે. હું પોતે ચર્ચા ઇચ્છું છું. ફક્ત પ્રશ્ન એ છે કે, આપણે સાથે બેસી એનો સમય નક્કી કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી..

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મારી એક વિનંતી છે, પ્લીઝ હું આપને કહું છું, આપ બેસો તો ખરા, હું આપને પરવાનગી આપીશ.

બન્ને પક્ષે આ વાત ગઇ કાલે પણ થયેલી અને આ જ રીતે થયેલી. બન્ને પક્ષ સંમત છે. આજે પણ બન્ને પક્ષ સંમત છે પણ મારો સમય બગડે એનું શું? સમય તો આ સભાગૃહનો બગડે છેને, તેમ છતાંય આદરણીય પરેશભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આપના વિષયમાં ટૂંકમાં જે કંઇ કહેવું હોય એ કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ ટીકાટીપ્પણીઓમાં પડવા માગતો ન હતો માનનીય અધ્યક્ષશ્રી, જો મને પૂરો સાંભળી લીધો હોત તો, માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે અમારી બન્નેની સંમતિમાં આપે પણ સૂર પૂરાવ્યો હતો. આપે સૂર પૂરાવ્યો હતો.

અધ્યક્ષશ્રી : મેં કાયદેસર નિયમ અનુસાર કરવા માટેની વિનંતી કરેલી, બીજું શું કરેલું? મેં કહેલું, આ જ વાત ગઇ કાલે કહેલી પણ કોઇની સમજમાં ના આવે તો હું શું કરી શકું?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સમજમાં આવી ગયું હતું અને એટલે હું સન્માનનીય સભાગૃહને..

અધ્યક્ષશ્રી : તો પછી આપના સભ્યશ્રીઓને બેસાડવા જોઇતા હતા. વેલમાં ધસી આવતા હતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ ૫૩ તરફ આ સભાગૃહનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. માનનીય પ્રદિપભાઇ આપનો જવાબ અપેક્ષિત છે કારણ કે નવી પરંપરા ઉભી ના થાય. આ ગૃહ તંદૂરસ્ત ચર્ચા કરે અને માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય ખૂબ દૂરોગામી અસરો કરશે એટલે હું માનું છું કે આને પોઇન્ટ ઓફ ઓર્ડરના રૂપમાં લઇએ. ગઇ કાલે બનેલો બનાવ છે માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં પણ આવી બાબતો બને તો ક્યાંય ગેરસમજો ઉભી ન થાય એટલા માટે, કારણ કે આ ગૃહ છે એમાં જયારે સત્તાપક્ષ અને વિપક્ષ એ સહમત થાય ત્યારે સર્વાનુમતે કોઇ વાત કામકાજ સલાહકાર સમિતિમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, બન્ને પક્ષો સાથે મળીને કામકાજ નક્કી કરતા હોય છે. વિધાનસભાના નિયમોના નિયમ ૫૩ તરફ હું ધ્યાન આકર્ષિત કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : ૫૩ મેં વાંચી લીધો, ૫૩ (અ)માં..(અંતરાય).

શ્રી પરેશ ધાનાણી : મને સાંભળોને બાપુ, મેં વાંચ્યો છે, તમે સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, આ વાત વાજબી નથી, મારી વાત મૂકી અને જવાબ લઇ લો રેકર્ડ ઉપર, સાંભળોને.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી અનુમતિ આપે તો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે ગઇ કાલના મુદ્દા તરફ ધ્યાન આકર્ષિત કરવું છે.

અધ્યક્ષશ્રી : કોઇ અનુમતિ નહીં, આમાં હોય નહીં. આજે અનુમતિની વાત જ ના હોય, એના માટેની કાર્યવાહી કરોને, કોણ ના પાડે છે? પછી શું કરવા આ ચર્ચા અહીં કરો છો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, આ મંજૂરી માગવા માટેનો નથી.

અધ્યક્ષશ્રી : અત્યારે ખરી?

શ્રી પરેશ ધાનાણી : નહીં, પણ આ જે હું ચર્ચા કરી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જે બનાવ બન્યો હતો..

અધ્યક્ષશ્રી : ગઇ કાલે જે ખરાબ બનાવ બન્યો છે તેના માટે મને આખી રાત ઉંઘ નથી આવી. તમે હમણાં ઘરે ફોન કરો અને મને કહેડાવશો નહીં જેટલી માન અને મર્યાદા મને છે ને આ જગ્યાની એટલી કદાચ બીજાને હોવી જોઇએ એવી અપેક્ષા પણ રાખું છું.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, અમે પણ એ જ અપેક્ષા રાખીએ છીએ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આપ મૂળ વાત ઉપર આવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કાલે જે બાબતો આ ગૃહ સમક્ષ ઉભી થઇ, આ પરંપરાઓ આ ચર્ચાના ફલોર ઉપર સારી નથી. આ વાત આ ફલોર ઉપર સારી નથી. સરકાર કોઇ વાત સ્વીકારે

અધ્યક્ષશ્રી : એટલે તરત શરૂ કરી દેવી એવું હોતું નથી. આમાં હું સ્પષ્ટ છું, કાલે પણ સ્પષ્ટ હતો મેં નેકસ્ટ કહ્યું , ચાર વાર નેકસ્ટ કહ્યું પછી.

શ્રી પરેશ ધાનાણી : મને સાંભળી લો તો સારું, હું કોઇ રાજકીય ટિપ્પણી નથી કરી રહ્યો, મારી વાત વ્યવસ્થાને લઇને છે, અમને પણ દુઃખ થાય છે કે આ ચેર સુધી આપને આંગળી પકડીને અમે લઇ ગયા અમને આપમાં ભરસો છે અને આપનું માન સન્માન વધે એના માટે વિપક્ષ હંમેશાં સાથ આપવાનો છે. અમારો પ્રશ્ન એ નથી, પણ આવા મુદ્દાઓ ઉપસ્થિત ન થાય એટલા માટે આ વાત આપના સમક્ષ લાવવી ખૂબ જરૂરી છે. નિયમો સ્પષ્ટ હતા એક કલાક પહેલાં લાવવી જોઇએ, આપે અનુમતિ આપવી જોઇએ, નિયમ –૫૩ એવું કહે છે કે, સૂચના વિના ચલાવી લેવાનો અધિકાર, માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ બાબત ઉભી થઇ હોય સત્તા પક્ષની દરખાસ્ત આવી હોય, વિપક્ષે સંમતિ આપી હોય.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮

## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : ગઇ કાલે ૫૩ હતું નહીં. એના માટેનો આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તની વાત સ્વીકારવી હોય તો નિયમ–૫૩ એવું કહે છે કે, આ નિયમો માટે ગમે તે મજકુર હોય છતાં અધ્યક્ષ સૂચના માટેની મુદતમાં ઘટાડો કરી શકશે અથવા તો પોતાને યોગ્ય લાગે તેવી બાબતમાં સૂચના વગર ચલાવી લઇ શકશે. આપનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : કાલે નાણાં બિલ હતું, એમાં હું કોઇ સંજોગોમાં સમય ઓછો કરી શકું નહીં, ઓર્ડર ઓફ ધી ડે પ્રમાણે મારે જવું પડે અને આ બધી ચર્ચાઓ કાયદાની ન કરવાની હોય એટલા માટે એનું રૂલિંગ આપ્યું હતું તરત. એ રૂલિંગ આપે સ્વીકારી લેવું જોઇતું હતું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો નિયમોની મર્યાદામાં કોઇ વાત રજૂ કરવા માગતા હતા. આપે મંજૂરી ન આપી અમે સ્વીકારી લીધી. પરંતુ સરકારે એક વાત ઉભી કરી હતી એ સ્વીકારી લીધી હોત કે આપણે કાલ ચર્ચા કરવાના છીએ તો આ મુદ્દો ઉપસ્થિત ન થાત. માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા માગવા માટે અમારી બેંચના બધા સભ્યો પોતાની જગ્યા ઉપર ઉભા રહી. વારં વાર આપનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા હતા. એમની લાગણી વ્યકત કરી રહ્યા હતા.

અધ્યક્ષશ્રી : મારા ઉભા થયા પછી વારં વાર વિનંતી કરવા છતાં અધ્યક્ષ ઉભા છે તમે અપમાન કરી રહ્યા છો, એવું વારંવાર કહ્યા પછી તમે ઉભા રહ્યા અને આપના સભ્યો અને આપના આગેવાનોએ ઇશારાથી કહ્યું કે વેલમાં આગળ આવો, ઇશારા કર્યા છે, મેં જોયું છે, પછી આ વાત આગળ ન લઇ જઇએ તો સારું.

શ્રી પરેશ ધાનાણી : હું તો વિનંતી કરવા ઉભો થયો છું, આપ અમારું ધ્યાન દોરતા હોય.

અધ્યક્ષશ્રી : હું તો એવું માનું કે આપના સભ્યો આપના કંટ્રોલમાં હોય જ.

શ્રી પરેશ ધાનાણી : કાલે આપના મારફત આ ગૃહમાં કાર્યવાહીમાં વિક્ષેપ પાડવા માટે, ગૃહના સભ્યોને નિલંબીત કર્યા, માનનીય અધ્યક્ષશ્રી, અમે આપના નિર્ણયનું પાલન કરી સ્વૈછિક રીતે વોકઆઉટ કરી લીધો. મૂળ મુદ્દો એ છે કે કાલે આપના દ્વારા આ સભાગૃહના એક સન્નમાનનીય મહિલા સભ્યને નેઇમ કરવામાં આવ્યા ત્યારે આ ગૃહ ઓર્ડરમાં ન હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ ઓર્ડરમાં ન હતું. (શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા બેઠાં બેઠાં બોલતાં કે સભ્ય ગૃહમાં હતા) સભ્ય ગૃહમાં હતા. ગૃહ ઓર્ડરમાં ન હતું, સભ્યશ્રી નવા ચૂંટાયેલા છે. આ રાજયમાં મોંઘવારીથી પિડાતી ગૃહીણીઓને..

અધ્યક્ષશ્રી : એમની વાત પૂરી થઇ જવાદો, માનનીય મંત્રીશ્રી. કારણ કે હવે તો મને સમજ પડે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમની જગ્યા ઉપરથી કોઇ વકતવ્ય આપ્યું નથી. આ ગૃહની અંદર જે અવ્યવસ્થા ઉભી કરવામાં આવી, આ વ્યવસ્થાના કારણે એવો મેસેજ ગયો કે, સરકાર ચર્ચા કરતાં ડરે છે એટલે વિરોધપક્ષને બહાર કાઢી મૂકવા માગે છે.

અધ્યક્ષશ્રીઃ અહીં ડરવાની કોઇ વાત નથી. ના, તમને ડર છે, ના, અહીંથી ડર છે. આ ઓફર ટ્રેઝરી બેંચે કરેલી. કોઇના ડરનો કે ના ડરનો પ્રશ્ન નથી. આવી નવી નવી વાતો ન લાવો. આપ મુદ્દાની જ વાત કરો ને કે આપ શું ઇચ્છો છો.

શ્રી પરેશ ધાનાણી : એ સભ્યશ્રી દ્વારા અહીયાંથી જે આક્રોશ વ્યકત થઇ રહ્યો હતો. તે કોઇ વ્યકિત સામે આક્રોશ ન હતો. આ ગૃહની વ્યવસ્થા સામે આક્રોશ ન હતો. પરંતુ કોઇ વિચારધારાની ટીકાઓ ન થઇ શકે એવું આ ગૃહમાં ન બને હું આપની મારફત વિનંતી કરું છું કે માનનીય સભ્યશ્રી અહીંયાથી જ બોલતા હતા હું સાંભળતો હતો. એટલે હું આપની સૂચના પછી માનનીય પ્રદિપસિંહ દરખાસ્ત લઇને આવ્યા ત્યારે પણ હું મત રજૂ કરવા માટે ઉભો થયો હતો કે મને સાંભળો શું વાત થઇ છે. એ કયા પ્રકારના શબ્દો બોલ્યા એક જન પ્રતિનિધિને બે દિવસ બહાર રહેવું પડ્યું એ ગુજરાતની જનતાને જાણવાનો પણ અધિકાર હોવો જોઇએ, હું ગૃહના નેતાને વિનંતી કરું કે આ પક્ષ હોય કે સામો પક્ષ હોય તંદૂરસ્ત ચર્ચા માટે આ વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ થાય એવી વ્યવસ્થા આપણે સાથે મળીને ચાલુ કરવી જોઇએ. બીજી મારી આપને વિનંતી છે કે આ ગૃહના નવા ચૂંટાયેલા મહિલા સદસ્ય એને કોઇની વ્યકિતગત ટીકા કરી નથી, આ ગૃહનું અપમાન થાય એવી કોઇ વાત કરી નથી. એના જે વિજયુલ છે એ પણ જનતા સમક્ષ આવે તો અમને વાંધો નથી પણ મારી વિનંતી છે કે એ નવા ચૂંટાયેલા છે એટલે એમને બે દિવસનું સસ્પેન્શન વાજબી નથી તો આ નિર્ણય અંગે સરકાર સકારાત્મક વિચારી એનું સસ્પેન્શન પરત ખેંચી લે તેવી હું વિનંતી કરું છું.

શ્રી વિજય રૂપાણી મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે ભાવના વ્યકત કરી છે. આપણું આ નવી વિધાનસભાનું પ્રથમ સત્ર છે આપણે ઇચ્છીએ છીએ ઉચ્ચ પ્રણાલિકાઓ અને મૂલ્યો એને આપણે વધુ દૈદિપ્યમાન બનાવીએ. કોઇપણ વિષય, વાત ટીકા ટિપ્પણ એમાં આવકાર્ય જ હોય અને વિરોધપક્ષ કોઇપણ ટીકા કરે એને મેં મારા વકતવ્યમાં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનામાં કહ્યું હતું કે બધાના ભાષણોમાં વાજબી વાત કરીને સરકારનું ધ્યાન દોર્યું છે એમા અમે ખુલ્લા મનથી સાંભળીએ છીએ કારણ કે અંતે ગુજરાતની જનતાને સારો વહીવટ પ્રાપ્ત થાય એ માટે આપણા બધાનો સહિયારો પ્રયાસ છે. તમે કહ્યું તેમ વિરોધપક્ષ છે એ એક આંખ છે જયારે સરકાર એ બીજી આંખ છે આપણે બધાએ સાથે મળીને ચાલવાનું છે. સવાલ ગૃહની મર્યાદા જળવાય એટલા માટે આવશ્યક છે. ભાષણોમાં સરકાર વિરુદ્ધ તિવ્ર ભાષણો થયા છે એ અમે સાંભળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રીએ પહેલા દિવસે જ કહ્યું હતુ કે શબ્દોના બાણ મહત્વના છે પરંતુ મર્યાદા ઉલ્લંઘીન આપણે શેરીમાં કે બહાર વાત કરતાં હોઇએ એવું નથી. આ સન્માનનીય ગૃહમાં વાત કરી રહ્યા છીએ ત્યારે આપણી વાતનો રોષ પણ મર્યાદામાં રહે તો આ પ્રણાલિકાઓ જળવાશે. સવાલ એટલો છે કે ગઇકાલે જે બનાવ બન્યો, હું તો

પોઈન્ટ ઓફ ઓર્ડર

દિલ્હી ગયો હતો પરંતુ મને જે માહિતી મળી કે સૂત્રોચ્ચાર થયા, વેલમાં આવ્યા એ કંઇ પહેલીવાર નથી થયું પરંતુ બહેને આખી પાર્ટી માટે જે શબ્દો વાપર્યા એ અશોભનીય હતા એટલા માટે અહીંયા એક પ્રકારનું દુઃખ અને રંજ હતો કે આ જ પ્રકારે હાઉસ ચાલશે તો આવનાર પાંચ વર્ષ બધા ભેગા મળીને સતત ચર્ચા વિચારણામાં આ કેટલે અંશે ચલાવવું એટલા માટે અહીંથી એક વખત શિક્ષાત્મક પગલાં લેવાય એટલા માટેની પ્રપોઝલ આવી છે. ગઇકાલે આપના નેતાઓને કહ્યું છે કે કંઇ વાંધો નહિ હાઉસમાં દિલગીરી વ્યકત ન કરે તો કંઇ નહિ અધ્યક્ષશ્રી પાસે જઇને દિલગીરી વ્યકત કરે તો પણ વિષય પૂરો થાય છે. ભૂતકાળમાં સરકારે પાછું પણ પગલું લીધું છે એટલે એમાં કોઇ અમને પણ વાંધો ન હોય, અધ્યક્ષશ્રી પાસે જઇને દિલગીરી વ્યકત કરે કે ભવિષ્યમાં આવું નહિ થાય અને આ વિષય પૂરો થઇ જાય છે. આ કોઇ આગ્રહ નથી બહેન નવા છે એટલા પૂરતો ખ્યાલ રહે. આ વાત લંબાવીએ નહિ, નિયમોના નિયમ આધારિત આ ગૃહ ચાલે એટલી આપણા બધાની જવાબદારી બને છે, એમાં સરકાર તરફથી અમે એ રીતે ચલાવવા માગીએ છીએ એવું નથી. અધ્યક્ષશ્રી ઉપર પણ આપણા બધાનો ભરોસો છે. આપણે આંગળી પકડીને એમને અહીંયાં બેસાડ્યા છે. અધ્યક્ષશ્રી ઉપરની અવિશ્વાસની દરખાસ્ત પણ ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર આવી છે. એ પણ બરાબર નથી. આપણે બધા સાથે બેસીને જ આ વાતનું નિરાકરણ લાવવું જોઇએ. આ ગૃહનું સન્માન જળવાય, અધ્યક્ષશ્રીનું સન્માન જળવાય અને નિયમોના નિયમ પ્રમાણે આ વાત થાય એટલા માટે મારી વિનંતી છે કે અધ્યક્ષશ્રીને રિશેષમાં મળી લે અને પછા ગૃહમાં આવી જાય એમાં અમને વાંધો ન હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાએ ખૂબ સારી વાત કરી કે કાલ ઉપસ્થિત હોત તો, હું તો પોતે ઉપસ્થિત હતો અને આ ચેર ઉપર ઉભો હતો. આખી કાર્યવાહી જોઇ અને જોયા પછી મિત્રો વેલમાં આવ્યા હતા. મર્યાદાની અંદર વાત કરીને એ વિરોધ વ્યક્ત કરતા હતા એમને સસ્પેન્ડ કર્યા કાંઇ વાંધો નહીં બીજા મિત્રો બહાર ગયા કાંઇ વાંધો નહીં. એમ છતાં હું ઉભો રહ્યો. હું પક્ષ મૂકું. કેમ કે અહીંયાંથી જ ડો.આશાબેન પસાર થતા હતા. આ અસંસદીય શબ્દોની આખી બૂક વાંચી છે. આ શબ્દોનો આની અંદર સમાવેશ થતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારી વિપક્ષના નેતાને અંગત વિનંતી છે કે તમે એ શબ્દોની વાત કરશો નહીં.

શ્રી પરેશ ધાનાણી : માફી માગવાની પ્રણાલી નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દોની વાત ન કરો.

શ્રી પરેશ ધાનાણી : કાંઇ ભૂલ થઇ હોય તો હું માફી માગું.

અધ્યક્ષશ્રી : તમારી માફીની મારે જરૂર નથી. તમારો કાંઇ વાંક નથી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ સભ્યશ્રીની ભૂલ વગર માફી માગવાની પ્રથા બરાબર નથી. હું કહું છું કે આપે ઉદારતા રાખવી જોઇએ. કોઇ સભ્ય નવા છે, મહિલા છે, મોંઘવારીના મુદ્દાને લઇને કહે અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. કોઇ વ્યક્તિને સંબોધીને વાત કરી નથી. કોઇ અસંસદીય શબ્દ બોલ્યા નથી. કોઇ અશિસ્ત આચરી નથી. હું અહીં બેઠો હતો.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, તમે અને બહેન અને શ્રી શૈલેષભાઇ અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં બેસીને વાત કરો. આ ગૃહની ગરિમાની વાત છે. આ અધ્યક્ષશ્રીના સ્વાભિમાનની વાત છે. બીજી કોઇ વાત નથી. અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં જઇ અધ્યક્ષશ્રી પાસે દિલગીરી વ્યકત કરે વિષય પૂરો થઇ જાય. અમે કોઇ પ્રતિષ્ઠાનો વિષય બનાવવા માગતા નથી. અમને કોઇ વાંધો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રીએ જે વાત કરી છે એ આવકાર્ય છે. ગૃહ નિયમોથી ચાલે છે. તમે માફી માગવાની વાત કરો છો. હાઉસ જ્યારે ઓર્ડરમાં જ નહોતું. વેલમાંથી સભ્યો બહાર જઇ રહ્યા હતા ત્યારે કોઇ સભ્ય બોલ્યા હોય એ શબ્દો રેકર્ડમાં જ આવ્યા ન હોય, એ શબ્દો રેકર્ડ ઉપર જ ન હોય, એ શબ્દો માટે એક સન્માનનીય સભ્યશ્રીને માફી માગવાનું કહો છો એમાં હું સમજું છું કે એ ઉચિત નથી. જો ગૃહના રેકર્ડ ઉપર આવ્યા હોય તો સો ટકા અમે માફી માગવા માટે તૈયાર છીએ. નવા બહેન છે. જતા જતા હાઉસમાં સૂત્રોચ્ચારમાં કાંઇક બોલી ગયા અને એક પાટીદાર મહિલાને આ રીતે પહેલી વખત ચૂંટાયેલી મહિલાને તમે આ રીતે કરો એ મારી રીતે યોગ્ય નથી. માટે મારી વિનંતી છે કે પહેલી વખત હાઉસના ફ્લોર ઉપર, રેકર્ડ ઉપર આવ્યા હોય તો અમારા નેતા પણ માફી માગવા તૈયાર છે. એ બહેન પણ માફી માગવા તૈયાર છે. પણ જ્યારે રેકર્ડ ઉપર જ ન આવ્યા હોય ત્યારે માફીની વાત કરો છો એ મારી રીતે યોગ્ય નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ અગત્યનો મુદ્દો શ્રી શૈલેષભાઇનો છે. હાઉસ ઓર્ડરમાં હોવું અને ન હોવું. પણ હાઉસની અંદર સમજી લો કે બે મિનિટ માટે ધમાલ થઇ. આપે તેમનું માઇક બંધ કર્યું. પાંચ–દસ મિનિટ ગૃહ મુલત્વી રહ્યું એ દરમિયાન અમે બેઠા છીએ અથવા કોઇ સભ્ય બેઠા છે. કોઇ સભ્ય હાઉસમાં જઇ હાઉસ ઓર્ડરમાં નથી એમ કરીને કોઇ સભ્યને બે લાફા મારી દે, કોઇના ઉપર હૂમલો કરી દે, ભાઇ, સાંભળજો, આ હસવાની વાત નથી. સાહેબ, એમાં તમે એમ નહીં કહી શકો કે હાઉસ ઓર્ડરમાં નહોતું. શ્રી શૈલેષભાઇ, આ માઇક ચાલે એટલે હાઉસ ઓર્ડરમાં છે એવું ન સમજાય. ગૃહની ગરિમા જાળવવી. રિશેષ દરમિયાન પણ જાળવવી. રિશેષ હોય અને કોઇક અહીં આવીને ખોટું કૃત્ય કરે, કોઇ અપકૃત્ય કરે તો એવું નહીં કહેવાય કે હાઉસ ઓર્ડરમાં નહોતું. હાઉસ એટલે હાઉસ. હાઉસ ઓર્ડરમાં જ ગણવાનું હોય. તમે જતા જતા સૂત્રોચ્ચાર કરો, કોઇ અપશબ્દો બોલો, કોઇ અશોભનીય કૃત્ય કરે, ભૂતકાળમાં અવું બન્યું છે કે જતા જતા માનનીય અધ્યક્ષશ્રી ઉપર કાગળો નાખેલા છે, બીજું સાહિત્ય નાખેલી છે, પ્રશ્નોત્તરી નાખેલી છે તો એને પણ અશિસ્ત ગણવામાં આવેલી

છે. એ અશિસ્ત જ ગણાય. એ હાઉસ ઓર્ડરમાં છે એમ સમજીને અધ્યક્ષશ્રીએ જે નિર્ણય કર્યો છે એ બરાબર છે, પણ અમારા નેતાશ્રીએ, આપણા મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી જે વાત કરી છે, કાલે દિલ્હીથી માનનીય ભુપેન્દ્રસિંહજી અને માનનીય પ્રદીપસિંહજીની સાથે પણ એમને વાત થઇ હતી કે તમે પરેશભાઇ સાથે, શૈલેષભાઇ સાથે પંકજભાઇ અને બધા ચર્ચા કરો અને કોઇપણ સીનીયર નેતા કોંગ્રેસના પછી પરેશભાઇ હોય કે શૈલેષભાઇ હોય કે અમિતભાઇ હોય અથવા બેન પોતે હોય એ દિલગીરી વ્યકત કરે એટલે વાત પૂરી થાય છે અમે હજી પણ વાત પૂરી કરવા સંમત છીએ પણ ભૂલ કરી હોય, અશોભનીય શબ્દો બોલ્યા હોય તો દિલગીરી વ્યકત કરવામાં કોઇ પ્રશ્ન નથી. બીજું અહીંયા કોઇએ કીધું કે ભૂતકાળમાં નથી થયું. ભૂતકાળમાં હું સાક્ષી છું કે અનેક વખત કોઇએ ભૂલ કરી હોય તો રેકર્ડ ઉપર માફી માગેલી છે અને સમાધાન થઇ અને શાંતિથી પ્રશ્નનું નિરાકરણ કરેલું છે એટલે મહેરબાની કરી તમે આને જીદનો પ્રશ્ન નહીં બનાવો, વહેવારીકતાનો પ્રશ્ન બનાવો અને જે શબ્દો બોલ્યા હતા એ અશોભનીય છે. તમારા માટે કોઇ બોલે તો પણ અશોભનીય છે. અમારા માટે બોલે તો પણ અશોભનીય છે અને બારણે જતા જતા કોઇ કૃત્ય કરે એને હાઉસ ઓર્ડરમાં નહોતું એ વ્યાખ્યામાં નહીં ગણતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એ ના બોલ્યા હોય તો પણ હું તો એનાથી આગળ કહુ છું. આ ગૃહની પરંપરા અને ગરીમા જાળવવાની બધાની જવાબદારી છે. પહેલી તો ગેરસમજ એ ના કરે કોઇપણ માનનીય સભ્ય, આ ચર્ચાનો અર્થ ઘણા માનનીય સભ્યો એવો લેશે કે એડઝોન થયું હોય અથવા તો ગૃહ ચાલુ હોય તમે એને વેલમાંથી બહાર કાઢયા હોય, જે લોકો વેલમાં ના આવ્યા હોય અને બોયકોટ કરીને બહાર જતા હોય એમને ગમે તે બોલવાનો અધિકાર છે એવું પ્રસ્થાપિત કરવા માગીએ છીએ આપણે? અસંસદીય શબ્દોની વાત કરીએ તો અસંસદીય શબ્દોનું જે લીસ્ટ છે એ લીસ્ટ તો આપણને આગોતરું એ કહે છે કે આવા શબ્દો ના હોવા જોઇએ. એ જે શબ્દો બોલવામાં આવ્યા છે એ મારી આંખોમાં આંખ નાખીને બોલવામાં આવ્યા છે અને આપે બીજો મુદ્દો કીધો કે વ્યકિતગત બોલવામાં આવ્યા નથી. એ તો અત્યંત ખરાબ વાત છે. વ્યકિતગત કીધા હોય તો એ વ્યકિતગત માફી માગી લે. આખા ગૃહના બાકીના તમામ સભ્યો માટે કહેવાતું હોય અને એ મારી સામે જયારે જોઇને કહેવાતુ હોય એ શબ્દો જો રસ્તા ઉપર તમે જતા કોઇ માણસની સામે જો બોલેને તો ખૂન-ખરાબો થઇ જાય. (અંતરાય) આપ ઉભા ના થશો. મારી આખી વાત શાંતિથી સાંભળો, મેં સાંભળ્યું ને શું બોલ્યા એ આપને ખબર નથી કદાચ, (અંતરાય) શું બોલ્યા એ મને પણ ખબર છે. આ શબ્દોનો બચાવ થઇ શકે એમ છે? કોઇના માટે આ શબ્દો બોલી શકાય એમ છે અને બીજું સ્ત્રીની સજ્જનશીલતા શેમાં છે કે એમનાથી તો આવું કદી ના બોલાય. જો આ શબ્દો બોલવા દેવામાં આવે અને પછી માફી ના માગે અને તોય માફી આપવામાં આવે તો બાકીના જે અન્ય માનનીય સભ્યો છે એ એવો દાખલો લઇને જશે કે આવું તો સ્ત્રી બોલી શકે છે. અમારા માટે તો આ સહેલું થઇ જાય. આ શબ્દ તદ્ન અયોગ્ય છે. ભાષા પ્રયોગ તદ્ન અયોગ્ય છે અને કોઇએ કાગળનો ડૂચો ફેંકયો હોયને તો એ તો પડી જાય. કાદવ ફેંકયો હોયને તો એ તો ધોવાય જાય પણ શબ્દો જયારે કીધા હોયને, શબ્દથી વધારે કશું હોતું નથી અને એ આ ગૃહની ગરીમાનો પ્રશ્ન છે. મને વ્યકિતગત કશું નથી. તમામ સભ્યોને જાણ થાય કે ગઇ કાલે આખી રાત ઉંઘ્યો નહીં અને મને પોતાને એમ થયું કે દસ, વીસ, પચાસ માણસ, (અંતરાય) આ તમે બોલ્યા છો ભાઇ, આ જ વિચાર તમને નહીં આવે પણ મને આવ્યો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : (બેઠા બેઠા) હું નથી બોલ્યો સાહેબ.

અધ્યક્ષશ્રી : એ બોલ્યા હોય તો એમને જે વિચાર આવ્યો ને એજ મને આવ્યો છે એટલે આ ગૃહની પરંપરા જાળવવા માટે હું કહુ છું કે મહેરબાની કરીને માનનીય સભ્યો વારેઘડીએ ઉભા થઇ જાય. શેના માટે ઉભા થઇ જાય? તમને દરેકને આ નિયમોના નિયમની ચોપડી આપવામાં આવી છે. હું નિયમ પ્રમાણે ના વર્ત્યો હોઉ તમારા દસ સભ્યોની કમિટી બનાવો અને ગઇ કાલની બાબતમાં તમે ચકાસીને મને કહો કે મારી કયાં ભૂલ છે? હું ભૂલ હોય તો માફી માગવા તૈયાર છું. કોઇ જગ્યાએ નિયમથી બહાર હું ગયો નથી અને આજે આ તક મળી છે, સમયનો સદુપયોગ કરીએ. નિયમોના નિયમ-૨૮ શું કહે છે સાંભળી લો, ફરી વાર મારે ન કહેવો પડે. ‘‘ સભાગૃહ સમક્ષની કોઇપણ બાબત પર બોલવા માગતા સભ્ય એ પોતાની જગ્યા ઉપર ઉભા થશે અને જો અધ્યક્ષ કહેશે તો જ બોલશે. એટલે બેસીને બોલાય નહીં. એક કરતા વધારે સભ્યો એક જ વખતે ઉભા થાય તો જે સભ્યને અધ્યક્ષ કહે તે સભ્ય બોલવાને હકદાર થશે. નિયમ-૨૯, સભાગૃહની અંદર સભ્યએ પોતાની જગ્યા પરથી બોલવું. બોલતી વખતે ઉભા થવું અને અધ્યક્ષને સંબોધીને બોલવું. માંદગીની વાતમાં એક્સેપ્શન આપેલ છે. અધ્યક્ષશ્રી જયારે જયારે ઉભા થાય અથવા બોલે ત્યારે બોલનાર સભ્યએ પોતાની જગ્યાએ બેસી જવું. અહીયા તો આખું સભાગૃહ ઉભું થઇ જાય આ કેવી રીતે ચલાવી લેવાય? હું ચલાવી લેવા માગતો નથી. ૪૦ વર્ષથી આ નિયમોથી બંધાઇને મેં જિંદગી કાઢી છે. આના માટે તમે અહીંયા આંગળી પકડીને એટલા માટે બેસાડ્યો છે કે નિયમોમાં હું કોઇ ભૂલ કરું? ૩૧. એક સભ્ય બોલતા હોય ત્યારે બીજા કોઇ સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા ઉભા થાય ત્યારે બોલનાર સભ્યએ તેમની જગ્યાએ બેસી જવું. તે સિવાય અન્ય કોઇએ બોલાય નહીં. એક સભ્ય બોલતા હોય ત્યારે અને બીજા કોઇ સભ્યએ ખુલાસો કરવો હોય અથવા બોલનાર સભ્ય પાસેથી ખુલાસો કે માહિતી લેવી હોય તો એ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનની વાત છે. દરેક વખતે એવી બાબત જે પ્રસ્તાવ ઉપર વકતવ્ય કરવામાં આવે તેને લગતી જ હોવી જોઇએ. એ સિવાય બોલો તો એ હું રદ કરવા હક્કદાર છું. ૩૪. આના કેટલાક ભાગ જ વાંચું છું. રાજદ્રોહી, અપમાનજનક, બદનક્ષીયુક્ત શબ્દો બોલવા નહીં. જેમણે આ ન વાંચ્યું હોય એ બધા આ વાંચી જજો. વિધાનસભાએ કરેલા નિર્ણયના સંબંધમાં અધ્યક્ષની ટીકા કરવી નહીં. વિધાનસભાના કામકાજમાં ખલેલ કરવા સારું પોતાના બોલવાના હક્કનો ઉપયોગ કરવો નહીં. વિધાનસભાની કોઇપણ સમિતિની કાર્યવાહીઓ જાહેર કરવી નહીં.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષના કોઇપણ નિર્ણય ઉપર, આદેશ ઉપર અથવા નિર્દેશ ઉપર ચર્ચા કરવી નહીં. ૩૬. ચર્ચામાં વાપરવામાં આવેલ કોઇ શબ્દો બદનક્ષીકારક, અશિષ્ટ, અસંસદીય કે અણછાજતા, એકલું અસંસદીય જ નહીં પણ અશિષ્ટ શબ્દો પણ ન વપરાય અને એવું વર્તન પણ ન થાય. હું વધારે કહેવા માગતો નથી પણ દરેક સભ્યના ધ્યાનમાં હોવું જોઇએ કે હાઉસ ઓર્ડરમાં હતું કે ન હતું એ પ્રશ્ન નથી. હાઉસમાંથી બહાર ગયા પછી પણ મારા જાણમાં આવ્યું કે, કેટલાક માનનીય સભ્યશ્રીઓએ ત્યાં જઇને પણ જે કાંઇ પણ દરવાજાની બહાર, અધ્યક્ષની ચેમ્બર બહાર બેઠા અને ત્યાં બેસીને સૂત્રોચાર કર્યા, આ પણ થઇ શકે નહીં. આના અંગે પણ પગલાંની જોગવાઇ છે. સવાલ એટલો જ છે કે આ ગૃહને આપણે જો નહીં સાચવીએ, આવું જ જો વર્ષોવર્ષ ચાલ્યા કરશે, ઘણા સભ્યશ્રીઓ કોર્પોરેશનમાંથી જીતીને કે કોર્પોરેશનનું જોઇને આવતા હોય, ઘણા પ્રથમવાર જ ચૂંટાયા હોય અને પ્રથમવાર જ ગૃહમાં આવતા હોય એટલે એ તો એવું સમજે કે મારો તો અધિકાર છે રસ્તામાં વચ્ચે ઉભા થઇ જઇએ. ગમે તે બોલીએ, કોઇપણ કોમેન્ટ પાસ કરીએ. અહીંયા આગળ આ ન થઇ શકે. આ ધારાગૃહ છે એટલે આને મહેરબાની કરીને સંવેદનશીલતાથી લેવું. બેન જે બોલ્યા છે એ વાતને હું માફ કરવા તૈયાર નથી. એટલા માટે કે જે રીતે બોલ્યા છે, બધાને ઉદ્દેશીને બોલ્યા છે, મારી આંખોમાં આંખ નાખીને બોલ્યા છે, that pinches everybody. એ જે શબ્દો છે, એ ઉચ્ચાર અહીંથી કોઇ બેન કરી શકશે નહીં. તમારામાંથી અન્ય કોઇ બેન અહીં આવી રીતે જાહેરમાં બોલી શકે નહીં અને એનું જો દર્દ ન હોય (અંતરાય) મારી વાત પૂરી થઇ જવા દો. (અંતરાય) આપ મારી વાત પૂરી થવા દેવા માગો છો? (અંતરાય) રેકોર્ડ ઉપર લીધું છે. તરત જ એમને નેઇમ કર્યા છે. આમાં મહિલાના અપમાનનો પ્રશ્ન નથી આવતો. મહિલા બધા સભ્યોનું અપમાન કરી જાય એમાં કોઇ મહિલાનો પ્રશ્ન નથી. (અંતરાય) તમામ માનનીય સભ્યશ્રીઓ જ છે.

**(વિરામ ૧૦-૩૫ થી ૧૧-૦૫)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહનું માન-સન્માન જાળવવા અંગે**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે આપના દ્વારા સભાગૃહને વખતો વખત માર્ગદર્શન આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે લાંબો વિષય નથી કહેવો. પરંતુ અધ્યક્ષશ્રીના જે જૂના નિર્ણયો છે એ નિર્ણયોનો ઉલ્લેખ કરીને મારે એવું કહેવું છે કે, આ સભાગૃહના સંચાલન વખતે કોઇ માનનીય સભ્યશ્રી દ્વારા સભાગૃહની આ ચેર છે એ ચેરનું જો માન-સન્માન ન જાળવવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રીના આ સભાગૃહની અંદર જો અવમાનનો મુદ્દો ઉપસ્થિત થાય અથવા આપના દ્વારા સમગ્ર સભાગૃહ, પરિસર, લોબી, આપનું કાર્યાલય, આપના કાર્યાલયની જગ્યા એ હદ નિયંત્રિત કરેલી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર ક્યારેય આવશ્યકતા પડે ત્યારે સભ્ય પોતાની રજૂઆત કરી શકે. પરંતુ આપના કાર્યાલય બહાર લાંબો સમય સુધી બહાર દેખાવો કરવા કે રાજકીય સ્વરૂપ કરવું એ માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ હિસાબે ચાલે નહિ. અધ્યક્ષશ્રીના જૂના નિર્ણયો, સંસદીય પ્રણાલિકાઓ એના આધાર ઉપર મારો મુદ્દો એવો છે કે આપના દ્વારા ગઇ કાલે બનેલી ઘટના, એ ઘટનાના સંદર્ભમાં આપના દ્વારા જે લોકોએ આ કર્યું છે એને માનનીય અધ્યક્ષશ્રી, જો ઠપકો આપવામાં નહિ આવે તો લાંબા સમય સુધી આ સભાગૃહની અંદર અશિષ્તાના વાતાવરણનું સર્જન થશે એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારું એ આપને કહેવું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય પ્રદિપસિંહજીના પોઇન્ટ ઓફ ઓર્ડરને સમર્થન આપું છું અને માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે વાત કરીએ છીએ ત્યારે ખૂબ શણગારથી, પ્રણાલિકાની, પરંપરાની ખૂબ મોટી સરસ સરસ વાત કરીએ છીએ અને અમલ કરીએ છીએ ત્યારે વિપરીત કરીએ છીએ. કોઇ વખત સ્લીપ ઓફ ટંગ થઇ જાય પણ એ થયા પછીથી સભાનતાપૂર્વક એને વાળી લેવાનું પણ ભગવાને આપણને વિવેકબુદ્ધિ આપી છે. માની લો કે, પોતે ના કરે, હું તો માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે એમણે આટલું મોટું દિલ રાખીને, સામેથી પ્રસ્તાવ ત્યાંથી આવવો જોઇતો હતો એના બદલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કીધું કે માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં જઇને તમે દિલગીરી વ્યક્ત કરો. માફી પણ નહિ દિલગીરી આ બહુ મોટી વાત છે. મુખ્યમંત્રીશ્રીના એમના મોટા ઉદાર દિલ માટે હું એમને અભિનંદન આપું છું અને આ બાબતનો બચાવ કઇ રીતે થઇ શકે? મારે હવે એ વાતનો પણ ઉલ્લેખ કરવો છે કે નથી બોલ્યા, નથી બોલ્યા, નથી બોલ્યા કહ્યુંને એ બનાવના એક કલાક પછી માનનીય પરેશભાઇ, બેન મારી ચેમ્બરમાં બીજા લોકોની સાથે મારી ચેમ્બરમાં આવ્યા. એટલે મારો સ્વભાવ છે કે અહીંયા બેઠેલા બધા જ મારા સાથીઓ છે એમને હું કહું, ટોકું કે ભૂલ થઇ ગઇ, આવું તમારે ના બોલવું જોઇએ. મેં બેનને પણ કહ્યું કે બેન તમે ના બોલ્યા હોત તો સારું હતું, ના બોલાય. બેને કહ્યું કે, સાહેબ આ શબ્દનો બીજો કોઇ પર્યાય જ નથી. મતલબ કે બોલ્યા એ નક્કી થઇ ગયું. મેં કીધું પર્યાય હોય કે ના હોય તમારે આ શબ્દ ના બોલાય, મહિલા તરીકે ના બોલાય અને એક અધ્યાપક તરીકે તો ન જ બોલાય. નવા છે એ કોઇ બહાનું નથી. માફી ના આપી શકાય. નવા છે એટલે શું થઇ ગયું? અધ્યાપક તરીકે તો સિનિયર અધ્યાપક છે અને જો અધ્યાપક તરીકે પોતે આવું બોલે તો મને તો શિક્ષણમંત્રી તરીકે ચિંતા થાય છે કે, એ વિદ્યાર્થીઓમાં શું? અને આ ખૂબ ગંભીર બાબત છે અને પછી મને જતા જતા એવું કહીને ગયા કે તમારે જે સમજવું હોય તે સમજ જો. સાહેબ, તમારે જે સમજવું હોય તે સમજ જો. મતલબ કે હું નહિ પાછા ખેંચું અને મારે નામ નથી લેવા પણ આ સભાગૃહના સિનિયર, નામ નથી લેતો. ૪-૫ સભ્યો સામા પક્ષના તે વખતે મોજુદ હતા.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## પોઇન્ટ ઓફ ઓર્ડર

આપની ચેમ્બરમાં પરેશભાઈની હાજરીમાં હું કહીશ અત્યારે કહેવું ઉચિત નથી લાગતું અને મેં એમને કહ્યું, સાહેબ બોલો જોઇ. એમણે આવું ના બોલાય. સાહેબ, આટલી બધી વાત હોય તો હું પરેશભાઇને, શૈલેષભાઇને કહીશ કે આને રાજકીય સ્વરૂપ આપવું એ તો અતિ ગંભીર છે. મેં સંસદીય મંત્રી તરીકે આને ગંભીરતાથી લઇને દરખાસ્ત મૂકી, પ્રદિપસિંહે ટેકો આપ્યો, અને દરખાસ્ત મેં અસંસદીય બોલ્યા એટલા માટે સભ્ય માટે કોઇ નાત જાત, હું અહીંયા પવિત્ર સ્થાન ઉપર ઉભો રહીને બોલું છું કે મારા મનમાં એ કઇ જ્ઞાતિના છે એટલા માટે હું કરું છું એવો ભાવ નહોતો અને એવા ભાવનું અર્થઘટન તમે કરોને તો જાહેર જીવનમાં લૂણો લાગશે. આવું ન થાય. મારી આપને વિનંતી છે કે આ રીતે કોઇપણ બાબતને, બે દિવસ પહેલા સમાચાર આવ્યા કે તમે તો ગૃહમાં કંઇ કરતા નથી એનું વળતર વાળવા માટે આ તમે કરતા હોવ એવું લાગ્યું આજે તો બધાને. (અંતરાય) લલિતભાઇ, હજુ બચાવ ન કરો. આ ફોન આવ્યો એ તમને જ લાગુ પડતો હતો એટલે જ તમે બોલો છો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : લલિતભાઇ, પ્લીઝ બેસી જાવ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : નિયમો શીખવાડતા હતા એ કલાક માટે તો યાદ રાખો યાર, તમારે જે કહેવું હોય તો અધ્યક્ષ સાહેબ પરવાનગી આપે તો કહેજો. એટલે મારી વિનંતી છે, હજુ પણ વિનંતી છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ઉદાર વલણ રાખ્યું છે માનનીય પરેશભાઇ, તો બહેનને બોલાવીને અને ત્યાં સુધી કીધું કે બહેનના બદલામાં તમે પણ જઇને, સાહેબ, જે બન્યું છે એ બરાબર નથી બન્યું, ન બનવું જોઇએ. એને માટે હું પક્ષના નેતા તરીકે દિલગીરી વ્યકત કરું છું અને માનનીય પ્રદિપસિંહે જે કહ્યું છે એ વાત સાથે હું સંમત છું કે માત્ર આટલો વિસ્તાર એ ગૃહ ન કહેવાય. આપનો પરવ્યુ બહુ મોટો છે સાહેબ અને ગૃહ ચાલુ નહોતું એટલા માટે તો મતલબ એ થયો, નીતિનભાઇએ પણ સરસ વાત કરી કે ગૃહ ચાલુ ન હોય એટલે આપણને બધાને જેમ ફાવે તેમ કરવાની છુટ્ટી? મારામારી ગાળાગાળી કરવાની છુટ્ટી? આવું ન હોય, તમે પણ હવે સિનિયર છો અને વિપક્ષના નેતા તરીકેની ભલે ઉંમર તમારી નાની હોય પણ તમે ઉંચું વિચારો, ઉંચું કરો, મને લાગે છે કે હું તમારા હિત માટે પણ કહું છું કે તમારી ભવિષ્યની કારકિર્દી માટે પણ આવી નાની બાબતમાં રાજકીય સ્વરૂપ આપવાને બદલે સાચી વાત કબુલતા શીખો એ જ મહાનતા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું તો જીવનની દરેક પળે વિદ્યાર્થી તરીકે હંમેશા આગળ ધપતો આવ્યો છું. પ્રદિપસિંહભાઇએ આ ગૃહ સમક્ષ પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇઝ કર્યો છે અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ એમના વિચારો રજૂ કર્યા છે. આ ગૃહ સારી રીતે ચાલે એ કોને ન ગમે? મેં તો આપને આ ચેર સુધી દોરીને ગયા ત્યારે ગૃહના નેતાની હાજરીમાં કીધું હતું કે વિરોધ પક્ષને કોઇ મુદ્દા પ્રત્યે કેટલીક એની લાગણી જોડાયેલી છે, એનો આવેશ જોડાયેલો છે અથવા તો લોકોની સમસ્યાની કેટલી ગંભીરતા છે. આ સંસદીય પ્રણાલિમાં એવી કોઇ વ્યવસ્થા નથી કે આ મુદ્દો, એના પ્રત્યે કોઇ વ્યક્તિની કેટલી લાગણી જોડાયેલી છે એને માપી શકાય. એમ છતાં આ દેશ આઝાદ થયો ત્યારથી આજ સુધી જયાંથી લોકશાહી જન્મીને આવી એ ગૃહથી લઇ અને ગુજરાતના વિધાનસભાના ફલોર સુધી મેં ખૂબ અભ્યાસ કર્યો છે બાપુ, મારો શોખનો વિષય છે. વિરોધ પક્ષ, એનું નામ જ વિરોધ પક્ષ છે. સત્તા પક્ષે બેસીને બહુમતિમાં હોનારા લોકો બહુમતિના જોરે આ ફલોરમાં કોઇપણ મુદ્દો છે એ મત ઉપર મૂકી અને એ ધારે એ જ શબ્દો વિધાનસભામાં લઇ જવાના છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારે બાર વાગ્યા પહેલા આજનું ગૃહનું કાર્ય પૂરું કરવાનું છે એટલે એક મિનિટમાં સમાપ્ત કરો તો સારું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસેથી આદેશ માગું છું કે વિરોધ પક્ષ એણે વિરોધ વ્યકત કરવાની કોઇ પ્રક્રિયા, કોઇ રીત એની અંદર કેટલી એની લાગણીઓ છે લોકો માટે, એ કેટલો ગંભીર મુદ્દો છે આના માટેની કોઇ વ્યવસ્થા આપણે સાથે મળીને ઉભી કરીએ. અમને ગમશે કે આમાં એક લાઇટ થાય, બે લાઇટ થાય, ત્રણ લાઇટ થાય, ચાર લાલ લાઇટ થાય તો ગૃહ બંધ કરી દેવું બાપુ આવી કોઇ વ્યવસ્થા શોધો આપ તો સંસદીય બાબતોના ખૂબ અનુભવી છો. તો મારી વિનંતી છે કે સત્તાપક્ષે આ ગૃહમાં સરકારની વાહવાહ થાય આવી અપેક્ષાઓથી આ ગૃહને મુક્ત રાખવું જોઇએ. આ ગૃહની મર્યાદાઓ છે. એને જાળવીએ છીએ, પણ કોઇ મુદા પર એમાં વિરોધ પક્ષનું વજન તો એ બહાર જઇ અને વર્ષોથી પરંપરા રહી છે કે સરકાર સામે કોઇ વાત હોય તો તે ત્યાં રજૂ થાય. અને માનનીય અધ્યક્ષશ્રી, આપની સાથે પણ ચર્ચા કરવા તૈયાર હોય. આ પદની ગરિમા છે. આપની ઓફિસમાં આવીને અને ઘણી વખત આવા બનાવો બન્યા છે. અમે રાહ જોઇને બેઠા હતા કોઇ અસભ્ય વાત નથી કરી. મૌન પાળ્યું, રામ ધૂન ગાઇ. કોઇ મને કહે કે અમે એક શબ્દ બોલ્યા? બાપુ, આ વ્યવસ્થા જો આ ગૃહના નીતિ નિયમો મુજબ ચાલે તો અહીથી કોઇએ બહાર જવું જ ન પડે તો આવી વ્યવસ્થા આ ગૃહમાં ગોઠવાય કે આ ગૃહના કોઇ સભ્ય ચર્ચા છોડીને બહાર ન જાય આના માટે આપનું રુલિંગ એ ગુજરાતની લોકશાહીની પ્રણાલિની અંદર સંસદીય ઇતિહાસમાં દુરોગામી પરિણામો ઊભાં કરનારું છે, ત્યારે પ્રદિપસિંહભાઇનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એને સ્વીકારી શકાય નહિ. નહિતર વિરોધ પક્ષ નામની વ્યાખ્યા જ પૂરી થઇ જશે, પણ આ વિરોધ પક્ષ પ્રદિપસિંહભાઇ, ગુજરાતની જનતાના આશીર્વાદથી ચૂંટાઇને આવે છે.(અંતરાય) સત્તા પક્ષની મહેરબાનીથી નહિ. આ પાટલીઓ બદલાતી રહેવાની.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મેં આપનો જવાબ સાંભળી લીધો.

શ્રી પરેશ ધાનાણી : જવાબ નહિ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એટલે હું કહું છું કે આ પાટલીઓ બદલાતી રહેવાની. કાલે એવા દિવસ ન આવે કે આજે સત્તા પક્ષે બેસીને કરાવેલા નિર્ણયો એ વિપક્ષની અંદર પોતાનો અવાજ રૂંધાય તેવો અહેસાસ

થાય. મારી વિનંતી છે કે આ પ્રદિપસિંહભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર રદ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : મારું રુલિંગ મોકૂફ રાખું છું. વિગતવાર પછી જાહેર કરીશ. નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૧૫-૧૬ નો ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૬-૧૭ નો ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી બચુભાઇ મ. ખાબડ (રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો,અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭ નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૭ના ગુજરાત આધાર લાભો અને અધિનિયમ અન્વયેના મહેસૂલ વિભાગનું જાહેરનામું

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી(સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ અન્વયેના મહેસૂલ વિભાગના તા.૨૯-૭-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૭/૬૧/ આરજીએન/૧૦૨૦૧૬/૧૦૫૬/એચ.૧ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

**માગણી નંબરઃ ૧૦૨**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૯૫,૦૦,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક- ૧૦૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

**માગણી નંબરઃ ૧૦**

**શિક્ષણ વિભાગ**

તા. ૧લી માર્ચ, ૨૦૧૮

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચ માટેની શિક્ષણ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર-૭૦**

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૦૫,૨૮,૫૬,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૦ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક-૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

**માગણી નંબરઃ ૮૬**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૫,૫૩,૧૩,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૫૯,૧૬,૩૫,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર-૯૬**

**આદિજાતિ વિકાસ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૧૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક- ૯૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક-૯૬ રજૂ કરવામાં આવી

શ્રી સુનિલભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી

**સન ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૧- ૩-૨૦૧૮ (બીજો અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત ચાદી.**

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>માગણી નં. ૧૦૨ | | | | |
| ૧ | ૬૨૧૭ – શહેરી......લોન<br>૬૦ – અન્ય ...... યોજનાઓ<br>૮૦૦ – અન્ય લોન<br>૦૮ – મેટ્રો ..... લોન<br>રૂ. ૯૫,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૧૨૧ | ૧૦૦ | મેટ્રો લીંક એક્સપ્રેસ, ગાંધીનગર-અમદાવાદમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરી જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ (નૌશાદજી સોલંકી, સોમાભાઇ કોળીપટેલ અને ઇમરાન ખેડાવાલા) |
| ૨ | --''-- | ૧૦૦ | મેટ્રો લીંક યોજનામાં ઉચાપત કરનાર સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ડો. આશા પટેલ (કીરીટકુમાર પટેલ, ચંદનજી ઠાકોર અને નાથાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | --''-- | ૧૦૦ | મેટ્રો લીંક એક્સપ્રેસ, ગાંધીનગર–અમદાવાદના કામમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા (ડો. અનિલ જોષિયારા, રાજેન્દ્રસિંહ ઠાકોર અને ધવલસિંહ ઝાલા) |
| શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૧૦ | | | | |
| ૪ | ૭૬૧૫ – પરચુરણ લોન<br>૨૦૦– પરચુરણ લોન<br>૦૨ – અન્ય ....પેશગી<br>રૂ. ૧,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૧૨ | ૧૦૦ | કર્મચારીઓની વાહન પેશગી માટે અંદાજપત્રમાં ખૂબ જ ઓછી રકમ ફાળવાય છે અને ફાળવેલ રકમ કરતાં અનેકગણી રકમની પૂરક માંગણીઓ રજૂ કરવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (રાજેશભાઇ ગોહિલ, કાંતિભાઇ સોઢાપરમાર અને મોહનલાલ વાળા) |
| પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>માગણી નં. ૭૦ | | | | |
| ૫ | ૨૫૧૫ – અન્ય ......કાર્યક્રમો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૧૧– સીડીપી–૭ નાણા પંચની .... ચૂકવણી ( કે.પૂ.યો.)<br>રૂ. ૩,૦૫,૨૮,૫૬,૦૦૦<br>પાના નં. ૬૭ | ૧૦૦ | પંચાયતી રાજ સંસ્થાઓની કામગીરી સંગીન બનાવવા વધુ સત્તાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ (વિક્રમભાઇ માડમ, પ્રદ્યુમનસિંહ જાડેજા અને સંતોકબેન આરેઠીયા) |
| ૬ | ૨૫૧૫ – અન્ય ......કાર્યક્રમો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૧૧– સીડીપી–૭ નાણા પંચની .... ચૂકવણી ( કે.પૂ.યો.)<br>રૂ. ૩,૦૫,૨૮,૫૬,૦૦૦<br>પાના નં. ૬૭ | ૧૦૦ | પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા થતા વિકાસના કામો માટે સમયસર રકમ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા (વલ્લભભાઇ ધારવિયા, લલીત વસોયા અને ચિરાગભાઇ કાલરીયા) |
| માર્ગ અને મકાન વિભાગ<br>માગણી નં. ૮૬ | | | | |
| ૭ | ૫૦૫૪ – માર્ગ........જોગવાઈ<br>૦૧ – રાષ્ટ્રીય ધોરી માર્ગો<br>૩૩૭ – માર્ગ કામો<br>૧૧ – મુળ કામો<br>રૂ. ૨૨,૧૬,૩૫,૦૦૦<br>પાના નં. ૯૭ અને ૯૮ | ૧૦૦ | માર્ગોના કામોમાં વ્યાપક ગેરરીતિઓ રોકી રોડની ગુણવત્તામાં સુધારો થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (લલીતભાઇ કગથરા, પરસોત્તમ સાબરીયા અને ઋત્વિકભાઇ મકવાણા) |
| આદિજાતિ વિકાસ વિભાગ<br>માગણી નં. ૯૬ | | | | |
| ૮ | ૪૨૦૨ – શિક્ષણ... સાંસ્કૃતિક<br>૦૧ – સામાન્ય શિક્ષણ<br>૭૯૬ – આદિજાતિ.... યોજના<br>૪૨ – ઈડીએન – ૨૯ મકાન<br>રૂ. ૧,૦૦૦<br>પાના નં. ૧૧૫ | ૧૦૦ | પારડી અને ભિલાડ ખાતે સરકારી વિનયન કોલેજ માટે હજુ જમીન મળી ન હોવા છતાં પૂરક માંગણીઓ રજૂ કરવામાં આવે છે તે નિવારવા તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત |

**અધ્યક્ષશ્રીની જાહેરાત**
**ગીલોટીન અંગે**

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૪) મુજબ પૂરક

માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. તદનુસાર બપોરના ૧૨.૦૦ વાગ્યે જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બધી જ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. એક સમય હતો કે આ જે પૂરક માગણીઓનું બજેટ લઇને આવ્યા છે તે ૧૦ હજાર ૭૯૨ કરોડ ૦૭ લાખ અને ૯૪ હજાર જેટલું થાય છે તે કદાચ આખા વર્ષનું બજેટ હતું તેવી પરિસ્થિતિ હતી અને તે પ્રમાણે કામ થતું હતું. આજે સાહેબ ઘણી એવી યોજનાઓ છે કે તેમાં બચત રહે છે અને તેના લીધે ક્યાંકને ક્યાંક વિનિયોગ અને પુનઃવિનિયોગ કરવાનો આવે છે. તેમાં ખાસ આદિજાતિ વિભાગ માટે આપને વાત કરવા માગુ છું. આ આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટેની ગ્રાન્ટ છે. પેટા યોજનાની ગ્રાન્ટનું પુનઃવિનિયોગ થઇ શકતું નથી. આ બિલ્ડીંગ માટેની વાત છે અને અનુસૂચિત જનજાતિ વિસ્તાર છે, જે શેડયુલ વિસ્તાર છે તેના માટેના બાંધકામના પૈસા છે અને આ પૈસા આદિવાસી બાળકને ત્યાં ખાસ કરીને નજીકમાં કોલેજ બનાવવા માટે છે અને એ ખાસ આ પારડી વિસ્તારમાં બનાવવા માટેના છે. ગયા વખતે આ પારડી વિસ્તારમાંથી જે ચૂંટાઇને આવ્યા છે રમણભાઇ પાટકર અને કનુભાઇ દેસાઇ ભીલાડમાંથી તેઓ ગયા વખતે વચન આપીને આવ્યા છે કે અમે તમારે ત્યાં કોલેજનું બનાવી દઇશું. સાહેબ, આજે પરિસ્થિતિ એ થઇ કે જમીન ન મળવાના કારણે ત્યાં કોલેજ બની શકી નથી તો જમીન મળે એના માટે સરકારે પ્રયત્નો કરવા જોઇએ. બજેટમાં જોગવાઇ કરવા છતાં આ પછાત વિસ્તારમાં કે જે આદિવાસી વિસ્તાર માટે સરકારે પ્રયત્નો ન કર્યા અને જમીન ન મેળવી એના લીધે આ પૈસા સરકારમાં વપરાયા વગરના પડ્યા રહ્યા. ગયા વખતે બજેટમાં બંને જગ્યાએ ભીલાડમાં ૬૭૦ લાખ અને પારડીમાં પણ ૬૭૦ લાખની કોલેજ માટે જોગવાઇ કરેલ હતી પણ આ પૈસા પડી રહ્યા અને આ પૈસા પંચમહાલ જિલ્લામાં વાપરવામાં આવ્યા અને ત્યાં પાછી જમીન મળી જાય છે, ત્યાં એનું પ્લાનીંગ પણ થઇ જાય છે અને બધું જ થઇ જાય છે જયારે આ આદિવાસી વિસ્તાર છે એના માટે કોઇ વ્યવસ્થા થતી નથી. આ સરકાર દુર્લક્ષ સેવે છે અને એના માટે આ પડતર પૈસા જે નથી વાપરી શકાયા જે ફરી હું કહું છું કે આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના પૈસા છે જે નથી વાપરી શકયા છતાં પણ સરકાર આ પુરક માગણીઓ લઇને આવી છે માટે હું આનો વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે માનનીય નાણા મંત્રીશ્રી માર્ગ અને મકાનમાં જે ધોરી માર્ગ માટે પુરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં વાત કરવી છે. ધોરી માર્ગ માટે જે ટોટલ પૈસા લઇને આવ્યા છે પુરક માગણીના એ ૩૫ કરોડ, ૫૩ લાખ, ૧૩ હજાર અને ૨૫૯ કરોડ, ૧૬ લાખ, ૩૫ હજાર છે. આજે નેશનલ હાઇવેનું રીપેરીંગ થતું નથી, અમારે ત્યાં હિંમતનગરથી શામળાજી વિસ્તાર જુઓ તો નેશનલ હાઇવેનો રસ્તો ખરાબ છે. આ પૈસા વપરાતા નથી અને પુરક માગણી લઇને આવવી પડે છે. સાથે સાથે બીજી એ કહેવાની બાબત છે કે, એની જે જરૂરિયાત છે એ ૨૮૧ કરોડોની છે અને એ સાથે એમ કહે છે કે, ૨૪૫ કરોડની અમારી પાસે બચત છે. આ બચત કેમ રહેવા પામી છે? કારણ કે, અત્યારે જે બજેટ બને છે એમાં ચોક્કસ પ્લાનીંગ થતું નથી અને લમ્પસમ રકમ મૂકવામાં આવે છે. મારી નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે, છેલ્લા દસ વર્ષના બજેટો ચેક કરી જુઓ તો કોઇ પણ બજેટ હશે તો એનું કામ અને એની સામે રકમ મૂકાતી. અત્યારે જે બજેટો મૂકે છે એ લમ્પસમ રકમ મૂકવામાં આવે છે અને એમાં પણ ખાસ કરીને આદિવાસી વિસ્તારના જે બજેટો બને છે એમાં કોઇ ચોક્કસ પ્લાનીંગ થતું નથી અને લમ્પસમ રકમ મૂકવામાં આવે છે અને પછી છેલ્લે આ ડાઇવર્ટ થઇ જાય છે એટલે મારો સ્પષ્ટ આક્ષેપ છે કે, આ રકમ બચત રહેવાનું આ મેઇન કારણ છે માટે મારી વિનંતી છે માનનીય મંત્રીશ્રીઓને કે, હવેના જે બજેટો બને તેમાં એના ચોક્કસ કામ અને એની સામે એની રકમ મૂકો જેથી આ પ્રશ્ન ઉપસ્થિત નહીં થાય. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સ્ટેટ હાઇવેની જે રકમ છે એમાં પણ એમણે લગભગ ૧૦૨ કરોડની માગણી કરી છે એમાં પણ મારે કહેવું છે કે, આજ પ્રશ્ન છે કે, તમારી બચત એટલા માટે રહે છે કે તમે એનું પ્લાનીંગ કરતા નથી એટલે મારે મંત્રીશ્રીને ફરી વિનંતી છે કે, જયારે જયારે આ ટ્રાયબલ વિસ્તારોની બજેટ જોગવાઇ કરવામાં આવે, હવે બીજું એવું પણ થાય છે કે, અમારા ટ્રાયબલ વિસ્તાર માટે સ્પેશિયલ પ્રોવિઝન છે એની રકમ ખૂબ મોટી હોય છે પણ એ રકમ ટ્રાયબલ મિનિસ્ટ્રી હવાલે હોતી નથી નાણા વિભાગને હવાલે હોય છે એમાંથી મંત્રીશ્રી દરેકને દસ દસ લાખના કામ આપી દે છે. સાહેબ, અમારો વિસ્તાર ભૌગોલિક રીતે ખૂબ મોટો વિસ્તાર છે અને એના માટેની રકમ વધુ હોય છે પણ વધુ કામો મળતા નથી એ દરેક ધારાસભ્યોને સરખા મળે છે એ અંગે મારો વાંધો છે. એક તો ચોક્કસ પ્લાનીંગ નથી થતું અને બીજી બાજુ જે રકમ છે એ બિન જરૂરી પડી રહે છે અને એને કારણે અમારા વિસ્તારના કામો થતા નથી માટે આ જે પુરક માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એનો વિરોધ કરીને વિરમું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી જે પુરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના તમામ વિભાગો પાસે બજેટ તૈયાર કરવા માટેની બ્રાન્ચો છે, વહીવટી તંત્ર છે અને માળખું ગોઠવાયેલું છે અને વિધાનસભાનું બજેટ સત્ર મળે એ પહેલા તમામ વિભાગોએ પોતાના બજેટ તૈયાર કરવાના હોય છે. એમાં પ્લાન, નોન પ્લાન આ બંને યોજનાઓનો સમાવેશ કરીને બજેટ તૈયાર થતું હોય છે. બજેટની અંદર મૂળ ફાળવણી કરવામાં આવે એ મૂળ ફાળવણી કર્યા પછી પણ વરસને અંતે વધારાનો અનાયાસે જે ખર્ચ કરવો પડે એ વગર મંજૂરીએ કરવાનો થતો હોય છે અને કરવામાં આવે છે. અને પાછળથી વિધાનસભામાં મંજૂરી લેવાની થતી હોય છે અને એના ભાગ તરીકે આવ્યા

છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું ધ્યાન દોરવા માગું છું કે, શિક્ષણ વિભાગ તરફથી જે પૂરક માગણીઓ લાવવામાં આવેલ છે એમાં મોટાભાગની પ્રાથમિક શિક્ષણના શિક્ષકોની વયનિવૃત્તિ, ભથ્થાંઓ વધારવા અને પેન્શન, ગ્રેજ્યુઇટી વિગેરેની છે. વિભાગ પાસે તો અગાઉથી માહિતી હોય જ છે કે વરસને અંતે કેટલા શિક્ષકો નિવૃત્ત થવાના છે, એને કેટલું પેન્સન ચૂકવવાનું થાય છે, એને કેટલી ગ્રેજ્યુઇટી ચૂકવવાની થાય છે એ વિભાગ પાસે તૈયાર હોય જ છે તો પાછળથી શા માટે આવવાની ફરજ પડે છે. એનો અર્થ એવો થાય કે શિક્ષણ વિભાગ બજેટ તૈયાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે, ક્યાંકને ક્યાંક કર્મચારીઓ કે અધિકારીઓની બજેટ તૈયાર કરવામાં નિષ્ફળતાને કારણે રેકર્ડ ઉપર આ વિગતો હોવા છતાં પૂરતું બજેટ તૈયાર કરતા નથી. ત્યારે આગામી દિવસોમાં શિક્ષણ વિભાગમાં ૨૬ કરોડ રૂપિયા ઉપરાંતની વધારાની પૂરક માગણી કરવામાં આવી છે. ત્યારે નાણામંત્રીશ્રી આની ગંભીરતા લઇ અને ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિ ઉભી ન થાય તેના માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગમાં મેટ્રો-રેલ પ્રોજેક્ટની વાત કરું તો મુળ જે જોગવાઇ છે એ ૬૦ કરોડ રૂપિયાની હતી અને પૂરક માગણી લઇને આવ્યા છે ૯૦ કરોડ રૂપિયાની? એટલે સ્વાભાવિક રીતે પ્રશ્નો ઉભા થાય કે ૬૦ કરોડ રૂપિયાની મુળ જોગવાઇ અને ૯૦ કરોડ રૂપિયાની તમે પૂરક માગણી લઇને આવો છો એટલે આવી દોઢી રકમની તમે પાછળથી પૂરક માગણી લઇને આવો છો તો એનો અર્થ એવો થયો કે ગયા વખતના બજેટમાં તમે ૬૦ કરોડ રૂપિયા ફાળવવાના હતા. તો વિભાગને ખબર નહોતી ? જે આ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે એમાં આગામી દિવસોમાં સમયસર આ કામ પૂર્ણ થાય અને મેટ્રોરેલ દ્વારા ગાંધીનગર અને અમદાવાદની પ્રજાને સવલત મળે તે જરૂરી છે. એના માટે ૯૦ કરોડ રૂપિયાની પૂરક માગણી લઇને હવે આવ્યા છે ત્યારે સ્વાભાવિક થાય કે આમાં ભૂતકાળની અંદર ભ્રષ્ટાચાર અને નાણાકિય અનિયમીતતાની પણ બાબત નજર સમક્ષ આવેલી ત્યારે મેટ્રોરેલ માટે જે પૂરક માગણી લઇને આવ્યા છે એ દોઢગણી થાય છે એટલે આ બજેટ તૈયાર કરવામાં પણ વિભાગના અધિકારીઓ સંપૂર્ણપણે અસફળ રહ્યા છે અને એમની ક્ષમતા ઉપર સવાલો ઉભાં થાય એ પ્રકારની સ્થિતિ દેખાઇ આવે છે ત્યારે એનું પણ માનનીય મંત્રીશ્રીને ધ્યાન દોરું છું. મેટ્રોરેલની અંદર જે અગાઉ ભ્રષ્ટાચારની રજૂઆતો થઇ છે અને એ ભ્રષ્ટાચારની બાબત રેકર્ડ ઉપર આવી છે એમાં પણ મંત્રીશ્રી ગંભીરતાપૂર્વક જોવામાં આવે અને યોજનાના કામમાં કચાશ ન રહી જાય અને ભવિષ્યમાં કોઇ પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેવી તકેદારી રાખવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજ સંગીન બનાવવા માટે ૩૦૫.૨૮ કરોડ રૂપિયાની માગણીઓ રજૂ થઇ છે. એના માટે, એની સંસ્થાઓને કેન્દ્રીય સહાયની ચૂકવણી, કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે, પરંતુ તેમાં રાજ્ય સરકારે કોઇ હિસ્સો આપવાનો છે કે નહિ તે અંગે પૂરક માગણીઓની પુસ્તિકામાં પાના નંબર-૬૭ ઉપર કોઇ ઉલ્લેખ નથી. એટલે કે કેન્દ્ર દ્વારા જે સહાય ચૂકવવાની હોય, એમાં રાજ્ય સરકારે આવી જોગવાઇ કરવાની જરૂર શી પડી તે અસ્પષ્ટ છે. સામાન્ય રીતે બજેટની અંદર દર્શાવવું જોઇએ કે કોઇપણ કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હોય તો રાજ્ય સરકારનો આટલો ફાળો રહેશે અને કેન્દ્ર સરકારનો આટલો ફાળો રહેશે એવી કોઇ બાબતનો ઉલ્લેખ આમાં કરેલ નથી એટલે સ્વાભાવિક રીતે રાજ્ય સરકારે પાછળથી કોઇ હિસ્સો ચૂકવવાનો થતો હોય તો પુસ્તિકામાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જરૂરી છે અને એ માટે હું માનનીય નાણામંત્રીશ્રીને કહુ છું કે આ પુસ્તકમાં આવો કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારી આટલી વાત કહીને મારું પ્રવચન હું પૂરું કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ટ્રેઝરી બેન્ચના મંત્રીશ્રીઓ પંચાયત મંત્રી, માર્ગ મકાન મંત્રી તેમજ આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રીઓ વતી માનનીય નાણાંમંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે હું આદિજાતિ વિકાસને લગતી વાત કરું તો મારા સિનિયર સભ્યશ્રી જોષીયારા સાહેબે એ વાતને વાગોળી છે એટલે મારે પણ એને આગળ ધપાવવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સરકારી વિનયન કોલેજ મંજૂર થયેલી છે ત્યાં જમીન નથી મળી એમ કહીને આપણે જાંબુઘોડા લાવ્યા છીએ. જાંબુઘોડા લાવ્યા છે બાપુનુ ગામ છે ત્યાં કોલેજ કરો અમને વાંધો નથી. અમને પણ એનો ફાયદો થશે. પણ મુળ જ્યાં મંજૂર થયેલી છે ત્યાં તેના હક્કો તમે પ્રસ્થાપિત રાખવાના છો કે કેમ? ત્યાં રાખશો તો અમને વાંધો નથી. તમારી જે શાળા શરૂ થવાની એમાં અમારા બોડેલી અને જેતપુર તાલુકાના છોકરાઓને લાભ મળશે હું તમને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં કવાંટમાં કોમર્સ કોલેજ છે, વિજ્ઞાન કોલેજ નથી. કવાંટ પણ આદિવાસી તાલુકો છે, છોટા ઉદેપુરમાં છે કવાંટમાં નથી તો કવાંટમાં પણ એક સરકારી વિનિયન કોલેજ વિજ્ઞાનની શરૂ થાય એવી મારી માગણી છે. માર્ગ અને મકાનમાં લગભગ બહુ મોટી રકમ ૩૫ કરોડ ૫૩ લાખ ૧૩ હજાર જેટલી રકમ પૂરક માગણી થઇને આવી છે. કેટલાક રસ્તાઓના કામો શરૂ થયા હશે, શરૂ કરવામાં મોડાં થયા હશે, તેમના બિલો બાકી હશે અથવા તો વધારાનું કામ શરૂ થયુ હશે તેને પૈસા ચૂકવવાના બાકી હશે હું માનુ છું પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાન મંત્રી અને નાણામંત્રી પણ પોતે છે. કવાંટ તાલુકાનો નવાલજા અને વખતગઢ આમાં વખતગઢ મધ્યપ્રદેશનું ગામ છે અને નવાલજા આપણું ગામ છે. આ બન્ને વચ્ચે પુલ બનાવવાની વાત લાંબા સમયથી ચાલે છે મને ચોક્કસ ખબર છે કે આ પુલ બનાવવાની કામગીરી અગાઉના વર્ષોના બજેટમાં હતી. અને મને જવાબ મળ્યો છે એમ કે સરવેક્ષણની કામગીરી ચાલે છે. ૨૨ વર્ષથી સરવેક્ષણની કામગીરી ચાલતી હોય બજેટમાં પૂરી જોગવાઇ ના થતી હોય તો લમ્પસમ તમારું જે બજેટ છે તેમાં તેનો સમાવેશ કરીને આ બે રાજયને જોડતો રસ્તો છે અને જરૂરી પુલ છે તે પુલનો સમાવેશ કરવામાં આવે તેમ હું પોતે માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના વિભાગની પણ માગણી છે. ટ્રાયબલ પેટા વિસ્તારમાં નાણાકીય ભંડોળના સ્ત્રોતની કોઇ કમી નથી એવી ઘણી વખત વાતો થાય છે. મારો કવાંટ તાલુકો તે રાજયના અતિ પછાત તાલુકામાં તેની ગણના

થાય છે અને અતિ પછાત તાલુકામાં લોકોની સેવા કરવા બેસનાર અધિકારીઓને પૂરતી જગ્યા નથી, તાલુકાનુ સેવા સદન નાનુ છે. સેવા સદન નવું બનાવવા માટે અમે વિકાસ કમિશ્નર કચેરીમાં દરખાસ્ત કરી છે પણ તે હજુ પડતર છે તો તેનો નિર્ણય લેવાય અને તાલુકાનું સેવા સદન અન્ય જગ્યાએ બને તો મને આનંદ થશે. ત્યાં બેસીને કામ કરનારા કર્મચારીને પણ આનંદ થશે કે મને પૂરતી જગ્યા મળી છે. ત્યાં તાલુકા પંચાયતે પોતે બનાવેલાં શોપીંગ સેન્ટર છે તેમાં ઓફિસ બેસે છે અને આપણે વિકાસની વાતો કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રવિવારે કવાંટનો ગીર મેળો થવાનો અને ગીર મેળામાં મુખ્યમંત્રીશ્રી પધારવાના છે તેવી વાતો થઇ, એવુ અમે સાંભળ્યું છે. મુખ્યમંત્રી ત્યાં આવશે ત્યારે અમે એટલી અપેક્ષા રાખીએ કવાંટ તાલુકો અવિકસિત તાલુકો છે ત્યારે તેના વિકાસના ફળ ગામડાંના માણસ સુધી પહોંચે તે માટે તાલુકાનું સેવા સદન પૂર્ણ કક્ષાનું સારું બને એવી અપેક્ષા રાખુ છું. એક રસ્તો છે અમારે શેડી વાસણ મોટીકડાઇ, નાની કડાઇ અને નાની કડાઇ તે નસવાડી તાલુકામાં આવે અને અડધો કિલોમીટર બાકી છે. આ અડધો કિલોમીટરનો રસ્તો થઇ જાય તો બે તાલુકાના ડુંગરાળ વિસ્તારને જોડતો રસ્તો થઇ જાય અને બન્ને તાલુકાના માણસો અવર-જવર કરી શકે તે માટે આ અડધા કિલોમીટરનો રસ્તો કરવો જરૂરી છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ (બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી ઉપરની કાપ દરખાસ્ત ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરની અંદર મેટ્રો લીંક એકસપ્રેસ, મેટ્રો ટ્રેન યોજનાનું આયોજન કરવામાં આવ્યુ. આજે ૨૦૧૧માં તેની યોજનાનું આયોજન કરવામાં આવ્યુ, તેની પાછળ ખર્ચની શરૂઆત થઇ સમગ્ર શહેરની અંદર આજે આપણે જોઇ રહ્યાં છીએ કે ટ્રાફિકની જે વ્યવસ્થા છે લોકોને જે મુશ્કેલીઓ પડી રહી છે. ટ્રાફિક જામ અને ટ્રાફિક વ્યવસ્થાના કારણે આખું શહેર જામ થઇ જાય છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : આ વ્યવસ્થા સર્જાઇ જાય છે ત્યારે આવી પરિસ્થિતિની અંદર mass transport systemનો વિકાસ થાય એ દ્રષ્ટિથી યોજનાઓનો અમલ કરવા માટે સરકાર કાર્ય કરતી હોય છે પણ યોજના સમયસર ચાલુ ન થઇ શકતી હોય એ યોજનાની અંદર ગેરવહીવટ અને ભ્રષ્ટાચારો થતા હોય, દિલ્હીમાં મેટ્રો ટ્રેન યોજના ચાલુ થઇ ત્યારે સમગ્ર દેશ જોતો હતો પણ એ પછી બીજા શહેરોની અંદર પણ યોજના ચાલુ થઇ. એમાં અમદાવાદ શહેર પણ હતું પણ એના પહેલાં જયપુરની અંદર મેટ્રો ટ્રેનની શરૂઆત થઇ ગઇ અને આજે આપણે ત્યાં જે મેટ્રો ટ્રેન યોજનાની અંદર ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર થયો. આપણને ખબર હતી કે ક્યા અધિકારીને આ યોજનામાં મૂકવા? જે અધિકારી સક્ષમ હોય, જેની કાર્ય પદ્ધતિ સમાજ અને સરકારને અનુરૂપ હોય એને મૂકવા જોઇએ પણ એક એવા અધિકારીની ત્યાં નિમણૂક કરી કે જેણે સમગ્ર યોજનાને હજારો કરોડ રૂપિયાના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટની અંદર નાંખી દીધી અને સમગ્ર યોજના આજે મંદ ગતિની થઇ ગઇ છે. આજે આઠ વર્ષ પછી પણ યોજનાનું કોઇ ઠેકાણું નથી. આજે પણ સમગ્ર શહેરની અંદર ખોદકામ કર્યું, રસ્તા રોકી દીધા, ટ્રાફિક ડાયવર્ઝન માટેની કોઇ સિસ્ટમ નથી. આપણે દેશ-વિદેશમાં અભ્યાસ માટે જઇએ છીએ કે, વિકાસ કેવી રીતે થાય છે પણ મારે કહેવું છે કે, આપણા દેશની અંદર જ દિલ્હી, બેંગલોર, બોમ્બે, હૈદરાબાદમાં જ જોઇએ તો ત્યાં પણ કેટલી સુવિધાઓ સાથે કામ થાય છે. તો કેમ આપણા અમદાવાદ શહેરની અંદર સારું કામ ન થાય. આજે આ યોજનાની પાછળ ૧૧ હજાર કરોડ રૂપિયાનો અંદાજ છે. આટલી માતબર રકમ ખર્ચ કરવા જઇ રહ્યા છીએ અને એના લાભથી લોકોને વંચિત રાખીએ તે કેટલા અંશે વાજબી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે ૧ લાખ ૭૧ હજાર કરોડ રૂપિયાનું બજેટ અમારી સરકારે રજૂ કર્યું હતું અને એનો વપરાશ ગુજરાતના વિકાસ માટે નાનામાં નાના ગામડાંથી શરૂ કરી અમદાવાદ, સુરત જેવા મહાનગરો માટે વિવિધ ક્ષેત્રોમાં, વિવિધ વિભાગ દ્વારા અમે કર્યો છે ત્યારે સ્વાભાવિક છે કે, આપણા લોકશાહી દેશની અંદર એક યોજના મંજૂર થાય, એક કામગીરી મંજૂર થાય, કોઇ પ્રોજેક્ટ મંજૂર થાય પછી જમીન મેળવવી, વન વિભાગની મંજૂરી મેળવવી, પર્યાવરણની મંજૂરી મેળવવી આવા અને પ્રશ્નો ઊભા થતાં હોય છે અને માત્ર ગુજરાતમાં જ નહિ આખા દેશમાં થતા હોય છે અને આજે નહિ સરકારો બની ત્યારથી થતા હોય છે. એટલે સ્વાભાવિક છે કે, કોઇ વિભાગમાં કોઇ યોજના ઝડપથી પૂર્ણ થાય, કોઇ વિભાગમાં કોઇ કારણસર કોઇ યોજનાની કામગીરી વિલંબમાં મૂકાતી હોય છે. એના કારણે બજેટની જ્યાં વધારે ફાળવણી કરી હોય ત્યાં શક્ય છે કે, પૂરતો ખર્ચ ન થઇ શકે અને જ્યાં ફાળવણી જરૂરિયાત પૂરતી કરી હોય ત્યાં જુદા-જુદા કારણોસર ખર્ચમાં વધારો પણ થતો હોય છે. માનનીય હિંમતસિંહ ભાઇએ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટની વાત કરી. આપણા ગુજરાતમાં આપણે અમદાવાદથી શરૂઆત કરી. મેટ્રો લિંક પ્રોજેક્ટ આજે અમદાવાદ શહેર પૂરતો છે અને આવનાર સમયમાં ગાંધીનગરને જોડતો ફેઝ-૨ એમ બંને તબક્કામાં આપણે કામ કરવાના છીએ. એમાં ભારત સરકારમાંથી આપણને જે ઝાયકાની લોન મળી છે એ ખૂબ ઓછા વ્યાજની છે અને એની ટેકનોલોજીનો આપણે ઉપયોગ કરીએ છીએ. ગ્લોબલી ટેન્ડર બહાર પડે, આંતર રાષ્ટ્રીય ટેન્ડર બહાર પડે અને આખી દુનિયામાંથી જ્યારે ટેન્ડર ભરાયા હોય, માત્ર મેટ્રો ટ્રેન પૂરતો દાખલો આપું તો એન્જીન અને એના કૉચના જે ટેન્ડર બહાર પડ્યા એમાં એક ચીનની કંપની આવી. અન્ય કંપની પણ આવી. બીજી એક આંતર રાષ્ટ્રીય કક્ષાની મોટી કંપની હતી એના ટેન્ડર મંજૂર કરવાની વાત આવી. ચીનની કંપનીએ એમાં વાંધો કાઢ્યો, હાઇકોર્ટમાં મેટર ગઇ, હાઇકોર્ટમાં આપણે જીતી ગયા, સુપ્રિમમાં મેટર ગઇ અને સુપ્રિમમાં સરકાર જીતી ગઇ અને આ પ્રક્રિયામાં લાંબો સમય થયો એટલે ગયા વર્ષે જે રકમ મેટ્રોના કામ માટે ફાળવી હતી એમાં કોર્ટના વિવાદના કારણે વિલંબ થયો. હવે કિલયર થયું એટલે હવે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે તો એના માટે વધારાની રકમની આપણે જોગવાઇ કરી છે.

આવી રીતે જે દાખલો આપ્યો એવા બીજા વિભાગોને પણ લાગુ પડે છે. (અંતરાય) હવે મેટ્રોનું કામ ઝડપથી આગળ વધે છે. પહેલો તબકકો સાડા છ કિલોમીટરનો આવતા વર્ષે આપણે પૂર્ણ કરી એને પ્રજાની સેવા માટે ખુલ્લો પણ મૂકવાના છીએ અને તબકકાવાર કરીશું. ભૂતકાળમાં આવડા મોટો પ્રોજેક્ટોની કોઇએ કલ્પના પણ કરી ન હતી, કોઇએ વિચાર પણ કર્યો ન હતો, બહુ બહુ કર્યુ તો શું કર્યું? બસો ચલાવી પણ હવે બસોથી મોટા પ્રોજેક્ટ કરતા હોઇએ એટલે આખા શહેરમાં કામ ચાલે, રસ્તાઓ ખોદવા પડે, અનેક મિલકતો એલાઇમેન્ટમાં જે આવતી હોય એને એકવાયર કરવી પડે તો એની સામે દેખાવો થાય, રાજકારણ ફરે, કોર્ટ મેટરો થાય અને કોર્ટ જજમેન્ટ આપે ત્યાં સુધી રાહ જોવી પડે પછી કોર્ટ એમ કહે કે, આ અસરગ્રસ્તોને આટલું વળતર ચૂકવો તો વધારાનું વળતર પણ ચૂકવવું પડે. આ નર્મદા હોય, સિંચાઇ યોજના હોય, રોડ હોય, કોલેજો હોય કે હોસ્પિટલો હોય તો બધા માટે આ નિયમ લાગુ પડે છે. આપણે ત્યાં કાયદાનું રાજ ચાલે છે. આપણા ત્યાં કોર્ટોના આધારે નિર્ણયો બદલાતા હોય છે અને ખર્ચમાં વધારો અને ઘટાડો થતો હોય છે. સમય લંબાઇ જતો હોય છે. એના કારણે આ બધા પ્રોજેક્ટ થયા છે વન વિભાગમાં પણ, કોલેજો બનાવવાનું કામ અને સાહેબ, અમને આનંદ છે કે, અમારી સરકારે નિર્ણય કર્યો કે ગુજરાતની અંદર એક પણ તાલુકો હવે કોલેજ વગરનો બાકી ન રહેવો જોઇએ. એ કામ અમારી સરકારે કર્યું છે અમે એને ચાલુ કર્યું છે પણ ક્યાંક જમીન ફાળવણી હોય, આદિવાસી વન વાસી વિસ્તારો હોય અને વન વિભાગ લાગુ પડતો હોય, પથરાળ–ડૂંગરાળ જમીન હોય અને જોઇએ એટલી મોટી જમીન ના મળતી હોય આ બધા પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને એના કારણે સમય લંબાતો હોય છે.

બીજું, સાતમું પગાર પંચ આપણે જે લાગુ કર્યું એ સાતમા પગાર પંચનું, આજે સવારે દાખલા તરીકે મેં ત્રણ હજાર કરોડ રૂપિયા સરકારી કર્મચારીઓને પગાર અને પેન્શનના આપવાનો જે નિર્ણય જાહેર કર્યો તો એ બધા ખર્ચા આવતા હોય છે. મૂળ પગાર અને પછીની સગવડો, અનેક કર્મચારીઓની મેટરો કોર્ટમાં ચાલતી હોય. સાહેબ, ગયા વર્ષે અમારી સરકારે જે ફિક્સ પગારવાળા હતા એમને સાતમા પગાર પંચના પહેલા સ્કેલમાં બધાયને લઇ લીધા. અનેક કર્મચારીઓને અમે જે પાંચ વર્ષે નીતિ મુજબ કાયમી થવાના હતા એના બદલે બીજા કે ત્રીજા વર્ષે એમને પૂરક વેતન આપવાનું અમલમાં મૂક્યું તો આ જે નવા નિયમો સરકારે કર્યા એનો પણ ખર્ચ વધારો એ આકસ્મિક ખર્ચમાં જુદા જુદા વિભાગોમાં ઉમેરાતો હોય છે. કર્મચારીઓને સગવડ આપીએ, કર્મચારીઓને વાહનો, ઘર માટેની લોન, બીજી સુવિધાઓ એમાં પણ ફેરફારો થતાં નિયમો બદલાતાં ખર્ચમાં વધારો ઘટાડો થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મેં માગણીઓ જુદા જુદા વિભાગોની રજૂ કરી છે એમાં દરેકના વાજબી કારણો છે. માનનીય હિંમતસિંહજીએ બીજી જે વાત કરી અને મેટ્રો અંગે તમે બધાએ કાપ દરખાસ્તમાં પણ લખ્યું છે કે મેટ્રોમાં જે ખોટુ થયું છે, ગેરરીતિ થઇ છે પણ સાહેબ મને આનંદ છે કે, અમે જે ચેરમેન મૂક્યા હતા, સરકારના એક વખતના સિનિયર અધિકારી, માફ કરજો હું કોઇ રાજકીય રીતે કહેવા માગતો નથી. જે વિરોધપક્ષના અગાઉ તમારી સરકારમાં જે મુખ્ય મંત્રીશ્રી હતા એમના પર્સનલ સેક્રેટરી તરીકે, આસિસ્ટન્ટ તરીકે જેમણે સિનિયર રીતે કામ કર્યું છે. સાહેબ, આપણે મનમાં તો કોઇના હૃદયમાં તો જોઇ શકતા નથી. એની કામગીરી જોઇએ, એના ભૂતકાળનું કામ જોઇએ અને એ આધારે નિમણૂક આપી પણ પછી જે પ્રકરણ બહાર આવ્યું, એ વખતે હું શહેરી વિકાસ મંત્રી હતો. આખા પ્રકરણમાં મોદી સાહેબ, માનનીય મુખ્ય મંત્રીશ્રી એમણે કડક તપાસ કરવાના, એક એક બાબતની તપાસ કરવાના, ઓડિટ કરવાના, બધી જ ગંભીરતાપૂર્વક પોલીસને અને ગૃહ વિભાગને જે સૂચના આપી એના આધારે સાહેબ અમારી સરકારે જે તપાસ કરી, જે આરોપીઓ હતા એ પૈકી એ કંપનીના ચેરમેન, એમ.ડી, સરકારના સિનિયર અધિકારી, મુખ્યમંત્રીશ્રીના કોંગ્રેસ સરકારના સલાહકાર અને મુખ્ય મદદકર્તા હતા. આપણે કોઇ વ્યકિત પર ન જઇએ. દાખલો આપું છું, અમે કોઇ એમને રણમાંથી નથી ઉપાડી લાવ્યા, સરકારમાંથી આવેલા અધિકારી છે, પરંપરામાંથી આવેલા અધિકારી છે. તોયે અમે છોડયું નથી આજે પણ એ અધિકારી અને અન્ય અધિકારીઓ અને જે સાંઠગાંઠ કરનાર હતા એ આજે પણ ૨–૩ વર્ષથી સાહેબ જેલમાં છે. એમ ભ્રષ્ટાચાર નાબૂદી માટે અમારી સરકારે કડકાઇથી પગલાં લીધાં છે. એનો હું આ દાખલો આપું છું. માનનીય અધ્યક્ષશ્રી કર્મચારીઓને પણ જુદી જુદી પેશગીઓ આપીએ છીએ, એના વાહન ખરીદવાની જે પેશગી આપતા હતા જે આજે વાહનો આધુનિક સારા ખરીદી શકે એટલે એની કિંમતમાં વધારો થયો એટલે સ્વાભાવિક એની પેશગી વધે એના કારણે આ અધિકારીઓ અને કર્મચારીઓને જે લોન અને પેશગી આપી તેના કારણે ખર્ચમાં વધારો થયો છે.

પંચાયતી રાજ હોય તેમાં પણ આ જ કારણોથી વધારો થયો છે. મારા માર્ગ મકાન વિભાગ વિશે વાત કરી સાહેબ, ગયા વરસે અમે જે મુખ્યમંત્રી સડક યોજના અને ગામડાંના રસ્તા પહોળા કરવા, નવા પુલો બનાવવા, નવાં નાળાં બનાવવાં એ બધું કામ કર્યું. બનાસકાંઠામાં જે પૂર આવ્યું એમાં સરકારની કરોડ રૂપિયાની મિલકતોનું ધોવણ થયું, શાળા, રસ્તા પુલ તો એનું રીપેરીંગ અને એનું પણ મેઇન્ટેનન્સ એ બધું એના આગલા વરસે. જો કે આ આને લાગુ નથી પડતું, આ દાખલો આપું છું કે ખર્ચ કેમ થાય છે.

અમરેલીમાં, રાજકોટમાં અને પાટણમાં જે પૂર આવ્યું હતું તે વખતે બનાસકાંઠામાં પણ ભારે પૂર આવ્યું હતું, તેની સામે સરકારે પોતાની મિલકતો પ્રાથમિક શાળા હોય, આંગણવાડી હોય, સીએચ.સી કે પી.એચ.સી હોય, રસ્તા હોય, જેમ ખાનગી મિલકતોને નુકશાન થયું પૂરમાં એને સરકારે મદદ કરી, એમ સરકારની મિલકતને પણ જે નુકસાન થયું એને રીપેરીંગ કર્યું, અને જરૂર પડે ત્યાં નવું બનાવ્યું, આ બધા ખર્ચા પણ આકસ્મિક ખર્ચ છે એટલે આ બધા ખર્ચાઓ સરકારે પ્રજાના હિત

માટે જરૂરીયાત માટે કરવા પડતા હોય છે. એ બધા ખર્ચા અમે કર્યા છે અને જયાં બચત રહી છે, એ બચતની રકમ પણ અમે આ જ કારણો માટે ફાળવી છે એટલે આ પૂરક માગણીઓ છે, એ વિધાનસભા મંજૂર કરે તેવી સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હવે હું પૂરક માંગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો...(શ્રી જવાહર ચાવડાએ હાથ ઉંચો કરતાં) માનનીય જવાહરભાઇ, આપે હાથ ઉંચો કર્યો ને. આપ બીજાનો હાથ બનો છો. કાંઇ વાંધો નહીં.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : મારી માહિતી એવી છે કે જે અધિકારીની નિમણૂંક કરવામાં આવી એ કઇ સરકારમાં અને કયા ધારાધોરણથી અને જે અધિકારી નિવૃત હતા અને સરકારમાં કામ નહોતા કરતા અને એમની નિમણૂંક કરવામાં આવી તેનું કારણ શું ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજય સરકારને ચોકકસ અધિકાર છે કે કોઇ પણ કામગીરી માટે પ્રજાકીય કોઇ જાહેર જીવનના અધિકૃત જે નિમણૂંક કરવા પાત્ર જે લાયકાત ધરાવતા હોય તેમની કોઇ પણ સ્થાન ઉપર બોર્ડ, નિગમમાં અને ચેરમેન તરીકે નિમણૂંક કરી શકે છે. એવી રીતે નિવૃત અધિકારીઓની પણ નિમણૂંક કરી શકે છે. જયાં કાયદા અને વૈધાનિક પ્રશ્ન આવતા હોય ત્યાં જરૂરીયાત પ્રમાણે નામદાર હાઇકોર્ટના નિવૃત જજ કે ડિસ્ટ્રીકટ કોર્ટના જજની પણ નિમણૂક કરી શકે છે. સરકારને યોગ્ય લાગતા અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારની નિમણૂંક કરવાનો અધિકાર છે.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ થી ૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંક–૧૦૨, ૧૦, ૭૦, ૮૬ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**ગિલોટીન કરેલ માગણીઓ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭–૧૮ વર્ષ માટે ખર્ચના પૂરક પત્રકની ગિલોટીનમાં સમાવિષ્ટ પૂરક માગણીઓ મેં રજૂ કરી છે. હવે સન ૨૦૧૭–૧૮ના વર્ષના પૂરક પત્રકમાં કુલ પર માગણીઓ સમાવિષ્ટ અન્ય ૧૦ માગણીઓ ગૃહે ચર્ચા દ્વારા પસાર કરેલ છે. આથી બાકીની ૪૩ માગણીઓ પૈકી સાત માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૩૬ માગણીઓ હું ગિલોટીન મતદાન માટે રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક– ૧, ૨, ૬, ૯, ૨૬, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૪, ૪૬, ૪૯, ૫૧, ૫૨, ૫૪, ૫૭, ૬૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૭, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૧૦૦, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧, ૨, ૬, ૯, ૨૬, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૪, ૪૬, ૪૯, ૫૧, ૫૨, ૫૪, ૫૭, ૬૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૭, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૧૦૦, ૧૦૩ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સવારના ૧૧.૫૭ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળવા ફરી મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા

## સોમવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૮
## ફાલ્ગુન ૧૪, ૧૯૩૯ શાકે

### સભાગૃહ બપોરના ૧૨ કલાકે મળ્યું,

### અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને

### તારાંકિત પ્રશ્નો

સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૩૨૪૭ શ્રી સોમાભાઈ કોળી પટેલ(લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો, | (૧) તા.૦૧/૦૪/૨૦૧૦ થી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને | (૨) |

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષઃ–૨૦૧૬ | વર્ષઃ–૨૦૧૭ |
| સુરેન્દ્રનગર | ૧૧૦૭ | ૧૫૮૫ |
| બોટાદ | ૫૨૮ | ૬૩૦ |
| કુલ | ૧૬૩૫ | ૨૨૧૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ટ એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધા ? | (૩) સુરેન્દ્રનગર જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટનું પાલન ન કરી આર.ટી.ઇ. પ્રવેશ ન આપતી નીચે મુજબની શાળાઓ સામે એક્ટની જોગવાઇ અન્વયે શાળાને દંડ કરવામાં આવેલ છે. |

| ક્રમ | શાળાનું નામ | દંડની રકમ | નોટીસની તારીખ |
|---|---|---|---|
| ૧ | સેન્ટ થોમસ પ્રાયમરી સ્કુલ, લીંબડી | ૮૫,૦૦૦/– | ૩૧/૫/૧૭ |
| ૨ | દયામતી માતા પ્રાયમરી સ્કુલ, સુરેન્દ્રનગર | ૮૫,૦૦૦/– | ૩૧/૫/૧૭ |
| ૩ | સેંટ જોસેફ પ્રાયમરી સ્કુલ, લખતર | ૮૫,૦૦૦/– | ૩૧/૫/૧૭ |

બોટાદ જિલ્લામાં ઉક્ત એક્ટનું તમામ શાળાઓએ પાલન કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે, ૧૯૮૫માં અહીંથી બેસીને પ્રશ્નો કરતા હતા પણ ૨૦૧૮માં પણ અહીં બેસીને પ્રશ્નો કરવાનો વારો આવ્યો છે, અમને વિશ્વાસ હતો કે કોંગ્રેસની સરકાર આવવાની છે પણ જે થયું તે. પણ મારે મંત્રીશ્રીને એ પુછવું છે કે, સુરેન્દ્રનગરમાં ત્રણ શાળાઓને આપે જે દંડ ફટકાર્યો છે રૂપિયા ૮૫,૦૦૦–૮૫,૦૦૦નો, એ ક્યારે દંડ કર્યો અને કેટલો વસૂલ કર્યો અને કોંગ્રેસની આગેવાની હેઠળ બનેલી યુ.પી.એ. સરકારે બનાવેલ

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

આર.ટી.ઇ. એક્ટ એટલે કે રાઇટ ટુ એજ્યુકેશન નામના એક્ટનો અમલ નામદાર હાઇકોર્ટના આદેશ બાદ રાજ્યમાં સંપૂર્ણપણે કરવામાં આવ્યો કે નહિ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી સોમાભાઇના નસીબ, (અંતરાય) સામેવાળા મિત્રો કેટલીકવાર 'નહિ ચલેગી, નહિ ચલેગી નહિ ચલેગી' કહેતા હોય છે પણ આખા દેશના લોકોએ કહ્યું કે 'યહી ચલેગી, યહી ચલેગી, યહી ચલેગી'. જ્યાં નહોતા ત્યાં પણ આવ્યા. ૧૯૬૭માં ચીમનભાઇ શુક્લએ ખાતું ખોલાવ્યું અને ૧૯૯૦માં આવ્યાં એટલો સમય ગયો. એક ઐતિહાસિક બાબત. ખાતું ખોલાવ્યું અને ૨/૩ બહુમતી પણ મળી અને હવે આજે ૨૧ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. તમે માત્ર ૪ રાજયમાં જ છો. હું પી. એમ. સાહેબ, સી. એમ. સાહેબ અને અમિતભાઇ શાહને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ ૮૫-૮૫ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો એ પછી હાઇકોર્ટનો સ્ટે છે એટલે વસૂલાત થઇ નથી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલઃ મારા પ્રશ્નનો જવાબ નથી મળ્યો સાહેબ

અધ્યક્ષશ્રી : બેસી જાઓ, બેસી જાઓ તમે. આપના પ્રશ્નનો જવાબ આપી દીધો છે. નામદાર હાઇકોર્ટનો સ્ટે છે.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. એક્ટ, ૨૦૦૯ હેઠળ કયા કયા વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકે છે? આ કાયદા મુજબ તેમાં કઇ કઇ કેટેગરી અને પ્રાયોરિટી નક્કી કરેલ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે, ૨૦૧૦માં આર.ટી.ઇ. નો જે એક્ટ આવ્યો એમાં કાયદામાં બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ વંચિત બાળકોને પ્રવેશ આપવા માટે જે કેટેગરી નક્કી કરવામાં આવી છે, એમાં સર્વપ્રથમ અનાથ બાળક, પછીના નંબરે આવે છે સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક, બાળગૃહનું બાળક, બાળમજૂર અથવા તો સ્થળાંતરિત મજૂરનું બાળક, મંદબુદ્ધિનું બાળક, સેરેબલ ક્રાઇસીસ જે હોય એવું બાળક, ખાસ જરૂરિયાતવાળા બાળકો એટલે કે દિવ્યાંગ સી.ડબલ્યુ.એસ.એમ. જેને કહેવામાં આવે છે. સાતમાક્રમે છે એચ.આઇ.વી.ગ્રસ્ત બાળક. પછી છે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બી.પી.એલ. એને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. આની અંદર આવકની મર્યાદા બે લાખ રૂપિયાની છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને અન્ય પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિને પ્રવેશમાં અગ્રિમતા આપવામાં આવે છે અને બી.પી.એલ. ને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. આની આવક મર્યાદા એક લાખ રૂપિયાની છે. જનરલ કેટગરીને પણ આમાં પસંદગીમાં એટલે કે પ્રાયોરિટીમાં લેવામાં આવ્યા છે અને એની પસંદગીમાં એની આવકમર્યાદા ગ્રામ્ય કક્ષાએ ૪૭,૦૦૦ રૂપિયા અને શહેરનો કોઇ વિદ્યાર્થી હોય તો એના વાલીની આવક મર્યાદા ૬૮,૦૦૦ રૂપિયાની નક્કી કરવામાં આવેલ છે. એવી રીતે પ્રાથમિકતા આપવામાં આવે છે અને તે રીતે પ્રાયોરિટી મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો ખૂબ અનુભવી છે એમણે માનનીય અમારા સદસ્યશ્રીનો જવાબ જે આપ્યો તેમાં મારે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવું છે કે, કેન્દ્રની યુ.પી.એ. સરકારે આ કાયદો પ્રથમ ૨૦૦૯માં મૂકયો અને ૨૦૧૦માં આ આર.ટી.ઇ.કાયદાની અમલવારી થઇ. એ વખતે યુ.પી.એ.કોંગ્રેસની સરકારે કેન્દ્રમાંથી આ કાયદો ઘડયો. નામદાર હાઇકોર્ટના આદેશ પછી રાજય સરકારે ૨૮-૨-૨૦૧૨માં જોહરનામુ કરી આ કાયદાની અમલવારીની શરૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, પછીથી સૌપ્રથમ વખત રાજય સરકારે ૨૩-૫-૨૦૧૩માં આ ઠરાવ પસાર કરીને પ્રાયોગિક ધોરણે રાજયની ૮ મહાનગરપાલિકાઓમાં આની અમલવારી ક્રમિક કરવાની શરૂઆત કરી અને પ્રથમ વખતે ૫૩૦૦ જેટલા બાળકોને પ્રવેશ આપવાની જાહેરાત કરી. પછી ક્રમવાર આ જે ક્રમિક જે ખાનગી શાળાઓ છે તે શાળાઓમાં હમણાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તેમ ૨૫ ટકા લેખે પ્રવેશ આપવાની શરૂઆત થઇ છે. હજુ આજે ઘણી બધી શાળાઓ, પ્રવેશ નહીં આપવાની જેની માનસિકતા છે તેવી ખાનગી શાળાઓ કયાંક સરકારમાંથી, ડી.ઓ.માંથી જે હુકમો થાય છે તેને તે શાળાથી તેનું રહેણાંક હોય તેનાથી નેકસ્ટ શાળામાં પ્રવેશ આપી દેવામાં આવે છે કે જેથી તે બાળકનું વાલી આપોઆપ એમ કહે કે મારા બાળકને ત્યાં મૂકવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે બાળકોને પ્રવેશ અપાય છે અને જે બાળકો પાત્રતા ધરાવે છે તેવા બાળકોને એક તો ૨૫ ટકા લેખે જે તે ખાનગી શાળાઓને તેની કડક અમલવારી થાય તેના માટે એક તો અલગથી રાજય સરકાર કોઇ પગલાં લેવામા માગે છે કે કેમ ? બીજુ, જે નજીકની શાળા હોય તેના રહેણાંકથી અને આ રહેણાંકનો તેની અંદર ઉલ્લેખ હોય છે તો રહેણાંકથી નજીકની જે ખાનગી શાળા હોય તેમાં પ્રવેશ માટેની જોગવાઇ અલગથી ત્યાં ડી.ઓ.મારફતે કરવામાં આવે છે કે કેમ ? અને જે આર.ટી.ઇ.ના કાયદા, તેના પ્રવેશના ધોરણો ના જાળવે અને ભંગ કરે એવી ખાનગી શાળાઓ ઉપર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેના અનુસંધાને મારે એ જણાવવું છે કે, આ સરકાર શિક્ષણ માટે ખૂબ જાગૃત છે. સો ટકા નામાંકન ડ્રોપ આઉટ રેશિયાથી આની શરૂઆત થઇ છે અને ૨૦૧૦માં જયારે કાયદો આવ્યો એ કાયદાની અંદર જ બફર ટાઇમ આપવામાં આવેલો ત્રણ વર્ષનો એટલે કે અમલીકરણનો સમય ત્રણ વર્ષનો કાયદાની અંદર આપવામાં આવેલો. તેના અનુસંધાને કેન્દ્ર સરકાર અને રાજય સરકારના જે નીતિ-નિયમો હોય, જે આયોજનો કરવાના હોય, ગ્રાન્ટની કે જે પણ સમજૂતિ કરવાની હોય આ બાબતે નિયમ બનાવવાના હોય ૨૦૧૨માં નિયમ બનાવવામાં

આવેલા અને ૨૦૧૩ના શૈક્ષણિક વર્ષથી આ કેન્દ્રની અંદર જયારે કાયદો બનાવ્યો ત્યારે ત્રણ વર્ષનો બફર સમય હતો અને એ સમય દરમિયાન જ ૨૦૧૩ના શૈક્ષણિક વર્ષથી આપણે ત્યાં આ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને આ પ્રવેશ પ્રક્રિયા પ્રારંભિક ધોરણે જિલ્લાકક્ષાએ ડી.ઇ.ઓ અથવા તો ડી.પી.ઓ. દ્વારા આ પ્રવેશ આપવામાં આવતો હતો. અને આ પ્રવેશની અંદર જયાં પણ લાગ્યું કે આમાં વધારે પારદર્શિકતાની જરૂર છે એટલે સરકારે ૨૦૧૭-૧૮થી સંપૂર્ણ પારદર્શક રીતે પ્રવેશ આપવામાં આવે એટલે આર.ટી.ઇ. ગુજરાત.કોમ દ્વારા એ જે આખી વેબસાઇટ છે તે વેબપોર્ટલ ઉપરથી આ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને આ પ્રવેશ પ્રક્રિયાની અંદર જે પણ શાળાની અંદર બાળકને પ્રવેશ મેળવવો હોય તે પોતાની પસંદગી નક્કી કરે એ પસંદગીમાં મેં અગાઉ જેમ સભ્યએ પૂછેલું તેમાં પ્રાયોરિટી નક્કી કરેલી એ પ્રાયોરિટીમાં પસંદગી પામી ગયેલા હોય, ૨૫ ટકા પ્રવેશ પૂર્ણ થઇ ગયો હોય એ શાળામાં એમને એડમિશન મળી શકે એવુ ના હોય કારણ કે તેની કેપેસિટી તે બધુ પૂરૂં થઇ ગયુ હોય અને પછી કદાચ આ શાળાના બદલે બીજી શાળામાં પણ તેને પ્રવેશ લેવો હોય તો ગયા વખતે ૨૦૧૭-૧૮ની અંદર આપણે ઓન લાઇન કર્યા પછી પણ જે બાળકો બાકી રહી જતાં હતા તેને ઓફ લાઇન પણ આવી પ્રક્રિયા કરવામાં આવી. અને ઓફ લાઇન પણ જે પસંદ કરે ત્યાં જો શાળાની અંદર ૨૫ ટકા કવોટા પૂરો ના થયો હોય તો એ સંપૂર્ણ જગ્યા તેમને આપવામાં આવે છે. હવે આવી શાળાઓમાં કદાચ કોઇ બાળક રહી ગયુ હોય તો તેના માટે આર.ટી.આઇ.ના નિયમ મુજબ ૬ કિલામીટરની મર્યાદાની અંદર બાળકને શાળાની ઉપલબ્ધિ કરવાની હોય છે. તે ૬ કિલોમીટરની અંદર જે શાળા આવતી હોય તેમાં ૨૫ ટકા કામગીરી અથવા ૨૫ ટકા બાળકોને પ્રવેશ અપાઇ ગયો હોય. અગાઉ મેં કેટેગરી આપી તે પ્રમાણેનો પ્રવેશ અપાઇ ગયો હોય, વિદ્યાર્થી જે શાળા પસંદ કરે તેમાં નહીં પણ બીજી વૈકલ્પિક શાળા કે જયાં જગ્યા હોય ત્યાં આગળ પણ તેમને કહ્યું હોય કે તમે અહીંયા આગળ પ્રવેશ લો પણ એ બાળક એ શાળામાં પ્રવેશ લેવા ના માગતું હોય આવા સંજોગોની અંદર કદાચ બાળક પ્રવેશથી વંચિત રહ્યું હોય તો સરકારના સંપૂર્ણ પ્રયત્નો છે કે આ વંચિત બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ મળે. હવે કડક પગલાંની વાત કરું તો એમાં પણ સરકારશ્રી દ્વારા નક્કી કર્યું છે કે, પહેલી વખતની ભૂલમાં ૧૦,૦૦૦/- નો દંડ કરવામાં આવે છે. પછી દરેક ભૂલમાં ૨૫,૦૦૦/- નો દંડ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જોયું હશે કે, સુરેન્દ્રનગરમાં ત્રણ શાળાઓમાં રૂ.૮૫,૦૦૦/- જેવો દંડ કરેલ છે એટલે સરકાર જો શાળાઓ પ્રવેશ આપવા ન માગતી હોય તો એને પણ દંડનાત્મક કાર્યવાહી કરે છે. આ બાબત કોર્ટને આધિન હોઇ એમાં હું વધારે કહેવા માગતી નથી.

શ્રી લાખાભાઇ સાગઠીયા : માનનીય અધ્યશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને અનિવાર્ય સંજોગોમાં શાળા ફેરબદલી કરી આપવા રાજ્ય સરકારશ્રી દ્વારા કોઇ જોગવાઇ કરવામાં આવેલ છે? જો હા તો તેની વિગતો જણાવો.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે, આર.ટી.ઇ. એક્ટની અંદર આવી કોઇ જોગવાઇ નથી. પરંતુ રાજ્ય સરકારે સુઓમોટોનું આયોજન કર્યું છે. જેની અંદર કોઇ બાળકને બીજી કોઇ શાળામાં જવું હોય એટલે કે ફેરબદલી કરવી હોય તો એના માટે ધોરણો નિશ્ચિત કરેલા છે એ fulfill કરતાં હોય તો એ મુજબના આધાર-પુરાવા રજૂ કરવામાં આવે તો એને ફેરબદલી કરી આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીને જણાવું કે એવા કયા નિયમો છે. તો એમાં કદાચ કોઇ બાળકે એ સમયે પ્રવેશ લીધો હોય પછી એને મુખ્યમંત્રી આવાસ યોજના અથવા તો સરકારી આવાસ બીજી જગ્યાએ ફળવાયો હોય તો એને શાળા ફેરબદલી કરવાની મંજૂરી મળે છે. જો કોઇ બાળકોના વાલીઓની નોકરીમાં બદલી થઇ ગઇ હોય અને બીજા જિલ્લા કે શહેરમાં ગયા હોય તો એને શાળા ફેરબદલી કરવાની મંજૂરી મળે છે. જો કોઇ બાળકે અંગ્રેજીમાં પ્રવેશ લીધો હોય અને એ અનુકૂળ આવતું ન હોય અને બીજા માધ્યમમાં જવું હોય તો તેને શાળા ફેરબદલી કરવાની મંજૂરી મળે છે. જો કોઇ બાળકને હ્રદય, કિડની કે કેન્સર જેવી ગંભીર બિમારી હોય તો એમને પણ ફેરબદલી મળે છે. માતા-પિતાના છૂટાછેડા થઇ ગયા હોય તો પણ જ્યાં બાળક જાય કદાચ એની માતા અહીંયા રહેતી હોય અને પછી પિયર જવાનું થાય અને બાળકને માતા સાથે બીજા સ્થળે જવાનું થયું હોય તો એવા કિસ્સામાં પણ ફેરબદલીની મંજૂરી મળે છે. માતા-પિતામાંથી કોઇનું પણ અવસાન થાય અને બાળકને બીજે જવાનું થાય તો પણ ફેરબદલી કરવાની મંજૂરી મળે છે. આ રીતે ફેરબદલી કરવા માટેના નિયમો સરકારે બનાવ્યા છે અને એનો અમલ કરવામાં આવે છે.

પાટણ અને અમદાવાદ જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો

* ૩૨૨૩ શ્રી ચંદનજી ઠાકોર(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને | (૧) |

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પાટણ | ૦૧ | ૦૭ | ૦૧ | ૦૯ |
| અમદાવાદ | ૦૨ | ૦૯ | ૦૬ | ૧૭ |
| કુલ | ૦૩ | ૧૬ | ૦૭ | ૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી | (૨) |

કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પાટણ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| અમદાવાદ | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૭ |
| કુલ | ૦૨ | ૦૮ | ૦૦ | ૧૦ |

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પાટણ અને અમદાવાદમાં વિજ્ઞાન પ્રવાહની ત્રણ સરકારી કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજો સાત છે. તો એ કોલેજોને કયા વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે. બીજો પ્રશ્ન એ કે, પાટણમાં એક સરકારી કોલેજ છે તો ગરીબ અને પછાત વર્ગના બાળકો અભ્યાસથી વંચિત ન રહે તે માટે પાટણમાં નવી ગ્રાન્ટેડ કોલેજ આપવા માગો છો કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પાટણમાં ૨૦૧૬માં મંજૂરી આપી છે અને જેમ–જેમ જરૂરિયાત જણાય છે તેમ–તેમ રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે, સૌથી પહેલાં જે તાલુકામાં આર્ટસ, કોમર્સ કે સાયન્સની એક પણ સરકારી કોલેજ ન હોય ત્યાંની જરૂરિયાત હોય કે માગણી હોય એને ધ્યાનમાં રાખીને સરકારી કોલેજ આપવી. અત્યાર સુધીમાં અમે બધી જ જરૂરિયાત પૂરી કરી છે પણ છેલ્લા બે વર્ષ પહેલાં જે નવા તાલુકાઓ બન્યા છે એમાં ૧૪ નોન ટ્રાયબલ અને ચાર ટ્રાયબલની જરૂરિયાત પૂરી થયા પછી બાકીના તાલુકાઓમાં જરૂરિયાત પ્રમાણે સાયન્સ કોલેજ આપવામાં આવશે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, અમદાવાદ અને પાટણ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો અને બિલ્ડીંગની પરિસ્થિતિ શું છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બંને જિલ્લામાં નવી મંજૂરી મળી છે એટલા માટે બાવળાની બાજુમાં રજોડા ગામમાં આઠ એકર જમીન મહેસૂલ વિભાગ તરફથી શિક્ષણ વિભાગને મળી ગઇ છે. આઠ કરોડ રૂપિયા પણ મળી ગયા છે અને અત્યારની જે મૉડેલ સ્કૂલ છે એમાં કોલેજ ચાલુ છે. પાટણમાં પણ સ્થાનિક પ્રશ્નોના કારણે જમીન મળી નથી પણ ત્યાં પણ પૈસા તો મળી ગયા છે અને એક મૉડેલ સ્કૂલની અંદર મંજૂર થયા પછી જમીન મળે ત્યાં સુધી રાહ જોતાં નથી અને મંજૂરી પહેલાં જ ત્યાં કોલેજને બેસવાની વ્યવસ્થા છે કે નહિ સારી સ્કૂલમાં મંજૂરી મળે તે વર્ષથી જ અમે ભણાવવાની શરૂઆત કરી દઇએ છીએ.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ નથી એ વાત ખરી છે? અને જો ના તો ખૂબ જૂના તાલુકા મથક એવા વિરમગામને આવી સુવિધા ક્યારે મળશે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ કહ્યું કે, નવા તાલુકાને આપ્યા પછીથી ત્યાંની પરિસ્થિતિ, માંગ, જરૂરિયાત એ જોઇને અમે ક્રમાનુસાર તબક્કાવાર આપીએ છીએ એ પ્રમાણે વિરમગામને પણ આપીશું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને એક તો અભિનંદન આપવાનું મન થાય કે, ૧૯૯૫–૯૬ પછી ગુજરાતની અંદર શિક્ષણનો જે વ્યાપ વધ્યો છે, સરકારી કોલેજો, આઇ.ટી.આઇ. , ટેકનીકલ કોલેજો વધી છે એ ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ થયો છે અને બાળકોને ભણવાની સુવિધાઓ પણ વધી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છે કે, અમદાવાદ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજો કયાં કયાં અને કઇ કઇ આવેલી છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૧૯૯૫–૯૬ની વાત કરી છે એટલા માટે કહું છું કે, ૧૯૯૫–૯૬માં સરકારી વિજ્ઞાન કોલેજ માત્ર ૪ હતી, આજે એ ૨૦ છે અને ૨૦૧૬–૧૭માં જ ૨૪ સરકારી કોલેજો મંજૂર કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં સરકારી કોલેજો ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ, સરકારી વિનિયન અને વિજ્ઞાન કોલેજ, બાવળા, બિન સરકારી અનુદાનિત કોલેજો સેન્ટ ઝેવિયર્સ, એમ.જી. સાયન્સ, કે. કે. ઝરોદવાલા, સી.યુ.શાહ, શેઠ આર.એ. કોલેજ, આર.જી. શાહ અને ખાનગી કોલેજો નવનું લિસ્ટ છે. એફ.ડી. કોલેજ ઓફ સાયન્સ, એફ.ડી. સાયન્સ ફોર વુમેન, સરકારી વુમેન વિજ્ઞાન કોલજ, એલ. જે. ઇન્સ્ટીટ્યુટ, પ્રેસિડેન્ટ વિજ્ઞાન કોલેજ, સહજાનંદ, ગોસ્વામી કોલેજ, ચંપાબેન ભગત, એ. આઇ.ટી. તાલીમ અમદાવાદ જિલ્લામાં છે. પાટણ જિલ્લામાં પણ એ જ રીતે સરકારી વિનિયન અને વિજ્ઞાન કોલેજ, હારીજમાં અને ખાનગી કોલેજો મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ, બાસ્પા, અને શ્રીમતી લીલાવતીબેન મણીલાલ શાહ.

સુરત જીલ્લામાં ક્ષેત્રીય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૯૦૭ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી(કરંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જીલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૦૮૧ હેક્ટર. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ | (૨) કુલ રૂ.૧૬૩૩.૦૦ લાખ. |

કરવામાં આવેલ છે ?

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી (કારંજ) : : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮માં તારીખ ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ કયા કયા તાલુકામાં, કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કરેલ છે? તે પૈકી કેટલા રોપા જીવંત છે તથા તેની ટકાવારી શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની આગેવાની હેઠળ દરેક ક્ષેત્રમાં ગુજરાત રાજયે અનેક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, ત્યારે વન વિભાગમાં પણ ખૂબ સારી કામગીરી થઇ રહી છે. માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એ સુરત જિલ્લામાં ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં કેટલા રોપાનું વાવેતર થયું, જીવંત રોપાની સંખ્યા અને ટકાવારી અંગેનો છે. તો માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ની વાત કરું તો માંડવી તાલુકામાં ૭૧૨ હેક્ટરમાં વાવેતર થયું, અઢી લાખ રોપાનું વાવેતર થયું, એમાં જીવંત રોપા બે લાખ અને ત્રણ હજાર એટલે કે ૮૧.૨૦ ટકા જીવંત ટકાવારી આવી. માંગરોળ તાલુકામાં ૩૨૫ હેક્ટરમાં વાવેતર થયું, એક લાખ રોપાઓનું વાવેતર થયું, અને જીવંત રોપા ૮૦ હજાર એટલે કે ૮૦ ટકા રોપાની ટકાવારી આવી. ઉંમરપાડા તાલુકામાં ૫૪૬ હેક્ટર, વાવેલ રોપા ૧.૫૫ લાખ, જીવંત રોપા ૧.૨૭ લાખ અને ટકાવારી જીવંત રોપાની ૮૧.૯૪ ટકા છે. મહુવા તાલુકામાં ૫૫ હેક્ટરમાં ૧૭ લાખ રોપાનું વાવેતર થયું. એમાં ૧૩ લાખ રોપાઓ જીવંત છે એટલે કે, ૭૬.૪૭ ટકા જીવંતની ટકાવારી છે. ચોર્યાસીની અંદર ૨૦૦ હેટકરમાં વાવેતર થયું ૩.૫૫ લાખ રોપાનું વાવેતર થયું અને ૨.૮૪ લાખ જીવંત રોપા છે એટલે કે, ૮૦ ટકાની ટકાવારી થાય છે. ઓલપાડ તાલુકામાં ૨૨૦ હેક્ટરમાં વાવેતર થયું ૫.૩૧ લાખું અને જીવંત રોપા છે એ ૪.૨૫ એટલે કે ૮૦ ટકા જીવંતની ટકાવારી થાય છે. એ જ પ્રમાણે માનનીય સભ્યશ્રીએ ૨૦૧૭–૧૮ માટે પણ પૂછયું છે એમાં માંડવી તાલુકામાં ૪૧૮ હેક્ટર માં વાવેતર થયું ૩.૨૮ લાખ રોપાનું અને જીવંત રોપા છે ૩.૧૫ લાખ એટલે કે ૯૬ ની જીવંતની ટકાવારી થાય છે. માંગરોળ તાલુકામાં ૨૨૦ હેક્ટરમાં વાવેતર થયું ૩.૩૧ રોપાનું અને જીવંત રોપા છે ૩.૧૮ લાખ એટલે કે, ૯૬ ટકા થાય છે. ઉમરપાડા તાલુકામાં ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી લાંબો જવાબ હોય તો...

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, બે તાલુકા જ બાકી છે. ઉમરપાડા તાલુકામાં ૩.૫૦ હેક્ટરમાં વાવેતર થયું ૧૮ લાખ રોપાનું અને જીવંત રોપાની ૯૬ ટકાની રીકવરી છે. મહુવા તાલુકામાં ૫૦ હેક્ટરમાં વાવવેતર થયું ૧૮ લાખ રોપાઓનું અને તેમાંથી જીવંત રોપા છે ૧૭ લાખ એટલે કે ૯૪ ટકાની ટકાવારી થાય છે. આમ બન્ને વર્ષનું ટોટલ જોઇએ તો ૩૦૮૧ હેક્ટરના વાવેતરમાં ૨૩.૨૩લાખ વાવેતર થયું અને જે પૈકી ૨૦.૧૮ લાખ રોપા જીવંત છે જેની ટકાવારી ૮૭.૮૩ છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને એક રોપા પાછળ કેટલો ખર્ચ થાય છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા :માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તાલુકાવાર રોપાઓના વાવેતરની વાત મેં જવાબમાં કરી દીધી. હવે તાલુકાવાર ખર્ચની વાત કરું તો માંગરોળ તાલુકામાં ૨.૯૬ લાખનો ખર્ચ થયો છે, માંડવી તાલુકામાં ૫.૮૫ કરોડનો ખર્ચ થયો છે. ઉમરપાડા તાલુકામાં ૫. ૬ ૬ લાખનો ખર્ચ થયો છે. મહુવામાં ૫૫.૯૧ લાખનો ખર્ચ થયો છે, ચોર્યાસીમાં ૯૧ લાખ અને ઓલપાડમાં ૩૮.૬૯ લાખનો ખર્ચ થયો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : મા નનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વર્ષ દરમ્યાન તા.૩૧.૧૨.૨૦૧૭ ની સ્થિતિએ ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ કરાયેલ વાવેતરમાં કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે, તેની તાલુકાવાર વિગત શી છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ ક્ષેત્રીય વનીકરણના વાવેતરમાં માંડવી તાલુકામાં ૮૫ હજાર, માંગરોળ તાલુકામાં ૩૮ હજાર, ઉમરપાડા તાલુકામાં ૬૬ હજાર, મહુવામાં ૩ હજાર, ચોર્યાસીમાં ૧૮ હજાર માનવદિન ઉત્તપન્ન થયેલ છે. જયારે ૨૦૧૭–૧૮ માં માંડવીમાં ૩૫, માંગરોળમાં ૨૩ હજાર, ઉમરપાડામાં ૫૦ હજાર, મહુવામાં ૫ હજાર, આમ બન્ને વર્ષનું ટોટલ જોઇએ તો ૩.૩૪ લાખ માનવદિન ઉત્પન્ન થયેલ છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવું છે કે, કે જેમ જંગલમાં વાઘ કેટલા તેની ગણતરી તેના પગલાં ઉપરથી થાય છે તો આ જંગલમાં રોપેલા રોપાઓમાં રોપાઓ જીવંત કેટલા અને મરેલા રોપા કેટલા છે એની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : જીવંત રોપા ગણવાની વ્યવસ્થા રાજય સરકાર અને વન વિભાગ પાસે છે. આર.એફ.ઓ. સો ટકા રોપાની ગણતરી કરતા હોય છે. જિલ્લા કક્ષાના અધિકારી હોય છે એ ૩૦ ટકા રોપાની ગણતરી કરતાં હોય છે. જયારે ડી.એફ.ઓ.લેવલના અધિકારી પાંચ ટકા રોપાની ગણતરી કરતાં હોય છે. એ સિવાય પણ થર્ડ પાર્ટી દ્વારા પણ ગણતરી કરાવીએ છીએ.

સાબરકાંઠા જીલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા

* ૨૯૩૧ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર(પ્રાંતિજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) ૮૯ ચેકડેમ અને ૧૩ વનતલાવડી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ૩.૨૩૧.૨૫ લાખ. |

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ચેકડેમો તથા વન તલાવડીઓ બનાવવામાં આવી છે. એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એમાં કેટલા પાકા અને કેટલા કાચા ચેકડેમો બનાવવામાં આવ્યા?

શ્રી રમણલાલ ના. પાટકર : આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં કુલ ૮૯ ચેકડેમો અને ૧૩ વન તલાવડીઓ ફોરેસ્ટ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે. એમાંથી અત્યાર સુધીમાં કોઇપણ ચેકડેમ તૂટેલ નથી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : જંગલોને મોટામાં મોટુ નુકસાન જો કોઇ કરતું હોય તો એ વન ખાતા દ્વારા કરવામાં આવે છે. જયારે ચેકડેમો બનાવવામાં આવે છે ત્યારે એમાં પથ્થરોનું સ્ટેન્ડ બનાવવામાં આવે છે એ પથ્થરો પણ જંગલ ખોદીને એમાંથી કાઢીને બનાવવામાં આવે છે. એ જ રીતે રેતી પણ અંદરથી જ મળી જાય છે તેથી બહાર લેવા જતાં નથી. આ ચેકડેમો ખાતા દ્વારા બનાવવામાં આવે છે કે ટેન્ડરની પ્રક્રિયા કરીને બનાવવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન છે કે ચેકડેમો બનાવવામાં આવ્યા છે એ આર.સી.સી. ના બનાવવામાં આવ્યા છે કે પથ્થરોથી બનાવવામાં આવ્યા છે? આ ચેકડેમો બનાવવા પાછળ રેતી, કપચી અને પથ્થરો વાપરવામાં આવે છે એમાં જંગલ ખાતું કયારેય રોયલ્ટી ભરતું નથી. તો આવા ચેકડેમો તથા વન તલાવડીઓ બનાવવામાં આવે છે એમાં વપરાતા માલની રોયલ્ટી ભરવામાં આવે છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : ચેકડેમો હંમેશા ડુંગરાળ પ્રદેશમાં તથા જયાં ઢાળવાળી જમીન હોય ત્યાં પાણી રોકવા માટે બનાવવામાં આવે છે. ભૂગર્ભજળની ક્ષમતા વધારવા માટે કરવામાં આવે છે. કેટલીક વખત જમીનનું ધોવાણ અટકાવવા માટે પણ એનો સારો ઉપયોગ થઇ શકે છે. ઢાળવાળી જમીન હોય ત્યાં ખાસ બનાવવામાં આવે છે. આ ચેકડેમો કેવી રીતે બનાવવામાં આવે છે એમાં વન ખાતાના નિયમો પ્રમાણે પાંચ લાખથી ઓછો ખર્ચ હોય તો વન ખાતા દ્વારા બનાવવામાં આવે છે. પાંચ લાખથી વધુ રકમનું કામ હોય ત્યાં કાર્યપાલક ઇજનેરના હવાલે ૫૦ લાખ સુધી ઇ-ટેન્ડરીંગથી બનાવવામાં આવે છે. કાચા બંધપાળા પણ બનાવવામાં આવે છે. પાકા સિમેન્ટ કોંક્રેટના બનાવવામાં આવે છે. જયાં નીચે પથ્થરવાળી જમીન હોય આગળ ખોદકામ થઇ શકે તેમ ન હોય તો ડ્રીલથી હોલ પાડીને સળીયા નાખીને સિમેન્ટ ક્રોંક્રેટથી કરવામાં આવે છે. આ ચેકડેમો તથા વન તલાવડીઓ પાણી સંગ્રહવા માટે તથા ભેજ શકિત વધારવા માટે બનાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, રેતી, કપચી વાપરવામાં આવે છે એની રોયલ્ટી ભરવામાં આવે છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : ટેન્ડર બહાર પાડવામાં આવે છે એમાં જ આનું કલોઝ હોય છે. જે રેતી, માટી પથ્થર વાપરવામાં આવે છે એ નિયમ અનુસાર જે તે એજન્સીના પૈસા કપાઇ જતાં હોય છે.

શ્રી હિતુ કનોડીયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૧૬-૧૭ અને સન ૨૦૧૭-૧૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વન તલાવડીઓ અને ચેકડેમો બનાવવામાં આવ્યા છે એમાં કેટલા માનવદિન ઉત્તપન્ન થયા છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, જયાં વન તલાવડી બનાવતા હોઇએ છીએ તેનો ઉદ્દેશ સ્વાભાવિક રીતે પાણીનો સંગ્રહ, ભેજ શકિત વધે એ હોય છે પણ સાથે સાથે માનવદિન ઉત્પાદન અને રોજગારી મળે એ ઉદ્દેશ પણ સમાયેલો હોય છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકામાં રાજગઢમાં ૨૦૧૬-૧૭માં ૨૦,૫૫૧ માનવદિન ઉત્પન્ન થયેલ છે. ઇડર તાલુકામાં વડાલીમાં ૨,૨૭૮ માનવદિન ઉત્પન્ન થયેલા છે. વિજયનગરમાં ગોલવાણીમાં ૨,૩૫૧ માનવદિન ઉત્પન્ન થયેલા છે. ખેડબ્રહ્માામાં ૬,૫૭૨ માનવદિન ઉત્પન્ન થયેલા છે અને પોશીનામાં ૮,૬૮૭. આમ ૨૦૧૬-૧૭માં કુલ ૪૩,૯૫૭ માનવદિન ઉત્પન્ન થયેલા છે. એ રીતે ૨૦૧૭-૧૮માં હિંમતનગર અને ઇડરમાં નથી, પણ વિજયનગરમાં ૧,૮૭૩ અને ખેડબ્રહ્મામાં ૧,૪૬૩ માનવદિન ઉત્પન્ન થયેલા છે. પોશીનામાં ૨,૬૭૫ એમ ૬૦૭૧. ટોટલ ૪૯,૯૭૮ માનવદિન ઉત્પન્ન થયેલા છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ચેકડેમ બનાવવા અને વનતલાવડી બનાવીને પાણી સંગ્રહવું આ જરૂરિયાત છે અને કરવું જોઇએ, પરંતુ છેલ્લા ઘણાં સમયથી અમે જોઇ રહ્યા છીએ. પહેલાં બોરીબંધ બંધાવ્યા અને મોટા ડેમો બનાવ્યા. આ સરકારે બોરીબંધ બનાવ્યા છે. જે અંદર ડેમમાં જતા રહ્યા. આમાં પણ આવું થયું છે. જે કંઇ ડેમો બનાવ્યા, તમે તલાવડી બનાવી એ મોટા ભાગની તૂટી ગયેલી હાલતમાં છે. આજે હું તમને ખાપરડા

વિસ્તારમાં બતાવું કે બધી તૂટી ગયેલી છે. માટીની બનાવે છે પછી એ જ વર્ષે ધોવાઇ જાય છે. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે તમે ટેન્ડરથી જે અમુક વન તલાવડીઓ બનાવી એ કેટલી બનાવી અને ગ્રામ પંચાયત દ્વારા કેટલી બનાવી? ૫ લાખથી નીચેની એ ગ્રામપંચાયત દ્વારા બનાવી હશે અથવા તો તમે તમારા ડિપાર્ટમેન્ટ થ્રુ બનાવી હશે. તો ડિપાર્ટમેન્ટ દ્વારા કેટલી બનાવી અને ટેન્ડર દ્વારા કેટલી બનાવી? આના માટે ભ્રષ્ટાચારની કોઇ ફરિયાદો મળી છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : આ કામગીરીમાં કોઇ પણ જાતની ફરિયાદ અત્યાર સુધી મળી નથી. એવું રેકર્ડ પર નથી. અગાઉ પણ મેં મારા જવાબમાં કહ્યું છે કે ૫ લાખ રૂપિયા સુધી કામ કરવાનું હોય એ ખાતા દ્વારા કરવામાં આવે છે અને ૫ લાખથી ઉપરના કામો ઇ–ટેન્ડરીંગથી કરવામાં આવે છે. તાલુકા પ્રમાણે ૨૦૧૬–૧૭માં ૭૮ બનાવવામાં આવેલ છે અને ૨૦૧૭–૧૮માં ૧૧ ચેકડેમ બનાવવામાં આવેલા છે. કુલ ૮૯ ચેકડેમ બનાવવામાં આવેલા છે.

ચેરીટીતંત્રની વડી કચેરી વસ્ત્રાપુર ખાતે ખસેડવા બાબત

* ૨૯૧૫ શ્રી કિશોર ચૌહાણ(વેજલપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ચેરીટીતંત્રની વડી કચેરી વસ્ત્રાપુર ખાતે ખસેડવા બાબતે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો વસ્ત્રાપુર ખાતે આ કચેરી ક્યારે શરૂ કરવામાં આવેલ છે ? | (૨) તા.૨૧/૦૯/૨૦૧૭ ના રોજ શરૂ કરવામાં આવેલ છે. અને હાલ કાર્યરત છે. |

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ચેરીટી કમિશ્નરની જૂની ઓફિસ ખસેડીને મારા મતવિસ્તારમાં નવી બનાવવામાં આવી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પછી તમારો જ વાંધો આવે છે. એક પ્રશ્નમાં એમણે ચાર પ્રશ્ન પૂછ્યા. એની અગાઉ પણ ચાર પ્રશ્નો પૂછાયા. મને તેનો વાંધો નથી પણ પછી ચાર પ્રશ્ન, પાંચ પ્રશ્ન સુધી પહોંચીશું તો પછી તમે એમ ન કહેતા કે સમય વધારે જાય છે. મને બિલકુલ વાંધો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : આ સેઇમ પ્રશ્ન ગયા અઠવાડિયે પૂછાઇ ગયો છે અને મંત્રીશ્રીએ ખૂબ ડિટેઇલમાં તેનો જવાબ પણ હાઉસમાં આપેલો છે. આ તો કદાચ તેમને સંતોષ થાય તો.

અધ્યક્ષશ્રી : એ તો સભ્યશ્રી ઉપર આધાર રાખે છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ચેરીટી કમિશ્નરની ઓફિસ ખસેડવામાં આવી છે એ કચેરીમાં શું શું વ્યવસ્થા કરવામાં આવી છે અને તેના શું શું ફાયદા થવાના છે? મારો બીજો પ્રશ્ન છે કે કોંગ્રેસને કયા કયા રાજયોમાંથી ખસેડવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે ત્રણ રાજયોમાં અમે નહોતા. હવે ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ એ ત્રણે રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઇ રહી છે એટલે આખા દેશમાં નરેન્દ્રભાઇ મોદીને કોંગ્રેસમુકત ભારત એ અભિયાનની અંદર સફળતા મળી છે. ગુજરાતના પનોતા પુત્રએ દેશમાં કોંગ્રેસનો સફાયો કરી નાખ્યો છે. એ આપણાં સૌના માટે ગૌરવની વાત છે.

અધ્યક્ષશ્રી : હવે કોઇ બીજા જવાબની અપેક્ષા રહેતી લાગતી નથી. રહે છે ચૌહાણજી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી દ્વારા જે કહેવામાં આવ્યું છે એમાં આ ટ્રસ્ટોમાં ૧૧,૦૦૫ ચોરસફૂટ વાળી જગ્યામાં જુદા જુદા પક્ષકારો અને વકીલો બેસી શકે એ પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવી છે. એની અંદર કમ્પ્યુટરરાઇઝેશન, ડિઝિટલાઇઝેશન અને એની અંદર સીટીંગની પણ સારા પ્રકારની એરેન્જમેન્ટ કરવામાં આવી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રીએ ચેરીટી કમિશ્નરશ્રીની નવી કચેરીની તબદીલ કરી એની વાહવાહી કરી. સૌરાષ્ટ્ર અને કચ્છનું વડુ મથક રાજકોટમાં જ્યારે ટ્રસ્ટોના વિવાદના કેસો લાંબા સમયથી ન ઉકેલાવાના કારણે એનો નિકાલ થતો નથી. તો માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે જે રીતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ભાજપનો નિકાલ કરી દીધો તે રીતે આ કેસોનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એના પછી વિધાનસભા આવી, એના પછી ૨૫ નગરપાલીકાઓમાં તમે સાફ થઇ ગયા. અહીં બેઠેલા ધારાસભ્યો તમારી નગરપાલીકાઓ જાળવી શક્યા નથી અને શું જોઇને અમને સલાહ આપો છો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ સૌરાષ્ટ્રની જે ચિંતા કરી છે એમાં જણાવું તો ચેરીટી તંત્રની અંદર ૩,૪૫,૦૦૦ જેટલા ટ્રસ્ટો આ સોસાયટી એક્ટ નીચે સમગ્ર રાજયમાં નોંધાયેલા છે. ૧૯૦૦૦ જેટલા કેસો પેન્ડીંગ છે. એમના કોઇપણ પ્રશ્નનું ઝડપથી નિરાકરણ આવે એના માટે અમે પ્રયત્નશીલ છીએ. આ પેન્ડીંગ કેસોની સંખ્યામાં સારો એવો ઘટાડો થયો છે. આ ટ્રસ્ટોની કોઇ મિલકત વેડફાઇ ન જાય એના માટે ઘણા કેસોમાં સુઓમોટો કાર્યવાહી કરવામાં આવેલ છે. જે કચેરીઓમાં જાહેર ટ્રસ્ટોની નોંધણીના કામનું ભારણ વધારે હોય, એની મંજૂરીને લગતી નોંધણીની કામગીરી તથા બિન તકરારી

ફેરફારને લગતા રિપોર્ટની કામગીરી ચેરીટી તંત્રના અન્ય મદદનીશ ચેરીટી કમિશ્નરને સોંપવામાં આવે છે. આ ઉપરાંત જુદા જુદા ડાયરેક્શનો આપીને પણ એનો નિકાલ કરવામાં આવે છે. હમણાં તુમાર નિકાલ ઝૂંબેશ હેઠળ ૪૩૬ કેસ મૂકવામાં આવ્યા હતા. એમાંથી ૨૪૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ટ્રસ્ટોની પોતાની મિલકત બિન ઉપયોગી હોય અને વેચવી હોય તો ચેરીટી કમિશ્નરની મંજૂરી ફરજિયાત છે. તેના માટે પબ્લિક નોટિસ આપી જંત્રી પ્રમાણે તેમજ વેલ્યૂઅરના રિપોર્ટ પ્રમાણે અપસેટ પ્રાઇઝ નક્કી કરીને પબ્લિકમાંથી ઓફર મંગાવવામાં આવે છે. માનનીય ધારાસભ્યશ્રીની ચિંતા છે એ અમારી પણ છે. દરેક જિલ્લાની અંદર નવી બિલ્ડીંગો બનાવવી, કમ્પ્યુટરાઇઝેશન, એનું ડીઝીટલાઇઝેશન અને આગામી વર્ષની અંદર નવી ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરવાના કારણે જે પડતર કેસો છે એનો નિકાલ લાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નવીન કચેરીઓમાં કઇ કક્ષાના અધિકારીઓ કાર્યરત છે અને આ કચેરીઓ પાછળ કેટલો ખર્ચ થયેલો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા ટ્રસ્ટો સોસાયટી એક્ટ હેઠળ હોય એટલે સ્વાભાવિક છે કે એનું સાહિત્ય બહુ મોટા પ્રમાણમાં છે અને એનું રેકર્ડ ખસેડવા માટે, પાવરની કનેક્ટીવીટી લાઇન માટે, ફર્નિચર માટે એમ કરીને રૂ.૧.૫૯ કરોડ કરતાં વધારે ખર્ચ થયેલ છે. આ કચેરીની અંદર ચેરીટી કમિશ્નરની વર્ગ-૧, સંયુક્ત ચેરીટી કમિશ્નર વર્ગ-૧, નાયબ ચેરીટી કમિશ્નર વર્ગ-૧, હિસાબનીશ, સીઆરએ સેલ વર્ગ-૧, મદદનીશ ચેરીટી કમિશ્નર વર્ગ-૨, લો ઓફિસર અને બીજા ગ્રેડના અધિકારીઓ આ ઓફિસની અંદર બેસતા હોય છે.

### દેવભુમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં આવેલ કોલેજો

* ૩૨૬૫ શ્રી ચિરાગભાઇ કાલરિયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દેવભુમી દ્વારકા અને પોરબંદર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૪ | ૦૪ | ૦૧ | ૦૯ |
| પોરબંદર | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૭ |
| કુલ | ૦૫ | ૦૬ | ૦૫ | ૧૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૫ |
| પોરબંદર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૬ |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ગ્રાન્ટેડ પાંચ કોલેજો અને પોરબંદરની એક સરકારી કોલેજને ક્યા વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે? છેલ્લા બે વર્ષમાં પોરબંદરમાં એક પણ સરકારી કોલેજને મંજૂરી આપવામાં આવેલ નથી. આ તમામ કોલેજોમાં યુજીસીના નોર્મ્સ પ્રમાણે લાયકાત ધરાવતો સ્ટાફ છે કે નહીં? અને મહેકમ ક્યારે પૂરું કરવામાં આવશે?

ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મહેકમ જ્યાં જ્યાં ખૂટતું હશે ત્યાં રાજ્ય સરકાર ૧૧ મહિનાના કરાર આધારીત ક્વોલીફાઇડ અધ્યાપકો રાખે છે અને વીઝીટીંગ પ્રોફેસર દ્વારા પણ તાસના ૨૫૦ રૂપિયા લેખે વધુમાં વધુ ૧૫હજાર મળે એવી રીતે વિદ્યાર્થીઓનો અભ્યાસ ના બગડે એના માટે રાજય સરકારે ગુજરાતની તમામે તમામ સરકારી કોલેજ હોય એમાં અમે એનું સંપૂર્ણ ઘ્યાન રાખીએ છીએ અને અગાઉ સરકારી ચાર હતી, બે વર્ષમાં બે આપી છે. ખાનગી ચાર હતી એ ત્રણ થઇ છે અને પોરબંદરમાં એક સરકારી હતી, છેલ્લા બે વર્ષમાં એક પણ નથી આપી.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરમાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજો કયાં કયાં અને કઇ કઇ છે અને અધ્યાપકોના કાર્યભારના ધોરણો કયા કયા છે અને કોણ નકકી કરે છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરમાં સરકારી વિનિયન કોલેજ કલ્યાણપુર, સરકારી આર્ટસ કોલેજ ભાણવડ, સરકારી વિનિયન અને વાણિજય કોલેજ જામખંભાળીયા, સરકારી વિનિયન અને વાણિજય કોલેજ ઓખામંડળ, બિન સરકારી અનુદાનિત કોલેજ, શારદાપીઠ આર્ટસ કોમર્સ કોલેજ ઓફ એજયુકેશન દ્વારકા અને ખાનગી કોલેજો એમ. જે. ગોરીયા, જામખંભાળીયા, ડો. રમણભાઇ નાથાભાઇ વાળોતરીયા, જામખંભાળીયા, માતુશ્રી રાંભીબેન દેવરાજભાઇ કોઠીયા, દેવભૂમી દ્વારકા અને સ્વ. કંકુબેન રતનસિંહ ગોકાણી તથા સ્વ.શ્રી રતનસિંહ સુંદરસિંહ ગોકાણી મહિલા કોમર્સ કોલેજ એ ખાનગી કોલેજ તરીકે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાં એમણે સમગ્ર રાજયનો પણ ઉલ્લેખ કર્યો ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી કોલેજોની અંદર મંજૂર થયેલું મહેકમ કેટલું અને એની સામે આજની તારીખે ભરાયેલી જગ્યાઓ પ્રાધ્યાપકોની કેટલી છે અને કેટલી જગ્યા તેની સામે ખાલી છે અને માનનીય ગૃહમંત્રીશ્રીએ કીધું કે કોંગ્રેસ મુકત ભારતની તમે લાખ ચાહે પ્રયત્ન કરો, આ જન્મમાં તમે કોંગ્રેસ મુકત ભારત બનાવી શકવાના નથી, નથી અને નથી. સમગ્ર વિશ્વ જાણે છે હીટલરે મેળવેલી સત્તા અને પછી હીટલરનો અંત કેવો આવ્યો છે એ મારે કહેવાની જરૂરિયાત નથી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હીટલરે કદાચ તાનાશાહીથી કર્યુ હશે. નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રવાદી વિચારસરણીથી એકવીસ રાજયોમાં કર્યુ છે અને હીટલરની જયારે વાત કરો છો ને તો કટોકટી પણ યાદ કરો. રાજયમાં મેં હમણાં જ કહ્યું તેમ કે સમયાંતરે યુ.જી.સી.ના માર્ગદર્શન હેઠળ એના નિયમો પ્રમાણે વારંવાર જાહેરાતો આપવામાં આવે છે. જી.પી.એસ.સી.માં નામો મોકલવામાં આવે છે. જી.પી.એસ.સી. જાહેરાત બહાર પાડે છે, એના ઇન્ટરવ્યુ બહાર પાડે છે, એ બધી જ પ્રક્રિયા કરે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એની સામે કેટલી જગ્યાઓ આજની તારીખે ભરાયેલી છે અને કેટલી ખાલી છે એટલું જ જાણવું છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૮૦ થી ૮૫ ટકા ભરેલી છે.

### શાળાના કર્મચારી/કોલેજના પ્રધ્યાપકોને સાતમા પગારપંચની રકમ

* ૨૬૭ શ્રી સંજયભાઈ સોલંકી(જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓ તથા બિનસરકારી કોલેજના પ્રધ્યાપકોને સાતમા પગારપંચની તફાવતની રકમ ચૂકવવાની બાકી છે તે હકીકત સાચી છે, અને | (૧)<br>❖ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને સાતમાં પગાર પંચની તફાવતની રકમ ચુકવવા બાબતે સરકારે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી, જ્યારે<br>❖ બિનસરકારી કૉલેજના પ્રધ્યાપકોને સાતમાં પગારપંચનો લાભ આપવા અંગેની બાબતે નિર્ણય લેવામાં આવેલ નથી. તફાવત ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ઉક્ત કર્મચારીઓ–પ્રધ્યાપકોને સાતમા પગારપંચની તફાવતની રકમ મળે તે માટે શિક્ષણ વિભાગે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ? | (૨)<br>❖ આ અંગેની બાબત નીતિવિષયક છે. |

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના બોર્ડ, નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ મળેલ છે જયારે બિન સરકારી કોલેજના પ્રાધ્યાપકોને સાતમા પગાર પંચનો લાભ ન આપવાના કારણો શું છે? રાજયના તમામ કર્મચારીઓને પગાર પંચનો લાભ આપવામાં આવે છે એ રીતે બિનસરકારી કોલેજના પ્રધ્યાપકોને આ લાભ કયાં સુધીમાં આપવા માગો છો?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પહેલી તારીખે માનનીય નાણામંત્રીશ્રીએ રાજયના સરકારી કર્મચારીઓ માટે તફાવતની રકમની જાહેરાત કરી. માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે હવે ગ્રાન્ટેડ કોલેજો અને શાળાઓના કર્મચારીઓને કયારે આપવામાં આવશે? જેવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ તફાવતની રકમ જાહેર કરી છે એ રીતે નાણા ખાતા અને મારું ખાતું બન્ને સાથે મળીને આ જાહેરાત પણ નિયમ પ્રમાણે સમયના પ્રમાણે અને તબક્કાવાર જાહેર કરવામાં આવશે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલા તો સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, પગારપંચનો અમલ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલ છે. મારો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને છે કે રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના કર્ચમારીઓને ૭મા પગારપંચનો લાભ ક્યારથી આપવામાં આવ્યો છે અને રાજ્ય સરકારના પંચાયતના કર્મચારીઓને તફાવત ચૂકવવા અંગે નિર્ણય ક્યારે લેવામાં આવ્યો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને ૭ મા પગારપંચનો લાભ તા. ૧–૮–૨૦૧૭થી આપ્યો છે અને હમણાં જ મેં કહ્યું તેમ માનનીય નાણામંત્રીશ્રીએ તા. ૧–૩–૨૦૧૮ના રોજ ૪૪ ના નિવેદન પ્રમાણે સરકારી કર્મચારીઓ માટેની જાહેરાત કરી છે. આમા બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓ માટે નાણા વિભાગની સાથે પરામર્શમાં રહીને તફાવતની રકમ ચૂકવવા માટેના પગલાં લેવામાં આવશે.

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને માહિતી લેવા માગું છું કે, સંસ્કૃતની પાઠશાળાઓ સંખ્યાની દ્રષ્ટિએ ઓછી છે. એમની ઘણા વખતથી રજૂઆતો છે અને અન્યાય થયાનું મહેસૂસ કરે છે કે ૭મા પગારપંચનો લાભ એમને મળ્યો નથી તો વહેલી તકે એમને આ લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૂચન છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ કહેતા હતા કે લોકો કદર કરે કે ન કરે તેનો લાંબો વિચાર ન કરતાં યથાશક્તિ જાહેર કામો કરવા જોઇએ અને એ રીતે આ સરકાર કામ કરી રહી છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકોને પગારપંચનો લાભ આપવા અંગે કેન્દ્ર સરકારની કોઇ સંસ્થા ભલામણ કરે છે? આ ભલામણ ક્યારે કરવામાં આવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કોલેજોના અધ્યાપકો માટે પગારપંચ સંબંધે ભલામણ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, દિલ્હીથી થાય છે. તાજેતરમાં જ તા. ૩૧–૧–૨૦૧૮ના રોજ ૭મા પગારપંચનો અમલ કરવાની જાહેરાત યુ.જી.સી. દ્વારા કરવામાં આવી છે. આ ભલામણ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને તા. ૭–૨–૨૦૧૮ના રોજ મળી છે. તેના ઉપર નાણા વિભાગમાં પરામર્શ કરીને અને નિયમોનુસાર યોગ્ય સમયે યોગ્ય જાહેરાત કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ રાજ્યમાં સરકારી અને બિન સરકારી માધ્યમિક શાળાઓ અને કોલેજો હોઇ, આ રાજ્યમાં જે રીતે શિક્ષણનું વેપારીકરણ થયું છે એના ભાગરૂપે સૌથી વધારે સરકાર કરતાં બિન સરકારી માધ્યમિક શાળાઓ અને કોલેજો આવેલી છે ત્યારે જે રીતે સરકારે જાહેરાત કરી નિવેદન–૪૪ મુજબ તો સૌથી વધુમાં વધુ ગુજરાતમાં બિન સરકારી સ્કૂલો અને કોલેજો આવેલ છે એમાં આ જે કર્મચારીઓ છે અને ઘણા સમયથી માગણી કરી રહ્યા છે તો આ માટે શિક્ષણના હેતુસર અને આ લોકોના પોતાના પર્સનલ હેતુસર જે રીતેનું આખું તંત્ર છે, એનો ઉકેલ સરકાર કોઇ યોગ્ય સમયમર્યાદા આપીને કરવા માગે છે કે કેમ? સૌથી વધારે સંખ્યા બિન સરકારી સ્કૂલો અને કોલેજોની છે એટલા માટે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમણે વેપારીકરણની વાત કરી. ગુજરાતમાં વેપારીકરણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ હિંમતભર્યા પગલાં લઇને અટકાવ્યું છે અને આગલા બારણેથી કે પાછલા બારણેથી તમે જ્યાં જ્યાં ગુજરાતના વાલીઓનું હિત થાય, અત્યારે વાલીઓને મન બોર્ડની પરીક્ષા છે. પોતાના બાળકોને ધોરણ–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા છે એની ચિંતા છે. કેટલાક લોકો વ્યક્તિગત રીતે મિડિયામાં ચમકવા માટે અલગ અલગ રીતે અલગ અલગ હેતુસર નવા નવા કાર્યક્રમો આપે છે. હું કોંગ્રેસ પક્ષને વિનંતી કરું છું કે આનાથી તમે ચેતજો અને મેં જે જવાબ આપ્યો એમાં કોઇ સમય ના આપી શકાય. માનનીય શૈલેષભાઇ મેં કહ્યું કે, નાણા વિભાગ અને મારો શિક્ષણ વિભાગ માનનીય મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીને (અંતરાય) ના, ના, એક મિનિટ ખાનગીવાળાને તો આ લાગુ જ ના પડે. જે ગ્રાન્ટેડ છે એને લાગુ પડે છે અને એ તમને કહું સરકારી ગ્રાન્ટેડ સ્કુલોની સંખ્યા (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ગ્રાન્ટેડ સ્કુલોની સંખ્યા કહોને?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અને એ છે. છેલ્લા ૧૯૯૬–૯૭ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે સૌથી વધુ આપેલી છે અને હું ફરી ફરીને જવાબમાં કહું છે કે નાણાખાતા સાથેના પરામર્શ પછી માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કર્યા પછી એટલે હું કોઇ અવધી કે સમય ના આપી શકું. અમે યોગ્ય સમયે નિર્ણય લઇશું.

### ગાંધીનગર જિલ્લાની શાળાઓને શિક્ષક ગ્રાન્ટ

* ૨૯૦૨ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૨૦૧૮ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કેટલી શાળાઓને શિક્ષક ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) ૬૩૪ |
| (૨) કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ? | (૨) રૂ. ૨૨,૮૫,૦૦૦/– |

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે શિક્ષક ગ્રાન્ટમાં પ્રત્યેક શિક્ષક દીઠ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે? અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર શાળાઓની સંખ્યા અને ફાળવેલ ગ્રાન્ટની રકમ જાણવા માગુ છું.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને આપના માધ્યમથી જવાબ આપવા માગુ છું કે, શિક્ષક ગ્રાન્ટ શિક્ષક દીઠ ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે અને એમણે તાલુકાવાઇઝ માહિતી માગી છે તો દહેગામ તાલુકામાં શાળાની સંખ્યા ૨૨૩, શિક્ષકોની સંખ્યા ૧૩૨૬ છે અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ૬,૩૬,૦૦૦/– છે. ગાંધીનગરની અંદર શાળાઓની સંખ્યા ૧૯૦ છે, શિક્ષકોની સંખ્યા ૧૫૨૭ અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ૭,૬૩,૫૦૦/– અને એવી જ રીતે કલોલની અંદર શાળાની સંખ્યા ૧૨૦ છે, શિક્ષકોની સંખ્યા ૯૯૯ અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ૪,૯૯,૫૦૦/– છે.

## તારાંકિત પ્રશ્નો

માણસાની અંદર શાળાઓની સંખ્યા ૧૦૧ છે, શિક્ષકોની સંખ્યા ૭૧૮ અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ૩,૫૯,૦૦૦/– એટલે કે કુલ શાળાઓની સંખ્યા ૬૩૪, શિક્ષકોની સંખ્યા ૪૫૭૦ અને કુલ ફાળવેલ ગ્રાન્ટ ૨૨ લાખ ૮૫ હજાર.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેટલીક પ્રાથમિક શાળાઓને તોડવાની કારણ કે ૧૦૦ વર્ષથી જૂની હોય એવી શાળાઓને તોડવાની મંજૂરી આપી છે એમાં વિસ્તારમાં એક ગામમાં જે બક્ષીપંચનું ગામ છે ત્યાં તોડવાની મંજૂરી આપી એટલે તોડી દીધી. તોડી દીધા પછી બાળકો અત્યારે ઝાડ નીચે બેસે છે અને ગ્રાન્ટના અભાવે શાળા બની શકતી નથી. કોલવડામાં ચામુંડાનગરમાં છે. ગ્રાન્ટના અભાવે શાળા નથી બની શકતી એટલે સરકારનું ખરાબ દેખાય છે અને અત્યારે વિરોધ પક્ષ તરીકે મારુંય ખરાબ દેખાય છે કે તમે શું રજૂઆત કરો છો કે થતી નથી? તો બંનેનું સારું લાગે એટલે એ શાળા વહેલી તકે શરૂ થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જે છે એ શિક્ષક ગ્રાન્ટ પુરતો છે. આ શાળાના ઓરડાની બાબતનો પ્રશ્ન નથી. શિક્ષક ગ્રાન્ટ પુરતો છે અને છતાં પણ સભ્યશ્રીની જે વાત છે એ બાબતે અમે ચોક્કસ અમારી પાસે એ બાબત લઇને આવે. આ નવા વર્ષના આયોજનમાં કોઇ બાકી રહી જતું હશે તો પૂર્તતા કરવામાં આવશે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે ગ્રાન્ટના ઉકેલ અંગેનું મોનિટરીંગ કરવામાં આવે છે એટલે શિક્ષક ગ્રાન્ટના હિસાબો કોને રજૂ કરવામાં આવે છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આનું મોનિટરીંગ કરવામાં આવે છે અને એ મોનિટરીંગ કરે છે એ જે તે શાળાની અંદર જે એના બી.આર.સી. અને સી.આર.સી. હોય છે એ એનું મોનિટરીંગ કરતા હોય છે, એના હિસાબ રાખતા હોય છે, વાઉચર તપાસતા હોય છે અને આ શિક્ષક ગ્રાન્ટની તમામ તપાસ અને મોનિટરીંગ બી.આર.સી. અને સી.આર.સી. દ્વારા કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, શિક્ષક ગ્રાન્ટ એટલે શું? અને એ કઇ રીતે વપરાતી હોય છે? બીજો પ્રશ્ન સર્વ શિક્ષા અભિયાનનો છે ત્યારે તમારું ખાલી ધ્યાન દોરું છું, કરવું, ના કરવું એ તમારી મરજીની વાત છે. કલોલ તાલુકામાં ભીમાસણ ગામ અને વાયણા ગામ એ સો એ સો ટકા બક્ષીપંચના ગામડાં છે ત્યાં આગળ જૂની શાળાઓ હતી એ તોડી પાડવામાં આવી છે જેમ સી.જે. ચાવડાએ વાત કરી તે રીતે. આજે વિદ્યાર્થીઓ બહાર બેસીને ભણે છે તો ત્વરિત સર્વ શિક્ષા અભિયાન નીચે જે ઓરડા છે એ મંજૂર કરીને બનાવી આપો તો સારું એ જવાબ આપો તો સારું, ના આપો તો તમારી મરજીની વાત છે પણ આ શિક્ષક ગ્રાન્ટ કઇ રીતે વપરાય છે?

અધ્યક્ષશ્રી : આટલા પ્રેમથી વાત કરતા મેં પહેલી વાર જોયા.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ કદાચ કેસરીયો લહેરાયો એની અસર હોય. પ્રશ્ન જે પૂછવામાં આવ્યો એના જવાબમાં મારે જણાવવું છે કે આ જે શિક્ષક ગ્રાન્ટ આપવામાં આવે છે એ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું એટલે કે નો કોસ્ટ, લો કોસ્ટ એટલે કે શાળાની અંદર સરળતાથી બાળકોને ભણાવી શકાય, એને સમજી શકાય એ રીતે જ્ઞાનવર્ધન બને અને એમને વધારે ને વધારે શીખવા અને શીખવવાની પ્રક્રિયા સરળ બનાવી શકાય. સમજ શક્તિ અને માનસિક શક્તિનો વિકાસ થાય, ભણવાનું અસરકારક બને એના માટેની આ ગ્રાન્ટ શિક્ષકોને આપવામાં આવે છે. એટલે કે હું સભ્યશ્રીને જણાવું તો હાથખર્ચી આપવામાં આવે છે એવું કહેવાય. એટલે કે કદાચ નાની મોટી હોડીનું બાળકોને કંઇક સમજાવવું હોય તો રંગીન કાગળની ખરીદી કરવામાં આવે, પૂંઠા ખરીદવામાં આવે, સેલોટેપ, ગમ એવી નાની મોટી વસ્તુ ખરીદી અને એમાંથી શિક્ષક કોઇ વસ્તુ બનાવી અને બાળકોને શીખવાડી શકે એના માટેનો જે ખર્ચ કરવામાં આવે છે એ શિક્ષક ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે અને શિક્ષક દીઠ આપવામાં આવે છે. સભ્યશ્રીએ જે એમના ઓરડાની બાબત ધ્યાન ઉપર મૂકી છે એ ચોકકસ જોઇશું અને તબકકાવાર જે કંઇ થઇ શકતું હશે એમાં સકારાત્મક અભિગમ અપનાવીશું.

કચ્છ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

* ૩૨૧૦ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા(અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧)

| કચ્છ | | મહેસાણા | |
|---|---|---|---|
| તાલુકા | ખૂટતા ઓરડાની સંખ્યા | તાલુકા | ખૂટતા ઓરડાની સંખ્યા |
| અબડાસા | ૨૩ | બેચરાજી | ૩૧ |
| અંજાર | ૩૮ | જોટાણા | ૧૦ |
| ભચાઉ | ૭૫ | કડી | ૮૯ |
| ભુજ | ૧૨૫ | ખેરાલુ | ૭૯ |
| ગાંધીધામ | ૫૨ | મહેસાણા | ૭૮ |
| લખપત | ૩૦ | સતલાસણા | ૭૮ |
| માંડવી | ૪૧ | ઉંઝા | ૨૫ |
| મુંદ્રા | ૫૦ | વડનગર | ૭૮ |
| નખત્રાણા | ૪૭ | વિજાપુર | ૩૮ |
| રાપર | ૮૭ | વિસનગર | ૭૬ |
| કુલ | ૫૬૮ | કુલ | ૫૮૨ |

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધી કચ્છ અને મહેસાણા જિલ્લામાં અત્યાર સુધી સરકારી પ્રાથમિક શાળાના ઓરડા જે ધરતીકંપમાં જર્જરીત થયા છે એ બાળકો અત્યાર સુધી કયાં રહ્યા છે? અને બાકીના ઓરડા જે બનાવવાના બાકી છે એ કયાં સુધી પૂર્ણ થશે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે ૧૯૯૫ ની સાલથી શાળાની અંદર જયારે અગાઉ ૭૫ ટકા પ્રવેશ પામતા હતા અને સરકાર દ્વારા નવા નવા અભિગમો અપનાવી અને સો ટકા નામાંકન કરવાની શરૂઆત કરી ત્યારથી આ વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે અને ૧૯૯૮ની અંદર ઓરડાઓની જે મોટી ઘટ હતી, લગભગ ૩૨૨૧૫ ઓરડાઓની રાજયભરમાં જે ઘટ હતી ઘટ પૂરી કરવા માટે થઇને અથાગ પ્રયત્નો કર્યા, નવા નવા આયોજનો કરવામાં આવ્યા. એ ઘટ પૂરી થવામાં માત્ર ૧૦ ટકા જ ઘટ બાકી હતી ત્યારે આર.ટી.ઇ. ૨૦૧૦ ની અંદર જે કાયદો લાવવામાં આવ્યો એમાં આઠમુ ધોરણ પ્રાથમિક શાળામાં લઇ આવવામાં આવ્યું અને આઠમુ ધોરણ પ્રાથમિક શાળામાં લાવવાને કારણે ઓરડાની બહુ મોટી ઘટ ઉભી થઇ છે એટલે કે લગભગ ૪૬૬૬૦ જેટલા ઓરડાઓની ઘટ ઉભી થઇ છે. હાલ તા. ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સમગ્ર રાજયની અંદર માત્ર ૧૬૪૪૩ ઓરડાની ઘટ છે. મેં કીધું એમ ૪૬૬૬૦માંથી અમે ૧૬૪૪૩ ઓરડા બનાવી દીધા છે. હવે આ ૮ વર્ષની અંદર ૧૬૦૦૦ જ બાકી છે. એટલે ૩૦૦૦૦ જેટલા ઓરડા બનાવી દીધા છે. અને બાકીના ૧૬૦૦૦ ઓરડાઓ પણ ટુંક સમયમાં બનાવવામાં આવશે. (અંતરાય) કચ્છની વાત કરું છું. કચ્છ અને મહેસાણાની વાત કરું છું. ૨૦૧૭–૧૮ ની અંદર મેં આપને કીધું એમ એક ઓરડાની ઘટ છે એમાં કચ્છની અંદર ૨૦૧૭–૧૮ ના વર્ષમાં જે આયોજન કર્યું છે, અત્યારે ખાતમૂહુર્ત તો થઇ ગયું છે. ત્યાં કામગીરી કદાચ ચાલુ હશે. બજેટમાં જે મંજૂર કર્યા છે એ કચ્છની અંદર ૨૫૧ ઓરડા, એવી જ રીતે ૨૦૧૮–૧૯ ના નવા બજેટની અંદર આપણે જે બજેટ મંજૂર કર્યું છે એની અંદર ૨૮૯ ઓરડા બનાવવાનું આયોજન છે એટલે કે ૨૦૧૯ નું વર્ષ પૂરું થશે ત્યારે ૫૪૦ ઓરડા બની ગયા હશે એટલે અત્યારે જે સભ્યશ્રી વાત કરે છે એમાં માત્ર ૨૮ ઓરડા જ બાકી રહેવાના છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

છોટાઉદેપુર જિલ્લામાં શાળાઓનું સંચાલન

* ૨૯૪૯ શ્રી અભેસિંહ તડવી(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

જવાબ

(૧)

| જામનગર | | પોરબંદર | |
|---|---|---|---|
| તાલુકા | ખુટતા ઓરડાની | તાલુકા | ખુટતા ઓરડાની |

| | સંખ્યા | | સંખ્યા |
|---|---|---|---|
| ધ્રોલ | ૧૫ | પોરબંદર | ૧૮ |
| જામજોધપુર | ૭૧ | રાણાવાવ | ૪૨ |
| જામનગર | ૩૦૫ | કુતિયાણા | ૮ |
| જોડિયા | ૧૯ | | |
| કાલાવાડ | ૯૫ | | |
| લાલપુર | ૪૫ | | |
| કુલ | ૫૫૦ | કુલ | ૬૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

વડોદરા અને નર્મદા જિલ્લામાં આવેલ કોલેજો

* ૩૩૦૬ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં આવેલ આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| વડોદરા | ૦૦ | ૦૧ | ૦૮ | ૦૯ |
| નર્મદા | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૫ |
| કુલ | ૦૩ | ૦૧ | ૧૦ | ૧૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| વડોદરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નર્મદા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| કુલ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

---------

૧૪ માં નાણાપંચ અંતર્ગત નર્મદા જિલ્લામાં ગ્રાન્ટ

* ૩૪૪૭ શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ અંતિત ૧૪માં નાણાપંચ અંતર્ગત નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ અંતિત ૧૪માં નાણાપંચ અંતર્ગત તાલુકાવાર ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રા.પં.ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા | વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
| ૧ | દેડીયાપાડા | ૪૬ | ૪૬ | ૬૬૬૭૧૫૨૭ | ૧૧૦૮૪૪૯૮૩ | ૫૩૦૧૩૭૭૭ |
| ૨ | સાગબારા | ૩૧ | ૩૧ | ૪૦૬૧૧૪૦૬ | ૬૪૫૭૧૯૦૪ | ૩૧૯૯૭૦૭૬ |
| ૩ | ગરૂડેશ્વર | ૩૮ | ૩૮ | ૩૪૬૬૫૯૭૧ | ૫૫૧૭૮૭૫૫ | ૨૭૩૦૦૯૪૩ |
| ૪ | નાંદોદ | ૬૫ | ૬૫ | ૩૮૫૭૩૧૩૪ | ૬૭૪૬૯૦૯૭ | ૩૧૦૯૬૦૪૦ |
| ૫ | તિલકવાડા | ૪૧ | ૪૧ | ૧૯૬૧૬૮૪૩ | ૩૩૬૫૫૦૮૨ | ૧૫૬૩૭૦૬૪ |

(૨) ઉક્ત સ્થિતિએ, ગ્રામ પંચાયતને કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ નર્મદા જિલ્લાના કુલ પાંચ તાલુકાની કુલ ૨૨૧ ગ્રામ પંચાયતોને વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતની સંખ્યા | વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દેડીયાપાડા | ૪૬ | ૬૬૬૭૧૫૨૭ | ૧૧૦૮૪૪૯૮૩ | ૫૩૦૧૩૭૭૭ |
| ૨ | સાગબારા | ૩૧ | ૪૦૬૧૧૪૦૬ | ૬૪૫૭૧૯૦૪ | ૩૧૯૯૭૦૭૬ |
| ૩ | ગરૂડેશ્વર | ૩૮ | ૩૪૬૬૫૯૭૧ | ૫૫૧૭૮૭૫૫ | ૨૭૩૦૦૯૪૩ |
| ૪ | નાંદોદ | ૬૫ | ૩૮૫૭૩૧૩૪ | ૬૭૪૬૯૦૯૭ | ૩૧૦૯૬૦૪૦ |
| ૫ | તિલકવાડા | ૪૧ | ૧૯૬૧૬૮૪૩ | ૩૩૬૫૫૦૮૨ | ૧૫૬૩૭૦૬૪ |
| | કુલ | ૨૨૧ | ૨૦૦૧૩૮૮૮૧ | ૩૩૧૭૧૯૮૨૧ | ૧૫૯૦૪૪૯૦૦ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૨૨૧ ગ્રામ પંચાયતોને વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતની સંખ્યા | વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
| ૧ | દેડીયાપાડા | ૪૬ | ૬૩૨૨૬૦૮૯ | ૮૫૩૬૭૦૦૦ | ૫૪૬૫૫૧૭ |
| ૨ | સાગબારા | ૩૧ | ૪૦૬૧૧૪૦૬ | ૫૬૬૦૯૩૦૯ | ૧૯૪૦૮૯૬૯ |
| ૩ | ગરૂડેશ્વર | ૩૮ | ૩૪૬૬૫૯૭૧ | ૪૪૭૯૫૪૮૦ | ૧૭૫૪૪૫૨૦ |
| ૪ | નાંદોદ | ૬૫ | ૩૬૫૭૫૪૩૪ | ૫૦૬૪૦૦૨૩ | ૨૪૮૫૧૫૦૫ |
| ૫ | તિલકવાડા | ૪૧ | ૧૯૬૧૬૮૪૩ | ૩૦૬૪૫૯૯૯ | ૬૮૩૧૦૦૦ |

---------

### સુરત જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ

* ૩૪૧૬ શ્રી વી.ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ કેટલું છે,

(૧) ૪૫૩

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૫-૧૬ માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬-૧૭ માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૯૯ | ૬૩ | ૧૬૨ | ૬૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

### ગીર સોમનાથ અને મોરબી જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૩૨૭૬ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો,

(૧) તા.૦૧/૦૪/૨૦૧૦ થી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષ:-૨૦૧૬ | વર્ષ:-૨૦૧૭ |
| ગીર સોમનાથ | ૪૮૩ | ૭૯૦ |
| મોરબી | ૩૮૯ | ૧૨૯૯ |
| કુલ | ૮૭૨ | ૨૦૮૯ |

(૩) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

(૩) ઉક્ત એક્ટનું તમામ શાળાઓએ પાલન કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય

* ૨૪૦૦ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૨૫/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિત શૈક્ષણિક વર્ષમાં રિન્યુઅલ સહાય મેળવવા માટે શિક્ષણ વિભાગના તા.૦૭–૧૦–૨૦૧૫ના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૬ અને ૭ મુજબ ફક્ત અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્કસ સાથે ઉતીર્ણ થવાનું તેમ જ સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫ ટકા હાજરી જરૂરી છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એમબીબીએસમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓની ઉક્ત ઠરાવની જોગવાઈ ક્રમાંક ૬ અને ૭ સંતોષતા હોવા છતાં આવક મર્યાદાના કારણે અરજીઓ રદ થયેલ છે, અને | (૨) ૭૯ અરજીઓ. |
| (૩) ઉક્ત ઠરાવની જોગવાઈઓ સંતોષતા હોવા છતાં રિન્યુઅલ સહાય મેળવવા માટેની આવક મર્યાદાના કારણે રદ કરેલ અરજીઓ પુનઃવિચારણા કરી સહાય મંજૂર કરવામાં આવશે કે કેમ ? | (૩) ના, જી. |

---------

### બાવળા ખાતે 'ડી–૧' ટાઈપના રહેણાંકના મકાનો

* ૩૦૭૭ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બાવળા ખાતે ન્યાયિક અધિકારીઓના ડી–૧ ટાઈપના રહેણાંકના મકાનો માટે મંજુરી આપી છે તે હકીકત સાચી છે? | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના નાણાંકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? અને | (૨) ડી–૧ ટાઈપના ૦૬ યુનિટ– રૂ. ૨,૨૧,૨૦,૦૦૦/– તા.૨૧/૦૪/૨૦૧૬. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૦૯/૦૨/૨૦૧૮થી ઇજારદારશ્રીને સદર કામના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

### નવસારી અને વલસાડ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૩૩૧૫ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો, | (૧) તા.૦૧/૦૪/૨૦૧૦ થી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને | (૨) |

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષઃ–૨૦૧૬ | વર્ષઃ–૨૦૧૭ |

| | | |
|---|---|---|
| વલસાડ | ૪૦૩ | ૩૦૮ |
| કુલ | ૧૦૧૪ | ૧૦૧૨ |

(૩) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

(૩) ઉક્ત એક્ટનું તમામ શાળાઓએ પાલન કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

---------

ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં આર.એમ.એસ.એ યોજના હેઠળની શાળાઓ

* ૨૪૮૬ શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રિય માધ્યમિક શીક્ષા અભિયાન યોજના હેઠળ ધાનેરા તથા દાંતિવાડા તાલુકામાં ૩૧–ડિસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કેટલી શાળાઓ ચાલે છે,

(૨) ઉક્ત સ્થિતિએ લાંબા સમયથી આ શાળાના મકાન તથા શાળાવાર શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તેના શા કારણો છે?

જવાબ

(૧)

- ધાનેરા ૦૭
- દાંતીવાડા ૦૫

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહિસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા

* ૩૪૨૪ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૬ જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની ૫ જગ્યાઓ ભરાયેલ છે અને ૧ જગ્યા ખાલી છે.

(૩) સીધી ભરતી અને બઢતીથી અધિકારીઓ ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવાનું આયોજન છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના

* ૩૪૭૪ શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની કેટલી શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) આ ટ્રાન્સપોર્ટેશન યોજનાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે?

જવાબ

(૧) ૧૦૦

(૨) રૂ. ૧,૪૭,૭૪,૯૩૮/–

(૩) શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા.

---------

કચ્છ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓને ગેસ કનેક્શન

* ૩૪૬૬ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ગેસ કનેક્શન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| મુન્દ્રા | ૧૦૨ |
| અબડાસા | ૧૮૮ |
| રાપર | ૨૭૪ |
| ભચાઉ | ૨૧૫ |
| ભુજ–૧ | ૨૦૧ |
| અંજાર | ૧૯૧ |
| નખત્રાણા | ૧૯૮ |
| માંડવી | ૨૩૩ |
| ગાંધીધામ–૧ | ૧૦૦ |
| લખપત | ૧૦૦ |
| ભુજ–૨ | ૨૧૫ |
| ગાંધીધામ–૨ | ૯૨ |
| કુલ | ૨૧૦૯ |

(૨) ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨)

| તાલુકાનું નામ | ગેસ કનેક્શન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| અબડાસા | ૫ |
| લખપત | ૧ |
| કુલ | ૬ |

(૩) આ બાકી રહેતી આંગણવાડીઓને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૩) આ બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોને સત્વરે ગેસ કનેક્શન આપવામાં આવશે.

---------

સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૩૨૫૩ શ્રી પરસોત્તમ સાબરિયા (ધ્રાંગધ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો,

(૧) તા. ૦૧/૦૪/૨૦૧૦ થી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષઃ– ૨૦૧૬ | વર્ષઃ– ૨૦૧૭ |
| સુરેન્દ્રનગર | ૧૧૦૭ | ૧૫૮૫ |
| ભાવનગર | ૫૧૭ | ૭૭૭ |
| ભાવનગર શહેર | ૧૧૪૧ | ૧૫૦૨ |
| કુલ | ૨૭૬૫ | ૩૮૬૪ |

(૩) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટનું પાલન ન કરી આર.ટી.ઇ. પ્રવેશ ન આપતી નીચે મુજબની શાળાઓ સામે એક્ટની જોગવાઇ અન્વયે શાળાને દંડ કરવામાં આવેલ છે.

| ક્રમ | શાળાનું નામ | દંડની રકમ | નોટીસની તારીખ |
|---|---|---|---|
| ૧ | સેન્ટ થોમસ | ૮૫,૦૦૦/– | ૩૧/૫/૧૭ |

| | | | |
|---|---|---|---|
| | પ્રાયમરી સ્કુલ, લીંબડી | | |
| ૨ | દયામતી માતા પ્રાયમરી સ્કુલ, સુરેન્દ્રનગર | ૮૫,૦૦૦/- | ૩૧/૫/૧૭ |
| ૩ | સેંટ જોસેફ પ્રાયમરી સ્કુલ, લખતર | ૮૫,૦૦૦/- | ૩૧/૫/૧૭ |

ભાવનગર જિલ્લામાં ઉક્ત એક્ટનું તમામ શાળાઓએ પાલન કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૩૦૮૦ શ્રી કેસરસિંહ સોલંકી (માતર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઇ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે?

જવાબ

(૧) હા જી.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા. ૦૭/૦૯/૨૦૧૭ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૫૮/૨૦૧૭/એચસીટી/૧૦૨૦૧૬/ ૨૮૬૫/ડીના અધિસૂચનાથી તા. ૧૭/૦૯/૨૦૧૭ના રોજ અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

કચ્છ અને નવસારી જિલ્લામાં ફેમીલી કોર્ટની સ્થાપના

* ૩૦૮૩ ડૉ. નિમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને નવસારી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫-૧૧-૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૭/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી(પાર્ટ-૩)ના અધિસૂચનાથી તા.૦૫-૧૨-૨૦૧૬ના રોજ કચ્છ જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે, અને

(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫-૧૧-૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૮/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી(પાર્ટ-૪)ના અધિસૂચનાથી તા. ૦૫-૧૨-૨૦૧૬ના રોજ નવસારી જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

આદિજાતિ વિકાસ વિભાગનું વર્ષવાર બજેટ

* ૨૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ વર્ષવાર કેટલી રકમનું મંજૂર કર્યું,

જવાબ

(૧)

| વર્ષ | જોગવાઈની રકમ |
|---|---|

| | (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૧૫૪૫.૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૨૦૦૦.૦૦ |

(૨) તા.૨૦-૦૧-૨૦૧૮ની સ્થિતિએ મંજૂર કરેલ બજેટ પૈકી કેટલી રકમ ખર્ચાઈ અને કેટલી રકમ ખર્ચવાની બાકી રહી, અને

(૨)

| વર્ષ | ખર્ચની રકમ (રૂ. કરોડમાં) | ખર્ચવાના બાકી (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૧૪૭૯.૮૯ | ૬૫.૧૧ |
| ૨૦૧૭-૧૮ | ૯૧૬.૬૪ | ૧૦૮૩.૩૬ |

(૩) બાકી રહેવાના કારણો શા છે?

(૩) ''ખર્ચવાની બાકી રકમના કામો પુરા કરવાની કામગીરી ચાલુ છે. જે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.''

---------

કચ્છ અને પોરબંદર જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો

* ૩૨૧૫ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને પોરબંદર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| કચ્છ | ૦૨ | ૦૯ | ૦૧ | ૧૨ |
| પોરબંદર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| કુલ | ૦૨ | ૧૦ | ૦૨ | ૧૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| કચ્છ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |

---------

અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ

* ૩૪૧૦ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજુર મહેકમ કેટલુ છે,

(૧) ૪૨૮

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૫-૧૬માં ભરાયેલ જગ્યાઓ | વર્ષ ૨૦૧૬-૧૭માં ભરાયેલ જગ્યાઓ | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૬૨ | ૩૯ | ૧૦૧ | ૬૪ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

---------

ભાવનગર અને અમરેલી જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો

* ૩૨૮૩ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| ભાવનગર | ૦૧ | ૦૮ | ૦૧ | ૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| અમરેલી | ૦૦ | ૦૬ | ૦૧ | ૦૭ |
| કુલ | ૦૧ | ૧૪ | ૦૨ | ૧૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| ભાવનગર | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૬ |
| અમરેલી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૭ |

વલસાડ જિલ્લામાં તાકીદની ગ્રાન્ટ

* ૩૪૩૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી?

જવાબ

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે વલસાડ જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રાં.પં.ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રાં.પં.ની સંખ્યા |
| ૧ | વલસાડ | ૯૨ | ૯૫ |
| ૨ | પારડી | ૫૩ | ૫૩ |
| ૩ | ઉમરગામ | ૫૧ | ૫૨ |
| ૪ | ધરમપુર | ૬૩ | ૬૩ |
| ૫ | કપરાડા | ૯૨ | ૯૮ |
| ૬ | વાપી | ૨૩ | ૨૩ |

---------

આણંદ અને નવસારી જિલ્લામાં આવેલ કોલેજો

* ૩૨૮૯ શ્રી કાન્તીભાઇ સોઢાપરમાર (આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને નવસારી જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજુરી આપવામાં આવેલી છે?

જવાબ

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| આણંદ | ૦૧ | ૧૬ | ૧૪ | ૩૧ |
| નવસારી | ૦૨ | ૦૩ | ૦૫ | ૧૦ |
| કુલ | ૦૩ | ૧૯ | ૧૯ | ૪૧ |

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| આણંદ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |

---------

સાવલી ખાતે 'બી–૧' પ્રકારના રહેણાંક કવાર્ટર બાંધકામ

* ૩૦૯૮ શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાવલી ખાતે બી–૧ પ્રકારના સ્ટાફ માટે રહેણાંક કવાર્ટરના બાંધકામ માટે મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૨૦૧૭–૧૮ના નાણાંકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૧,૧૯,૩૫,૦૦૦/–
તા. ૦૯–૦૬–૨૦૧૭

(૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે?

(૩) ટેન્ડર મંજુરીની પ્રક્રીયા પૂર્ણ થયેથી જલ્દીથી બાંધકામ શરૂ કરવામાં આવશે.

---------

ભાવનગર અને બોટાદ જિલ્લામાં શિષ્યવૃતિ

* ૩૧૩૩ શ્રી પ્રવિણભાઇ મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને બોટાદ જિલ્લાની માધ્યમિક શાળાના કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવાની બાકી છે, અને

(૧) રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તકની માધ્યમિક શાળા માટે બે શિષ્યવૃતિ યોજના ૧. વોર કન્સેશન અને ૨. પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃતિ યોજના હેઠળ ભાવનગર અને બોટાદ જિલ્લામાં માધ્યમિક શાળામાં કોઇ શિષ્યવૃતિ ચૂકવવાની બાકી નથી.

(૨) આ વિદ્યાર્થીઓને કયાં સુધીમાં શિષ્યવૃતિ ચૂકવવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને પંચમહાલ જિલ્લામાં આર.ટી.ઇ એકટ હેઠળ પ્રવેશ

* ૩૨૯૪ શ્રી પુનમભાઇ પરમાર (સોજીત્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કયારથી કરવામાં આવ્યો,

(૧) તા.૦૧–૦૪–૨૦૧૦ થી

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષઃ– ૨૦૧૬ | વર્ષઃ– ૨૦૧૭ |
| ખેડા | ૧૨૦૦ | ૭૫૧ |
| પંચમહાલ | ૫૯૭ | ૭૩૧ |

(૩) ઉક્ત એકટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધા?

(૩) ઉક્ત એકટનું તમામ શાળાઓએ પાલન કરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં આદિવાસી મહિલાઓને આજીવિકા

* ૩૪૬૩ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) દૂધાળા પશુ આપવાની યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ. ૩૨૨.૦૫ લાખ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૪૦૮.૫૬ લાખ |

(૨) કેટલી લાભાર્થી આદિજાતિ મહિલાઓને કેટલા

(૨)

દૂધાળા પશુઓ આપવામાં આવ્યાં?

| વર્ષ | લાભાર્થી | દૂધાળા પશુઓ |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૯૯૪ | ૯૯૪ |
| ૨૦૧૬–૧૭ | ૧૨૬૧ | ૧૨૬૧ |

---------

## વલસાડ જિલ્લામાં તાકીદની ગ્રાન્ટ

* ૩૪૩૭ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી?

જવાબ

(૧) હા, જી

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે વલસાડ જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં. ની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ ગ્રા.પં.ની સંખ્યા |
| ૧ | વલસાડ | ૯૨ | ૯૫ |
| ૨ | પારડી | ૫૩ | ૫૩ |
| ૩ | ઉમરગામ | ૫૧ | ૫૨ |
| ૪ | ધરમપુર | ૬૩ | ૬૩ |
| ૫ | કપરાડા | ૯૨ | ૯૮ |
| ૬ | વાપી | ૨૩ | ૨૩ |

---------

## કાલાવાડ તાલુકામાં રોપાનું વાવેતર

* ૩૪૬૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં જામનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કાલાવાડ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

જવાબ

(૧) ૬૮૩ હેક્ટર

(૨) ૧૩૫ હેક્ટર

(૩) રૂ. ૬૩.૫૯ લાખ

---------

## તાપી અને ડાંગ જિલ્લામાં આવેલ કોલેજો

* ૩૩૧૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| તાપી | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૪ |
| ડાંગ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| કુલ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૫ |

(૨)

જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ કોલેજ

* ૩૨૨૨ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પાટણ | ૦૩ | ૦૬ | ૦૬ | ૧૫ |
| મહેસાણા | ૦૨ | ૦૭ | ૧૫ | ૨૪ |
| કુલ | ૦૫ | ૧૩ | ૨૧ | ૩૯ |

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પાટણ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૪ |
| મહેસાણા | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ |
| કુલ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૮ |

---------

અરવલ્લી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા

* ૩૪૧૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા(હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૬ જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની ૫ જગ્યાઓ ભરાયેલ છે અને ૧ જગ્યા ખાલી છે.

(૩) સીધી ભરતી અને બઢતીથી અધિકારીઓ ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવાનું આયોજન છે.

---------

અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૩૪૧૪ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

જવાબ

(૧) ૨૧૯.

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૪૪ | ૨૮ | ૭૨ | ૧૬ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

આંગણવાડીના બાળકોને આપવામાં આવતો ખોરાક

## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૨૮ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા પૌષ્ટિક ગરમ આહાર બાળકદીઠ કેટલો આપવામાં આવે છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતો પૌષ્ટિક ગરમ આહાર બાળકદીઠ નીચે મુજબ આપવામાં આવે છે. સવારનો અને બપોરનો ગરમ પૂરક પોષણ આહાર રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં માતૃમંડળ દ્વારા અપાતો સવારનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિ દિન લાભાર્થી ૫૦ ગ્રામ પ્રમાણે અને બપોરનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિદિન પ્રતિ લાભાર્થી ૮૦ ગ્રામ પ્રમાણે અઠવાડિયાના છ દિવસ આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત પૌષ્ટિક આહારની બાળકદીઠ કિંમત કેટલી અંદાજવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત પૌષ્ટિક આહારની બાળકદીઠ દૈનિક કિંમત નીચે મુજબ અંદાજવામાં આવેલ છે. |

| લાભાર્થી વર્ગ | દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન) |
|---|---|
| બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૬–૦૦ |
| અતિશય ઓછા વજનવાળા બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૯–૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર ક્યારથી અમલમાં છે ? | (૩) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર ભારત સરકારશ્રીના તા.૨૬/૧૨/૨૦૧૨ના પરિપત્ર મુજબ અમલમાં છે. |

---------

### અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં આર.ટી.ઈ એક્ટ હેઠળ પ્રવેશ

* ૩૨૩૧ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો, | (૧) તા. ૦૧/૦૪/૨૦૧૦ થી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને | (૨) |

| જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં આપેલ પ્રવેશ | |
|---|---|---|
| | વર્ષઃ–૨૦૧૬ | વર્ષઃ– ૨૦૧૭ |
| અરવલ્લી | ૬૨૪ | ૬૨૦ |
| છોટાઉદેપુર | ૨૯૮ | ૨૭૩ |
| કુલ | ૯૨૨ | ૮૯૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ? | (૩) એક્ટનું તમામ શાળાઓએ પાલન કરેલ છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળાઓમાં કોમ્પ્યુટર લેબ બાબત

* ૧૯૮૮ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ–૧ થી ૮ ની કેટલી શાળાઓમાં | (૧) |

| | |
|---|---|
| કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળા | ૩૫૧ |

કોમ્પ્યુટર લેબ આવેલ છે અને કેટલી શાળાઓમાં નથી, અને

| | |
|---|---|
| કોમ્પ્યુટર લેબ ન ધરાવતી શાળા | ૨૯૩ |

(૨) ઉક્ત કોમ્પ્યુટર લેબ જે શાળામાં ઉપલબ્ધ છે ત્યાં કોમ્પ્યુટરનું શિક્ષણ કોમ્પ્યુટરના તજજ્ઞ શિક્ષક દ્વારા આપવામાં આવે છે કે કેમ ?

(૨) ના, જી.

---------

રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ

* ૩૪૨૬ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૧) ૫૭૪

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૦૦ | ૧૭૩ | ૨૭૩ | ૯૨ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

મહેસાણા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૩૦૮૯ શ્રી કરશનભાઇ સોલંકી (કડી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે કે કેમ, અને

(૧) હા જી.

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ?

(૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા. ૧૫/૧૧/૨૦૧૬ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૧/૨૦૧૬/ એચસીટી/ ૧૦૨૦૧૫/૨૧૦/ડી, (પાર્ટ–૧૦) થી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ મહેસાણા જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે ફી–પરત ચૂકવણી સહાય યોજના

* ૩૪૭૦ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ (ઘાટલોડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી–પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૧) બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓ માટે શાળાને વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૧૦,૦૦૦/–ની મર્યાદામાં ફી પરત ચૂકવણી કરવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં અમદાવાદ જિલ્લા માટે કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭મા આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૪૧૧૯ |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| અમદાવાદ શહેર | ૮૭૭૮ |
| કુલ | ૧૨૮૯૭ |

---------

પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૩૦૮૭ શ્રી બાબુભાઇ બોખીરીયા (પોરબંદર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ?

જવાબ

(૧) હા જી.

(૨) (અ) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૧૫/૧૧/૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૮૯/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી (પાર્ટ–૬)ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ પોરબંદર જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે, અને

(બ) સરકારશ્રીના કાયદા વિભાગે તા. ૧૫/૧૧/૨૦૧૬ ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૦/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૫/૨૧૦/ડી(પાર્ટ–૭) ના અધિસૂચનાથી તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ

* ૩૨૪૩ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં ઈજનેરી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી છે ?

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં ૨ સરકારી, ૧ સરકારી (ઓટોનોમસ), ૧૭ ખાનગી ડિગ્રી ઈજનેરી કોલેજ તથા ભરૂચ જિલ્લામાં ૧ સરકારી, ૩ ખાનગી ડિગ્રી ઈજનેરી કોલેજ આવેલી છે.

(૨) એક પણ નહી.

---------

ગાંધીનગર અને મહેસાણા પ્રવાસન ધામોનો વિકાસ

* ૩૪૮૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના કેટલા અને કયા પ્રવાસન ધામોના વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) મહેસાણા જિલ્લો

| અ.નં. | પ્રવાસન ધામનું નામ અને સ્થળ | વિકાસ માટે થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧. | શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, મું. બેચરાજી ટ્રસ્ટના હસ્તકની શ્રી વલ્લભ ભટ્ટની વાવના સ્થળના રીનોવેશન વિકાસ કામ. | ૦.૦૦ | ૨.૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૨. | કન્સ્ટ્રકશન ઓફ એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગ, કેમ્પસ ડેવલોપમેન્ટ ઓફ બેચરાજી ટેમ્પલ, કન્સ્ટ્રકશન ઓફ ન્યુ કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગ શેડ, પેવીંગ બ્લોક એરાઉન્ડ નાની માતાજી ટેમ્પલ, મું. બેચરાજી. | ૧૧.૬૩ | ૦.૦૦ |
| ૩. | અન્નપુર્ણા મંદિરના વિકાસનું કામ, મું.મોદીપુર, તા.જોટાણા | ૦.૦૦ | ૧૪૫.૬૩ |
| ૪. | વડનગર ખાતે સોમનાથ મહાદેવ રોડ | ૦.૦૦ | ૧૦૩.૮૫ |
| ૫. | શ્રી બહુચર માતા મંદિર મું. બેચરાજી જિ. મહેસાણા ખાતે ઈ–રીક્ષા, ઓર્ગેનિક કન્વર્ટર, વિસામો, શૌચાલય નવીની કરણના કામ. | ૦.૦૦ | ૧૯.૬૭ |
| ૬. | શ્રી નિલકંઠેશ્વર મહાદેવ મંદિર મું. આમુઢ તા.ઉંઝા જિ.મહેસાણા ખાતે સૌર–ઉર્જા રોશની, વિસામો, કાસ્ટ આર્યન બેન્ચીસના કામ બાબત. | ૮.૨૮ | ૦.૦૦ |
| ૭. | શ્રી સુલેશ્વરી માતા મંદિર, મું. વાલમ, તા.વિસનગર જિ.મહેસાણા ખાતે સૌર–ઉર્જા રોશનીના કામ બાબત. | ૨.૩૧ | ૦.૦૦ |
| ૮. | મહેસાણા જિલ્લાના પ્રવાસન તથા યાત્રાધામોના વિકાસ માટે કાસ્ટ આર્યન બેન્ચીસની ફાળવણી. | ૦.૦૦ | ૬.૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૯. | વડનગર ખાતે હાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ. | ૪૪૧.૨૦ | ૦.૦૦ |
| ૧૦. | વડનગર ખાતે શમિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક, થીમ પાર્ક, લટેરી વાવ. | ૦.૦૦ | ૩૧૧૬.૨૭ |
| | કુલ | ૪૬૩.૪૨ | ૩૩૯૩.૬૫ |

ગાંધીનગર જિલ્લો

| અ.નં. | પ્રવાસન ધામનું નામ અને સ્થળ | વિકાસ માટે થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૬ | ૨૦૧૭ |
| ૧ | શ્રી વરદાયિની માતા મંદિર. મુ.રૂપાલ ના વિકાસનું કામ. | ૫૦૪.૭૦ | ૧.૭૨ |
| ૨ | શ્રી પાનસુરી માતાજી મંદિર, મુ.પાનસર ના વિકાસ કામ. | ૩.૬૦ | ૦.૦૦ |
| ૩ | મહાકાળીવડ, મુ.કંથારપુરના વિકાસ કામ. | ૨.૩૨ | ૦.૦૦ |
| | કુલ | ૫૧૦.૬૨ | ૧.૭૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ખાનગી ટ્રસ્ટ/માલિક સંચાલિત કેટલા ધાર્મિક સ્થળોના વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ખાનગી ટ્રસ્ટ/માલિક સંચાલિત કુલ ૭ (સાત) ધાર્મિક સ્થળોના વિકાસ માટે કુલ રૂપિયા ૬૧૩.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

### નર્મદા જિલ્લામાં પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત

* ૩૪૩૨ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવેલ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ફાળવેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૦૧ |
| ૨ | તિલકવાડા | ૦૦ |
| ૩ | ડેડીયાપાડા | ૦૭ |
| ૪ | સાગબારા | ૦૩ |
| ૫ | ગરુડેશ્વર | ૦૨ |
| | કુલ | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને

(૨) એક પણ નહીં.

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૯૯ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પંચમહાલ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૫ |
| સાબરકાંઠા | ૦૧ | ૦૮ | ૦૨ | ૧૧ |
| કુલ | ૦૩ | ૧૦ | ૦૩ | ૧૬ |

(૨)

| જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| પંચમહાલ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૪ |
| સાબરકાંઠા | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ |
| કુલ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૮ |

---------

### રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના

* ૩૦૬૪ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગે તા.૨–૪–૨૦૧૬ના અધિસૂચના ક્રમાંકઃ જીકે/૦૮/૨૦૧૬/એસપીસી/૧૦૨૦૧૬/ જીઓઆઈ/૦૯/ડી (પાર્ટ–૧) ના અધિસૂચનાથી તા.૧–૬–૨૦૧૬ના રોજથી રાજકોટ જિલ્લામાં કોમર્શીયલ કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

### ખેડા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના

* ૩૦૮૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ તારીખથી ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૧૨/૨૦૧૭/એચસીટી / ૧૯૮૪/૪૧૦૬/ડી, (પાર્ટ–૭)થી તા. ૦૧/૦૩/૨૦૧૭ ના રોજ ખેડા જિલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે.

---------

### પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૩૪૬૪ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો,

(૨) દૂધ સંજીવની યોજનાનો લાભ કોને મળવા પાત્ર છે, અને

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫થી

(૨) પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ. ૨૩૭.૩૬ લાખ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૨૬૭.૮૯ લાખ |

| | |
|---|---|
| કુલ | રૂ. ૫૦૫.૨૫ લાખ |

(૩) દૂધ સંજીવની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

(૩)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૪,૫૯૯ |
| ૨૦૧૬-૧૭ | ૨૦,૬૫૫ |
| કુલ | ૪૫,૨૫૪ |

---------

પંચમહાલ જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત હોસ્ટેલ

* ૩૪૭૯ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭-૧૮ના વર્ષ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લાના સ્થળાંતર કરતા વાલીઓના બાળકો માટે કેટલી હોસ્ટેલો શરૂ કરવામાં આવેલ છે,

(૧) ૧૮

(૨) ઉક્ત સ્થિતિએ આ હોસ્ટેલોમાં તાલુકાવાર કુલ કેટલા બાળકો અભ્યાસ કરે છે,

(૨)

| તાલુકો | બાળકોની સંખ્યા |
|---|---|
| ઘોઘંબા | ૬૯૧ |
| કાલોલ | ૭૫ |
| જાંબુઘોડા | ૫૮ |
| કુલ | ૮૨૪ |

(૩) ઉક્ત સ્થિતિએ હોસ્ટેલો કેટલા ગામોમાં શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) ૧૮

(૪) ઉક્ત સ્થિતિએ હોસ્ટેલોમાં કેટલો ખર્ચ થયો છે ?

(૪) રૂ. ૪૧.૪૯ લાખ

---------

મહેસાણા જિલ્લામાં પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત

* ૩૪૩૦ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવેલ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ફાળવેલ ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૦૧ |
| ૨ | બેચરાજી | ૦૨ |
| ૩ | જોટાણા | ૦૨ |
| ૪ | વિજાપુર | ૦૧ |
| ૫ | વડનગર | ૦૧ |
| ૬ | વિસનગર | ૦૩ |
| ૭ | ખેરાલુ | ૦૧ |
| ૮ | સતલાસણા | ૦૧ |
| ૯ | મહેસાણા | ૦૩ |
| | કુલ | ૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ન ફાળવેલ ગ્રામપંચાયતની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| ૧ | સતલાસણા | ૦૧ |
| ૨ | મહેસાણા | ૦૧ |
| | કુલ | ૦૨ |

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવશે ?

(૩) સદર ગ્રામ પંચાયતો તાજેતરમાં જૂથ ગ્રામપંચાયતમાંથી વિભાજન થવાને લીધે નવિન ગ્રામપંચાયત અસ્તિત્વમાં આવેલ છે. જ્યાં ટૂંક સમયમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવશે.

---------

ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૩૪૪૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારિયાધાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૧) ૬૬ (છાંસઠ)

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પહેલી, બીજી, ત્રીજી અને ચોથીવાર સમરસ થઈ, અને

(૨) પ્રથમવાર – ૩૦
બીજીવાર – ૧૦
ત્રીજીવાર – ૦૮
ચોથીવાર – ૧૮

(૩) સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કેટલી રકમ ચુકવવામાં આવે છે ?

(૩) સામાન્ય સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૧૨,૫૦૦ | ૬,૫૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| મહિલા સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં | | | | |
| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
| ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૧૦,૮૧,૨૫૦ | ૧૧,૦૦,૦૦૦ |

---------

સુરત જિલ્લામાં પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત

૩૪૪૪ શ્રી વિવેકભાઈ પટેલ (ઉધના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવેલ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ફાળવેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૧૧ |
| ૨ | કામરેજ | ૦૮ |
| ૩ | ઓલપાડ | ૦૫ |
| ૪ | મહુવા | ૦૬ |

| | | |
|---|---|---|
| ૫ | માંગરોલ | ૧૧ |
| ૬ | માંડવી | ૦૪ |
| ૭ | પલસાણા | ૦૩ |
| ૮ | બારડોલી | ૦૭ |
| ૯ | ઉમરપાડા | ૦૬ |
| | કુલ | ૬૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને

(૨) એક પણ નહીં.

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે ક્યાં સુધીમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

* ૩૨૫૮ શ્રી લલીતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૧)

| રાજકોટ | | નવસારી | |
|---|---|---|---|
| તાલુકા | ખુટતા ઓરડાની સંખ્યા | તાલુકા | ખુટતા ઓરડાની સંખ્યા |
| ધોરાજી | ૩૯ | ચીખલી | ૮૯ |
| ગોંડલ | ૬૭ | ગણદેવી | ૪૦ |
| જામકંડોરણા | ૧૬ | જલાલપોર | ૪૧ |
| જસદણ | ૭૮ | ખેરગામ | ૩૫ |
| જેતપુર | ૧૩ | નવસારી | ૦૫ |
| કોટડા સાંગાણી | ૦૮ | વાંસદા | ૬૩ |
| લોધીકા | ૨૮ | | |
| પડધરી | ૪૪ | | |
| રાજકોટ | ૮૯ | | |
| ઉપલેટા | ૬૧ | | |
| વીંછીયા | ૪૬ | | |
| કુલ | ૪૮૯ | કુલ | ૨૭૩ |

(૨) ઉકત સ્થિતિએ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

૬૭મો વન મહોત્સવ

* ૩૪૫૪ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૬નો રાજયનો ૬૭મો વન મહોત્સવ ક્યા ક્યા સ્થળે યોજવામાં આવ્યો હતો,

(૧) મુ. વહેરાખાડી, તા.જિ. આણંદ, મુ. બાલચૌઠી, જિ. વલસાડ, મુ. મોતા, જિ. સુરત, મુ. ભૂચરમોરી, જિ. જામનગર.

(૨) આ વન મહોત્સવમાં મુખ્યત્વે ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) આમળા, જાંબુ, પીપળો, વડ, ખેર, બીલી, અશોક, હરડે, બહેડા, સેવન, અર્જુનસાદડ, ગરમાળો, લીમડો, મહુડો, આંબા, રાયણ, આંબલી, જામફળ, બોરડી, કોઠા, પીપળ, બોરસલી, સીસુ, સીસમ, ગુંદા, સીરસ, બીલી, ચંદન, બોગનવેલ, રૂદ્રાક્ષ, કદંબ, કૈલાસપતિ, ગલતોરા, બીઓ, આસોપાલવ, ખેર, નાગકેસર, અને સીમડો.

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૨૫૮૪.૩૧ લાખ.

---------

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે તેમ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન પર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો એ સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ આ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની ચર્ચા વખતે નહીં પણ અનુદાનની માગણીઓ ઉપર ચર્ચા વખતે કરવાની હોય છે. તમામ ધારાસભ્યો જે પ્રથમવાર ચૂંટાયા છે તેમના માટે ખાસ. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી બનશે.

શ્રી પરેશ ધાનાણી(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય નાણામંત્રીશ્રી અને ગૃહના ઉપનેતા સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ ૨૦૧૮-૧૯ નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આ દેશે એક કુશળ અર્થશાસ્ત્રી આપ્યા એ ચાણક્ય. ચાણક્ય આજે પણ એટલા જ પ્રસ્તુત છે. ચાણક્યે કહ્યું છે કે કોઇપણ રાજ્યના સુશાસન માટે એના નાણાની સુયોગ્ય વ્યવસ્થા એ પાયાનો સિદ્ધાંત છે. જો લોકોના પરસેવાની કમાણીમાંથી ઉઘરાવેલા કરવેરા, એનો ખર્ચ લોકોની સુખાકારી માટે લોકોના ભવિષ્યના પથને સુશક્ત, સમૃદ્ધ બનાવવા માટે થાય તો એ વિકાસના ફળ સર્વાંગી વિકાસના સ્વપ્નને સાકાર કરે અને રાજ્ય હોય કે રાષ્ટ્ર આગળ ધપતું હોય છે. ૧૯૬૦ માં બનેલું આપણું ગુજરાત ૧૯૬૦ થી લઇને ૧૯૯૫ સુધીની બિનભાજપી સરકારોએ કરેલો વહીવટ આ ગુજરાત જ્યારે બન્યું, આ દેશ જ્યારે આઝાદ થયો, ત્યારથી લઇને ૧૯૯૫ સુધીની ગુજરાતની સફળ ગાથાના થોડાક મુદાઓ તમારા ધ્યાને મુકવા છે. આ દેશ જ્યારે આઝાદ થયો ત્યારે આ દેશમાં સોયનું ઉત્પાદન નહોતું થતું, તેના બદલે આ ગરવું ગુજરાત જેમાં વસે છે એવું આ ભારત મંગળ ઉપર યાન ઉતારવા સક્ષમ બન્યું, એનું કારણ એ છે કે લોકોના કરવેરાની આવકને યોગ્ય દિશા આપવામાં આવી તો જ્યાં સોયનું ઉત્પાદન નહોતું થતું ત્યાં એ દેશના મંગળ ઉપર વાસ થાય તેવી સ્થિતિ ઊભી થઇ. આ દેશ આઝાદ થયો ત્યારે ધૂળિયા કેડીઓ હતી, તેના બદલે ગાંધીનગરથી દિલ્હીના દરબાર સુધી જઇએ તો પાકી સડકોના કારણે પેટનું પાણી ન હલે તેવા સુંદર મજાના રસ્તાઓનું નિર્માણ કરી શક્યા છીએ. સંધ્યા ટાણે ફાનસના અજવાળે વાળું કરવું પડતું તેવી સ્થિતિ હતી, તેના બદલે ચાપ પાડો અને આખા ઘરમાં અજવાળું પથરાય તેવી સુંદર મજાની સફર આ ભારત ખેડી શક્યું. મારી માતા-બહેનોએ માથે હેલ અને બેડાં લઇને જોજનું દૂર પાણીનાં ટીપાં માટે વલખવું પડતું હતું, એના બદલે આજે ઘરે નળ ખોલો અને ચકલીમાંથી સીધો ગોળો ભરાય તેવી સ્થિતિ આખા દેશમાં આપણે ઊભી કરી શક્યા. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની એક નારીની આબરૂ ઢાંકવા માટે કાપડનો ટૂકડો ન હતો અને રાષ્ટ્રપિતાએ સૂટબુટ મૂકી એક કપડામાં જીવન વ્યતિત કર્યુ તે જ હિન્દુસ્તાનની અંદર મારું ભારત આજે વિશ્વની અંદર જીન્સ એકસપોર્ટ કરતું થાય, આ નાણાંના સુયોગ્ય આયોજનના પ્રતાપે આ ફળનો સ્વાદ સામાન્ય માણસ સુધી ચખાડી શક્યા છીએ. આ દેશમાં જયારે આઝાદ થયા ત્યારે પેટનો ખાડો પૂરવા માટે અનાજ પણ આયાત કરવું પડતું હતું તેના બદલે આ દેશ આજે વિશ્વની અંદર અનાજની નિકાસ કરી શકે તેવી સક્ષમતા તરફ આગળ વધી રહ્યો છે. જયારે આઝાદ થયા ત્યારે જ્ઞાનનો અભાવ, શિક્ષણનો અભાવ અને મને યાદ છે માનનીય નીતિનભાઇ સાહેબ કે એ જમાનો હતો ચાર ચોપડી ભણેલા, પાંચ ચોપડી ભણેલાને કલાસ-૧ અધિકારીની નિમણૂક ઘરે આવીને આપવામાં આવતી હતી. તે સ્થિતિમાંથી આઇઆઇએમ, આઇઆઇટી, આઇઆઇએસ, ઇસરો અને બીજી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આ દેશના સામાન્ય માણસને જ્ઞાનસભર બનાવી મારા ભારતને મહાન બનાવવા માટેની એક નક્કર કેડી ભૂતકાળની સરકારોએ કંડારી હતી. જે દેશની અંદર માણસને પરસેવો પાડવો પડતો અને કયાંય રોજગારનો અવસર ન્હોતો મળતો તેના બદલે આજે સમગ્ર ભારતની અંદર ગામડે બેઠા સો દિવસ રોજગારનો અધિકાર આપવા ભારત સક્ષમ બની શક્યું હોય તો તત્કાલિન સરકારોએ નાણાંની સુયોગ્ય વ્યવસ્થા કરી તેના કારણે મારું ભારત આગળ વધી શક્યું છે. આગળ વધવામાં જીવન જરૂરિયાતો અને ભવિષ્યના સપનાઓ કોઇપણ સરકારની અગ્રતા હોય કે પહેલાં વિકાસના ફળ ચાખવા માટે જીવન જરૂરી છે. એટલે જીવનની જરૂરિયાતોને હંમેશાં રાજયની આવકોમાંથી અગ્રતા આપવામાં આવે અને વધારાની આવક થાય તેનાથી ભવિષ્યના પથને કંડારીએ તો મને લાગે છે કે આપણે વિકાસને સાચી દિશા આપી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડાઓનો અભ્યાસ કરતો હતો. ૧૯૯૫માં ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે સ્પષ્ટ બહુમતી સાથે પહેલી સરકાર બનાવી. ૧૯૯૫માં ૯૧૮૩ કરોડના જાહેર દેવાથી શરૂ થયેલી આ ભારતીય જનતા પાર્ટીની કાલ્પનિક વિકાસયાત્રાએ ૨૦૦૨માં ૪૫ હજાર ૩૦૪ કરોડ સહિત આજે ૨૦૧૭-૧૮ના સુધારેલા અંદાજો મુજબ અંદાજિત ૨ લાખ ૨૧ હજાર ૯૦ કરોડનું દેવાદાર રાજય બનાવવા તરફ મારા ગુજરાતને આગળ ધપાવ્યું છે. આ આંકડો તો રાજય સરકારે આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકેલો આંકડો છે. આરબીઆઇના આંકડા મુજબ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ ૨૨૨ લાખ કરોડનું દેવું ગુજરાતની અંદર હતું. ૨૨૨ લાખ કરોડનું દેવું માર્ચ ૨૦૧૬ના અંતે આ રાજય સરકારની ઉપર હતું અને તેમાં ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના ચાલુ વર્ષનું વધારાનું દેવું ઉમેરવામાં આવશે તો ૯૬,૧૭૦ કરોડ તેમાં ઉમેરાશે. ત્યારે ચાલુ નાણાંકીય વર્ષના અંતે રાજયની તિજોરી ઉપર કુલ જાહેર દેવું ૩,૧૮,૧૭૦ કરોડ સુધી પહોંચવાનું છે તે હકીકતોને

આ રાજય સરકાર છૂપાવી રહી છે. વર્ષ ૨૦૦૨-૦૩ થી લઈને ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં રાજય સરકારે વર્ષોવર્ષ જે લોન લીધી તે કુલ સરવાળો કરીએ તો ૩ લાખ ૦૧ હજાર ૧૧ કરોડની કુલ લોન લીધી છે. તે લીધેલી લોન પેટે કુલ ૧ લાખ ૮૮ હજાર ૪૬૦ કરોડ તો માત્ર વ્યાજ ચુકવવામાં આવ્યું, માત્ર ૧ લાખ ૦૯ હજાર ૬૦૮ કરોડનું લીધેલી લોનનું મુદ્દલ પરત ચુકવવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એનો મતલબ એવો થયો કે કુલ જેટલી લોન આપણે ૨૦૦૨ થી ૨૦૧૮-૧૯ સુધીમાં લીધી એની સરખામણીએ ૨,૯૮,૦૬૮ કરોડ રૂપિયા જેટલી પરત ચૂકવણી કરવામાં આવી. એટલે ૨૦૦૨થી રાજ્યમાં જે ભારતીય જનતા પાર્ટીની સરકારે પરંપરાઓ ઉભી કરી છે, એમાં દેવું કરવાનું અને એ દેવું અને એનું વ્યાજ ચૂકવવા માટે દર વરસે નવું દેવું કરવાનું કુલ જેટલી લોનો લીધી એ લોન જુની મુદ્દલ અને વ્યાજની ચૂકવણીની અંદર ખર્ચાઇ ગઇ. આજે રાજ્યના દરેક વ્યક્તિ ઉપર માથાદીઠ અંદાજિત ૩૨,૯૪૯ રૂપિયાનું દેવું છે. આપના મારફતે માનનીય નાણાં મંત્રીશ્રીને મારે કહેવું છે કે, આપના આ બજેટ અને ભારતીય જનતા પાર્ટીની સરકારના વીતેલા પંદર વરસનો ટ્રેક આ રાજ્યને ક્યાંક દેવાળિયું રાજ્ય ન બનાવી દે. મારી અને તમારી પેઢી એ આવતીકાલે મોટી થઇને કહેશે કે *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, *(×××) આવી ધારણા કોઇ કરશે. એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટીકાઓ કરવા માટે શબ્દોને સજાવવા બહુ જરૂરી હોય છે. જવાબ આપશે માનનીય નાણા મંત્રીશ્રી, મારી બે હાથ જોડીને વિનંતી છે. અસંસદિય શબ્દ હોય તો કાઢી નાંખજો. આમ તો મારી આદત નથી રહી.

અધ્યક્ષશ્રી : હા આપની આદત નથી રહી પણ મારા વાંચવામાં આવેલું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી અને તમારી આવતી પેઢી કયાંક આ ગુજરાત જે દેવાના બોજ નીચે ડૂબી રહ્યું છે એના માટે આપણને જવાબદાર ઠેરવશે તો નવાઇ નહિ. રાજ્યમાં ૨૦૦૨-૦૩માં ૧૦૮૮૪ કરોડ રૂપિયાની કરવેરાની આવક હતી જેની લોકોના ખિસ્સામાંથી સીધી વસૂલાત થતી હતી. વર્ષે પરંપરાગત કરવેરાની આવક, જે લોકોના પરસેવાની કમાણીમાંથી રાજ્યની તિજોરીમાં ખેંચી લાવવામાં આવે છે. એ ૧૦૮૮૪ કરોડ રૂપિયાની વાર્ષિક આવક વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં ૧,૧૩,૦૩૬ કરોડ રૂપિયાનું ભારણ આ રાજ્યની પ્રજાની પરસેવાની કમાણી ઉપર પડવાનું છે. ૨૦૦૨-૦૩થી ૨૦૧૮-૧૯ સુધીમાં કુલ ૮,૩૯,૩૧૮ કરોડ રૂપિયા જેટલી રકમ કરવેરા પેટે લોકોના ખિસ્સામાંથી વસૂલવામાં આવી તેમ છતાં આ રાજ્યએ ૩ લાખ કરોડ રૂપિયા જેટલું દેવું શું કામ કરવું પડ્યું? દેવું કરે તો વાંધો નહિ. આ ગૃહમાં તત્કાલિન નાણામંત્રીશ્રીએ કહ્યું કે દેવું કરીને પણ ઘી પીવાય. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર તો પ્રજાની ટ્રસ્ટી છે, દેવું કરી અને પ્રજાને ઘી પાય અને તંદૂરસ્તી વધે એવું આયોજન કરત તો વિરોધપક્ષ તરીકે અમે અભિનંદન આપતા અને અમને ખૂબ ખુશી થાત. પણ આ રાજ્યની તિજોરી ઉપરનું દેવું એટલે જન્મ લેતાં બાળક ઉપર દેવું. દેવાના બોજ નીચે સામાન્ય માણસ એ ડૂબતો જાય છે અને ઘી કોણ પી જાય છે એ માનનીય નાણામંત્રીશ્રી જો આ સન્માનનીય ગૃહ મારફત ગુજરાતની જનતાને જણાવશે તો મને આનંદ થશે. હું માનનીય નાણામંત્રીશ્રીનું નિવેદન વાંચી રહ્યો હતો. વિતેલા વરસોમાં રાજ્યનો વિકાસદર ગણવા માટેની એક નિયત પદ્ધતિ હતી. વર્ષ ૨૦૧૨-૧૩ થી સતત છેલ્લાં પાંચ વર્ષને જો ધ્યાનમાં લેવામાં આવે તો રાજ્યનો વિકાસદર સતત ઘટતો રહ્યો છે, પરંતુ રાજયના ઘરેલું ઉત્પાદનની અંદર જે જૂની ગણતરીની પદ્ધતિ હતી તેમાં સરકારે ફેરફાર કર્યો હોય એવુ મને લાગે છે. રાજયના ઘરેલું ઉત્પાદનમાં જૂની પદ્ધતિ મુજબ હવે ફેરફાર કરી અને મૂળ કિંમતમાં જે સબસિડીની રકમ છે તે બાદ કરવામાં આવી રહી છે અને મૂળ કિંમત ઉપર કરવેરાની જે આવકો છે તેનો ઉમેરો કરવામાં આવી રહ્યો છે અને મને લાગે છે કે, આ બદલાવેલી પદ્ધતિના કારણે આ રાજયના માનનીય નાણામત્રીશ્રી ગુજરાતનો વિકાસ, કાલ્પનિક વિકાસ દર તે ડબલ ડિજીટમાં થઇ રહ્યો છે તે દર્શાવી શકયા છે પણ દુઃખની વાત એ છે કે, જૂની પદ્ધતિ મુજબ રાજયના ઘરેલું ઉત્પાદનના આંકડાઓને મૂલવવામાં આવે તો ૨૦૦૨થી ચાલુ કરી અને ૨૦૧૭-૧૮ સુધીમાં એક વર્ષને બાદ કરતાં ગુજરાતનો વિકાસ દર કયારેય બે આંકડા સુધી પહોંચી શકયો નથી તે આ રાજય સરકારની અયોગ્ય નાણાં ફાળવણીની નીતિઓનું પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓને ટાંકતા મને લાગે છે કે છેલ્લા પાંચ વર્ષમાં રાજય સરકારે વિકાસલક્ષી ખર્ચની ટકાવારીમાં સતત ઘટાડો કર્યો છે અને બિન વિકાસલક્ષી ખર્ચમાં સતત વધારો થઇ રહ્યો છે. પ્લાન એકસપેન્ડીચર અને નોન પ્લાન એકસપેન્ડીચર આ વ્યવસ્થા શું કામ હતી ? આ વિધાનસભાએ મંજૂર કરેલુ બજેટ તે નક્કી કરેલા વિભાગો, વિભાગની યોજનાઓ અને યોજના થકી નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકો સિદ્ધ થાય અને રાજયમાં પ્રજાની તિજોરીનો રૂપિયો જે ખર્ચાય છે તેનો લાભ છેવાડાના માણસ સુધી પહોંચી શકે એટલે મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ આ બન્ને અલગ વ્યવસ્થાઓ હતી. સરકારે જે સન્માનીય ગૃહ સમક્ષ આંકડાઓ મૂકયા છે તે સ્વયં તે વાતને સ્વીકારે છે (સમય-સૂચન ઘંટડી )

અધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાઓ સ્વીકારે છે કે રાજયમાં પ્લાન અને નોન પ્લાન એકસપેન્ડીચર જે અલગ દર્શાવવામાં આવતુ હતું તે ૨૦૧૬-૧૭થી આ ભેદરેખાને દૂર કરી દેવામાં આવ્યુ છે. પ્લાન અને નોન પ્લાન એકસપેન્ડીચર તેને અલગ દર્શાવવામાં આવતું નથી, ગણવામાં આવતું નથી એટલે આ રાજય સરકાર આ સન્માનીય ગૃહ પાસે બજેટની અંદર સુંદર સપનાઓ ગુજરાતની પ્રજાને દેખાડે, તેના નામે આ વિધાનસભા પાસે નાણાંની મંજૂરી માગે અને

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

પછી તે નાણાંનો બિન વિકાસલક્ષી કાર્યક્રમોની અંદર ખર્ચ થાય અને એમ છતાં આ સન્માનીય વિધાનસભા રાજય સરકારને બિન જવાબદાર ઠેરવી ના શકે આવી વ્યવસ્થા રાજયમાં શું કામ ઉભી કરવામાં આવી તે હું આપના મારફત કહેવા માગુ છું. હું બે મિનિટ વધુ લઇશ,

અધ્યક્ષશ્રી : આપના સમયમાંથી આપી દઇશ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ ક્ષેત્રમાં સન્માનીય ગૃહનું ધ્યાન દોરવું છે આટલા ખર્ચાઓ પછી વિકાસના સપનાઓ આપણે સતત લોકોને દેખાડતાં રહ્યાં છીએ અને તેમ છતાં ચાલુ વર્ષની બજેટ ફાળવણીમાં મુખ્ય ચાર ક્ષેત્રોની અંદર નાણાંકીય ફાળવણી ઘટાડવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, તે મુખ્ય જે ચાર ક્ષેત્રો છે તે ચાર ક્ષેત્રોની અંદર કૃષિનું ક્ષેત્ર ૧૯ રાજયોની સરખામણી કરીએ તો શિક્ષણના ક્ષેત્રમાં સરેરાશ રાષ્ટ્રીય સરેરાશ ૧૬.૧ ટકા છે તેની સામે શિક્ષણ વિભાગમાં માત્ર ૧૩.૯ ટકાની ફાળવણી થઇ છે. આરોગ્યના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સરેરાશ ૪.૮ ટકાની સામે માત્ર ૪.૫ ટકાની ફાળવણી થઇ છે. કૃષિ ક્ષેત્રમાં આ રાજય સરકારને ખેડૂત નામના શબ્દથી શું અણગમો છે તે મને ખબર નથી પડતી.

રાષ્ટ્રીય સરેરાશ ૬.૪ ટકાની સામે માત્ર ૩.૩ ટકાની ફાળવણી થઇ છે અને ગામડાં વિરોધી સરકારની સ્વીકૃતિ કરતી હોય એમ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગ્રામીણ વિકાસમાં ૧૯ રાજ્યોની રાષ્ટ્રીય સરેરાશ ૫.૬ ટકાની સામે માત્ર ૩ ટકાની ફાળવણી કરી છે. હું વધારે સમય નહિ લઉં પણ આ રાજ્યની જે આવકો છે એમાંથી સામાન્ય માણસ સન્માનભેર જીવન જીવી શકે, રોજગારી મેળવી શકે, એના કુટુંબનું ભરણ–પોષણ કરી શકે એના માટે એને સીધા સ્પર્શતા ચાર ક્ષેત્રો છે. આરોગ્યની સેવાઓનું ખાનગીકરણ થઇ રહ્યું છે. શિક્ષણની સેવાઓનું ખાનગીકરણ થઇ રહ્યું છે. કૃષિ ક્ષેત્ર પ્રત્યે અણગમાના કારણે ખેતીની જમીનો ઘટી રહી છે, ખેડૂતો ઘટી રહ્યા છે અને ખેત મજદૂરોનો આ રાજયમાં વધારો થઇ રહ્યો છે. ગ્રામીણ વિકાસમાં આ સરકારના અણગમાના કારણે ગામડાં ખાલી થઇ રહ્યા છે અને શહેરીકરણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ શકે પણ એક મહત્ત્વનું ક્ષેત્ર રોજગાર છે. આજે ગુજરાતના યુવાનને પરસેવો પાડવો છે, એ દર–દર ભટકે છે પણ એ યુવાનને ક્યાંય રોજગાર નથી મળતો. વાઇબ્રન્ટ મહોત્સવની ઉજવણી પછી ગુજરાત વિવિધ ક્ષેત્રોની અંદર પાછળ ધકેલાયું અને એના આંકડા સાથે મારી વાતને હું પૂરી કરી દઇશ. ૨૦ રાજ્યોની સરખામણીમાં રાજ્યના ચોખ્ખા ઘરેલું ઉત્પાદનમાં આપણે ચોથા ક્રમે છીએ. રાજ્યના ચોખ્ખા ઘરેલું ઉત્પાદનના વૃદ્ધિદરમાં ત્રીજા ક્રમે છીએ. રાજ્યના ચોખ્ખા માથાદીઠ ઘરેલું ઉત્પાદનમાં ત્રીજા ક્રમે છીએ. રાજ્યના ચોખ્ખા ઘરેલું ઉત્પાદનના વૃદ્ધિ દરમાં રાષ્ટ્રીય સરેરાશમાં પાંચમા ક્રમે છીએ. માથાદીઠ વીજળીના ઉપયોગમાં આપણે ત્રીજા ક્રમે છીએ. બાળ મૃત્યુ દરમાં ૧૧માં ક્રમે છીએ. સાક્ષરતા દરમાં આપણે રાષ્ટ્રીય સરેરાશમાં સાતમા ક્રમે છીએ. જીવનની સંભાવનાઓમાં દસમા ક્રમે છીએ. ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોમાં મારું ગુજરાત રાષ્ટ્રીય સરેરાશમાં મુખ્ય ૨૦ રાજ્યોમાં દસમા ક્રમે અને સ્ત્રી–પુરૂષના પ્રમાણ દરમાં આપણે ૨૦ રાજ્યોની અંદર ૧૫માં ક્રમે છીએ. એક વાત સાથે મારે conclude કરી લેવું છે.

## સભાપતિ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ અધ્યક્ષસ્થાને

આ સન્માનીય સભાગૃહની અંદર બેટી બચાવોના કાર્યક્રમ આપણે આ ગૃહથી લઇ અને ગુજરાતની ગલીઓ સુધી લઇ ગયા. સેન્સેક્સ મુજબ ૨૦૦૧ની સરખામણીએ પ્રતિ ૧,૦૦૦ પુરૂષે ૯૨૧ મહિલાઓનો દર હતો એમાં આટલી બધી મહેનત અને જહેમત પછી પણ દીકરીઓનો દર બે ડિઝીટ ઘટ્યો અને ૨૦૧૧ થી ૨૦૧૩ અને ૨૦૧૪ થી ૨૦૧૬ના વિતેલા વર્ષોની અંદર જે પ્રતિ ૧,૦૦૦ બાળકોએ દીકરીનો દર હતો એ ૨૦૧૧ થી ૨૦૧૩ની સરખામણીએ ૨૦૧૪ થી ૨૦૧૬ વચ્ચે વધુ ૬૩ દીકરીઓએ ગુજરાતમાં જન્મવું મુનાસીબ સમજ્યું નહિ. આવું શું કામ થયું? રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ભાંગીને ભૂક્કો થઇ ગઇ છે. આ રાજ્યમાં મહિલાઓ ઉપર અત્યાચાર વધ્યો છે, શોષણ વધ્યું છે. એને જે અવસર પ્રાપ્ત કરાવવો જોઇએ એમાં સરકાર નિષ્ફળ નીવડી છે અને નલિયાની એક નિર્ભયાને ન્યાય અપાવવામાં સરકાર નિષ્ફળ નીવડી છે અને એટલે આ રાજ્યમાં દીકરી જન્મ લેતાં માંની કૂખની અંદર પણ ડરે છે. જે વિકાસનું સપનું દેખાડીને ગુજરાત મોડેલે સમગ્ર દેશની અંદર જનમત ઊભો કર્યો હતો એ ગુજરાતનું વિકાસ મોડેલ મને લાગે છે કે, એ સત્યથી વેગળી વાતને વારંવાર બોલી ફૂલાવેલ ફુગ્ગો છે. એ ફુગ્ગો જ્યારે ફૂટી જશે ત્યારે ખૂબ મોડું થઇ ગયું હશે. ત્યારે મને લાગે છે કે, આપણે ખૂબ મોડું થઇ ગયું હશે એટલે આપના મારફત માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ ૨૦૧૮–૧૯ નું અંદાજપત્ર આ ગૃહ સમક્ષ લઇને તમે આવ્યા છો, મને લાગે છે કે એ અંદાજપત્ર દિશાવિહીન છે, રાજયની મહિલાઓ, યુવાનો, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો, દલિતો, પછાતો, આદિવાસીઓ, ગામડાંવાસીઓ અને ખેડૂતો એક હજાર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને આ સમસ્યાઓનું સમાધાન જો સરકારે આ બજેટ દ્વારા રાજયની સરકારને આપ્યું હોત તો અભિનંદન આપતાં આનંદ થાત પણ કમનસીબે માનનીય અધ્યક્ષશ્રી, આ દિશાવિહોણા બજેટના કારણે ગુજરાતની ઉપર એક નવી આફત આવીને ઉભી રહેશે અને એ આફત છે કે આવતી કાલે મારું ગુજરાત એને દેવાળીયું ગુજરાત, સમગ્ર દેશમાં દેવાળીયું ગુજરાત કહે (અંતરાય) ત્યારે માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ મેં જે મુદ્દાઓ મૂકયા છે તેમાં તેનો વિગતે પ્રકાશ પાડે અને માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સાથે હું સહમત થતો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ અને સૌનો વિકાસ સુત્રને સાર્થક કરતા સર્વ સમાવેશ આ બજેટમાં જયારે થયો છે ત્યારે આદરણીય નાણા મંત્રીશ્રીએ ૧,૮૩,૬૬૬ કરોડ રૂપિયાનું જે બજેટ રજૂ કર્યું છે એમાં

ખેડૂતથી માંડી તવંગર સુધી, મજૂરથી માંડી વેપારી સુધી, માછીમારોથી માંડી આદિજાતિ સુધી, ગામડાંથી માંડી શહેરો સુધી અને આરોગ્યથી માંડી શિક્ષણ સુધી દરેક વાતને સાંકળી લઇને એક એવી ચેઇન ઉભી કરી છે કે વિકાસ કેવી રીતે થાય અને વિકાસના ફળ છેવટ સુધી કેવી રીતે પહોંચે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ દેવાની વાત થઇ રહી હતી. સાહેબ, દેવુ કોને મળે? તાકાત હોય, ધગશ હોય, એમાંથી ફરી નવા સ્ત્રોતો ઉભા કરી અને વિકાસ જે થાય અને એના કારણે રાજયની આવક વધતી હોય, રોજગાર પેદા થતો હોય, ખેડૂતની આવક વધતી હોય અને એના પરિણામે એ એનું જે રિપેમેન્ટ કરવાની કેપેસીટી રાજયની થાય એનું નામ વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, જયારે દેવાની વાત કરી ત્યારે રાજકોષિય ખાધ અત્યાર સુધીની સૌથી ઓછી એટલે કે ૧.૪૨ ટકા રહેવા પામેલ છે. બીજાં રાજયોની સરખામણીમાં પણ આ ખાધમાં આખા દેશમાં આપણી સૌથી ઓછી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને જયારે ખેડૂતની વાત માનનીય પરેશભાઇએ કરી છે કે, બજેટની અંદર ખેતીલક્ષી અને ખેડૂતો માટેની બજેટની ફાળવણી ઓછી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે જળસંપત્તિ વિશે કંઇક કહેવું છે. રાજયની સરકારે અને આદરણીય નીતિનભાઇએ લગભગ ૧૪,૮૫૫ કરોડ રૂપિયાની ફાળવણી લગભગ સાડા આઠ ટકા જેવી ફાળવણી પાણી માટે કરી છે. સાહેબ, આ પાણી એટલે પીવાનું પાણી, પાવાનું પાણી, ઘરે જઇને નળ ખોલવાની વાત કરી તો સાહેબ ભૂતકાળમાં તો સ્વપ્નુ હતું એ બેડાવાળી વાત અને ટ્રેનમાં પાણી લઇ જવાવાળી વાત, નળની વાત આજ તમે કરી રહ્યા છો બાકી એ ભૂતકાળનું જે સ્વપ્નું સાકાર કર્યું હોય તો એ આ સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં વર્ષ ૧૯૯૫માં ૩૫ લાખ હેકટરમાં ઈરીગેશન થતું હતું, તે આજે ૬૪ લાખ હેકટરમાં આ ઈરીગેશનની સુવિધાઓ આપણને ઉપલબ્ધ થઇ છે. થોડું ઘણું નર્મદા કેનાલનું નેટવર્ક પૂરું થાય એટલે ૭૦ થી ૭૨ લાખ હેક્ટર એટલે ૧૯૯૫ની સ્થિતિએ આપણે આ છેલ્લા ૨૨ વર્ષની અંદર લગભગ ડબલ જમીનને પાણી આપી શકીએ એ પરિસ્થિતિમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણને મૂક્યા છે. ગુજરાતને મૂક્યું છે. ખેડૂતની આવક ડબલ થઇ છે અને આવક ડબલ થઇ છે એના કારણે ખેડૂતના ઘરે મોટર સાયકલ, ગાડી, ટ્રેક્ટર જોવા મળશે. તમે ગામડાંની અંદર જઇને જોશો તો, ખેડૂતના ઘરે જઇને જોશો તો આજે ભૌતિક ઉપલબ્ધા પહેલાં ન હતી આજે ઘેર ઘેર ઉભી થઇ છે. મને કહેતાં આનંદ થાય છે કે, ફાઉન્ડેશન સ્ટોન નર્મદાનો ૧૯૬૦-૬૧માં મૂકાયો અને ફાઉન્ડેશન સ્ટોન મૂકાય એને જો મુર્તિનું રૂપ આપવાનું કામ કોઇએ કર્યું હોયને, ખાલી ફાઉન્ડેશન સ્ટોન મૂકવાથી કામ પૂરું થતું નથી. ભાખરાનંગલ પૂરી થાય, સરદાર સાહેબના નામ વાળી યોજના પૂરી કરવી હોત તો તેના માટે રાજકીય દ્રઢ ઇચ્છા શકિત એમનામાં હોત તો ઉપર કેન્દ્રમાં એમની સરકાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ તેમની સરકાર અને ગુજરાતમાં પણ તેમની સરકાર હોવા છતાં સરદાર સાહેબના નામ વાળી યોજનાના નામે કામ થાય તો ખૂબ મોટો ડેમ બને તો સરદાર સાહેબની વાહ વાહ થાય, એવી વાહ વાહ ન થાય એટલા માટે એક કામ વખતો વખત ૧૯૮૭ સુધી તો કાંઇ થયું નથી. જે કાંઇ થયું એ ૧૯૮૭ પછી શરૂઆત થઇ. દેવાની વાત કરવામાં આવી તો દેવું કોને કહેવાય તો નર્મદા માટે દોઢ ટકાના વ્યાજે લોકો પાસેથી પૈસા લેવા પડે, કયાંક સરકારમાં કોઇનું કામ પડે અને ફરજીયાત દોઢ ટકાના વ્યાજે પૈસા લેવા પડે, અને પગાર કરવા માટે પણ ઓવર ડ્રાફ્ટ લેવા પડે, અંબાજી માતાના મંદિરમાંથી લેવા પડે, આમ ઓવરડ્રાફ્ટ લઇ અને પગાર કરીએ, એ પરિસ્થિતએ પહોંચાડવાનું કામ જે તે વખતની સરકારોએ કર્યું હતું. આજે તો આપણને દેવું આપવા વાળાની સંખ્યા વધારે છે તો માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત કહેવું છે કે •(×××) મેધાપટકર સુધીના તમામ લોકોએ આ નર્મદા યોજના ના થાય એના માટેના પ્રયત્નો કરી રહ્યા હતા, પરંતુ આ તો નરેન્દ્રભાઇ હતા જેવા બેઠા એવા ગેઇટ મૂકયા અને બંધ પણ થયા અને પાણી ભરાવવાની શરૂઆત થઇ ગઇ.

નર્મદા બંધ ઈરીગેશન અને પીવાના પાણીની ફેસીલીટી માટે જે બનાવવામાં આવ્યો હતો એ ગુજરાતના વિકાસ માટે જે આ ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતનું સ્વપ્ન પૂરું કર્યુ છે ત્યારે મારે કહેવું પડશે કે, પીવાના પાણી, કેનાલ નેટવર્કિંગની કુલ ૭૧૭૪૪ કિલોમીટરની લંબાઇમાંથી ૫૧૧૪૨ કિલોમીટરની લંબાઇના કામો આ સરકારે પૂરાં કર્યાં છે, જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં મુખ્ય કેનાલનું ૧૦૦ ટકા કામ પૂરું કર્યું છે, બ્રાન્ચ કેનાલ ૯૧ ટકા પૂરી કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ, મેધાપટકર, *(×××) વિરોધ કર્યો છે એવું બોલ્યા છે, જે વ્યકિત ગૃહમાં હાજર ન હોય તેનું નામ દેવાય નહીં. કોંગ્રેસે આ યોજનાનો પાયો નાંખ્યો અને કોંગ્રેસના સમયમાં આ યોજનાની તમામ મંજૂરીઓ મળી છે. ગેરંટી પણ આપી છે. એટલે ગેહલોતજી અને બીજાં જે નામ લેવાયાં છે, તે યોગ્ય નથી.

સભાપતિશ્રીઃ હું રેકર્ડ તપાસીને જોઇ લઇશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂજલામ સૂફલામ યોજનાનો *(×××) જયારે મુખ્ય મંત્રી હતા ત્યારે તેમનો ગુજરાત સરકાર પાસે લેખિત રેકર્ડ છે, એમણે તો વિરોધ જ કર્યો છે, તમારે રેકર્ડ જોઇતું હશે તો બતાવીશ.

સભાપતિશ્રીઃ હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, બ્રાન્ચ કેનાલ ૯૫ ટકા, ડિસ્ટ્રીબ્યુટરી ૯૨ ટકા, માઇનોર -૮૨ ટકા અને સબ માઇનોરની કામગીરી ૬૪ ટકા આપણે પૂરી કરી છે. એક જ કચ્છ બ્રાન્ચ કેનાલ બાકી છે, બાકીની બધી જ કેનાલો આપણે પૂરી કરી છે એટલું જ નહીં કચ્છના ભચાઉ સુધી આપણે પાણી પહોંચાડી શકયા છીએ. ત્રણ પંપીંગ સ્ટેશનોની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

કામગીરી પૂર્ણ કરી ને સરકારે ટપ્પર ડેમ ભરવા માટે જે નર્મદાથી ૬૦૦ કિલોમીટર દૂર છે, ત્યાં સુધી પહોંચાડવાની સફળ કામગીરી આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નહેર માળખાની પ્રશાખા સુધી પૂર્ણ થયેલ નહેરો પૈકી કુલ આયોજીત ૧૭૯ર લાખ હેક્ટરમાંથી ૧૪ લાખ હેક્ટર આપણે સિંચાઇ ક્ષમતા હાંસલ કરી દીધી છે. ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં ૮૪૭૬ અને ૧૬૪ શહેરોને નર્મદાનું પીવાનું પાણી આપણે આપી દીધું છે. ખેડૂતોની જમીન બગડે નહીં સીપેજ થાય નહીં, ઉપર ખેતી થઇ શકે તેના માટે પાઇપ લાઇનની યોજના આ સરકારે દાખલ કરી, એટલે જે સબમાઇનોરો છે તેની જગ્યાએ પાઇપ દ્વારા ખેતરે ખેતરે પાણી પહોંચી શકે તેની વ્યવસ્થા આપણી સરકારે કરી છે અને ૧૯૭૦૦ કિલોમીટરની સબ માઇનોર કેનાલનું નેટવર્કીંગનું કામ આપણે પૂરું કર્યું છે. ૭.૩૮ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે. સૌથી અઘરો પ્રશ્ન જમીન સંપાદનનો છે એ તમને અને મને સૌને ખબર છે. ૫૩૫૪૪ હેક્ટર ખાનગી જમીન પૈકી પર હજાર હેક્ટર જેટલી જમીન સંપાદન કરી લીધી છે.

સુજલામ સુફલામ યોજના હોય કે, આદિજાતિ વિસ્તારમાં પાણી પહોંચાડવું હોય કે માછીમારોની વાત હોય કે દરિયા કિનારાના પ્રદેશોમાં ખારાશ આગળ વધતી અટકાવવાનું કામ હોય આ બજેટમાં એક પણ ખૂણો એવો નથી કે પાણીનું કામ ન થતું હોય. આકરા ઉનાળાની પરિસ્થિતિ આવી રહી છે ત્યારે ગુજરાતના ખૂણે ખૂણે દરેક નાગરિકને પીવાનું પાણી મળી રહે એના માટે આ સરકાર સજ્જ થઇ રહી છે.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પર હું ઉદ્યોગ અને ખાણ ખનીજની ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું.

હું માનનીય નાણામંત્રીશ્રીને ખાસ અભિનંદન આપીશ અને મને જણાવતા આનંદ થાય છે કે સન ૨૦૧૮–૧૯ના વર્ષના અંદાજપત્રમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કુલ જોગવાઇ ૪૪૧૦ કરોડ રૂપિયાની કરવામાં આવી છે. અમારી ભાજપની સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત જે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો છે એમ.એસ.એમ.ઇ.ના વિકાસ માટે જે વિશેષ યોજનાઓ અમલીકરણમાં આવી એના કારણે નાના ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો છે. આ માટે આગામી વર્ષે લગભગ ૮૪૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. એક કોમન ફેસેલિટી સહિતના એક હજાર જેટલા એકમો પ્લગ એન્ડ પ્રોડયુસ બહુમાળી શેડનું બાંધકામ કરવામાં આવશે જે પૈકી સો સેડ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે અનામત રાખવામાં આવશે જેથી નોંધપાત્ર રીતે રોજગારીની તકો વધશે અને યુવાનોને રોજગારી પણ મળશે. મને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાત સરકારે અર્થતંત્રના વૈવિધ્યકરણ માટે આયોજનબદ્ધ પગલાં ભર્યા છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. ટેકસટાઇલ પોલિસી, ગાર્મેન્ટ એન્ડ એપેરલ પોલિસી, સંરક્ષણ અને એરોસ્પેસ પોલિસી, પ્લાસ્ટિક ઉદ્યોગ અને સુધારેલી યોજનાઓ છે તેની કુલ જોગવાઇ ૮૫૦ કરોડ કરવામાં આવી છે.

ટેકસટાઇલની વાત આવે ત્યારે મને આનંદ એટલા માટે થાય કે હું પોતે ટેકસટાઇલ મશીન મેન્યુફેકચરર છું, મારા સાથી મિત્ર હસમુખભાઇ પણ ટેકસટાઇલ ફેબ્રીકસ મેન્યુફેકચરીંગ સાથે જોડાયેલ છે. અમદાવાદ એક વખતનું ટેકસટાઇલ અને મેન્યુફેકચરીંગનું માન્ચેસ્ટર કહેવાતુ હતું. મને જણાવતા આનંદ થાય છે કે ભારતને પ્રથમ ટેકસટાઇલ મેગા શો જે ગુજરાતમાં યોજવામાં આવ્યો હતો અને દેશ અને વિદેશના ટેકસટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોએ ભાગ લીધો અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ફાઇવ એફ વિઝનની વાત કરી હતી. ગુજરાત ટેકસટાઇલની અંદર લોકોને સૌથી વધુ રોજગારી આપતું સાબિત થયું ત્યારે હું કોંગ્રેસના મિત્રોને ચોક્કસ કહીશ કે ગુજરાત ટેકસટાઇલ એકસપોર્ટનું અગ્રેસર રાજ્ય બન્યું છે. ફાઇવ એફની વાત કરી એમાં એફ ફોર ફાર્મ, એફ ફોર ફેબ્રિકસ, એફ ફોર ફાઇબર, એફ ફોર ફેશન અને એફ. ફોર ફોર્મર, આ રીતે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ફાઇવ એફનું સરસ વિઝન બતાવ્યું હતું.

ધોલેરા સરના વિકાસ માટે આ વર્ષના બજેટમાં ર૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એમ.એસ.એમ.ઇ. ના એકમો માટે સ્ટાર્ટ અપ ફંડ માટે ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતના યુવાધનના રીસર્ચ અને ઇનોવેશન માટે પણ જયારે પેરા ટેપની સ્ટાર્ટ અપ પોલિસી એટલે સહાય માટે તેમજ રીસર્ચ લેબોરેટરીના શુદ્ધિકરણ માટે ૧૮ કરોડની સહાય જોગવાઇ કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર નાના અને છેવાડાના માનવીનો કોઇપણ ઉદ્યોગ હોય મીઠા ઉદ્યોગના અગરીયાઓ માટે કલ્યાણકારી યોજનાઓ છે એના માટે પણ ૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ બધી યોજનાઓથી ઉદ્યોગોનો ખૂબ વિકાસ થઇ રહ્યો છે ત્યારે રીસર્ચ અને ઇનોવેશન દ્વારા યુવા સાહસિકોને પ્રોત્સાહન આપતી સંસ્થા દ્વારા આઇ ક્રીએટ માટે પણ કોપર્સ ફંડ માટે દસ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત સરકારને ઉદ્યોગ વેપારને શ્રેષ્ઠ સવલતો અને બહેતરીન માળખાકીય સુવિધાઓ તથા સરળ પ્રક્રિયાઓ બદલ વિશ્વબેંક દ્વારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે ભારતના તમામ રાજ્યોમાં પ્રથમ અને અગ્રસ્થાન પ્રાપ્ત થયું છે. ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ હેઠળ જાપાન ઇન્ટરનેશનલ કો–ઓપરેશન એજન્સી (જેઆઇસીએ)ના સહયોગથી ઔદ્યોગિક માળખાના વિકાસ માટે અંદાજે ત્રણ વર્ષમાં ૯૭૫ કરોડ ફાળવવાના છે એમાંથી આ વર્ષે ર૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને આપણને સૌને આનંદ થાય કે માનનીય વડાપ્રધાનના પ્રયત્નો થકી દેશ–વિદેશમાં વધતું જતું ભારતનું માન, ભારતની આગવી ઓળખ જયારે ઉભી થઇ છે ત્યારે ગુજરાતની પણ એક આગવી ઓળખ ઉભી થઇ છે. વાઇબ્રન્ટ સમિટ હોય, બિઝનેસ સમિટ હોય, ઇન્વેસ્ટમેન્ટ સમિટ જેવા કાર્યક્રમોથી દેશ–વિદેશના રોકાણકારોને પોતાના રાજ્ય તરફ ખેંચી લાવ્યા છે અને ઉદ્યોગોને સફળતા મળી રહી છે.

૧૯૯૫-૯૬ પહેલાં માત્ર ૨૦ એન્જિનિયરીંગ કોલેજો હતી આજે ૨૩૮ કોલેજો થઇ છે. તેના કારણે જે એન્જિનિયરો વધ્યા છે તેના લીધે ગુજરાતમાં ખૂબ સારી સફળતા મળી છે. માનનીય નરેન્દ્રભાઇની નેમ રહી છે, ગંદકી-ભારત છોડો, ભ્રષ્ટાચાર-ભારત છોડો, ગરીબી-ભારત છોડો, આતંકવાદ ભારત છોડો, જાતિવાદ-ભારત છોડો, સંપ્રદાયવાદ- ભારત છોડો. આના કારણે સમગ્ર દેશની જનતા જયારે નરેન્દ્રભાઇને, ભારતીય જનતા પાર્ટીને સ્વીકારી રહી છે, માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇના વડપણ હેઠળ ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪માં જયારે સરકારમાં બેઠી ત્યારે માત્ર સાત રાજયોમાં ભાજપની સરકાર હતી અને ૧૩ રાજયોમાં કોંગ્રેસની સરકાર હતી. આજની પરિસ્થિતિમાં ૨૧ રાજયોમાં ભાજપ છે અને માત્ર ચાર રાજયોમાં કોંગ્રેસ છે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮-૧૯નું બજેટ માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે રજૂ કર્યું છે. નીતિનભાઇ પટેલ સાહેબને બજેટ રજૂ કરવાની તક મળી તે બદલ અભિનંદન આપું છું. બાધાઓ કર્યા પછી. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપના ૧લી મે, ૧૯૬૦ના રોજ થઇ. ગુજરાતની સ્થાપના થયા પછી આ ગુજરાતનું શાસન કોંગ્રેસે ૨૫ વર્ષ સંભાળ્યું અને ૨૫ વર્ષ જેટલું શાસન ભારતીય જનતા પક્ષે સંભાળ્યું. ગુજરાતની સ્થાપના થયા પછી આ બન્ને પક્ષોએ સરખે સરખું શાસન સંભાળ્યું છે. બન્ને પક્ષોએ પોતપોતાની રીતે ગુજરાતને આગળ લઇ જવા માટેનો પ્રયત્ન કર્યો છે, પણ દરેકની પ્રાયોરિટી અલગ-અલગ હોય છે. કોંગ્રેસની પ્રાયોરિટી અલગ હોય, તેમની પ્રાયોરિટી અલગ હોય. ગુજરાત હંમેશા શાંતિમય ગુજરાત રહ્યું છે. આજથી નહીં, પુરાતન યુગથી યાદવાસ્થળી છોડીને ભગવાન કૃષ્ણે ગુજરાતમાં આવીને દ્વારકામાં પોતાનું રાજ સ્થાપ્યું. સહજાનંદ સ્વામિ ઉત્તર પ્રદેશમાં ભલે જનમ્યા હોય પણ ધર્મનો પ્રચાર કરવા માટે શાંતિપ્રિય પ્રજાની વચ્ચે આવીને સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રચાર કર્યો. ભક્ત કવિયત્રી મીરાબાઇ ભલે રાજસ્થાનમાં જન્મી હોય, મેવાડની મહારાણી હોય, પણ શાંતિ માટે કોઇ એવા શાંતિમય રાજયમાં ધર્મનો પ્રચાર કરવા  કે ધર્મ કેળવવા માટે દ્વારકામાં આવીને પોતાનું જીવન પૂરું કર્યું. ભગવાન રજનીશ, આવા અનેક મહાન પુરુષો ગુજરાતમાં જતાં-આવતાં રહ્યા. તેનાથી આગળ વધીએ તો ગુજરાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને જન્મ આપ્યો અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને જન્મ આપ્યો. વીર નર્મદ, રવિશંકર મહારાજ, સહજાનંદ સ્વામિ, ઇન્દુલાલ યાજ્ઞિક. અમારી સરકારો ચાલતી હતી ત્યાં સુધી ગુજરાતમાં કેવા કેવા નામો લોકોની જીભે રમતા હતા. છેલ્લા ૨૨ વર્ષના શાસનમાં હું કોઇની ટીકા કરવા માગતો નથી, પણ સવારનું પેપર ખોલો અને છેલ્લા ૨૨ વર્ષથી હું જોઉં છું તો દાણી, અદાણી, અંબાણી, અડવાણી, કોડનાની, રહી જતું હતું તો પાછું વાઘાણી, રૂપાણી અને અમારે ધાનાણી મૂકવા પડ્યા. આ પરિસ્થિતિ છેલ્લા ૨૨ વર્ષથી જોવા મળે છે. આનો તફાવત.

માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ છે કે ગુજરાતની જનતા માટે તમે જે કોઇ કાર્યો કરો અને જે બજેટ રજૂ કરો એ બજેટમાં સરવાળે પાણી, શિક્ષણ, આરોગ્ય આ બધી સુવિધાઓ કેવી ઉપલબ્ધ કરો છો તેના અનુસંધાને ભારત સરકાર દર વર્ષે દરેક રાજયનો હેપીનેસ ઇન્ડેક્ષ બહાર પાડે છે. ગુજરાતનો હેપીનેસ ઇન્ડેક્ષ હતો એ છેલ્લા ૨૨ વર્ષમાં ઘટતો રહ્યો છે. ગુજરાત સમગ્ર દેશમાં કોંગ્રેસના શાસન વખતે હેપીનેસ ઇન્ડેક્ષમાં ત્રીજા ક્રમાંકે રહેતું હતું, એ ઉપર એમની એન.ડી.એ.ની સરકાર બન્યા પછી મોદી સાહેબની સરકારે હેપીનેસ ઇન્ડેક્ષ બહાર પાડ્યો છે એમાં ૧૨મા ક્રમાંકે ગયું. ગુજરાતની શાંતિ જોખમાઇ, ગુજરાતનું સુખ હણાયું એટલા માટે તમારો હેપ્પીનેશ ઇન્ડેક્ષ ગુજરાતનો ઘટયો છે. હું આખા બજેટની વાત ન કરું, હું આખા ગુજરાતની વાત ન કરું અને ફક્ત મારા ગાંધીનગરની વાત કરું અને પાટનગર યોજનાની વાત કરું અને એના માટે જે સવલતો ઉભી કરવાની વાત હોય તો આ બજેટમાં થોડીક જોગવાઇ કરવાની જરૂર છે. જે જમીન ઉપર આપણું સચિવાલય બન્યું છે અને સરકારના હેડ કવટર્ર બન્યા છે અને આખી સરકાર રચાઇ છે અને એ જમીન જે ખેડૂતોની સંપાદન કરી એ અસરગ્રસ્ત ખેડૂતો આજે પણ મામલતદાર કચેરી કે કલેક્ટર કચેરીમાં દર દર ભટકી રહ્યા છે અને ધક્કા ખાય છે. એમને પૂરું વળતર મળ્યું નથી. વળતર મળ્યા સિવાય એમને ત્રણ લાભ આપવાના હતા પ્લોટ અને જમીન, આ પ્લોટ અને જમીન માટે હાઇકોર્ટે ચૂકાદાઓ આપ્યા પછી પણ એ લોકોને લાભ મળતા નથી. એમાં સેન્સીટીવીટી કેળવીને એ પ્રશ્ન ઝડપી ઉકલવાની જરૂર છે. એનાથી આગળ અહીંયાં કર્મચારીઓ વસે છે. આ કર્મચારીઓનું નગર છે સરસ્વતીની નગરી ગણાય છે. પણ આ જે કર્મચારીઓને રહેણાંક આપવામાં આવે છે. કેટેગરી-૧, ૨ એ કોંગ્રેસના શાસનમાં બનાવવામાં આવ્યા હતા. ૫૦ વર્ષ પહેલા એ કેટેગરીઓમાં આજે રીપેરીંગ પણ થતું નથી અને રહેવાલાયક મકાનો રહ્યા નથી. એ કર્મચારીઓ માટે સારી સુવિધા ઉભી કરવી જોઇએ. આખા રાજ્યમાં કર્મચારીઓને પ્લોટ આપવાની યોજના હતી. એ તો સદંતર બંધ કરી દીધી. તમે પ્લોટ આપવાનું કેમ બંધ કર્યું? કર્મચારીઓ કેમ તમારા દુશ્મનો છે ? કર્મચારીઓને પ્લોટ આપવાનું બંધ, મફત ગાળાના પ્લોટ આપવાનું બંધ, રાહતદરે પ્લોટ આપવાનું બંધ. છેલ્લા ૨૨ વર્ષથી આ કેમ બંધ કર્યું છે? (અંતરાય) શબ્દો કાઢી નાખજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાઢી નાખવાની વાત કરતો નથી. ગાંધીનગરમાં કોઇપણ વ્યક્તિને કે કોઇપણ સંસ્થાને પ્લોટ ફાળવવા બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં અત્યારે સબ જ્યુડીશ મેટર છે. છેલ્લા દસ વર્ષથી આ કેસ ચાલે છે. હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ બન્ને જગ્યાએ કેસ ચાલુ છે. મને લાગે છે કે આવતા અઠવાડીયે એની મુદત છે. એટલે આ વિષય આપ ન લો તો સારું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ કહું તો અહીંયાં પીવાના પાણીની સગવડ બરાબર નથી. ૨૨ વર્ષના શાસનમાં ત્રીજા માળે તમે પાણી પણ પહોંચાડી શકતા નથી. ધીમી ધારે ધીમે ધીમે પાણી પહોંચે, સરકારી

કર્મચારીને દસ વાગ્યે, સાડા દસે ઓફિસે પહોંચવાનું હોય, પાણીનો પૂરતો જથ્થો પણ ન્હાવા-ધોવા માટે ન મળે. આવી પરિસ્થિતિ ગાંધીનગરમાં હોય ત્યારે તમારે ચિંતિત થવું જોઇએ અને વિચારવું જોઇએ. ગાંધીનગરની વાત છોડો. તમે જે કોઇ બજેટ રજૂ કરો છો એમાં કોની ચિંતા કરો છો? ખેડૂતની ચિંતા કરો છો ખરા? હું આંકડાઓ રજૂ કરવા માગું છું. માનનીય રૂપાણી સાહેબે આંકડાઓ રજૂ કર્યા કે ૧૯૯૫-૯૬માં જે આવક હતી એના કરતાં કરોડો રૂપિયાની ખેડૂતોની આવક વધી. આવક વધારાના આંકડાઓ રજૂ કરવાથી આવક વધી ન ગણાય. જે બાજરીનો ભાવ ૪૦ વર્ષ પહેલા એક મણનો પાંચ રૂપિયા હતો એ ભાવ રૂ.૨૦૦/-એ પહોંચ્યો હોય એટલે રકમ ઉપરથી ખેડૂતની આવક વધી એના આંકડા ન જોઇ શકાય. એની અંદર પ્રતિ હેક્ટર કેટલા કિલો ઉત્પાદન વધ્યું એ બતાવવું જોઇએ. જ્યારે ગુજરાતની સ્થાપના થઇ ત્યારે અને ગુજરાતની સ્થાપના થયા પછી ૨૫ વર્ષ કોંગ્રેસે શાસન કર્યું ત્યારે ખેડૂતલક્ષી જે કોઇ યોજનાઓ કરી, સિંચાઇ યોજનાઓ કરી, નહેરો બનાવી, ઉત્તર ગુજરાતના લોકો માટે પીવાના પાણીના ટ્યૂબવેલ બનાવ્યા. ખેતી માટેના જોડાણો આપવામાં આવ્યા, ખેડૂતોને સગવડ આપવામાં આવી, પાકનું રક્ષણ કરવામાં આવ્યું, ટેકાના ભાવ આપવામાં આવ્યા. ખેડૂતોએ જે કોઇ સગવડો પ્રાપ્ત કરી એના કારણે પ્રતિ કિલો હેક્ટરે ઉત્પાદન હતું એ ૧૯૬૦માં જે આંકડાઓ સરકારે રજૂ કર્યા છે એ એક પણ મારા આંકડા નથી. એ ૧૯૬૦માં જે પાક ઉત્પાદનના આંકડાઓ હતા અને ૧૯૮૫-૮૬માં જ્યાં સુધી કોંગ્રેસનું શાસન ચાલ્યું ત્યાં સુધીના ઉત્પાદનના આંકડાઓ હતા અને ૧૯૮૫-૮૬થી અત્યાર સુધીમાં એમનું જે શાસન ચાલ્યું એમાં એમ કહે છે કે અમે પ્રવેશોત્સવ કર્યા, કૃષિ મહોત્સવ કર્યો એટલે ખેડૂતો સદ્ધર થયા અને ઉત્પાદન ખૂબ વધ્યુ. આ આંકડાઓ ગુજરાત સરકારે વેબસાઇટ ઉપર એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટે મૂકેલા છે એ હું રજૂ કરું છું. તો સરકાર એના ઉપર ધ્યાન આપે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે એના માટેની યોજનાઓ ઘડે એના માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦માં પ્રતિ કિલો હેક્ટર ઉત્પાદન હતું એવા આઠ-દસ જ પાક લેવા માગું છું. એક તો દિવેલાનું ૧૯૬૨-૬૧માં ૨૬૩ કિલો પ્રતિ હેક્ટર હતું, એ ૧૯૯૮-૯૯માં જ્યાં સુધી કોંગ્રેસની સરકારો અને ટેકાવાળી સરકારો ચાલી ત્યાં સુધીમાં ૨૦૦૦ કિલો સુધી પહોંચ્યું. આજે ૨૨ વર્ષના શાસન પછી ૧૯૮૯ એટલે કે ઘટ્યું હેક્ટર દીઠ જે પ્રતિ કિલો દિવેલાનું ઉત્પાદન થાય છે એ ઘટ્યું. બીટી કપાસ- જે ૧૯૬૦-૬૧માં પ્રતિ કિલો હેક્ટર દીઠ ૧૩૯ એ ૧૯૯૮-૯૯માં ૨૩૨ થયું. આજે ૨૦૧૬-૧૭માં એ ૩૪૩ સુધી ગયું છે. જે મામુલી વધ્યું છે. એ જ રીતે કોઇપણ પાક લો એના આંકડા હું રજૂ કરીશ. એમના એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના આંકડાઓ વેબસાઇટ ઉપર મૂકેલા છે. કોઇપણ પાકનું ઉત્પાદન વધ્યું નથી. એનો મતલબ એ કે ખેડૂતલક્ષી તમે ઉત્સવો કર્યા, કૃષિ મહોત્સવ કર્યા, ગામડે ગામડે તમે કૃષિ મહોત્સવ લઇ ગયા, સારી સારી વાતો કરી, સારા સારા સપના દેખાડયા પણ ખેડૂતને ઉપયોગી તમે કોઇપણ નવી સિંચાઇ યોજના ના આપી. કોઇપણ તમે સારી સુવિધાઓ ના આપી. સસ્તા બિયારણ ના આપ્યા. સારી જે સંસ્થાઓ છે જી.એન.એફ.સી., એગ્રીકલ્ચર યુનિવર્સિટી, સોઇલ હેલ્થ કાર્ડ, આવી જે સગવડો હતી જે ભારત સરકારે કોંગ્રેસની સરકારમાં દરેક જિલ્લામાં જમીન પૃથ્થકરણ લેબોરેટરીઓ જે મૂકવામાં આવી હતી એનો પણ અર્થ લાગતો નથી. એક સરસ એગ્રીકલ્ચર યુનિવર્સિટી કામ કરતી હતી આખા ગુજરાતમાં અને આખા દેશમાં વિખ્યાત હતી અને નવી નવી જાતો બટાટા, શંકર ચાર કપાસ, બિયારણોની જાતો શોધતી હતી એ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના પણ ભાગલા પાડી દેવામાં આવ્યા. પાંચ પાંચ યુનિવર્સિટીઓ બનાવી દીધી. કોઇ એમાં રણીધણી નહીં. કોઇ એની પાછળ મૂલ્યાંકન નહીં અને આજે ખેડુતોની દુર્દશા થાય એ તરફ કામ જઇ રહ્યું છે. આ એક જ બાબત નથી, આવી અનેક બાબતો છે. ખેડુત હોય, ખેતમજૂર હોય, પશુપાલક હોય, પશુપાલનને લગતી યોજનાઓ હોય, સિંચાઇને લગતી યોજનાઓ હોય, આરોગ્ય અને શિક્ષણ તો ખાડે ગયું છે એમ કહીએ તો પણ ખોટું નથી. ત્યાં ફક્ત વેપારીકરણ ચાલે છે એવું કહેવામાં મને કોઇ દુઃખ થતું નથી. આ પરિસ્થિતિ આ ગુજરાત સરકારે ગુજરાતની પ્રજાની કરી છે એમાંથી બહાર કાઢવા માટે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે થોડા પ્રયત્ન તો કર્યા છે પણ હજી એમાં મહેનત કરવાની જરૂર છે. હજુ ખેડુત માટે, ઉત્તર ગુજરાત કે સૌરાષ્ટ્રમાં જયાં પાણીની સુવિધાઓ બિલકુલ નથી, પીવાના પાણીની સુવિધા નથી. આજે ઉત્તર ગુજરાતના ખેડુતોને છેલ્લુ પિયત આપવાનું બાકી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે છેલ્લું પિયત આપ્યું હોત તો આખો પાક બચી જાત. છેલ્લુ પિયત આપવામાં આવતું નથી, નર્મદાનું પાણી ત્યાં છેલ્લા પિયતમાં પહોંચાડી શકતા નથી. સુજલામ સુફલામની યોજના અને આપણે નદીઓના જોડાણની વાત કરી, આપણા પ્રાઇમ મિનીસ્ટર મોદી સાહેબે અહીંયા જાહેરાત કરી હતી અને ઉપર ગયા પછી પણ જાહેરાત કરી હતી કે હવે હું નદીઓનું જોડાણ કરીશ, નર્મદામાંથી સાબરમતીમાં નાખીશ. સાબરમતીમાંથી સરસ્વતીમાં નાખીશ. સરસ્વતી નદી બંને કાંઠે વહેશે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ...

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ અભ્યાસુ અને વિદ્વાન નાણામંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ ૨૦૧૮-૧૯નું ૧,૮૩,૬૬૬ કરોડનું બજેટ ગુજરાતના સર્વાંગી વિકાસ યાત્રામાં નવા પ્રાણ પુરનારું, સર્વસ્પર્શી, લોકઉપયોગી, લોકો માટે વિકાસના કામોના નાણાનો ધોધ વહાવનારું બજેટ છે એમ કહું તો ખોટું નથી. અસરકારક અને પારદર્શક શાસન દ્વારા મહત્તમ વિકાસને સર્વસમાવેશક બનાવવાનો સરકારનો અભિગમ છે અને એટલા માટે જ આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇએ કહ્યું હતું કે We have made commitment to our people, we have made commitment to ourselves and we have made commitment to India for growth and future. ગુજરાતના વિકાસની સાથે સાથે ભવિષ્યની સુખ શાંતિ અને ઔદ્યોગિક વિકાસના દંડને પણ ઉપર લઇ જવો એના માટે લો

એન્ડ ઓર્ડર તથા જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ એટલે કે જસ્ટીસ સેકટરને નજર અંદાજ કરી શકાય એમ નથી. બધી જ વાત થઇ પરંતુ જે ફીસ્કલ ડેફીસીટની વાત છે, ગુજરાત સરકારને આપણે બધાએ અભિનંદન એટલા માટે આપવાના હોય કે એના જે ત્રણ ટકાના નોર્મ્સ ફીસ્કલ ડેફીસીટના છે, આ વખતે ૧.૭૫ ટકા એ ફીસ્કલ ડેફીસીટ રાખી છે. આપણે બધા ગમે તે વાત કરતા હોઇએ પરંતુ જી.ડી.પી. ગ્રોથની હું વાત કરું આપણે બધા ગૃહના તમામ સભ્યોએ આ થર્ડ કવાર્ટરનો જી.ડી.પી. ગ્રોથ છે એ ૭.૨ ટકા આવે છે. ચાઇનાનો ૬.૮ છે. આજે સમગ્ર દુનિયાની અંદર ભારત એ જી.ડી.પી. ગ્રોથમાં પ્રથમ નંબરે છે. જસ્ટીસ ડીલીવરી સીસ્ટમની હું વાત કરતો હતો. એના માટે આદરણીય નાણામંત્રીની સંવેદનાના દાખલા હું એટલા માટે કહું કે ન્યાય તંત્રની અંદર ૧૮૧૭ કરોડના બજેટની દરખાસ્તમાં એક પણ કાપ મૂકયા વગરનું બજેટ એમણે રજૂ કર્યું છે. ૨૦૦૩-૦૪ની અંદર ન્યાયતંત્રનું બજેટ ફકત ૧૪૦ કરોડનું હતું એમાં ૧૫૦૦ ટકાનો વધારો કરીને ૧૮૧૭ કરોડનું બજેટ થયું છે. રાજ્યની અંદર એક પણ તાલુકો એવો નહીં હોય કે જયાં રાજય સરકાર દ્વારા તાલુકાની કોર્ટ મંજૂર કરવામાં નહીં આવી હોય. ૨૪૯ તાલુકાઓમાં દરેક તાલુકામાં કોર્ટો મંજૂર કરવામાં આવી છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને હવે સૌને સમાન ન્યાય આ વિચારોને મૂર્તિમંત કરતી રાજ્ય સરકાર જે નાગરિક અદાલાતની અંદર કેસ દાખલ કરે એના એક જ વર્ષમાં એ કેસનો નિકાલ થાય એના માટે પણ રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. ગ્રોસ હેપીનેસ ઇન્ડેક્સની વાત આદરણીય ચાવડાજી કરતા હતા. પણ મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન રિપોર્ટ અનુસાર ગુજરાત રાજ્ય સતત બીજા વર્ષે પણ પોવર્ટી રીડક્શન પ્રોગ્રામમાં સૌથી આગળ છે. આ ખૂબ મોટી વાત છે. આ સરકાર પ્રો પીપલ એન્ડ પ્રો એક્ટિવ ગવર્નમેન્ટ માટે આગળ છે. નાની વાત એટલા માટે છે કે ખેડૂતોની જમીન સંપાદનની વાત હતી. આ ગુજરાત સરકાર પહેલી એવી સરકાર છે કે જેમણે આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ હાઇકોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં એક ખાસ સમિતિની રચના કરી છે અને આ સમિતિ વાજબી વળતર નક્કી કરે છે. એણે કોર્ટમાં જવું પડતું નથી અને એના લીધે એમના અડધા પ્રશ્નો સોલ્વ થઇ જાય છે. સરકારની આ દીર્ઘદ્રષ્ટિ છે. જેલમાં રહેતા કેદીઓ પોતાના હક્ક માટેની લડાઇમાં નાણાકીય સહાય ન હોય તો પણ લીગલ એડવાઇઝરી સર્વિસ માટે સરકારી વકીલના મહેનતાણામાં ૨૦૦ ટકાનો વધારો કર્યો છે. આજે ગરીબ અને નાનામાં નાના માણસને ન્યાય મળી શકે તેમ છે. નજીકના દિવસોમાં મહિલા દિન આવી રહ્યો છે ત્યારે મહિલા સશક્તિકરણના અનુસંધાને ફેમિલી કોર્ટમાં મહિલાઓને લગતા કેસો ચાલે છે. આજે ૬૬ જેટલી ફેમિલી કોર્ટો મંજૂર કરી છે. મારા નવસારી શહેરમાં પણ ફેમિલી કોર્ટ ચાલે છે. રાજ્યમાં પ્રથમવાર મોર્નિંગ અને ઇવનિંગ કોર્ટની યોજનામાં પણ આપણે આગળ વધી રહ્યા છીએ. છેલ્લી વાત કહેવાનું મન થાય અને એ શાયરી મારફતે મારી વાત પૂરી કરીશ. વિરોધ પક્ષ જે વાત કરતો હતો એમાં એમને એટલા માટે કહું છું કે,

'' પૂરી ઉંમર આપ ગલતિયાં કરતે રહે, ધૂલ તો થી ખુદ કે ચહેરે પે, મગર આયના સાફ કરતે રહે.''

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ સૌનો વિકાસ, યુવાનથી લઇને વડિલ સુધી, મહિલાઓની સુરક્ષાથી લઇ મા-વાત્સલ્ય સુધી આદરણીય ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ૨૦૧૮-૧૯નું ૧ લાખ ૯૩ હજાર ૬૬૬ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યની ઇમેજ એની શાંતિ અને સુરક્ષા ઉપર હોય છે. જે પ્રમાણે ગૃહ વિભાગમાં ૫૪૨૦ કરોડની જોગવાઇ કરી છે એને હું સમર્થન આપું છું. જ્યારે ગૃહ વિભાગની વાત હોય ત્યારે જ્યારે જ્યારે આ ગુજરાતની સુરક્ષાની વાત હોય ત્યારે આ રાજ્યના પૂર્વ ગૃહ પ્રધાન અને હાલના ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહને ક્યારેય ન ભૂલી શકાય. કારણ કે જે પ્રકારે ગુજરાતમાં પડોશી દેશના માધ્યમથી જે પ્રકારે અલગ અલગ રીતે ગુજરાતની શાંતિ ડહોળવાના અનેક પ્રયત્નો થતા હતા ત્યારે ગૃહ પ્રધાન આદરણીય શ્રી અમિતભાઇ શાહે પોતાના પર્સનલ જીવનમાં સંઘર્ષ લઇને અનેક એવી ટીકાઓ સહન કરીને ક્યારેય ગુજરાત રાજ્યની શાંતિ ડહોળાવા દીધી નથી. આ માટેનું શ્રેય શ્રી અમિતભાઇ શાહને આપું છું. આ જ પ્રકારે આમાનાં જ અહીં બેઠેલા લોકોએ ગુજરાત રાજ્યના અલગ અલગ સમાજોને નાની નાની વાતોમાં રોજ-બરોજ લડાવવાનો પ્રયત્નો કર્યા છે. આમછતાં ક્યારેય ગુજરાત રાજ્યની શાંતિ ડહોળાય તેનો મોકો આપ્યો નથી એ બદલ ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ વિરોધપક્ષના નેતા અચાનક જ જાણે કે દેવતા એમનામાં આવી ગયા હોય એ પ્રકારે બોલતા હતા. અનેક દિવસોથી અનેક સભ્યો એમ કહે છે કે ગુજરાતમાં જાણે કે પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇએ જ બધું કામ કર્યુ છે. હું એમની વાત જોડે સંમત છું. (અંતરાય)

સભાપતિશ્રી: માનનીય અમિતભાઇ, પ્લીઝ, (અંતરાય) માનનીય સભ્યશ્રી પ્લીઝ. પ્રતાપભાઇ આ બેઠા બેઠા ના બોલો પ્લીઝ.

શ્રી હર્ષ ર. સંઘવી : તમે લોકોએ ઘણું કરેલું હતું. તમે લોકોએ ગુજરાતને શું આપેલું? હમણાં મારાભાઇ અદાણીની વાત કરતા હતા. અલગ અલગ લોકોની વાત કરતા હતા. તમે ગુજરાતને શું આપેલું? તમે ગુજરાતને લતીફ આપેલો, તમે ગુજરાતને મહમ્મદ સુરતી આપેલો, તમે ગુજરાતને આરીફ અન્સારી આપેલો, તમે ગુજરાતને એ પ્રકારની ઇજ્જત આપેલી હતી. હું ગૃહમંત્રી અને આ ગુજરાત સરકારના તમામ ઓફિસરોને અભિનંદન આપું છું, એમનો આભાર માનું છું. ગુજરાત સરકારનો આભાર માનું છું. જે પ્રકારે એક સભ્યનો થોડાક જ દિવસ પહેલા એક ગાડીમાં વિડિયો વાયરલ થયેલો. જે પોલીસ જવાનો પાટણ અને બનાસકાંઠા જિલ્લાની અંદર હમણાં પૂર આવેલું. રાત-દિવસ ધબાધબ પાણી ડૂબે એટલા પાણીમાં આ

ગુજરાતીઓની સુરક્ષા કરતા હતા એવા પોલીસના જવાનોને બેફામ ગાળો આપતા હતા એવા વિડિયો ગુજરાતમાં વાયરલ થયા છે અને આજે એ સુરક્ષાની વાત કરે છે. એક સમયે સોહરાબુદ્દીનની જે વકીલાત કરતા હતા એને ગુજરાતની વકીલાત કરવાની, ગુજરાતની સુરક્ષાની વાત કરવાનો કોઇ પણ પ્રકારનો અધિકાર નથી. આ ગુજરાતની વાત કરીએ તો આ ગુજરાતમાં રાત્રે બે વાગે અમારા સુરતની અંદર નવરાત્રી પૂરી થતી હોય અને તમામ મહિલાઓ એકલી સ્કુટી પર ઘરે જાય છે એ આ ગુજરાત છે. આ ગુજરાતનું મને ગર્વ છે અને તમને સૌને ગર્વ હોવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું સુરતથી આવું છું. મારા સુરતમાં આટલા મોટા ઉદ્યોગો છે, રોજગાર છે, દુનિયાના અને આ દેશના અનેક યુવાનોને રોજગાર આપવાનું કામ અમારું સુરત કરે છે. મારા સુરતના એરપોર્ટને રોકવા માટે કોંગ્રેસની સરકાર જ્યારે કેન્દ્ર સરકારમાં હતી ત્યારે એક પણ ફ્લાઇટ નહોતી ઉડવા દેતી. આ બજેટમાં હું નાણા મંત્રીશ્રીનો આભાર માનું છું. જે પ્રકારે ઇન્ટરનેશનલ ફ્લાઇટની સેવાઓ શરૂ થાય તે માટે ૧.૧૧ કરોડની જોગવાઇ કરીને સુરતની અંદર ઇમીગ્રેશન ચાલુ કરવા માટેનો જે પ્રયાસ કર્યો છે એ બદલ પણ એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે પોલીસનું આધુનીકરણ, ફોરેન્સિક લેબોરેટરી, અલગ અલગ અનેક વ્યવસ્થાઓ આદરણીય ગૃહમંત્રીશ્રીના પ્રયાસથી આ ગુજરાતની અંદર અનેક એવા આપણા આયામો ચાલુ થયેલા છે અને નવા બજેટની અંદર પણ આજે ફાળવણી કરી છે એ પણ અભિનંદનને પાત્ર છે. જે પ્રકારે ગુજરાતમાં વસતિ વધતી જાય છે. કારણ કે, ગુજરાત એ આ દેશનું ગ્રોથ એન્જિન છે એ આપણે માનીએ કે ના માનીએ, આ દેશની સૌ જનતા માને છે, આ ગુજરાતની સૌ જનતા માને છે એના કારણે આવનારા દિવસોમાં આ ગુજરાતની અંદર (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય પ્રતાપભાઇ પ્લીઝ, બીજી વખત આપને વોર્નિંગ આપું છું. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : યુવાઓથી લઇને અનેક લોકો પોતાનો રોજગાર પામવા માટે આ રાજ્યની અંદર વસવાટ કરે છે એના કારણે અનેક શહેરોમાં ટ્રાફિકની ખૂબ મોટી સમસ્યાઓ વધતી જાય છે. આ ટ્રાફિકનું સુઆયોજન કરવા માટે, એક સારું આયોજન કરવા માટે અને ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે જે પ્રકારે ગૃહ ડિપાર્ટમેન્ટે આવનારા વખતમાં ૪૦૦૦થી વધારે ટ્રાફિક બ્રિગેડના જવાનોની સાથે ૩૩% મહિલાઓને જે ભરતી કરવાનો પ્રયાસ છે એ ખૂબ જ સારો છે. આવનારા દિવસોમાં અમારા જે શહેરો છે એની અંદર આના કારણે ટ્રાફિકની વ્યવસ્થાઓ સારી થશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે નીતિનભાઇ ખેડૂતો માટે અને બધા લોકોને ધ્યાનમાં રાખીને પોતાનું બજેટ રજૂ કરશે. એટલે નાણા મંત્રી તેઓને ભારતીય જનતા પાર્ટી તરફથી બનાવવામાં નહોતા આવ્યા છતાં પણ એ એમની તરફદારી કરી હતી. શનિવારે એમને નાણા મંત્રી બનાવવામાં આવ્યા. રવિવારે ચાર્જ લીધો. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બજેટ ઉપર બોલો, પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત છે એ હું મૂકું છું. (અંતરાય)

સભાપતિશ્રી : આ ટોપિકને રિલેવન્ટ નથી. માનનીય સભ્યશ્રી, મેં બધા જ શબ્દો સાંભળ્યા છે. પ્લીઝ. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આખા અંદાજપત્રની અંદર કયાંય જે પ્રમાણેની કોઇ ઘટના નથી અને પોતાનો સમય ખરાબ કરે છે. મારે એમનો સમય બગાડવો નથી. આપના દ્વારા એમને ટકોર કરી અને મુળ અંદાજપત્રના વિષય ઉપર ચર્ચા કરે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, એક રાષ્ટ્ર એક કરની વાત સાથે નાણામંત્રીએ પોતાનું વકતવ્ય શરૂ કર્યું હતું. આ રાજયના મુખ્યમંત્રી રહી અને આજે દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારે જી.એસ.ટી.નો ભયંકર વિરોધ કરનારા વ્યક્તિ, આ દેશના વડાપ્રધાન, એમણે જી.એસ.ટી. સ્વીકારવો પડયો. જે બોલ્યા છે એનાથી તદ્દન વિપરીત બધી વાતો કરી છે. આધાર કાર્ડનો વિરોધ કર્યો, મનરેગા યોજના આ ૬૦ વર્ષની કોંગ્રેસની દેન એવા શબ્દો વાપર્યા, આજે એ મનરેગા યોજના પણ ચાલુ રાખવી પડી છે. એફ.ડી.આઇ. પણ ચાલુ રાખવી પડી છે. જે જે વાતનો વિરોધ કર્યો છે એ બધી વાત કોંગ્રેસની ચાલુ રાખવી પડી છે અને આજે વિકાસ જો થતો હોય તો કોંગ્રેસના કારણે થઇ રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીને બોલવું અને ચાલવું કંઇક જુદુંજુદું લાગતું હોય એવું મને લાગે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર જો મુખ્યમંત્રી બનશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફોડશે એવા અમિતભાઇ શાહના શબ્દો હતા. હવે એમનો ટેકો મળ્યો અને કમલમમાં ફટાકડા ફુટયા. મને લાગે છે કે પાકિસ્તાનને અને કમલમને શું નાતો છે એ ખબર પડતી નથી આ બજેટ ઉપરથી.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ અંદાજપત્ર ઉપર બોલો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્ર ઉપર બોલવા માગું છું.

સભાપતિશ્રી : અંદાજપત્રમાં આ કશું જ આવતું નથી.પ્લીઝ, વિરજીભાઇ,

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ. •(×××) આજે મારા બાબરા વિસ્તારના અમરેલી જિલ્લાના (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ફાલ્ગુન ૧૪, ૧૯૩૯ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધયક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્ધારા પોતાના પ્રવચનમાં અંદાજપત્રના કોઇપણ વિષયોને લેવામાં નથી આવ્યા અને એમણે જે પ્રમાણેના ઉલ્લેખો કર્યા છે. એમણે આ સભાગૃહના અંદર ઉપસ્થિત ન હોય એવા કોઇનો ઉલ્લેખ ન કરી શકાય અને એમણે જે ઉલ્લેખ કર્યો છે જેમના ઉપર નામદાર હાઇકોર્ટ દ્ધારા પણ પ્રક્રિયાની અંદર સ્ટે આપવામાં આવ્યો છે સંપૂર્ણ પ્રસિદ્ધિ ઉપર. એમણે આ પ્રમાણેના ઉલ્લેખો ન કરવા જોઇએ અને એમણે કર્યા હોય તો એમણે પોતે પાછા ખેંચી લેવા જોઇએ. (અંતરાય)

સભાપતિશ્રીઃ હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. વિરજીભાઇ, મેં આપને બે વાર ટોકયા. અંદાજપત્ર ઉપર આપ બોલો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌનો સાથ સૌનો વિકાસની વાત કરતો હતો.

સભાપતિશ્રી : રાજયપાલના આભાર પ્રસ્તાવમાં આપ ઘણું બોલ્યા છો. પ્લીઝ, અંદાજપત્ર ઉપર બોલો. આપ જે નામ લઇ રહ્યા છો એનો કયાંય અંદાજપત્રમાં ઉલ્લેખ નથી. પ્લીઝ, વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, સામે પક્ષે બોલે તો બધું સાચું અને અમે બોલીએ તો બધું ખોટું એવું નહીં ચાલે.

સભાપતિશ્રી : એમને પણ ટોકયા છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, અમારું પણ સાંભળવું પડશે. સૌનો સાથ, સૌના વિકાસની વાતો જયારે થઇ છે ત્યારે કોઇ વ્યક્તિની વાત કરવામાં આવે, માનીતા ઉદ્યોગપતિના વિકાસની વાત કરે, આજે ગરીબ માણસ ગરીબી તરફ આગળ વધતો જાય છે. ખેડૂત આજે આત્મવિલોપન કરી રહ્યો છે. ૧૫૦૦ રૂપિયા કપાસના ભાવ મળશે તેવી વાતો થતી હતી. બટેટા પકવતા ખેડૂત કે નીતિનભાઇ જે વિસ્તારમાંથી આવે છે એને બે વર્ષ પહેલા આપેલું કમિટમેન્ટ કે ૫૦ રૂપિયા એમને સબસિડી આપવામાં આવશે. મારે પૂછવું છે કે કેટલી અપાવી એ તો કહો? મને ગઇકાલે મારા કિસાન સેલના માણસાના પ્રમુખ મળ્યા, મને મહેસાણાના કિસાનના આગેવાનો મળ્યા, ૨-૨ વર્ષથી વાયદો કર્યો છે બટાટાના હજી ૫૦ રૂપિયા ચૂકવવામાં આવતા નથી અને ખેડૂતોનો સૌનો સાથ અને સૌનો વિકાસ શેની વાતો ચાલી રહી છે? ખેડૂતોના પાક વીમાની વાત લઇને આવ્યા છે ૫૫ ટકા પ્રિમિયમ લેવામાં આવે છે. હું ખેડૂત છું. મારે એક લાખ રૂપિયાનો વીમો ઉતારવામાં આવે તો ૫૫ ટકા પ્રિમિયમ અમરેલીમાં ભરવું પડે છે. ૫૫.૭૪ બે ટકા ખેડૂત તરીકે હું ભરું છું. ૫૦ ટકા રાજય સરકાર ભરે છે અને ૫૦ ટકા કેન્દ્ર સરકાર ભરે છે. ૭૦૦ કરોડનું મારા અમરેલી જિલ્લામાંથી પ્રિમિયમ ગયું છે. રાજકોટ જિલ્લામાંથી એક હજાર કરોડનું પ્રિમિયમ અમે ભર્યું છે. વીમો કેટલો મળ્યો છે? ૧૪૭૦૦,૦૦૦ અમારા અમરેલી જિલ્લાના ખેડૂતોનો વીમો મળ્યો છે. જો વીમો આપવો હોય તો આ ૫૫ ટકા પ્રિમિયમ જે તમે લો છો. એના બદલે નાણામંત્રીશ્રી તમે સીધા ખેડૂતોના ૫૫૦૦૦ પાછા આપો હું અભિનંદન આપીશ. પરંતુ પાછલા બારણેથી સરકારી કંપનીઓને બંધ કરીને પ્રાઇવેટ કંપનીઓના ઉંચા પ્રિમિયમમાં લો છો એની પાછળ શું ચાલી રહ્યું છે એ હું નાણામંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું. આજે એ પ્રકારની પરિસ્થિતિ થઇ છે. ખેડૂતો બરબાદ થઇ રહ્યા છે. ઝીરો ટકા વ્યાજે નાણા આપવા માટેનો સરકારનો ઉમદા આશયને હું અભિનંદન આપીશ. પરંતુ સાથે સાથે હું જણાવીશ કે ૪ ટકા વ્યાજે ધિરાણ આપવા માટેનો જો કોઇ ઐતિહાસિક નિર્ણય લીધો હોય તો તે વખતની મનમોહનસિંહની સરકારે લીધો હતો. ૩ ટકા વધારાની રાહત આપવા માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. એની પૂરક માગણીમાં આ અંગે માનનીય નાણામંત્રીશ્રી વધારાની રકમ ફાળવવા માટેની લાગણીઓ લઇને આવ્યા છે એને મેં અનુમોદન આપ્યું છે. પરંતુ આ રકમ જે લઇને આવ્યા છે એ ખેડૂતોને વ્યાજ માફ કરવા માટે, મંડળીઓને જિલ્લા બેન્કોને ફરજ પાડવામાં આવે છે. જિલ્લા બેન્કો માફ કરી દે છે. મંડળીઓ પાસેથી વ્યાજ લેવામાં આવે છે. ખેડૂતોને વ્યાજ ભરવું નથી પડતું, અને મંડળીઓ મરી રહી છે. હું પોતે મંડળીનો પ્રમુખ છું. મારી મંડળી ૧૦ કરોડનું ધિરાણ કરે છે. ૩ ટકા વ્યાજ રાહત મેં ખેડૂતોને આપી દીધી છે. પરંતુ રાજ્ય સરકાર દ્ધારા મોડી ચુકવણીના કારણે મંડળીએ બેન્કોનું વ્યાજ ભરવું પડ્યું છે, એના કારણે મંડળી અનસ્ટેબલ થઇ ગઇ છે. આ અંગે નાણામંત્રીશ્રી શું કરવા માગે છે? બીજું નાણામંત્રીશ્રી કૃષિ મહોત્સવની વાતો લઇને આવ્યા છે. આ સરકાર મહોત્સવ બહુ કરે છે. કૃષિ મહોત્સવ, પતંગ મહોત્સવ બીજા કોઇ ઉત્સવ ઉજવે. ઉત્સવપ્રિય ગુજરાતની જનતા છે. એટલે તમારી હજુ પણ બનાવટ ચાલશે કારણ કે ગુજરાત હંમેશા ઉત્સવપ્રિય રહ્યું છે. એના કારણે છઠ્ઠી વખત તમે ભલે આવ્યા, પરંતુ તમારી કેટલી ટકાવારી ઘટતી જાય છે એ પણ જુઓ? કૃષિ મહોત્સવના નામે આટલા બધા ઉત્સવો ઉજવ્યા. પણ મારે નાણામંત્રીશ્રીને સીધું પૂછવું છે કે તમારા ગ્રામસેવક જિલ્લા મથકે કેટલા છે? એક પણ ગ્રામસેવક આખા ગુજરાતમાં કામ કરતો હોય તેવું દેખાતું નથી. તમારા ઉત્સવોની વાતો છે એને ખેડૂતો સુધી પહોંચાડવાનું કામ કોણ કરશે? પંચાયત હસ્તકના ગ્રામ પંચાયતના જે તમારા ગ્રામસેવકો છે તે કેટલા ગ્રામ સેવકો છે? અમરેલી જિલ્લા પંચાયતનો દાખલો દઇશ. ૧૦૦નું સેટઅપ છે અને એક ગ્રામસેવક. ૪ જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યો ચૂંટાયા છે. એમાંથી એક ભારતીય જનતા પાર્ટીનો વ્યક્તિ આત્મવિલોપન કરવા જઇ રહ્યો છે. શા માટે ઓત્મવિલોપન ભારતીય જનતા પાર્ટીના સભ્યએ કરવું પડે છે? તમારી જે વાતો છે એ વાતો લોકો સુધી પહોંચતી નથી. તમારા ચૂંટાયેલા સભ્ય આત્મવિલોપન તરફ જઇ રહ્યા છે. તમે સિંચાઇની વાતો કરતા હતા. અમારે હજુ સિંચાઇ વધારવી છે. ૧૯૯૫ પછી ર૭૯ ડેમ નાની, મોટી સિંચાઇ યોજના કોંગ્રેસે બનાવેલ છે. ભાજપનો એક માઇનો લાલ વિરજી ઠુમ્મરને ચેલેન્જ આપીને કહે આ યોજનાનું ખાતમુહૂર્ત અમે કર્યુ છે અને અમે પૂરી કરી છે. વિરજી ઠુમ્મર જવાબ આપવા અત્યારે એમની સામે તૈયાર છે. એક પણ મોટી યોજના ૧૯૯૫ પછી બનાવી નથી. કલ્પસરની

યોજના કેશુબાપા બનાવવા માગતા હતા. પરંતુ કેશુબાપા કહે કે મારો શું વાંક? મારો ગુનો શું? કેશુબાપાની કલ્પસર યોજના એમનું નામ હતું, એટલે નરેન્દ્રભાઇ મોદી આ દેશના પ્રધાન સેવક બન્યા. અને કેશુભાઇને દૂર કરવા માટે કોંગ્રેસનો સહારો લીધો અને એમને દૂર કર્યા. એટલે કલ્પસર બનતી નથી. એનું દુ:ખ વ્યકત કરું છું. સાચી વાત હોય તો કલ્પસર બનાવો અમે અનુમોદન આપીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિજયભાઇની આગેવાનીમાં માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સુંદર બજેટ લાવ્યા છે. ૯,૮૩,૬૬૬ કરોડનું જે બજેટ છે, તેમાં આ વર્ષે ૧૧,૪૮૭ કરોડનો ગયા વર્ષની સરખામણીમાં વધારો થયો છે. આ બજેટ સરકાર વંચિતો અને ગરીબોના કલ્યાણ માટે, અનુસૂચિત જાતિ માટે, આદિવાસી અને તેમને અધિકારો આપવા માટે, મહિલાઓના સશક્તીકરણ માટે, યુવાનોને રોજગારી આપવા માટે અને ખેડૂતોને સર્વે સુવિધા આપવા માટે લાવવામાં આવ્યું છે. જ્યારે આપણે ખેડૂતોના હિતની વાતો વારંવાર કરીએ છીએ, ત્યારે આપણે ખેતનું ઉત્પાદન કેમ વધારવું એનો પણ વિચાર કરવો જોઇએ. જે રીતે સરકારે સિંચાઇ અને વીજળીની વ્યવસ્થા કરી છે. દરેક ખેતરમાં પાણી પહોંચે છે અને સારું બિયારણ મળે છે. ખાતરની જે સુંદર વ્યવસ્થા નરેન્દ્રભાઇની સરકારે કરી છે. ત્યારે ટેકાના ભાવની જે વાત આવે છે તે ઉત્પાદન વધુ થયું છે તે જ બતાવે છે. તો આપણી સરકારે જે રીતે લાભો કરાવ્યા છે, ખેડૂતોની સાથે જે રીતે વર્તન કર્યુ છે અને માનનીય વીરજીભાઇએ કહ્યું કે તમારો મત શેર ઘટયો છે. ગુજરાતની ૨૦૧૨ની ચૂંટણીમાં ભાજપના ૪૪ ટકા મત હતા તે આ વખતે ૪૯ ટકા થયા છે. સમગ્ર રીતે લોકો ભારતીય જનતા પાર્ટીની સાથે જ છે. જે રીતે ગુજરાતમાં જ્ઞાતિવાદ અને અનામત આંદોલનને લીધે વર્ગવિગ્રહ પેદા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, સમગ્ર ગુજરાતની જનતાએ તેને ફગાવી દીધો છે. ત્યારે તત્કાલિન માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને આ આંદોલનનો સામનો કરીને યુવાનો અનામતના લીધે પ્રવેશથી વંચિત રહી ન જાય અને તેમનો અભ્યાસ બગડે નહી તે માટે યુવા સ્વાવલંબન યોજના લાવીને ગુજરાતમાં સદ્ભાવના જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. હાલમાં નીતિનભાઇની આગેવાનીમાં વિજયભાઇની સરકારમાં આ યુવા સ્વાવલંબન યોજના માટે ૯૦૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તેનાથી ૧૪૦ લાખ યુવાનોને ફાયદો થશે. જે રીતે અમદાવાદ, રાજકોટ, સુરત અને જામનગર મહાનગરપાલિકાઓમાં જમીનના ભોગવટા કાયદેસર કરવા માટે આ સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો છે. જેનાથી જમીનના માલિકી હકક પ્રાપ્ત થાય છે. જે મકાન હોય તેમાં સુધારો વધારો થઇ શકે છે, તેના ઉપર લોન મળી શકે છે. આ માટે સરકારને ખાસ અભિનંદન આપવા જોઇએ. હું ચોક્કસપણે માનું છું કે પોતાનું ઘર હોવું તે દરેક માણસ અને કુટુંબનું સપનું હોય છે. ભારતીય જનતા પાર્ટીના આ નિર્ણયથી શહેરી વિસ્તારના લોકોનું સપનું સો ટકા સાકાર થશે. ગણોત ધારા હેઠળ નકકી થયેલ ખરીદ કિંમત જે ગણોતીયા ભરી શક્યા ન હતા તેમના માટે ખરીદ કિંમત ભરવાની મુદ્દત લંબાવીને ઝૂંબેશ શરૂ કરી. જેના કારણે ૨૬૩૩૨ ગણોતીયાઓ જમીનના માલિક બન્યા છે. વારસામાં મળેલી જમીનમાં હકક કમી કરવાની સમય મર્યાદા નાબૂદ કરવામાં આવી છે. હવે પાંચ વર્ષના બાધ સિવાય ફકત ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડયૂટી ભરીને આ કાર્યવાહી થઇ શકે છે. જે નવી શરતની જગ્યા હતી, ગણોત ધારાની જગ્યા હતી તે જગ્યાનો કોઇપણ જાતનો પંદર વર્ષમાં શરતભંગ ન થયો હોય તેવી જગ્યાને વગર અરજીએ જૂની શરતમાં ફેરફાર કરવાનો મામલતદાર અને તત્કાલિન અધિકારીઓને ઓર્ડર કરવામાં આવ્યો છે. તેના લીધે ૧,૦૩,૦૨૦ જેટલા કેસો જૂની શરતમાં રૂપાંતર થયેલ છે. સરકારે મહેસૂલ અંગે અનેક નાના મોટા સુધારાઓ કર્યા છે. તેના લીધે સામાન્ય માણસોને ઘણી બધી રાહત થઇ છે. ૨૩ જિલ્લામાં ૬૩ જેટલા કેમ્પોનું આયોજન કરીને ૪૭૬૭ કેસોની સુનાવણી કરવામાં આવી હતી. જે પૈકી ૨૦૮૮ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જે રીતે ડીઝીટલ ઇન્ડિયાના પ્રકલ્પને કારણે સરકારે કોમ્પ્યુટરાઈઝેશન કરીને અનેક લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઇઝ કર્યા છે. તેના લીધે સ્ટેટ લેન્ડ રેવન્યુ હીસ્ટ્રી ઇન ગુજરાત લગભગ છેલ્લા ૬૧૦ વર્ષના મહેસૂલી ઈતિહાસ, કાયદા અને પ્રણાલીઓનો ઉલ્લેખ કરતું અને લેન્ડમાર્ક નિર્ણયોનું સંકલન કરીને તેને ન્યાયસંગત બનાવ્યો છે. જેના લીધે દરેક મહેસૂલી અધિકારીઓને નિર્ણય લેવામાં મદદરૂપ થશે. હું આ બજેટને સંપૂર્ણ ટેકો આપું છું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વડપણ હેઠળની સરકારમાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે બજેટ રજૂ કરેલું છે એ પ્રજાભિમુખ બજેટ છે, એને હું બિરદાવું છે અને અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે બજેટનો વિષય પહેલી વખત હું મહિલા અને બાળવિકાસ વિભાગ ઉપર મૂકવા જાઉં છું ત્યારે આ સંદર્ભમાં સદનના સભ્યશ્રીઓને હું બે પંક્તિ સંભળાવવા માગું છું.

'ચંદન હૈ ઇસ દેશકી મીટ્ટી, તપોભૂમિ હર ગાંવ હૈ
હર બાલા દેવી કી પ્રતિમા, બચ્ચા બચ્ચા રામ હૈ, બચ્ચા બચ્ચા રામ હૈ'

ઉક્ત પંક્તિને ધ્યાનમાં રાખીને લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજી જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી થયાં એના પછી તેઓએ સૌપ્રથમ મહિલા અને બાળવિકાસ વિભાગની સુચારું ઓળખાણ આપી. બાકી આઝાદી પછી કોંગ્રેસની સરકારો આવી અને ગઇ, પરંતુ કોંગ્રેસે મહિલા અને બાળવિકાસ વિભાગને આરોગ્ય વિભાગ પૂરતું સીમિત રાખેલ હતું. પરંતુ દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ વિચાર્યું કે બાળક તંદૂરસ્ત હશે તો ભાવિ પેઢી તંદૂરસ્ત રહેશે, તેની સાથે સાથે તેની માતાની પણ તંદૂરસ્તી તેમજ સુરક્ષા અનિવાર્ય છે. આ વિભાગ દ્વારા નવા નવા આયામોને ધ્યાનમાં

રાખીને અલગ અલગ કાયદાઓ અને યોજનાઓ ઘડવામાં આવી રહેલ છે. જેમ કે મહિલાઓ સામે ગુનાહિત પ્રવૃત્તિઓ, ખાસ કરીને વર્લ્ડ ચાઇલ્ડનું પ્રોટેકશન, એડોપ્શન રિફોર્મ્સ, ટ્રેકીંગ, રિહેબીલિટેટીંગ, રીસ્ટોરીંગ ઓફ મિસિંગ ચીલ્ડ્રન, મહિલા સશક્તિકરણ અને ગૂડ ગવર્નન્સ. મારું માનવું છે કે મહિલા અને બાળકો સુરક્ષિત હશે તો જ આપણી ભાવિ પેઢી વિકસીત થશે અને તો જ એક શ્રેષ્ઠ ભારતનું નિર્માણ શક્ય બનશે. મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સમાજમાં મહિલાઓ અંગેના પ્રવર્તમાન મનોબળમાં બદલાવ લાવી વિકાસ કરવો. મહિલાઓના હક્કોનું રક્ષણ કરવું. સમાજની નબળા વર્ગની મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવી એમનું સશક્તિકરણ કરવું. રાજ્યમાં જરૂરિયાતમંદ મહિલાઓ અને બાળકોના કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ કરવી, આ મહિલા અને બાળ વિભાગનું કાર્ય છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે, પ્રદર્શનસહ વેચાણ યોજના, ઘરદીવડા યોજના, મહિલા જાગૃતિ શિબિર યોજના, વિધવા સહાય યોજના, વિધવા તાલીમ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, આંગણવાડી કાર્યકર/તેડાગર માટે એવોર્ડ અને વિમા યોજના, બેટી બચાવો- બેટી ભણાવો યોજના, સખી યોજના આ બધી યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી છે. એના માટે અલાયદું બજેટ પણ ફાળવવામાં આવેલ છે. મહિલાઓમાં જાગૃતિ આવે, મહિલાઓ આત્મનિર્ભર બનવા માટે ઉત્સાહી બને, મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધે, આજની નારી અબળા નથી પણ સબળા છે તેવી સમજ આવે તે માટે મહિલા જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો અમલમાં આવેલ છે. પારિવારિક હિંસા સામે સ્ત્રીઓનું ઘરેલું હિંસા અધિનિયમ, ૨૦૦૫ હેઠળ તમામ કેન્દ્રોને સર્વિસ પ્રોવાઇડર તરીકે જાહેર કરેલ છે. ૨૦૧૭-૧૮માં રૂપિયા ૬૦૨.૨૨ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટમાં ૨૦૧૯માં ૬૦૬.૧૮ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ માટે સરકારશ્રીને હું અભિનંદન આપું છું. વર્ષ ૨૦૦૬માં મહિલા વિકાસ એવોર્ડનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. મહિલા જે ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરતી હોય તો એમાં આવી સ્વૈચ્છિક સંસ્થાને રૂપિયા એક લાખ તથા શ્રેષ્ઠ મહિલા કાર્યકરને ૫૦ હજાર રૂપિયાનો દર વર્ષે પુરસ્કાર એવોર્ડ આપવામાં આવે છે. એ એવોર્ડ આપવાની શરૂઆત ભારતીય જનતા પાર્ટીના કાર્યકાળમાં જ થઇ છે. ભારત સરકારની નવી માર્ગદર્શિકા મુજબ કુટુંબ કલેશથી પિડિત અને કોઇપણ જાતના સામાજિક અને આર્થિક આધાર વગરની મહિલાઓને પ્રાથમિક જરૂરિયાત જેવા કે સેવા સ્વધાર ગૃહ હેઠળ પુરી પાડવામાં આવે છે. રાજ્યમાં ૪ સ્વધાર શેલ્ટર હોમ અને ૩ શોર્ટ સ્ટે હોમને સ્વધાર ગૃહમાં રૂપાંતરિત કરેલ છે. રાજ્યમાં ચાલુ વરસે આણંદ તથા પાટણમાં બે નવા સ્વધાર ગૃહ શરૂ કરેલ છે. ૨૦૧૭-૧૮માં રૂપિયા ૧૪૩.૮૧ લાખની જોગવાઇ કરેલી છે અને વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૧૨૫.૪૪ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલી છે. એના માટે પણ હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. રાજયમાં નોકરી કરતી મહિલાઓને રહેવા-જમવા યોગ્યતાપાત્ર સ્વૈચ્છિક સંસ્થા દ્વારા કેન્દ્ર સરકારની ગ્રાન્ટની વર્કીંગ વિમેન હોસ્ટેલ ચલાવવામાં આવે છે. જેમાં અમદાવાદ-૩, વડોદરા-૨, સુરત-૨, રાજકોટ-૨, ધ્રોલ-૧, ભાવનગર-૧, જામનગર-૧, કચ્છ-૧, મહેસાણા-૧ અને ગાંધીનગર-૧ એમ મળી રાજ્યમાં કુલ ૧૫ વર્કીંગ વુમન હોસ્ટેલ કાર્યરત છે. એના માટે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૮૯.૪૦ લાખની બજેટમાં જોગવાઇ કરેલ છે અને વર્ષ- ૨ં૦૧૮-૧૯માં રૂપિયા ૧૫૧.૭૫ લાખની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. એના માટે હું રાજ્ય સરકારને વર્કીંગ વુમન્સ તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સગર્ભા માતા, ધાત્રી માતા અને બાળકોના આરોગ્ય અને પોષણક્ષમતામાં સુધારો લાવવા માટે પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનો અમલ કરવામાં આવેલ છે, જેમાં રૂપિયા ૫૦૦૦ની સહાય ૩ હપ્તામાં ચૂકવવામાં આવે છે. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત ૫૬,૫૫૦ લાભાર્થીની ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે અને તે પૈકી ૨૦૦૪૪ લાભાર્થીને રૂપિયા ૪૧૯.૪૬ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની ગતિશીલ સરકારના મુખ્યમંત્રી અને નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું કે ગુજરાતની ૪૨.૫૮ ટકા એટલે કે ૨.૫૭ કરોડ નાગરીકો કે જેઓ ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં વસવાટ કરે છે. અને એક અંદાજ મુજબ ૨૦૫૦ સુધીમાં વિશ્વની લગભગ ૭૦ ટકા વસતિ શહેરી વિસ્તારોમાં રહેતી હશે ત્યારે વિશેષ કરીને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણના સંદર્ભમાં ચિંતન કરીને આ બજેટમાં ૧૨,૫૦૦ કરોડ જેટલી જંગી રકમની જોગવાઇ કરવામાં આવી છે. શહેરો અને નગરપાલિકાઓનો સમતોલ વિકાસ થાય, આંતર માળખાકિય સુવિધાઓનો વિકાસ થાય, ગરીબ લોકોને આવાસ મળે, પરિવહન યોજના જનભાગીદારીથી શરૂ થાય, ઓવર બ્રીજો બને, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિગેરે મળી રહે આમ તમામ પાસાઓનો વિચાર કરીને આ બજેટ બનાવવા બદલ હું નીતિનભાઇ પટેલને અભિનંદન પાઠવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ માટે ગુજરાત રાજયના બજેટમાં ૨૦૧૬-૧૭ના વર્ષમાં રૂપિયા ૧૧,૨૫૬ કરોડનું પ્રોવિઝન કરવામાં આવ્યુ જે ૨૦૧૭-૧૮માં વધારીને રૂપિયા ૧૧,૫૦૦ કરોડનું કરવામાં આવ્યુ. આ વર્ષે ૨૦૧૮-૧૯માં લગભગ ૧૦.૨૯ ટકાના વધારા સાથે ૧૨,૫૦૦ કરોડનું કરવામાં આવ્યુ છે તે માટે છેલ્લા ૨૨ વર્ષની સુશાસનવાળી ગતિશીલ ભારતીય જનતા પાર્ટીની સરકાર કે જેને શહેરોનો સર્વાંગી વિકાસ કરી શહેરોમાં રહેતાં છેવાડાના અને ગરીબ માનવી સુધી વિવિધ યોજનાઓનો લાભ પહોંચાડી પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સપનાઓને સાકાર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં મુખ્યત્વે શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા, એન્વાયરમેન્ટમાં સુધારો આવે તે માટેના પ્રયોજનો, પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમને સ્ટ્રેન્ધનીંગ કરી ઇંધણની બચત કરવી, ઓવર બ્રીજ-અંડર બ્રીજ બાંધવા, મલિન જળનું શુદ્ધિકરણ તથા સોલીટ વેસ્ટ મેનેજમેન્ટને સ્ટ્રેન્ધનીંગ કરી તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વાજબી

કિંમતે ઘર મળી રહે તે માટેનું બજેટમાં પ્રોવિઝન કરવામાં આવ્યુ છે. સાથે સાથે આ બજેટમાં ગ્રીન, ક્લીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી શહેર બને તે માટે ભૂગર્ભ ગટર યોજના, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને સરકારે જે વિકાસની ગતિશીલ દિશા પકડી છે તે દિશામાં આગળ વધવાનો એક પ્રમાણિક પ્રયત્ન આ બજેટ દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી અને તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી ગુજરાતનું નામ ફકત ભારતમાં જ નહીં પરંતુ આખા વિશ્વના નકશામાં મૂકી એવા કેટલાય પ્રોજેકટના ખાતમુહુર્ત પણ કર્યા. અહીંયા જયારે કહેવામાં આવતુ હતું અને ૧૯૬૦ની વાતો કરવામાં આવતી હતી પણ માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જે કામના ભૂમિપૂજન કર્યા હોય એ જ કામનું લોકાર્પણ પણ આ જ સરકારે કર્યુ છે. હમણાં જ અહીંયા કહેવામાં આવેલ હતું (અંતરાય) હું તો મહારાજા સયાજીરાવની સયાજી નગરીમાંથી આવુ છું અને દયારામની દરભાવતી નગરીનું પ્રતિનિધિત્વ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સુખરામભાઇ હસે છે આ વડોદરાને પહેલાં રાજુ રીસાલદારના શહેર તરીકે ઓળખવામાં આવતું હતું. હમણાં જ હર્ષભાઇએ કહ્યું કે અમદાવાદને ડોન લતીફના નામે ઓળખવામાં આવતુ હતું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટ ઉપર જ બોલી રહ્યો છું.

સભાપતિશ્રી : નૌશાદજી પ્લીઝ આપ બેસો, આપ બેસી જાવ. (અંતરાય) આપનું પ્રવચન પૂરું થાય છે.

**( વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભાગૃહની કાર્યવાહીમાંથી શબ્દો કાઢી નાખવા બાબત**

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ ઠુંમરે પોતાના વક્તવ્ય દરમિયાન •(×××) અને બીજો જે નામજોગ ઉલ્લેખ કર્યો છે એ તમામ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, લતીફ ડોનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ શબ્દો પણ કાઢી નાખો.

અધ્યક્ષશ્રી : એ મને ખ્યાલ છે. એ ના નીકળે. તમે લતીફના ટેકેદાર નથી. આપ બેસી જાવ. તમે એમાં ના પડશો. એમાં તમારું જ ખરાબ દેખાશે. જે શબ્દો આદર્શ આચાર સંહિતાના સંદર્ભમાં કાઢી નાખવામાં આવે છે એ છાપી પણ શકાતા નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી બજેટ લઇને આ સન્માનીય વિધાનસભા ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું ટીકા-ટિપ્પણી કરવા માગતો નથી પણ કેટલીક જોગવાઇઓ આ બજેટમાં થઇ હોત તો હું એને સમર્થન આપવા માટે વિચાર કરતો. ગઇ કાલે જ અમારા કવાંટમાં ગીરમેળો હતો. અમે સાહેબને બોલાવેલ પણ એ આવ્યા ન હતા. મને આદિવાસીઓએ એવું કહ્યું કે, ''સૌનો સાથ સૌનો વિકાસ'' એ વાત સાચી છે? મેં કહ્યું, ''મને ખબર નથી.'' મારા આદિવાસીઓએ કહ્યું કે, ''સાહેબ ભાજપના રાજમાં આપણો સાથ એટલે કે આદિવાસીઓનો સાથ અને શહેરોનો વિકાસ થાય છે.'' એટલે તમે વિધાનસભામાં જાવ તો કહેજો. આજે મને કહેવાની એક તક સાંપડી છે. સરદાર સરોવરના પાણી કચ્છ સુધી જાય, રાજકોટના તળાવો ભરાય, પીવાનું પાણી મળે ત્યાંના ખેડૂતોને પાણી મળે. આદિવાસી પણ એક ખેડૂત છે. અમે નહેર કાંઠાના આદિવાસી પાણી વગર તરસ્યા મરીએ છીએ અને ચિચિયારીઓ પણ પાડીએ છીએ. પાણી વગર ટળવળીએ છીએ. આ સરદાર સરોવરની જે મુખ્ય કેનાલ જાય છે તેમાંથી લિફ્ટ ઈરીગેશન કરીને માર્ગમાં આવતા નસવાડી, કેવડિયા, બોડેલી, શંખેડા આ તમામ તાલુકાઓના ઉપરવાસના જે તાલુકા છે જે બે-ત્રણ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા હોય ત્યાં લિફ્ટ ઈરીગેશન કરીને સિંચાઇનું પાણી આપવું જોઇએ અને એના ઉપરવાસમાં આવેલ કેટલાંક કુદરતી તળાવોમાં જેમ સૌરાષ્ટ્રમાં પાણી ભરવામાં આવે છે તેમ તે તળાવોમાં પણ પાણી ભરવામાં આવે તો ત્યાંના જે કૂવાઓ છે તે અને એની સાથે-સાથે હેન્ડ પમ્પ પણ રીચાર્જ થશે તો અમારી બહેનોનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થશે. મને ચોક્કસ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ખબર છે કડાસલા પાસે એક કુંદનપુર ફળિયું છે અને ફેરકુવા જ્યાં નર્મદાના વિસ્થાપિત આદિવાસીઓ વસવાટ કરે છે એ તળાવ બહુ મોટું તળાવ છે. એમાં પણ પાણી લિફ્ટ કરીને નાખવામાં આવે તો એ બાજુના ત્રણ-ચાર ગામોના ખેડૂતોના પીવાના પાણીનો પ્રશ્ન પણ હલ થશે અને સિંચાઇના પાણીનો પ્રશ્ન પણ હલ થશે. હું એ વાતને સમર્થન આપીશ કે, આ સરકાર આંગણવાડીની બહેનો માટે પગાર વધારો લાવી નથી. તેડાઘર બહેનોના પગાર વધારાની વાત લઇને આવી નથી. મધ્યાહન ભોજનના સંચાલકોનો પગાર વધારો કે રસોઇયાઓના પગાર વધારાની વાત લઇને આવી નથી. આદિજાતિ વિસ્તારમાં કામ કરતાં કર્મચારીઓ જે શિક્ષણનું કામ કરે છે, જે રક્ષણનું કામ કરે છે, તલાટીનું કામ કરે છે તેને ટ્રાયબલ અલાવન્સ આપવામાં આવતું હતું એ બંધ કરી દેવામાં આવ્યું છે. આ ટ્રાયબલ એલાવન્સની વાત લઇને સરકાર આવી હોત તો હું સમર્થન કરતો. તમે આદિવાસી વિસ્તારોમાં કંઇ પ્રોત્સાહન તો આપો કે જેને કારણે આદિવાસી વિસ્તારોમાં રહેતા રાજ્ય સરકારના કર્મચારીઓ નોકરી કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમરસિંહભાઇ ચૌધરીની સરકાર હતી તે વખતે ૧૫ કિલોમીટરના અંતરે ગ્રોથ સેન્ટર ગણીને તલાટી, શિક્ષક, ગ્રામ સેવક, પોલીસ, બીટગાર્ડ આ તમામ કર્મચારીઓ એક જગ્યાએ રહીને અલગ અલગ જગ્યાએ ફરજ બજાવવા જાય અને ફરજ બજાવીને સાંજે પાછા ભેગા થાય, તો ત્યાં એમને સમૂહમાં રહેવાની સગવડતા મળે, સામૂહિક રીતે રહેવા માટેની યોજના જેને કહેવામાં આવે છે ગ્રોથ સેન્ટર, એની વાત લઇને આવ્યા હોત તો પણ મને આનંદ થાત, પણ એ વાત લઇને નથી આવ્યા. રાજયમાં કૃષિ ઉત્પાદન પર, અત્યારે ખેડૂતો પોતાની આપમેળે આગળ વધી રહ્યા છે. હું ભૂલતો ન હોઉં તો, તાલીમ અને મુલાકત પદ્ધતિની ખેતી પહેલાં અમલમાં હતી તે વખતે ૫૦૦ ખેડૂતોની વસતિએ એક ગ્રામ સેવક મૂકવામાં આવતો હતો પણ લાંબા સમયથી ગ્રામ સેવકોની ભરતી થતી નથી. આ ગ્રામ સેવકો ખેડૂતના ડોક્ટર છે, ખેતીના ડોક્ટર છે એમ કહીએ તો ખોટું નથી, ખેડૂતના ખેતરમાં જે જીવાત પડી હોય, જંતુ પડ્યાં હોય, એ જોઇને એને કયા પ્રકારની દવા છાંટવી એનું માર્ગદર્શક આપવાનું કામ ગ્રામસેવકો કરતા હોય છે. આ ગ્રામ સેવકો નહીં હોવાના કારણે ખેડૂતોને જે દવા છાંટવાની હોય છે. એ દવા વેચનાર જે માણસ છે, એ વેચનાર દુકાનદાર છે, સ્ટોકિસ્ટ જે વાત કરે અથવા તો જીવડાં લઇને બતાવવાં પડે કે, અમારા ત્યાં આ પ્રકારનો ખેતીમાં રોગ થયો છે ત્યારે એ દવા છાંટતો હોય છે ત્યારે આપણે ત્યાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં સુખી અને પ્રગતિશીલ ખેડૂતો છે પણ આદિવાસી વિસ્તારમાં ખેડૂતો બધા ગરીબ છે તો અમારે ત્યાં સો ટકા ગ્રામ સેવકોની જગ્યાઓ ભરાય એના માટે સરકારે ધ્યાન આપવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદાનું પાણી કચ્છ સુધી જાય છે. મારા છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી કચ્છ તરફ મજૂરીએ જાય છે. મને આવીને કહે કે, સુખરામભાઇ તમે કેમ કશું નથી બોલતા? મેં કહ્યું કે, શું થયું ? માનનીય અધ્યક્ષશ્રી, જયારથી હાફેશ્વર પીવાના પાણીની યોજના, દાહોદ સુધી પાણી લઇ જવામાં આવે છે એ પીવા માટે છે. અમારા સ્વ. અમરસિંહ રાઠવા હતા ત્યારથી એક વાત ચાલે છે કે, હાફેશ્વરથી ટનલ બનાવીને કરા નદી, હેરણ નદી, વિદવાલ કોતર અને ઓરશન, આ ચાર નદીઓને ગ્રીડ યોજનાથી જોડવા અને એના થકી પણ પાણી અમને આપવામાં આવે. જીવંત નદીઓ કરવામાં આવે તો અમારા છોટા ઉદેપુર, કવાંટ, પાવી જેતપુરના ગામડાંના ખેડૂતોને સિંચાઇનો લાભ મળી શકે એમ છે પણ હું સમજું છું આ રાજય સરકાર બંધાયેલી છે જયાં સુધી મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત, આ ચાર રાજયોના મુખ્ય મંત્રીશ્રીઓ ભેગા થઇને વધારાના પાણીનો શું ઉપયોગ કરવો એ નિર્ણય નહીં લે ત્યાં સુધી આ શક્ય નથી પણ આ ગુજરાતના તમે બધા એમ કહો છો કે, અમારા પનોતા પુત્ર, પનોતા પુત્ર જો દિલ્હીમાં બેઠો હોય અને ચારે ચાર જગ્યાએ તમારા મુખ્ય મંત્રીશ્રીઓ બેઠા હોય તો આ શક્ય છે અને ચારે ચાર જગ્યાના મુખ્ય મંત્રીશ્રીઓ બોલાવીને વધારાનું પાણી અમને હાફેશ્વરથી લીંક કરીને નદીઓમાં પાણી નાખીને ટનલ મારફતે આપવું જોઇએ જેથી કરીને ખેડૂતોને પાણી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં સીકલસેલ નામનો રોગ વર્ષોથી ચાલતો આવ્યો છે અને સીકલસેલના રોગ માટે વ્યારા તરફ એક સંશોધન કેન્દ્ર પણ ચાલે છે. એ સંશોધન કેન્દ્રને કેટલી મદદ થઇ એ હું નથી જાણતો પણ અમારે ત્યાં ગામડાંમાં, કવાંટમાં પણ સીકલસેલ નામનો રોગ છે. એના રોગીને જે ગોળીઓ આપવામાં આવે છે એ ગોળીઓ દવાખાનાઓમાં પૂરતા પ્રમાણમાં નથી. આદિવાસી વિસ્તારમાં ટી.બી.નું પ્રમાણ પણ વધારે છે. આ ગુજરાત એ મહાત્મા ગાંધીજીનું ગુજરાત છે અને નશાબંધીમાં માનનારું ગુજરાત છે. નશાબંધીની વાત કરીએ તો, મધ્યપ્રદેશ તરફથી આવતો દારૂનો જથ્થો અમારે ત્યાં મોટા પ્રમાણમાં પકડાય છે ત્યારે આપણે શું માનવું? આ ગાંધીજીનું ગુજરાત છે કે આધુનિક ગાંધીનું ગુજરાત છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે રસ્તાની બાબતમાં પણ થોડીક વાત કરવી છે. અમારા પાનવડ-ખાટીયાવાંટ-ચલામલી-કોસીન્દ્રા માર્ગ છે એને પહોળો કરવાની જરૂર છે. હાલમાં આ રસ્તા ઉપર ટ્રાફિક એટલો બધો છે કે જેના કારણે અને ટર્નીંગના કારણે અકસ્માત થતા હોય છે ત્યારે માનનીય મંત્રીશ્રી નાણા મંત્રીશ્રી પણ છે, માર્ગ - મકાન મંત્રીશ્રી પણ છે તો આ એક મારું નાનકડું સૂચન છે આ રસ્તો જો પહોળો કરવાનું કામ કરવામાં આવે તો આદિવાસીઓને એક સારી સગવડતા મળી શકે એમ છે. છોટાઉદેપુર જિલ્લામાં જી.આઇ.ડી.સી. થાય, તો અમને આનંદ થાય, માનનીય અભેસિંગભાઇને આનંદ થાય, માનનીય મોહનસિંહભાઇને પણ આનંદ થાય. બોડેલી પાસે એક ગણેશવડા ગામ છે, સરકારી જગ્યા વેચી દીધી છે, એની બાજુમાં પણ સરકારી જગ્યા છે, બે ગામ થઇને દોઢસો એકર ઉપર જગ્યા થાય છે. બે ગામો કર્યા છે, હજુ વધારાની જગ્યા બાજુના ગામોમાંથી મળશે. જો અમારા જિલ્લામાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના થાય તો અમારા જિલ્લાના આદિવાસીઓને તેનો લાભ મળે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનની શંભુજી.

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ૨૦૧૮–૧૯ નું બજેટ લઇને આવ્યા છે, તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭–૧૮નું બજેટ ૧,૭૨,૧૭૯ કરોડ રૂપિયાનું હતું, તેમાં ૧૩ ટકા વૃધ્ધિ કરીને ૨૦૧૮–૧૯ નું બજેટ ૧, ૮૩, ૬૬૬ કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું છે. આ ૧૩ ટકા વૃધ્ધિ એ નાણા મંત્રીશ્રીની કુશળ વહીવટ કર્તા, કુશળ આયોજક અને ગૃહમાં હાજર જવાબી, એવા નાણા મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે અને ઉત્તરોત્તર આ બજેટમાં વધારો કર્યો છે ત્યારે માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કુલ જોગવાઇ ૩૬૪૧ કરોડ અને એમાંય સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ જેને આપણે બક્ષીપંચ કહીએ છીએ. તા.૧/૪/૧૯૭૮ થી બક્ષીપંચ સમિતિનો જે અહેવાલ રજૂ થયો. ત્યારથી આ બક્ષીપંચનો જે સમાજ હતો તેને આ બધા લાભો મળતા થયા, આજે પણ બક્ષીપંચની અંદર ૧૪૬ જ્ઞાતિઓ છે. આ સમાજની વસતિ જોઇએ તો ૫૪ ટકા વસતિ આ સમાજની છે. આ બક્ષી પંચ સમાજ એટલે શૈક્ષણિક રીતે, આર્થિક રીતે પછાત સમાજ , આ સમાજને બેઠો કરવા માટે મદદ અને એ પણ કેવી રીતે એમને નાના મોટા ગૃહ ઉદ્યોગો કરવા માટે સહાય અને એ સહાય માટે ગરીબ કલ્યાણ મેળા એ ગુજરાત સરકારે કર્યા અને આ ગરીબ કલ્યાણ મેળા. આપણે સાંભળીએ છીએ કે અગાઉની કોંગ્રેસની સરકારોમાં ૧ રૂપિયો દિલ્હીથી મોકલતા અને પ્રજા સુધી માત્ર ૧૫ પૈસા જ પહોંચતા હતા. એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ગરીબ કલ્યાણ મેળા મારફતે ગરીબોને હાથો હાથ તેમની રકમ મળે તે માટે આ ગરીબ કલ્યાણ મેળા શરૂ કર્યા હતા.

આ બક્ષીપંચ સમાજ પછાત સમાજ. આ ગરીબ કલ્યાણ મેળાઓ સાહેબ ૩૮ જેટલા થયા હતા તેમાં ૧૫.૯૫ લાખ લાભાર્થીઓએ લાભ લીધો અને કુલ ખર્ચ જે થયો તે ૧૦૬૩૩ કરોડ. ૧૦ વર્ષના સમય ગાળામાં સાહેબ ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવ્યા અને તેમાં એના લાભાર્થીઓ હતા ૧૩૪.૩૬ લાખ અને તેની જે રકમ હતી તે ૨૩૮૯૦ કરોડ , આમ અમારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત લોકોને માટે આ ખર્ચ થાય એના માટે પ્રયત્નો કર્યા. બક્ષીપંચના વિદ્યાર્થીને વિદેશ ભણવા જવું હોય તો ૧૫ લાખ રૂપિયાની લોન ૪ ટકા વ્યાજના દરે આપવામાં આવે અને જો તેને પાટલોટ બનવું હોય તો ૨૫ લાખની લોન પણ માત્ર ૪ ટકા વ્યાજના દરે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આપવામાં આવે, આમ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટે આ બજેટની ફાળવણી કરી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે, માનની ગોવિંદભાઇ પરમાર.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને બાગાયત અંગે મારા મંતવ્યો રજૂ કરવા માગું છું. આ બજેટ મારફતે ખેડૂતોને લાભ આપવા માટે સરકારે પ્રયત્નો કર્યા છે. આમ કરીને ખેડૂતોને લાભ મળે તે માટે આ સરકારે ખેડૂતોને વગર વ્યાજની લોન આપવાનું નકકી કર્યું છે. આ બજેટમાં ખેતી, પશુપાલન, બાગાગત અને મત્સ્યોધોગ ક્ષેત્રે પણ ધ્યાન આપ્યું છે. આ બજેટમાં ખેડૂતોને જરૂરીયાત મુજબ ૧૦ કલાક વીજળી મળે અને પાક નિષ્ફળ ન જાય તે માટે વ્યવસ્થા કરી છે. ખેત તલાવડી અને કૃષિ મહોત્સવ માટે કરોડો રૂપિયાની જોગવાઇ કરી છે. સમયરસ પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર મળી રહે અને ગ્રામ્ય ઉત્પાદક સહકારી મંડળી બાગાયતી પાકોને સહાય માટે કરોડો રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. બાગાયતમાં શાકભાજી અને ફળો માટે એડવાન્સ પ્રોસેસીંગ સુવિધા ઉભી કરવામાં આવી છે અને એના મૂલ્યવૃદ્ધિ માટે સરકાર પ્રોત્સાહન આપી રહી છે. રાજય સરકારના વિવિધ કૃષિ લક્ષી કાર્યક્રમો, યોજનાઓ અને ખેડૂતોના વિકાસ માટે વિવિધ પગલાંઓના ફળસ્વરૂપે ગુજરાત રાજય મગફળી કપાસ અને દીવેલા પાકના ઉત્પાદનમાં આખા દેશમાં પ્રથમ સ્થાને છે. તેલીબિયા ઉત્પાદનમાં રાજય દેશમાં ત્રીજું સ્થાન ધરાવે છે.

ચાલુ વર્ષે ખેડૂતોને મગફળીનું મબલખ ઉત્પાદન થવાથી નાફેડ મારફતે લાભ પાચમના દિવસથી ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવી રહી છે. આજ દિવસ સુધી ૩૬૫૯.૪૦ કરોડ મૂલ્યની આઠ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી થયેલ છે અને અંદાજે ૪ લાખ ૧૫ હજાર ખેડૂતોએ લાભ લીધેલ છે. તાજેતરમાં સરકારે હજી વધુ મગફળી ખરીદવાનો આદેશ કરેલ છે.

રાજય સરકારે ૧૯૯૬થી ખેડૂતો માટે આકસ્મિક વીમા યોજના ચાલુ કરી છે એના દ્વારા ખાતેદાર ખેડૂતના આપધાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઇપણ રીતે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં જીવન વીમાનું રક્ષણ આપીને એના વારસદારોને સહાય આપવામાં આવે છે.

કૃષિ મહોત્સવ ૨૦૧૭ અંતર્ગત રાજયમાં અસંખ્યા મેળા કરવામાં આવ્યા એમાં ૩ લાખ ૮૨ હજાર ખેડૂતોની હાજરી નોંધાઇ છે. કુલ ૧૬ હજાર લાભાર્થીઓને કરોડો રપિયાની રકમના ચેકનું વિતરણ કરવામાં આવેલ છે.

રાજયમાં જમીન ચકાસણી માટેની માળખાકીય સુવિધા વધી રહે ખેડૂતો સરળતાથી જમીનનું પૃથ્થકરણ કરાવી શકે એ માટે ખેતીવાડી ખાતાની વિવિધ ખેત બજાર સમિતિઓ, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ ઇફકો જી.એન.એફ.સી., વિવિધ સાયન્સ કોલેજો ખાતે ૧૧૮ જમીન ચકાસણી પ્રયોગશાળાની સુવિધા ઉભી કરવામાં આવી છે.

ખેડૂતોને ખેતીમાં નુકસાન કરતા ભૂંડ અને રોઝથી બચાવવા માટે ખેતર ફરતી ફેન્સિંગ કરવા કે વાડ કરવા માટે સબસિડીની યોજના મૂકેલ છે જે આવકારદાયક છે. પરંતુ ખેડા તથા આણંદ જિલ્લામાં ખેતી ટૂંકી હોવાથી અમારે ત્યાં દસ વિઘા જમીન ધરાવતા ખેડૂતને પણ લાભ મળે એવું આયોજન કરવા મારુ સૂચન છે.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

બાગાયતી કૃષિ ઉત્પાદનમાં બાગાયતી પાકોનો અહમ ફાળો છે. રાજયમાં બાગાયતી પાકોનું વાવેતર ૧૬ લાખ હેકટરમાં થાય છે જે રાજયના કુલ આવકના ૧૩ ટકા જેટલું છે. વર્ષ ૨૦૧૬-૧૭માં દેશમાં ઉત્પાદનમાં ગુજરાત ચોથું સ્થાન ધરાવે છે. ગુજરાત રાજય દેશના અન્ય રાજયોની સાપેક્ષમાં બાગાયતી પાકોના વિકાસમાં દેશની સરખામણીએ મોખરાનું સ્થાન ધરાવે છે. ૨૦૧૬-૧૭માં ગુજરાત રાજયને રાષ્ટ્રીય કક્ષાએ ફળ પાકના ઉત્પાદનમાં ૯ ટકા હિસ્સો, શાકભાજીમાં આઠ ટકા હિસ્સો તેમજ મસાલા પાકોમાં ૧૨ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાત રાજય મસાલા પાકોમાં સમગ્ર દેશમાં ત્રીજું, ફળ પાકમાં ચોથું તથા શાકભાજી પાકોમાં અને કુલ ઉત્પાદનમાં પાંચમાં સ્થાને છે.

બાગાયતી પાકોમાં ગુજરાત આગવું સ્થાન ધરાવે છે. વરીયાળી અને જીરુના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને છે. પપૈયા પાકમાં વાવેતરમાં પ્રથમ અને ઉત્પાદનમાં બીજા સ્થાને, કેળાના ઉત્પાદમાં પ્રથમ અને ચીકુમાં ત્રીજા સ્થાને, દાડમના વાવેતર ઉત્પાદનમાં ત્રીજા, શાકભાજીની વાત કરીએ તો ભીંડાના વાવેતર અને ઉત્પાદનમાં ત્રીજા, ટામેટા અને રીંગણામાં ત્રીજા સ્થાને છે. ઇસબગુલના પ્રોસેસમાં ઉત્પાદનમાં અગ્રેસર છે. રાજયની કેસર કેરીને ખૂબજ મહત્વ મળેલ છે. કચ્છની ખારેક સમગ્ર દુનિયામાં વખણાય છે. બાગાયતી પાકોના પોષણ ભાવો મળે અને ખેડૂતોની આવકમાં વધારો થાય એ માટે સરકાર પ્રયત્નો કરી રહી છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૮-૧૯ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

મેં ઘણા સભ્યશ્રીઓને સાંભળ્યા, હું કોઇ ટીકા ટિપ્પણ કરવા માગતો નથી પરંતુ સરકારની જે નીતિઓ છે એમાં જયાં જયાં ખામીઓ છે. ત્યાં વિરોધપક્ષના એક સભ્ય તરીકે હું ટીકા કરીશ તો ગુજરાતની જનતાને જનરલ ફાયદો થશે એવું મારું માનવું છે અને એટલે જે બજેટ લઇને આવ્યા છે એ બજેટ ઘણી ખામીઓથી ભરેલું છે. •(×××) છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : ભૂતકાળમાં જે બજેટમાં એ પછી આરોગ્યનું બજેટ હોય, તેની અંદર પૂરક માગણીઓ હોય, પૂરક માગણીઓ પણ મંજૂર કરી હોય અને છતાં પણ દર્દીઓને ન તો દવા મળી હોય, ન સુવિધા મળી હોય, એમને પીડા અને વેદના ભોગવવી પડી છે. હોસ્પિટલોની વાતો કરીએ તો અમદાવાદની સીવીલને બાદ કરતા લગભગ ગુજરાતની હોસ્પિટલો ખુદ માંદગીના બિછાને પડી હોય એવી દયનીય સ્થિતિ છે. માનવીની પહેલી જરૂરિયાત રોજી-રોટી છે. બીજી જરૂરિયાત છે હોસ્પિટલ. દરેક ઘરમાં ૪૦ વર્ષ પછી રોગ આસ્તે આસ્તે પગરવ કરતો હોય ત્યારે તેમને સારી સુવિધા મળે, તેમના સ્વજનને તકલીફ ઓછી થાય, તેના માટેના પ્રયત્નો હોય. તમે કાર્નિવલ ફેસ્ટીવલ કરો, પતંગ ઉત્સવ કરો, રણોત્સવ કરો. ઓ.કે. માનવીની પહેલી જરૂરિયાત એ નથી. વધારાની જરૂરિયાત પછી આ બધું કરો અને વધારાની જરૂરિયાત છે એમાં જો કાપ મૂકીને લોકોને જે જરૂરિયાત છે, લોકોની જે મુશ્કેલી છે, લોકોની જે પીડા છે, લોકોની જે વેદના છે આ વેદનામાં થોડી રાહત થતી હોય એવું જો બજેટ હોત તો મને વધારે આનંદ થાત.

કૂપોષણની વાત કરીએ તો ગુજરાતની અંદર બાળકોમાં કૂપોષણનું પ્રમાણ ખૂબ ઉંચું છે. મારા જિલ્લાની વાત કરું તો દેવભુમિ દ્વારકા અને જામનગર વચ્ચે ૪૮૦૦ બાળકો કૂપોષણથી પીડાય છે. ઘણી વખત અહીં કમ્પેરીઝન થાય છે. કોંગ્રેસની સરકાર, ભાજપની સરકાર. સમય સમયનું કામ કરે છે. સમય સમયનું કામ કરશે. મારી સરકારે જો આ ઘ્યાન ન રાખ્યું હોત તો આજે દિલ્હીમાં ગુજરાતના સક્ષમ નેતાઓ બેઠાં છે, અહીંયાથી કે ત્યાંથી. આ કૂપોષણથી પીડાતા હોત અને આટલા સક્ષમ અને ચાણકય ન હોત. મારી સરકારે જો શિક્ષણમાં ધ્યાન ન આપ્યું હોત તો મારી સરકારમાં જે લોકોએ શિક્ષણ લીધું છે. મફત શિક્ષણ લીધું છે અને કેવું શિક્ષણ. એ વખતના શિક્ષણમાં ચાર-પાંચ-છ ચોપડી ભણેલાં, ઓછું ભણેલાં, કેશુબાપા જેવા સક્ષમ નેતાઓ. તેમણે ગુજરાતનો સારામાં સારો વહીવટ કર્યો. આ ઓછું શિક્ષણ લીધેલાં નેતાઓએ આટલો સારો વહીવટ કર્યો અને આજે ગ્રેજયુએટોને કયાંક પકોડા વેચવાની સલાહો મળી રહી છે. એ સમજવા જેવી વાત છે કે અત્યારે વેપારીકરણવાળું કઇ રીતનું શિક્ષણ મળે છે. દેવભુમિ દ્વારકા જિલ્લો શરૂઆતથી અંત સુધી દરિયા કિનારે છે.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર પર આવો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : આ અંદાજપત્રની જ વાતો છે ને સાહેબ. આ શેની વાતો છે સાહેબ, આપ જેવા નિષ્ણાત. મને ખબર છે સાહેબ.

અધ્યક્ષશ્રી : નિષ્ણાત જ છું. તમારા સર્ટિફિકેટની જરૂર નથી. આભાર.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સર્ટિફિકેટની જરૂર આપનેય નથી, અમનેય નથી.

અધ્યક્ષશ્રી : માડમ સાહેબ, આપ અંદાજપત્ર પર આવો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સાહેબ, આ અંદાજપત્રની વાત નથી તો શેની છે?

અધ્યક્ષશ્રી : ના, નથી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : દરિયા કિનારાના માછીમારો માટે જે નીલ ક્રાંતિ માટે ૬૫ કરોડ જેવી મામૂલી રકમ અને માછીમારોની જૂથ યોજના માટે ૬૦ લાખ જેવી મામૂલી રકમ ફાળવવામાં આવી છે ત્યારે મને એમ થાય છે કે જે સમુદ્ર ખેડીને

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

રાત–દિવસ મહેનત કરે છે. જે આ દેશમાં કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ કમાઇને આપે છે એમના માટે જો થોડીક વધારે રકમ ફાળવી હોત તો ચોક્કસ મને આનંદ થાત. કોર્ટે હમણાં ટકોર કરી કે કોઇ પણ સંજોગોમાં હેલ્થમાં બાંધછોડ ન થઇ શકે. જયારે હેલ્થની અંદર બાંધછોડ ન થઇ શકે ત્યારે દર્દીઓની હાલત આ સમુદ્ર કિનારા ઉપર મારા વાડીનાર, સલાયા જેવા જે સેન્ટરો છે એ સેન્ટરોમાં લાલ–પીળી ગોળીઓ સિવાય કંઇ મળતું નથી. લોકો આશાએ આશાએ દવાઓ લીધા કરે છે. સાજા થઇ જઇશું, પણ હકીકતે એવું થતું નથી. લોકો સુધી સાચી યોજનાઓ પહોંચાડવી હોય તો ગુજરાતના ૧૮૨ ધારાસભ્ય, એમને જે એક કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આવી મામૂલી ગ્રાન્ટમાં હું એમ માનું છું કે ન થઇ શકે. દિલ્હી, રાજસ્થાન, કયાંક બે કરોડ, કયાંક પાંચ કરોડ. આ ગ્રાન્ટમાં નીતિનભાઇએ થોડો વધારો કર્યો હોત તો મને એમ લાગે છે કે લોકોની આ નાની નાની જરૂરિયાતો છે બે લાખ, અઢી લાખ, ત્રણ લાખ માટે એ ધારાસભ્ય પાસે જાય છે. નાની નાની ગ્રાન્ટથી નાના નાના લોકોની મુશ્કેલીઓ છે એ સોલ્વ કરે છે. નીતિનભાઇએ જયારે નાણાં મંત્રાલય માગ્યું ત્યારે મને એમ થયું કે કામ કરવા માટે તો બધા મંત્રાલયો સક્ષમ જ હોય છે. નાણાં મંત્રાલય માગ્યું અને પાર્ટીએ તેમને આપ્યું પણ ખરું. ત્યારે મને એમ થયું કે ક્યાંક નવું, ક્યાંક વિશિષ્ટ (અંતરાય) આમાં કયાં *(×××) છે ભાઇ? મને ડિસ્ટર્બ ન કરો.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાંખવામાં આવે છે. પ્લીઝ શાંતિ રાખો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપ શાંતિથી સાંભળો. આપ કહેશો એટલી ચર્ચા કરીશું. જયારે આ ગ્રાન્ટની જોગવાઇ થઇ હોય તો ચોક્કસ જે લોકો છે, એમના સુધી નાની નાની યોજનાઓ, નાની નાની મુશ્કેલીઓ એ પૂર્ણ કરી શકત. શિક્ષણની અંદર જે મુશ્કેલીઓ છે, ગ્રામ્ય પ્રજાના બાળકો, ગ્રામ્ય વિસ્તારની સ્કૂલો, એમાં ઘણી સ્કૂલો એવી છે કે જે જર્જરીત થઇ ગઇ છે, તુટું તુટું થઇ રહી છે. એક જ ખંડની અંદર બે–ત્રણ વર્ગ બેસાડવામાં આવે છે. એને જો પ્રાયોરીટી આપવામાં આવી હોત તો હું પણ એને સપોર્ટ કરું. પણ મારી મર્યાદાઓ છે, મારી મુશ્કેલીઓ છે કે જમીનનો માણસ છું, જમીન ઉપર જઇને જયારે પીડાઓ, વેદનાઓ, મુશ્કેલીઓ જોઇએ છીએ ત્યારે એમ લાગે છે કે હજી આમાં કાંઇક કરવાની જરૂર છે અને એની અંદર સરકાર પાસે વિશાળ ભંડોળ છે. કદાચ અહીંથી સપોર્ટ મળે તો પણ પાસ થશે, આપની પાસે પૂર્ણ બહુમતી છે. એનાથી પણ આપ પાસ કરી શકો છો. આપને અમારી સારી વસ્તુ માટે જ્યાં પણ મદદની જરૂર હોય અમે આપીએ છીએ અને ભવિષ્યમાં પણ આપીશું. અમારો હેતુ છે ગુજરાતનો વિકાસ. ચર્ચાઓ ઘણી થાય છે. અહીંયાંથીયે અને ત્યાંથી. ક્યારેક એ સાફ થઇ ગયા અને ક્યારેક પેલા સાફ થઇ ગયા, ક્યાંક રિઝલ્ટો આવતા રહેશે, ક્યાંક ખુશી અને ગમ ચાલતો રહેશે. પણ ખેડૂતોની દશા છે, ખેડૂતોની મુશ્કેલીઓ છે એ દૂર થતી નથી. મારા દેવભૂમિ દ્વારકાની અંદર દેવળીયા ગામે ખેડૂતોએ ખેત પેદાશોની હોળી કરી. પહેલીવાર કોઇ એક વ્યક્તિ કે કોઇ એક કોમ્યુનીટીએ નહીં આખી તમામ પ્રજાએ નક્કી કર્યું. ખેત પેદાશોના ભાવો મળતા નથી. એને પૈસામાં કમ્પેર ન કરો. ભૂતકાળના માણસોને પૂછો. કોંગ્રેસના રાજમાં દસ મણ મગફળી વેચીને એક તોલો સોનું આવતું હતું. આજે ૩૫ મણ મગફળી વેચીએ ત્યારે એક તોલો સોનું આવે છે. સામાન્ય ગરીબ ખેડૂતને પોતાની દીકરીના લગ્ન કરવા માટે ત્રણ–ચાર તોલા સોનું એકત્રીત કરવું હોય તો આજે એમની સ્થિતિ નથી. ભાવો રૂ.૯૦૦/– થયા કે એનાથી વધારે રૂ.૧૧૦૦/– થયા. પરંતુ સામે ખેડૂતને જે ચીજની જરૂર છે એની કમ્પેર કરો તો ખબર પડશે. ટ્રેક્ટરમાં સબસિડી આપો છો એ સારી વાત છે. પણ લિમિટેડ આપવામાં આવે છે. ખેત પેદાશની અંદર સબસિડી મળી રહી છે. જયારે હું એમ માનું છું કે ખેત પેદાશની અંદર ખેડૂતોને વધુ સબસિડી મળે એ મારું સૂચન છે અને જે ખેડૂતોની ટ્રોલી છે એના ઉપર જીએસટી જેવા ટેક્સ છે. એ ખેડૂતોની મોજ–મસ્તીની વસ્તુ નથી. એ ખેડૂતોની જરૂરિયાતની વસ્તુ છે. ખેડૂતની જરૂરિયાતની વસ્તુ વાજબી ભાવે મળશે તો એ સારી મહેનત કરીને સારું ખેત ઉત્પાદન કરી શકશે અને સારું ઉત્પાદન થશે તો એનાથી આપણો અને આપણા સૌનો અને દેશનો વિકાસ થશે. તમારી અને અમારી શ્રી પરેશભાઇએ વાત કરી હતી કે બન્ને આંખો છે. એક આંખ છે એ વહીવટ કરે છે અને બીજી આંખ છે એ નજર રાખે છે. વિરોધપક્ષનું કામ જ નજર રાખવાનું છે. એટલા માટે મારી સ્પિચમાં મેં પહેલા જ કહ્યું હતું કે હું ટીકા–ટીપ્પણ કરીશ. પણ એ નીતિઓની ટીકા છે. વ્યક્તિની નથી. નીતિઓ મહાન છે. વ્યક્તિઓ તો આવે છે અને જાય છે. ક્યારેક અહીંયાં બેસવાનો વારો આવે છે અને ક્યારેક ત્યાં બેસવાનો વારો આવે છે. ક્યારેક વર્ષો પછી આવે છે ક્યારેક જલદી આવે છે. પરંતુ આ વસ્તુની અંદર જો વિરોધપક્ષ સારી અને પોઝીટીવ વસ્તુ સાથે લઇને ચાલશો તો અમને આનંદ થશે. ભલે આજે અમે વિરોધપક્ષે છીએ. ભૂતકાળની અંદર અહીંથી એક વાત કરી હતી કે અમે ૨૦૦ વર્ષ સુધી અંગ્રેજો સામે લડ્યા હતા. તમારી સામે અમારી સૈદ્ધાંતિક લડાઇ છે, અમારા વિચારોની લડાઇ છે, અમારી વ્યક્તિગત લડાઇ નથી.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું કે અંગ્રેજો સામે અમે લડ્યા હતા. બધા ભારતીયો લડ્યા હતા, તમે એકલા નહોતા લડ્યા, આખો દેશ લડ્યો હતો. કોંગ્રેસ એકલો નહોતો. આખો દેશ હતો. અમે પણ હતા, અમારા નેતાઓ હતા અને અમારા પૂર્વજો પણ હતા. કોંગ્રેસ એકલી નહોતી. આખો દેશ હતો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આખો દેશ હતો એની ના નથી. કોંગ્રેસ હતી. તમે નહોતા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, શ્રી રાઘવભાઇ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી હું આ દેશના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ શાહ અને અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

તથા નીતિનભાઇને ખુબ ખુબ અભિનંદન એટલા માટે આપુ છું કે ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડ સુધી ભારતીય જનતા પાર્ટીનું વાવાઝોડું પહોંચી ગયું છે એટલે ખુબ ખુબ અભિનંદન આપુ છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન કરુ છું. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું કલ્યાણ એ વિષય ઉપર હું મારા વિચારો વ્યકત કરુ છું. ૧૪૬ જ્ઞાતિઓનો એક સમૂહ બક્ષીપંચ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ એ રાજયની અંદર સૌથી મોટો સમુદાય છે, જ્ઞાતિ છે, વર્ગ છે અને ૫૪ ટકા કરતા પણ વધુ વસતિ આ રાજયની અંદર બક્ષીપંચ સમાજની છે ત્યારે એવડા મોટા સમાજની સરકારે જે ચિંતા કરી છે એના માટે ફરી વખત અભિનંદન આપુ છું અને ખાસ કરીને હું મારા વિધાનસભા વિસ્તારની વાત કરું તો ૮૦ ટકા બક્ષી પંચ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સમાજની વસતિ છે. એવા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતો હોઉ ત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં મારા પત્ની જયારે ધારાસભ્ય તરીકે બારમી અને તેરમી વિધાનસભામાં હતા ત્યારે આ સરકારે અનેક વિકાસના કામો આ બક્ષી પંચ વિસ્તારની અંદર કરવામાં મદદ કરી છે ત્યારે એ વિસ્તારની અંદર આજે ભારતીય જનતા પાર્ટી અને આ સરકાર ફરી વખત સત્તારૂઢ થઇ છે. ખુબ વિકાસના કામ થયા છે એમાં પણ ખાસ કરીને શૈક્ષણિક રીતે જે કાંઠાળ વિસ્તાર છે પછાત વિસ્તાર એવા આ બક્ષી પંચની વસતિ માટે જે સરકારશ્રી દ્વારા કામ કરવામાં આવ્યું છે એ કયારેય ભૂલી શકાય એમ નથી. વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળામાં ભણતા હોય ત્યારથી લઇ ગ્રેજયુએશન સુધીની ડીગ્રી પ્રાપ્ત કરે ત્યાં સુધી અને ત્યાર બાદ વિદેશની અંદર ઉચ્ચ અભ્યાસ કરવા જવું હોય તો એ બક્ષી પંચ, પછાત વર્ગ સમાજના એ વિદ્યાર્થીઓને આ સરકારે ખુબ મદદ કરી છે. ધો. ૧ થી ૫માં અભ્યાસ કરતી બહેનો પ્રાથમિક શાળામાં જો ભણતા હોય તો એમને ૫૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને ધોરણ ૯–૧૦માં જો બહેનો ભણતી હોય તો એને ૭૫૦ રૂપિયા. ભાઇઓને પણ એ સારી રીતે ભણી શકે એ માટે ધો. ૧ થી ૮ ધોરણ સુધીના પ્રાથમિક શાળાના ભાઇઓને ૫૦૦ રૂપિયા અને ધો. ૯–૧૦ના ભાઇઓને ૭૫૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ આપી અને બક્ષી પંચ સમાજના બાળકો ભણી શકે, એમનામાં શિક્ષણનો વ્યાપ વધે એના માટેના ખુબ પ્રયાસો કર્યા છે. મને કહેતા આનંદ થાય છે કે અતિપછાત હોય, બક્ષી પંચ હોય, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત હોય પણ એ સમાજની અંદર પણ અતિ પછાત હોય, જે રોજનું લાવીને, ટંકનું લાવીને ટંકનું ખાતા હોય એવા જે પછાત જાતિના બાળકો છે એમણે જો અભ્યાસ કરવો હોય તો ધો. ૧ થી ૧૦ સુધી, એ અભ્યાસ કરે ત્યાં સુધી હોસ્ટેલ અને ડે સ્કૂલના વિદ્યાર્થીઓને એક હજારથી પાંચ હજાર સુધીની શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના વિશે મારા કેટલાક વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. ઘણા સમયથી કોંગ્રેસના મિત્રોને સાંભળી રહ્યો છું અને જાણે ભા.જ.પ. આવ્યા પછી ગુજરાત રાજયનું ધનોતપનોત નીકળી ગયું હોય, ગુજરાત બરબાદ થઇ ગયું હોય એ પ્રકારના એમના પ્રવચનો સાંભળવાથી કોઇપણ વ્યકિતને લાગે, પણ આ ગુજરાતની શાણી જનતા, ૧૯૯૦ થી આજે ૨૦૧૭ સુધી આ લોકો આ પાટલી સુધી પહોંચી શક્યા નથી. (અંતરાય) હજી ૧૦ વર્ષ ચિંતા કરશો નહીં. આ બજેટની કેટલીક હકીકતલક્ષી વિગતો રજૂ કરવા માગું છું. કેટલાક મિત્રોએ વીજળીની વાત કરી હતી. મને એમ લાગતું હતું કે કોઇ મિત્ર પ્રસંશા કરશે કે ૮ કલાક વીજળી અને ૮ એકર જમીનથી વધારે જમીન હોય તો ૨ કનેકશનનો સુયોગ્ય નિર્ણય આ સરકારે કર્યો એમ કોઇક મિત્ર બોલશે. પણ એમાં વિરોધ, વિરોધ અને વિરોધ. હું પણ ખેડૂત છું અને મને ખબર છે કે ૮ એકર જમીન હોય અને ૫ નું મોટર કનેકશન હોય અને પૂરતા દબાણથી પાણી આવતું હોય તો ૨૦ વીઘા જમીનમાં પિયત થઇ શકે એટલા માટે ૮ એકરનો નિર્ણય છે. એનાથી વધારે જમીન હોય તો બીજું કનેકશન આપવાનો જબરજસ્ત નિર્ણય આ સરકારે કર્યો છે એનો કોઇ મિત્રે ઉલ્લેખ કર્યો નથી. હું એ કહેવા જઇ રહ્યો છું કે ૧૯૬૦–૬૧માં લગભગ ૯ હજાર મેગાવોટ વીજળીનું ઉત્પાદન આ રાજ્યમાં હતું. આજે ૨૭,૦૫૦ મેગાવોટ વીજળી એટલે ત્રણ ગણી વીજળીનું ઉત્પાદન આ સરકારના નિર્ણયોના કારણે થઇ શક્યું છે. એમના સમયમાં ૧૨–૧૩ હજારથી વધારે ખેડૂતોના વીજળીના કનેકશન એવરેજ ક્યારેય મળ્યા નથી અને આ સરકાર ૧ લાખ વીજળીના ખેતીવાડીના કનેકશનો છેલ્લા પાંચ વર્ષથી લાગલગાટ આપી રહી છે. આનો પણ કોઇક જગ્યાએ ઉલ્લેખ કર્યો હોત તો આનંદ થાત. જે પ્રકારે વીજ કનેકશનો અપાય છે એ જ રીતે જોઇએ તો ૧૯૬૦ થી ૧૯૯૫ એટલે કે ૩૫ વર્ષના ગાળામાં ૫૬૩ સબ સ્ટેશનો હતા. આજે ૨૦૦૨ થી ૨૦૧૭ સુધીના ગાળામાં એટલે કે ૧૫ વર્ષના ગાળામાં ૧૨૨૧ નવા સબ સ્ટેશનો આ સરકારે ઉભા કર્યા છે. ૩૫ વર્ષમાં ૫૬૩ અને ૧૫ વર્ષમાં ૧૨૨૧ અને છતાં પણ એ વિકાસ દેખાય નહીં ત્યારે આશ્ચર્ય થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ૫૦૧ વીજ મથકો ગુજરાતમાં ઉભા થયા. મને કહેતા આનંદ થાય છે કે ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે વડોદરા અમે પ્રતિનિધિમંડળ લઇને સૌરાષ્ટ્રમાં વધારાના સબ સ્ટેશનો ઉભા થાય એના માટે રજૂઆત કરવા માટે ચેરમેન પાસે ગયા હતા. ત્યારપછી શરૂઆત થઇ અને આજે ૫૦૧ માંથી ૨૬૯ વીજ સ્ટેશનો માત્ર સૌરાષ્ટ્રમાં ઉભા થયા છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બજેટના દિવસો હતા ત્યારે અમારો કિસાન ધરતી ફાડી ધાનને પેદા કરનારો આ રાષ્ટ્રનું પેટ ભરવાવાળો કિસાન સાંજે એના દીકરાને કહે, આજે અમારું વાળું ન લાવતો, આજે મારે બજેટ જોવું છે. જ્યાં ઘેર આવીને ન્યૂઝમાં બજેટ જોયું ત્યારે અમારો *(×××) માથે હાથ રાખીએ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : અમારો *(×××) ખેતી, ધાન્ય (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ ફરી કાઢી નાખવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : સાહેબ, હજી અમે *(×××) જ છીએ.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ વારંવાર બોલશો તો માનનીય રીબડીયાજી ખેડૂતને *(×××) શબ્દો વાપરવાથી અસંસદીય થાય છે. ત્રણવાર આ શબ્દ આપે વાપર્યો એટલે હવે ફરી ના વાપરશો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : બિચારો માથે હાથ રાખીને નિસાસા નાખતો હતો. જ્યાં બજેટ જોયુંને દેવાના ડૂંગર નીચે દબાયેલા કિસાનને એમ કે એમના દેવા માફ કરવાની વાત આ બજેટમાં હશે, પણ એવું કાંઇ ના નીકળ્યું. બીજો વિચાર એને કાંઇક આવતો હતો કે હજી કાંઇક હશે ઉર્જાની વાત આવશે. માનનીય મંત્રીશ્રી ઉર્જાની બહુ વાત કરતા હતા. ખેડૂત બિચારો રાહ જોઇને બેઠો હતો કે બજેટની અંદર વીજ બિલમાં કાંઇક મોટી રાહત મળશે પણ એવું કાંઇ નીકળ્યું નહિ. બીજું એને એમ હતું કે, આ ગુજરાતનો ખેડૂત ૭૦% ઘઉં પેદા કરે છે. એમાં ૩૦% રવીપાકમાં આપણે બીજું વાવેતર કરીએ છીએ. આજે ૨૦-૨૦ વર્ષથી ઘઉંના ૩૦૦ રૂપિયા જ ભાવ છે તે દિ એમ હતું કે આના ૬૦૦ થશે પણ આવું કાંઇ ના થયું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની વાતમાં માનનીય નાણામંત્રી સૌની યોજના લાવ્યા છે. ૧૦૦૦ કરોડ રૂપિયામાં ૧૧૫ ડેમ ભરવાના છે. લીફ્ટ કરીને અમારો ધ્રાફડ ડેમ ભરવાનો છે. ૭૦૦ કરોડ રૂપિયાનું કામ આપવામાં આવ્યું છે. આજે મેં જોયું કે બજેટની અંદર ૧૭૬૫ કરોડની જોગવાઇ થઇ છે. હું કાલે મારા વિસ્તારમાં હતો ત્યાં સૌની યોજનાની પાઇપ લાઇન નીકળી છે. પેલો ખેડૂત બિચારો એમ કહે છે કે, કંઇક ગાઇડ લાઇન નક્કી હોવી જોઇએ. ખેડૂતને જે વળતર આપવામાં આવે છે એમાં એક ખેડૂતને ૧૭૦૦૦ રૂપિયા વળતર આપે, એક ખેડૂતને ૨૫૦૦૦ રૂપિયા વળતર આપવામાં આવે છે. હું પૂછવા એ માગતો હતો કે, તમે કેવી રીતે વળતર આપો છો? આ પાકનું વળતર આપો છો કિસાનને? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, જેઠાભાઇ, શાંતિ રાખો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને ખબર નહિ હોય કે જ્યાં પાઇપ લાઇન નીકળી છે ને ત્યાં ખેડૂતોની જમીન એટલી બધી બગડી ગઇ કે નીચેથી પથ્થરાં આવ્યા છે. આ ૧૭૦૦૦ રૂપિયા જેને વળતર આવે છે એ તો ખાલી પથ્થરા વીણવાનું જ થઇ શકે. આ જમીનમાં જેટલી પાઇપ લાઇન નીકળી છે એ જમીનને પહેલા ઘડે લાવવી પડે. કોઇપણ ખેડૂતને પૂછજો કે ઘડે લાવેને તો એમાં ઉત્પાદન થાય. એમાં દેશી ખાતર નાખવું પડશે અને ૫ વર્ષ સુધી બિચારાને મહેનત કરવી પડશે ત્યારે એ જમીન ઘડે આવશે અને ત્યારે એમાં એનું ઉત્પાદન લઇ શકશે. સૌની યોજનાની અંદર મંત્રીશ્રીને કહું છું કે તમે ચોખવટ કરો, કેમ કે ખેડૂતો રાહ જોઇને બેઠા છે એને વળતર શેનું આપો છો? એના પાકનું આપો છો? એના ઝાડનું આપો છો કે એની જમીનનું આપો છો કે એના પથ્થરાં વીણવાનું આપો છો? આ એક ચોખવટ થાય એટલા માટે હું વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં બજેટમાં જોયું તો આ ખેડૂતનો મોટામાં મોટો ચિંતિત પ્રશ્ન હોયને તો એ ૨૦૦ કરોડ રૂપિયા માનનીય મંત્રીશ્રીએ ફાળવ્યા છે ખેડૂતોને ફેન્સિંગ તાર માટે. આ રોઝ-ભૂંડનો એટલો મોટો ત્રાસ છે. સમગ્ર ગુજરાતનો ખેડૂત બિચારો રાત-દિવસ રખોપું કરે છે. એક ઝોલું આવેને તો આ રોઝડા અને ભૂંડ એના ખેતરમાં કચ્ચરઘાણ કરી નાખે છે. ખાલી ૨૦૦ કરોડ રૂપિયા તો એક તાલુકામાં જ ફેન્સિંગ થાય. જો તમારે ફાળવવા હોય તો ૧૦૦૦ કરોડ રૂપિયા જો બજેટમાં ફાળવ્યા હોતને તો મારા કિસાનને ક્યાંક ને ક્યાંક લાભ મળત. ખેડૂત એટલો બધો ચિંતિત છે, કેટલી વાડો કરે છે, કાંટાની વાડો કરે છે છતાંય પણ મેં ગઇ વખતે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો. મેં કીધું આ રોજડા કોના છે? તો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ કહે અમારા છે. એમણે સ્વીકાર્યું જ છે કે રોજડા એના છે તો ખેડૂતને વળતર આપવું પડે કે નહીં? રેવન્યુમાં આવી જાય, એના ખેતરનો કચ્ચરઘાણ કરી નાખે તો એને વળતર આપવું પડેને? તો કંઇક ન્યાયની વાત કરો? માનનીય અધ્યક્ષશ્રી, રોજડા તો હમણા મેં જોયા, વિધાનસભામાં પણ ઘૂસી ગયા છે.

અધ્યક્ષશ્રી : વિધાનસભામાં એકેય નથી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : ઘૂસી ગયા છે માનનીય અધ્યક્ષશ્રી, હું હમણા જ જોઇને આવ્યો છું.

અધ્યક્ષશ્રી : વિધાનસભામાં નહીં.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : સચિવાલય ગ્રાઉન્ડમાં અને વિધાનસભા ગ્રાઉન્ડમાં આંટા મારે છે. (અંતરાય) આ સચિવાલયમાં આવડી મોટી વંડી હોય, આવડો મોટો બંદોબસ્ત હોય, એક કૂતરું ન ઘૂસી જાય એવડો મોટો બંદોબસ્ત અને વાડ છે છતાં પણ જો રોજડા ઘૂસી જતા હોય તો અમારા ખેડૂતની વાડીની દશા શું હશે એ વિચારવાની વાત છે. આ બહુ ચિંતાની વાત છે પણ આપણે હસવામાં કાઢી નાખીએ છીએ. આખી રાત બિચારો વાવતો હોય એ ખેડૂતને પૂછો તો ખબર પડે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર ગિર અને ગિરનારની વચ્ચેનો વિસ્તાર છે. ત્યાં સતાધાર અને પરબ જેવી જગ્યાઓ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

આવેલી છે. વર્ષોથી આ જગ્યાઓમાં રોટલા મળે છે. લોકો ત્યાં પ્રસાદી લે છે. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇસાહેબ ત્યાં દર્શન કરવા આવે પરબના મેળામાં ત્યાં અમારા બાપુએ આશીર્વાદ આપ્યા સતાધાર અને પરબ કે તમે વડાપ્રધાન થશો તો થઇ ગયા. એ પછી આનંદીબેન આવ્યા દર્શન કરવા એ પણ મુખ્યમંત્રી થઇ ગયા. તે પછી ફડણવીસ આવ્યા એ પણ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી થઇ ગયા અને અમારા વિજયભાઇ રૂપાણીનું ગામ પરબની બાજુમાં છે એ પણ મુખ્યમંત્રી થઇ ગયા. મને ચિંતા એ છે કે નીતિનભાઇ, તમે ન આવ્યા. તમે એકવાર ત્યાં આવી જાવ. અમારા બેય બાપુની એવી માગણી છે, વારંવાર રજૂઆત કરી કે અમારા સતાધાર અને પરબ વચ્ચેનો ૩ મીટરનો રોડ છે એ એટલો તૂટયો છે, વારંવાર રજૂઆત કરી છે. જયારે સી.એમ. આવ્યા ત્યારે, ભા.જ.પ., કોંગ્રેસ બધાને રજૂઆત કરી છે. પણ એ રસ્તાની હાલત એટલી બધી ખરાબ છે. થોડો પહોળો રસ્તો બનાવી દો, દસદસ લાખ લોકો ત્યાં મેળામાં આવે છે. દર વખતે સી.એમ.* (×××). અમે જ ત્યાં દેખરેખ રાખીએ છીએ.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખું છું. મેળામાં આમંત્રણની જરૂર ન હોય.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇને મારે એ પણ કહેવું છે કે આજે ગામડું ભાંગી રહ્યું છે. કેશુભાઇની સરકાર હતી એમાં ગોકુળ ગામ સડક યોજના હતી. ગામડાંમાં રસ્તા થયા હતા.

શ્રી હિતુ કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આપના માધ્યમથી કહેવા માગું છું કે જેમની નીતિ સારી છે, જેમના નામમાં જ નીતિ છે એવા નીતિનભાઇને મેની મેની કોન્ગ્રેચ્યુલેશન કહીશ. કારણકે આ જે અંદાજપત્ર લાવ્યા છે ઇટ ઇઝ બ્રિલીયન્ટ, ઇટ ઇઝ ઇન્ટેલીજન્ટ, ઇટ ઇઝ બેલેન્સ્ડ, ખૂબ સરસ રીતે બેલેન્સ કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ હોય કે ગ્રામ્ય વિકાસ હોય બંને સમતોલ રાખવામાં આવ્યા છે. થોડા સમય પહેલા દિલ્હીની અંદર સુફી સંતોની એક બહુ મોટી કોન્ફરન્સ થઇ. સુફી સંતોની કોન્ફરન્સની અંદર એક વાકય બોલવામાં આવ્યું હતું વસુધૈવ કુટુમ્બકમ. વસુધૈવ કુટુમ્બકમનો મતલબ થાય છે કે આ દુનિયાની અંદર રહેતા બધા જ એક પરિવાર છે. ધ હોલ વલ્ડ ઇઝ વન બીગ ફેમીલી. આ જે વિચાર છે, આ જે વાકય જે વ્યક્તિ બોલ્યા હતા એમણે એના થોડા વખત પછી એક રેડીયો કાર્યક્રમમાં કહ્યું હતું કે જે લોકો શારીરિક રીતે નબળા હોય છે, માનસિક રીતે નબળા હોય છે એ લોકોનું સન્માનભર્યું એક નામ, એક ઓળખાણ હોવી જોઇએ અને એમણે નામ આપ્યું હતું દિવ્યાંગ. આજે વસુદેવ કુટુંબકમ્ જે વાક્ય બોલવામાં આવ્યું હતું. આજે દિવ્યાંગ નામ આપવામાં આવ્યું હતું. આ બંને વસ્તુઓ કહી છે એવા ભાજપનું નેતૃત્વ સંભાળી રહ્યા છે એવા આપણા દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વાત કહી હતી. ભારતીય જનતા પાર્ટીની જે વિચારધારા છે. સૌનો સાથ સૌનો વિકાસ. (અંતરાય) બજેટ ઉપર આવવા માગુ છું. જ્યારે સવા સો કરોડ લોકોની વાત મોદી સાહેબ કરતા હોય છે, ત્યારે સૌને સાથે લઇને સૌનો સાથ લઇને વિકાસ થાય એની વાત કરતા હોય છે. અને આ જ સૌનો સાથ, સૌનો વિકાસ આ વાત ગુજરાતની અંદર આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ હોય કે ઉપ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ હોય ખૂબ સારી એની વાત કરે છે. અંદાજપત્રમાં લઘુમતી વિકાસ અને સામાજિક સુરક્ષા માટેની વાત કરવા હું ઊભો થયો છું અને એટલા માટે મારે પહેલા આ વાત કરવી પડી છે. સૌનો સાથ અને સૌનો વિકાસ એ ખાલી સૂત્ર નથી, પણ મહામંત્ર છે. આની અંદર બધા લોકો સમાઇ જાય એની પૂર્ણ કોશિશ કરવામાં આવી છે. જેમ લઘુમતી સમાજ છે એટલે કે મુસ્લિમ હોય, શીખ હોય, પારસી હોય, ખ્રીસ્તી હોય, જૈન હોય એ બધા સમાજના ઉત્થાન માટે દરેકે દરેક જ્ઞાતિ, જાતિ બધા જ લોકોનો સમાવેશ થાય એની પૂર્ણ કોશિશ કરવામાં આવે છે. ગુજરાતની અંદર લઘુમતીઓ માટે હાથ ધરવામાં આવતી કલ્યાણ પ્રવૃત્તિને સંબંધ છે, ત્યાં સુધી ભાજપની સરકારની નીતિ રહી છે. જસ્ટીસ ફોર ઓલ, અપીઝમેન્ટ ટુ નન. મતલબ એ કે સશક્તીકરણ બધાનું થાય અને તૃષ્ટિકરણ કોઇનું ન થાય. બધાનો સાથે વિકાસ થાય. ગુજરાત રાજ્યના મુસ્લિમ, ખ્રિસ્તી, બૌધ, જૈન, પારસી, શીખ આ ૬ ધાર્મિક લઘુમતીઓને માન્યતા આપી છે. જેની વસતિ રાજ્યમાં કુલ વસતિના ૧૧ ટકા છે. એટલે કે ૧૯.૭૦ લાખ છે. રાજ્ય સરકારે સીંધી, મરાઠી અને ઉર્દુ ભાષાને પણ ભાષાકીય લઘુમતી આપી છે. બંને સમુદાય માટે યોજનાકીય લાભો આપવામાં આવ્યો છે. રાજય સરકારે ગુજરાત લઘુમતી બોર્ડ જે ૧૯૯૯ માં હતું. જે માત્ર બોર્ડ હતું. ભાજપની સરકાર આવી પછી ૧૯૯૯ થી એને નિગમ બનાવવામાં આવ્યું. ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ. આમાં ૨૦ કરોડ રૂપિયાની શેર મૂડી રાખવામાં આવી હતી. આ નિગમની રચના કરવામાં આવી. રાજ્ય સરકારશ્રીનું જાહેર સાહસ છે જે રાષ્ટ્રીય નિગમ તથા રાજ્ય સરકારશ્રીની યોજના...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીય ધનજીભાઇ.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીતિનભાઇને અભિનંદન આપું છું. એમણે સરસ મજાનું બજેટ બનાવ્યું છે કે જેની અંદર ઔદ્યોગિક પાર્ક બનાવવાના છે. એની અંદર તાલીમ માટે તૈયારી કરશે તો તાલીમવાળાને પણ સહાય આપશે. જેથી કરીને સ્કીલ ડેવલપમેન્ટ થશે. વિજયભાઇને મારા અભિનંદન છે. ખાસ કરીને વાત કરવા માગુ છું કે આપણે બધા કહીએ છીએ કે ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગો. તો ઉદ્યોગો કોણ ચલાવે છે? એ વાત કરવામાં આવે તો આપણ દેશની અંદર ૭૦ ટકા ખેડૂતો છે અને ખેતી જ્યારે ૭૦ વર્ષ પહેલાં ૧૦૦ વીઘા હતી. એ અત્યારે ૫ વીઘા નથી રહી. એ બધી ઉદ્યોગ–ધંધામાં ડાયવર્ટ થઇ છે. ઉદ્યોગપતિઓ મોટા ભાગના ખેડૂતો છે આવું મારું માનવું છે. બીજી વાત કરું કે હું એક ખેડૂત પુત્ર છું. હું પાણીના નાકા વાળતો. અમારા કુટુંબમાં ૨ કિલો પીપરમીન્ટ બનાવતા હતા. અને અત્યારે રોજની ૨૦૦ ટન

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બનાવીએ છીએ. આ ઉદ્યોગપતિ ખેડૂત ન કહેવાય? આ ખેડૂતોને ઉદ્યોગ ચલાવવા માટે શેની જરૂર પડે? ઉદ્યોગ ચલાવવા માટે પાણી જોઇએ, વીજળી અને રોડ રસ્તા જોઇએ. રોડ રસ્તા સારા ન હોય તો ઉદ્યોગ ચાલી ન શકે. વીજળી ૨૪ કલાક ન હોય તો ચાલી ન શકે. પહેલાના ટાઇમમાં ઉદ્યોગમાં કદાચ વીજળી હોય તો એની અંદર હડતાળ, કરફ્યુ પડે એટલે ઉદ્યોગો ચાલી નહોતા શકતા. માનનીય અધ્યક્ષશ્રી, અશાંતિ હતી એટલે રોજગારીમાં પ્રોબ્લેમ આવતા હતા. આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કરફ્યુની વિદાય કરી દીધી છે તે અભિનંદનને પાત્ર છે. બીજી વાત કરું તો છેલ્લા બાવીસ વર્ષની અંદર સિરામીક ઉદ્યોગ લઇએ તો તે નંબર વન ઉદ્યોગ છે. ગુજરાતનો સિરામીક ઉદ્યોગ હિન્દુસ્તાનમાં નંબર વન છે. ત્યાં પણ મોટા ભાગના ખેડૂતમિત્રો જ જોડાયેલા છે. રાજકોટ ખેતી ઓજારો અને ટ્રેકટર મશીનરી બનાવવામાં તેમજ ખેડૂતોના ઓજાર બનાવવામાં નંબર વન છે. ભાવનગરની અંદર અલંગ શીપબ્રેકીંગ યાર્ડ અને હીરા ઉદ્યોગ પણ નંબર વન છે. ટેક્સટાઇલ હાઉસ જે અમદાવાદ હતું તે આજે ભાંગીને ભૂક્કો થઇ ગયું છે તેના કારણો તપાસી લેવા. અત્યારે ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ઘણાબધા સ્પીનીંગ યુનિટો આવેલા છે. તેમાં ઘણીબધી સરકારની સહાય છે એટલે ડેવલપમેન્ટ ચાલુ થઇ ગયું છે. ઘણીમોટી રોજગારી તે ઉદ્યોગ ઉત્પન્ન કરશે. કચ્છની અંદર ભૂકંપ આવ્યા પછી જે સ્થિતિ થઇ હતી તેના બદલે આજે ખૂબ જ ઉદ્યોગો આવ્યા છે તે નોંધપાત્ર છે. જામનગરનું નામ લઇએ તો રીફાઇનરી ઉદ્યોગ એટલે કે દુનિયાની મોટામાં મોટી રીફાઇનરી આવેલી છે અને બ્રાસનું જામનગરમાંથી આખા દેશમાં સપ્લાય કરવામાં આવે છે. એ જ રીતે સોલાર પ્લાન્ટ અને પવનચક્કીમાં ઘણો વિકાસ થયો છે. મીઠા ઉદ્યોગમાં આપણું બહુ મોટું નામ છે. ગુજરાતની પ્રજા સાહસિક છે. સાથે સાથે સરકારશ્રીનો સાથ અને સહયોગ છે તેના કારણે ખૂબ જ ગ્રોથ થઇ રહ્યો છે. નાની વાત કરું તો બીજા લોકો અન્ય રાજયમાંથી ઉદ્યાગોમાં જોડાઇ રહ્યા છે. મને કાયમ કહે છે કે, અમારે ગુજરાતમાં પ્લાન્ટ નાંખવો છે. તો કહ્યું શા માટે તો કહે છે કે અહીં શાંતિ છે, કરફ્યુ નથી. વીજળી અને રોડ રસ્તા સારા છે એટલા માટે. આ વાતની બધાએ નોંધ લેવી જરૂરી છે. કારીગરો માટે મારું એક દૃષ્ટિબિંદુ આપું તો સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીને ઇન્ડસ્ટ્રીઝવાળા દત્તક લે, જેમ કે ફોરેનમાં, જર્મની, જાપાનમાં જે લોકો દત્તક લે છે તેવી રીતે આપણી ઇન્ડસ્ટ્રીઝવાળા દત્તક લઇને તેને ભણાવે અને તેને એક વર્ષની અંદર ઓછામાં ઓછા ચાર થી છ મહિના ફેકટરીમાં કામ આપે અને સરકાર સહયોગ કરે તેવી ભલામણ છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષ મહોદયજી, નાણા મંત્રાલયનો હવાલો અખત્યાર કરતા શ્રી નીતિનભાઇ પટેલ આમ તો કુશાગ્ર રાજનીતિજ્ઞ છે. કોઠાસૂઝ ધરાવતા આગેવાન છે. આજે જયારે બજેટ લઇને આવ્યા છે ત્યારે મારે કોઇ રાજકીય અવલોકનો નથી કરવા પણ પ્રજાહિતમાં બજેટમાં લેખાજોખાં કરવા છે. હમણાં મારા મિત્ર પિયુષભાઇ હેપ્પી ઇન્ડેક્ષની મસમોટી વાતો કરતા હતા. પરંતુ પિયુષભાઇને એ ખબર નથી અને હમણાં જ તાજેતરમાં વર્લ્ડ હેપ્પીનેસનો જે રિપોર્ટ આવ્યો છે તેમાં ભારત ૧૨૨ મા ક્રમે ધકેલાઇ ગયું છે. અચ્છે દિન કે ઇંતજારમે હૈ. એટલે ગરીબ અને અમીરો વચ્ચેની ખાઇ વધે નહીં તેની ચિંતા આ બજેટમાં અહીં બેઠેલા સૌ કોઇ કરવા માગે છે અને તેમાં હું મારો સૂર પુરાવું છું. સંબંધોનું અંદાજપત્ર કંઇક અલગ હોય છે. માગણીઓ કરપાત્ર અને લાગણીઓ કરમુક્ત હોય છે. હું કયાં સંબંધોમાં ગરીબ છું, આપ બધાની લાગણીઓથી સમૃદ્ધ છું. અંદાજપત્ર ઉપર આવું તો પરિણામલક્ષી અંદાજપત્રના પ્રકાશન નં. ૫૬ તેમાં મહેસૂલ વિભાગની માગણીઓ અંગેની જોગવાઇ કરવામાં આવી છે. ૨૦૧૮–૧૯માં આ જોગવાઇ ૩૦૦૦ કરોડ રૂપિયે પહોંચી છે, જે ૨૦૧૭–૧૮ના સાપેક્ષમાં ઘણી બધી વધારે છે, કારણકે ૨૦૧૭–૧૮માં એ ૧૦૦૦ કરોડ રૂપિયા જેટલી હતી. તો માનનીય નાણા મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આ ત્રણગણી માંગણી વધારવાનું કારણ શું? હમણાં મારા યુવામિત્ર હર્ષ સંઘવી યુવાનોની ચિંતા કરતા હતા ત્યારે મને પણ એવી સ્ફૂરણા થઇ કે પાટીદારો, બક્ષીપંચ, દલિતોના હિતની હિફાજત માટે જે યુવાનો આંદોલન કરતા હતા એમાં યુવા સ્વાવલંબન યોજના આવી છે, એમાં ત્રણગણો વધારો કર્યો હોત તો એમાં ખુશી થાત અને એ યોગ્ય ગણાત. પણ ખેર, મને એ સમજાતું નથી કે કર વસૂલાત અંગેનું ખર્ચ, આમાં ગયા વરસનો ૧૦૦ કરોડ રૂપિયાનો બતાવવામાં આવેલ છે અને આ વરસે ૩૦૫ કરોડ રૂપિયાનો બતાવવામાં આવેલ છે, તો કર વસૂલાતમાં આટલો બધો ખર્ચમાં ઉમેરો થાય એ પણ જે આપણી ફાઇનાન્સિયલ ડિસિપ્લીનરી કહી શકાય એમાં ઉચિત છે ખરું? એ બાબતમાં પણ હું ચિંતા વ્યક્ત કરવા માગું છું કે, કુદરતી આફતો માટે આ વખતના બજેટમાં ૧૭૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇ શું પર્યાપ્ત લાગે છે? આપણે બધાએ તાજેતરમાં અનુભવ્યું છે કે બનાસકાંઠા અને માળીયામાં કેવું પુર આવ્યું હતું અને આજે પણ અસરગ્રસ્ત ખેડૂતોને એની જમીનના ધોવાણનું જે વળતર મળવું જોઇએ એ વળતર મળી શક્યું નથી. આ બહુ ગંભીર બાબત છે. સૌરાષ્ટ્રના નપાણિયા વિસ્તારમાંથી આવું છું પણ પાણીદાર પાટીદાર સમાજમાંથી આવું છું. નર્મદાના નીર સૂકાયાં છે,નર્મદા આધારિત પીવાના પાણી માટે ગામડાંની પ્રજા ભરશિયાળે વલખાં મારે છે. ગામડાંમાં જવાતું નથી, અઠવાડિયે અઠવાડિયે મોટા ગામોમાં અત્યારે પીવાનું પાણી મળતું નથી. ઉનાળામાં આ સ્થિતિ બહુ કપરી બનવાની છે. આપણી સૌની ચિંતાનો આ વિષય છે તો આપણે બજેટ બનાવવા બેઠાં હતા ત્યારે ભવિષ્યની આ ઉભી થનારી જે અવદશા છે, ટેન્કરો ફાળવવા પડશે, પાણી માટે પાણીપતનું યુદ્ધ ખેલાય તો પણ નવાઇ નહિ એવી સ્થિતિ માટે શું આ ૧૭૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ પર્યાપ્ત ગણાય ખરી? ટોડરમલ વખતથી આપણું આ મહેસૂલી તંત્ર રાજ્યની કરોડરજ્જુ ગણાય છે મહેસૂલી જિલ્લાનો વહીવટ આમ તો રૂટિન બાબત છે. પણ ગયા વરસે બજેટમાં આપે ૨૧૨ કરોડ રૂપિયા ફાળવેલા. પણ આ વરસે એમાં ૫૪૭ કરોડ રૂપિયા ફાળવેલા છે. લગભગ એમાં પણ આ રેગ્યુલરી ટાસ્કફોર્સ પાછળ ત્રણગણો ખર્ચ કરવાનું કારણ શું છે એ મારે જાણવું છે. દિલ્હીમાં નવા ગુજરાત ભવન માટે કરોડો રૂપિયાના ખર્ચે જમીન લેવાય. મોરબી જિલ્લાના જુના વાંકાનેર અને માળીયા તાલુકાને આજે પણ સરકીટ હાઉસ કે

વિશ્રામગૃહની સેવા અપાતી નથી. આ તે કેવી કરૂણતા કહેવાય? જે ઉભું થયેલું પરંતુ મેળવી ન શકાયેલું વેરાપાત્ર મહેસૂલી જે આવક અને ખર્ચ છે એની જે ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ ૨૫૮૬૬ હતી અને ૩૧ માર્ચ, ૨૦૧૭ની સ્થિતિએ ૩૨૧૭૮ એ પહોંચી ગઇ છે. જો આટલો વધારો આમાં થતો હોય તો અમારા ધારાસભ્યશ્રીનો શું વાંક છે એક કરોડ રૂપિયાથી અમને સમજાવી દો છો. એમ.એલ.એ. ગ્રાન્ટ બે કરોડ રૂપિયા કરો તો અમે સારી રીતે લોકોના કામ કરી શકીશું. મિત્રો તમે પણ આમાં ખુશ થશો. (અંતરાય) પાંચ કરોડ, માંગવું તો થોડું ન માંગવું, મોતને બાઝીએ ત્યારે તાવ મળે. અધ્યક્ષશ્રીની મહેરબાની ઉપર નિર્ભર છીએ. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે હું એટલુ જ કહીશ "અંધકારનો યુગ છે, સતયુગના અજવાળા યાદ આવે". આ બજેટમાં ગરીબોની પણ ખેવના કરાય અને મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું એમ કે સાચું ભારત ગામડાંમાં વસે છે એ ન્યાયે ગામડું આત્મનિર્ભર બને, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ગામડાં આજે ભાંગી રહ્યાં છે, શહેરો તરફની દોટ વધતી જાય છે ત્યારે અમેરિકામાં ભૂલ થઇ હતી ૧૯૩૫માં ૬૮ લાખ ખેડૂતો હતા તેમાંથી આજે માત્ર ૧૯ લાખ ખેડૂતો બચ્યા છે તો આપણે ગુજરાતને પણ કયાં લઇ જવું છે ? આજે મોટી મોટી કંપનીઓના હાથમાં અમેરિકાની જમીન છે એ રીતે નેનોને આપણે આપણી ખેતીની જમીન આપી દીધી અને જે રીતે જમીનોની માલિકીનું કેન્દ્રીયકરણ થયુ છે તેમાંથી પણ ખેડૂતોને ઉગારવા જરૂરી છે. પહેલાં કહેવાતું હતું કે દેવું કરીને પણ ઘી પીવું પણ હવે એવો જમાનો રહ્યો નથી. આજે ૨૦૧૮-૧૯માં ૨ લાખ ૨૧ હજાર કરોડનું દેવું પ્રજા ઉપરનો મોટો આર્થિક બોજ વધારી રહ્યું છે એ પણ એક ચિંતાનો વિષય છે. અહીં આપણે ગુજરાતને ગ્રોથ એન્જીન કહીએ છીએ કલાયમેટ ચેન્જ નામનો એક નવો વિભાગ આપણે ગુજરાતમાં વિકસાવ્યો છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે માનનીય બ્રિજેશભાઇ આપે એક વાત જે કહી તે સારી કહી કે પાણીદાર પાટીદાર સમાજમાંથી આવો છો. ભાઇ, ગુજરાતના બધાજ સમાજ પાણીદાર છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આપને અને આ સન્માનીય ગૃહમાં સન્માનીય નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાથે સાથે અમારા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર અને જેમની સાથે છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં કામ કરતા શીખ્યો છું એવા સન્માનીયશ્રી પ્રદિપસિંહ જાડેજાસાહેબ બધાનો હું આભાર માનુ છું. રાજયના અનુસૂચિત જાતિના લોકો સમાજમાં સ્વમાનભેર જીવી શકે તેવી આદર્શ પરિસ્થિતિના નિર્માણને સાકાર કરવા રાજય સરકારે અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં કોઇ પણ રાજયમાં ના હોય તેવી અનુસૂચિત જાતિ વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે. મને કહેતા આનંદ થાય છે કે, માત્ર જન્મ અને જન્મ પછી માણસનું મૃત્યુ થાય ત્યાં સુધી સરકારની યોજનાઓ હતી પણ મને કહેતા આનંદ થાય છે કે, આ સરકારે બાળક પોતાની માતાના ઉદરમાં હોય અને જન્મ પછી મૃત્યુ પામે ત્યાં સુધીની આ સરકારે યોજનાઓ બનાવી છે. ગૃહમાં મારે આજે પરમ સદેહ એવા વંદનીય પંડિત દીન દયાળજીને યાદ કરવા છે. એમનો મંત્ર હતો કે "સમાજ કે અંતિમ પદ પર બૈઠે હુએ વ્યકિત કા વિકાસ હમારા મંત્ર હૈ." આ મંત્રને લક્ષમાં રાખીને છેવાડાના માનવીનો વિકાસ થાય એ ભાવથી આ રાજયની સરકારે સૌનો સાથ સૌનો વિકાસ ભાવ સાથે અનેકવિધ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના બાળકો સારું શિક્ષણ મેળવી શકે અને પોતાના પગભર થાય તે માટે આ સરકારે પ્રિ-એસ.એસ.સી.શિષ્યવૃત્તિ યોજના, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના, પોસ્ટ એસ.એસ.સી.શિષ્યવૃત્તિ યોજના, ગણવેશ માટેની સહાય, સરસ્વતી સાધના, સાયકલ સહાય યોજના, અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટે વંદનીય શ્રી વાસુદાદા જેવી અનેકવિધ યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના તારણહાર મહામાનવ ડો.બાબા સાહેબ આંબેડકરનો ગુજરાત સાથે અનેરો નાતો રહ્યો છે. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે જો બાબા સાહેબને વિદેશમાં અભ્યાસ કરવા જવા માટે મદદ કરી ન હોત તો કદાચ આજે પણ આ સમાજ સ્વમાનભેર જીવી શકતો ન હોત. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે સમાજના આવા અનેક વિરલાઓને આગળ લાવવા માટે ડો.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના અમલમાં મૂકી છે. આજે ભારતીય જનતા પાર્ટીની આ સરકારની નીતિના કારણે સમાજના અનેક યુવાનો કોમર્શીયલ પાયલોટની તાલીમ માટેની યોજના થકી વિમાન ઉડાવતા, આ ગગન ભેદતા થયા છે. એ વાત સાંભળીને મને આવા જ એક વિમાન ચાલક કુમારી હેતલ બેન ચાવડા યાદ આવે છે ત્યારે હું ગર્વ અને આનંદની લાગણી અનુભવું છું કે, આ દીકરી મારા વિસ્તારની છે. દેવોમાં એક એવા દેવ છે જેનો પૂરો પરિવાર પૂજાય છે અને એ દેવ એટલે મહાદેવ. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની આ સરકારે મહા માનવ બાબા સાહેબ આંબેડકરના જીવનમાં જે જે મહાનુભાવોએ યોગદાન આપ્યું છે તે તમામ મહાનુભાવોના નામ સાથે સમાજની વિકાસલક્ષી યોજના જોડીને સાચા અર્થમાં બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એમના મિત્ર એવા ડો.પી.જી.સોલંકીના નામ સાથે ડો.પી.જી.સોલંકી ડોક્ટર અને વકીલ સહાય યોજના. એમના પિતા સુબેદાર રામજીના નામ સાથે જોડીને સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના અમલમાં મૂકી છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનો ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષનું અંદાજપત્ર સર્વાંગી, વિકાસલક્ષી, ઐતિહાસિક બજેટ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ રજૂ કર્યું છે ત્યારે ગુજરાતની વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વવાળી સરકારને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. મારા કોંગ્રેસના સભ્ય કહેતા હતાં કે,

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

ગામડાંમાં પીવાનું પાણી નથી, વીજળી નથી, શિક્ષણ નથી, રસ્તા વગેરેની પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ગામડાં તૂટી ગયા તેના કારણે ગામડાંના લોકો રોજી–રોટી માટે શહેર તરફ વળ્યા પણ મારે ચોક્કસ કહેવું છે કે, એ કોના સમયમાં હતું? એ કોંગ્રેસના શાસન વખતે ગામડાં તૂટ્યા હતા. આપણી કમનસીબી રહી છે કે, સ્વરાજ મળ્યા પછી પણ ગુજરાતના ગામડાંને સ્વરાજ ના મળ્યું. કોંગ્રેસના વખતથી આવી વિષમ પરિસ્થિતિમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી આદરણીય કેશુભાઇની સરકારમાં સૌપ્રથમ ગામડાંમાં વિકાસની વાત ઉતારી અને ગોકુળિયા ગામ જેવી યોજના મૂકી. ગામડાંને ધબકતા કરવાનું કામ કર્યું હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે વાઇબ્રન્ટ ગુજરાત જેવી અનેકવિધ યોજનાઓ મૂકીને ગુજરાતને વિકસિત રાજ્ય તરીકે ઘોષિત કર્યું છે. સૌપ્રથમ ગામડાંમાં 'વાદ નહિ વિવાદ નહિ પરંતુ સંવાદ' લાવ્યા. સાથે બેસીને ગામડાંની પ્રાથમિક સુવિધા તેમજ અન્ય સુવિધાઓ ધ્યાને લઇને નિર્ણય લેવામાં આવે તે સમરસ કહેવાય. ચૂંટણી નહિ, ઝઘડો નહિ સાથે મળીને ચૂંટણી સિવાય સર્વાનુમતે ગ્રામ પંચાયતના સરપંચની બિનહરીફ પસંદગી થાય તેને સમરસ ગ્રામ પંચાયત કહેવાય. ૨૦૧૭ સુધી ૧૨૪૩ ગ્રામ પંચાયતોને સમરસ જાહેર થઇ તે પૈકી પૈકી ૫૭૬ મહિલા સમરસ ગ્રામ પંચાયતો જાહેર થઇ, મહિલા સશક્તિકરણના કારણે મહિલાઓની પ્રગતિ સાથે તેવા અભિગમ સાથે સમરસ ગામોને પ્રોત્સાહિત કરવા બજેટમાં ૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, હું ક્યારનો જોઉં છું, અને સહન કરું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના તંત્રને સંગીન બનાવવા માટે પણ ૨૦૧૦–૧૧ના વર્ષથી નવી યોજના અમલમાં મૂકી છે જેના ભાગરૂપે સાત નવ રચિત જિલ્લા પંચાયતો, બે જર્જરિત જિલ્લા પંચાયતો મળીને કુલ નવ જિલ્લા પંચાયતો તેમજ ૨૪ નવ રચિત તાલુકા પંચાયતો અને નવ જર્જરિત તાલુકા પંચાયતો કુલ મળીને ૩૩ તાલુકા પંચાયત મળીને ૪૨ જિલ્લા/તાલુકા પંચાયતોના મકાનો માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે અને આ માટે ૨૦૧૮–૧૯ના બજેટમાં ૭૫૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર હકીકતમાં વિકાસનું કામ કરતી સરકાર છે. ગુજરાતમાં રહેનાર પ્રત્યેક વ્યક્તિને ઘરનું ઘર મળી રહે એ આ સરકારનો અભિગમ રહ્યો છે. સરદાર આવાસ યોજના, આવાસ માટે રૂપિયા ૪૫ હજારની ગુજરાત સરકારની સહાય સાથે ૭૦૦૦ રૂપિયાનો શ્રમવાળા લાભાર્થીને તેમજ ટોયલેટ બ્લોક માટે રૂપિયા ૨૨૦૦...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું વક્તવ્ય પુરું થાય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણાં મંત્રીશ્રીએ જે પોતાના વિચારો રજૂ કર્યા છે અથવા તો જે બજેટ રજૂ કર્યું છે એ બાબતમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. સર્વ પ્રથમ આપણા દેશના રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જે વાત કરી હતી કે આ દેશના જે ગામડાં છે એ જ આ દેશનું હૃદય છે, એટલા માટે આ દેશના ગામડાં માટે, આ દેશના ગામડાંના પુનઃઉત્થાન માટે આપણે બધાયે કમર કસવી પડશે અને એમાંય જો આપણે કંઇ ઓછુ કરીશું તો હું એવું માનું છું કે આ લોકો સાથે આપણે અન્યાય કર્યો ગણાશે એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યત્વે માનનીય મંત્રીશ્રીએ મત્સ્યદ્યોગ ક્ષેત્રે, રોજગારી ક્ષેત્રે અને રમતગમત ક્ષેત્રે જે બાબતો અંદાજપત્રમાં મૂકી છે એના ઉપર મારે વાત કરવી છે અને આ ત્રણ મુદ્દા ઉપર મારે એટલા માટે વાત કરવી છે કે, હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારના ત્રણ તાલુકાઓમાંથી બે તાલુકાઓ ગુજરાતના અતિ અલ્પવિકસિત જે ૪૪ તાલુકાઓ છે એમાંથી બે તાલુકાઓ મારા વિધાનસભા ક્ષેત્રમાં આવે છે. જાફરાબાદ અને ખાંભા. ઘણી બધી વાર વિચાર આવે કે, જામનગર પછી દહેજ, દહેજ પછી મોટી મલ્ટીનેશનલ કંપનીઓ અમારા રાજુલા વિસ્તારમાં હોવા છતાં પણ આ વિસ્તારના બે તાલુકાઓ અલ્પ વિકસિત તાલુકાઓમાં શા માટે આવે છે? ત્યારે આ બાબતે ચર્ચાઓ કરવા માટેનું મને મન થાય છે કે, મત્સ્યોદ્યોગ ક્ષેત્રે જે માળખાગત સુવિધાઓની વાત છે એ મારા તાલુકામાં નથી. મારા વિસ્તારમાં નથી. હું આદરણીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આગામી બજેટની અંદર અગર આ બજેટની અંદર એમેન્ડમેન્ટ બજેટમાં જો કંઇ થઇ શકતું હોય તો આ બાબતે આપ કંઇક કરો, જેથી કરીને અમારો વિસ્તાર છે એ દુઃખ ભોગવી રહ્યો છે તે બાબતમાં કંઇક થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી ક્ષેત્રની પણ મારે વાત કરવી છે. આટલી મોટી મલ્ટી નેશનલ કંપનીઓ જયારે અમારા વિસ્તારમાં આવી છે ત્યારે આ સરકાર સ્કીલ ઇન્ડીયાના નામે અને સ્ટાર્ટ અપ ઇન્ડીયાના નામે યુવાનોને રોજગારી મળે એ બાબતના પ્રયત્નો કરે છે પણ મારે દુઃખ સાથે કહેવું છે કે, છેલ્લા છ મહિનાની અંદર આ ત્રણ યોજનાઓ પૈકી કેટલા યુવાનોની ભરતી અમારા વિસ્તારમાં મલ્ટીનેશનલ કંપનીઓમાં કરવામાં આવી હતી? આ યોજનાઓ પૈકી જે યુવાનોની ભરતી અમારા વિસ્તારની મલ્ટીનેશનલ કંપનીઓમાં કરવામાં આવી હતી, એમને કયાંકને કયાંક છૂટા કરવામાં આવ્યા છે. આપ સમજી શકો છો કે બે હજાર યુવાનોની નોકરી જો છેલ્લા ૬ મહિનામાં ગઇ હોય તો આવી ત્રણ યોજનાઓના નામથી આપણે કાંઇ કરી શકવાના નથી. એટલે મારી વિનંતી છે કે જે યોજનાઓ થકી જે યુવાનો રોજગારી મળી છે એ બધા જ યુવાનોને રોજગારી પરત મળે નહીં તો એમનો પરિવાર બહુ દુઃખમય પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે.

આદરણીય ગૃહ મંત્રીશ્રી અહીં બેઠા છે મારે એ મંત્રીશ્રીને પણ વિનંતી કરવી છે કે, અમે જે વિસ્તારમાંથી આવીએ છીએ ત્યાં દારૂનું પ્રમાણ ખૂબ મોટા પાયા પર છે. દારૂનું વેચાણ અને દારૂનું સેવન એટલા મોટા પ્રમાણમાં થઇ રહ્યું છે કે અમે જે વિસ્તારમાં રહી છીએ ત્યાં એવું લાગે કે અમે છેવાડાના વિસ્તાર દિવમાં રહી છીએ કે ગુજરાતમાં રહીએ છીએ એ સમજાતું નથી. આ તાલુકાઓની અંદર દારૂનું પ્રમાણ એટલા પ્રમાણમાં છે કે આપણને દયનીય પરિસ્થિતિમાંથી પસાર થવાનું મન ન હોય તો

પણ થવું પડે છે. ઘરનો મોભી જયારે દારૂ પીને ઘરે આવે છે ત્યારે એમની સ્ત્રી, એમની પત્ની, એમની માતા કે એમનું બાળક માનસિક અત્યાચારનું ભોગ બને છે. જો આ બાબત આપણે ન ખાળી શકીએ તો આવનાર સમયમાં મારે અને તમારે ઘણું સહન કરવાનું આવશે. આ આર્થિક અસમાનતાઓ, સામાજીક અસમાનતાઓ સાથે તો આપણે બધા લડી રહ્યા છીએ. પરંતુ આર્થિક અસમાનતાઓ સામે પણ ભવિષ્યમાં આપણે બધાએ લડવાનું છે, અને એટલા માટે લડવાનું છે કે ગરીબ વધુ ગરીબ થઇ રહ્યો છે અને પૈસાદાર વધુ પૈસાદાર થઇ રહ્યો છે, તો આ બાબતની જવાબદારી પણ આપણી છે. આથી આ બાબત માટે આ બજેટમાં જો એમેન્ડમેન્ટ કરીને જો આ બાબતમાં કાંઇ થતું હોય તો એ બધું આપ લોકો અને આપણે બધા સાથે મળીને કરી શકીએ તો હું એવું માનું છું કે આપણા રાજય અને આપણા દેશ માટે આપણે ઘણું બધું કરી શકીશું.

ભારતીય જનતા પાર્ટીના એક મિત્ર સાથી સદસ્ય હમણાં ગરીબ કલ્યાણ મેળા બાબતની ચર્ચા કરતા હતા. મારે વાત ટાંકવી છે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાનની કહેલી એક વાત સાથે. આદરણીય વડાપ્રધાનશ્રીએ જવાહરભાઇ ચાવડાના બાપુજીનો એક કાર્યક્રમ હતો, એમની સ્કૂલનો એક કાર્યક્રમ હતો ત્યારે તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ આદરણીય વડાપ્રધાનશ્રીએ એક વાત કરેલી કે, મને ગરીબને ગરીબ કહેવો એ મને ગમતું નથી, ગરીબને જાહેરમાં ગરીબ કહેવાથી પાપ લાગે છે, અથવા તો ગરીબને જાહેરમાં ગરીબ કહેવો તે મને ગમતું નથી. તો હું આપને કહેવા માગું છું કે આ ગરીબ કલ્યાણ મેળા કરીને આ ગરીબો સાથે ફોટા પડાવીને ખૂબ મોટો શ્રેય લો છો તો આ ગૃહના લોકોને અને આ સરકારને *(×××)

અધ્યક્ષશ્રીઃ આ *(×××) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : આવી બધી બાબતોની તકેદારી, આવી બધી બાબતોની ચોકસાઇ આપણે એટલા માટે રાખવી જરૂરી છે કે, આપણે બોલીએ એ છીએ કાંઇક અને કરીએ છીએ કાંઇક . આ બાબતે જો આપણે કાંઇ કરી શકીએ તો પ્રજાનો વિશ્વાસ જીતવામાં.....

અધ્યક્ષશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતીવિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ સન્નમાનીય ગૃહ સમક્ષ જે અંદાજપત્ર લઇને આવ્યા છે. અંદાજપત્રની ચર્ચાનો આ પહેલો દિવસ છે. ગૃહના વિરોધપક્ષના નેતાશ્રી સહિતના બન્ને પક્ષના સભ્યશ્રીઓએ ખૂબ જ ચર્ચાઓ કરી છે. એમાં હું પણ મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિજયભાઇ રૂપાણીના વડપણ હેઠળની નવી ચૂંટાયેલી સરકારનું આ પહેલું બજેટ છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપીશ, કારણ કે એમણે આ વર્ષના બજેટમાં અનેક ગણો વધારો કરીને ગુજરાતની ૬ કરોડની જનતાના હિતમાં રૂપિયા ૧,૮૩,૬૬૬ કરોડ નું બજેટ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મહામહીમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ અને અંદાજપત્ર પર ચર્ચા કરવા માટેનો ખૂબ મોટો સ્કોપ હોય છે. છતાં પણ આપને જયાં યોગ્ય લાગે ત્યાં માર્ગદર્શન આપજો. આ બજેટની અંદર રાજય સરકારે બધા જ લોકોની ચિંતા કરી છે. ખેડૂતોને ચિંતા કરી છે, યુવાનોની ચિંતા કરી છે, આદિવાસીઓની ચિંતા કરી છે, આરોગ્યની ચિંતા કરી છે, શિક્ષણની ચિંતા કરી છે. એટલા માટે ગુજરાતના ખેડૂતોના હિત માટે આ બજેટની અંદર ૬૭૫૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે ૧૪ જેટલા આદિજાતિ જિલ્લાઓમાં વસતા આદિવાસી સમાજ માટે વનબંધુ કલ્યાણ યોજના માટે અલગ અલગ સદરે ૧૩ હજાર કરોડ રૂપિયા કરતાં વધારે જોગવાઇ આ બજેટમાં માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે. આરોગ્ય વિભાગ ગુજરાતના છ કરોડની જનતાના આરોગ્યની ચિંતા કરીને ૯૭૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે શિક્ષણ વિભાગ જે સરકાર માટે અતિ મહત્વનો વિભાગ છે એના માટે ૨૭૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ સરકારે આ બજેટમાં કરી છે. એ જ રીતે ઓ.બી.સી. અને દલિત સમાજ માટે ૩૬૪૧ કરોડ રૂપિયા તેમજ નર્મદા અને જળ સંપત્તિ, સિંચાઇ અને પાણી પુરવઠા માટે ૧૪૮૯૫ કરોડ રૂપિયા તેમજ શહેરી વિકાસ માટે ૧૨૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આમ સમગ્ર ગુજરાતની છ કરોડ જનતા માટે એક સારું બજેટ, સમતુલિત બજેટ, ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનું બજેટ લઇને માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ આવ્યા છે.

હાલમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થઇ અને ત્યારબાદ આ નવી સરકાર બની છે ત્યારે ઘણા બધા સભ્યશ્રીઓએ ટીકા ટિપ્પણી કરી છે એમાં વિશેષ કંઇ કહેવા નથી માગતો પરંતુ એટલુ ચોક્કસ કહીશ કે લોકશાહીની અંદર પ્રજા અને મતદારો સર્વોપરી હોય છે. ઘણા બધા રાજયોમાં જોયું હશે કે પાંચ વર્ષના અંતે ચૂંટણી આવતી હોય છે ત્યારે પ્રજા હંમેશા બદલાવ લાવતી હોય છે. ત્યાં પાંચ વર્ષે સમયાંતરે નવી સરકાર આવતી હોય છે. ગુજરાતની વાત કરીએ ત્યારે હું કોઇ રાજકીય પક્ષનું નામ નથી લેવા માગતો પરંતુ ઘણી બધી રાજકીય પાર્ટીઓ જેમ પાણી વગર માછલી તરફડીયા મારે એમ ચૂંટણી સમયે સત્તા વગર તરફડીયા મારતા હતા. સત્તા પ્રાપ્ત કરવા માટે આ પાર્ટીએ શું નથી કર્યું. આપણે બધા ખૂબ સારી રીતે જાણીએ છીએ કે છ કરોડ ગુજરાતીઓ એક પરિવારની જેમ રહેતા હતા આ છ કરોડ ગુજરાતી પરિવારોને છિન્નભિન્ન કરીને જ્ઞાતિ જ્ઞાતિને અલગ કરવામાં આવી, અનેક પ્રકારના આંદોલનો કરવામાં આવ્યા અને એવો ચૂંટણી ઢંઢેરો કરવામાં આવ્યો કે કોઇ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૫મી માર્ચ, ૨૦૧૮

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

સરકાર ૨૦-૨૦ વર્ષ સુધી સત્તા સ્થાને રહે તો પણ એ પૂરો ન કરી શકે તે પ્રકારનો કાલ્પનિક ચૂંટણી ઢંઢેરો રજૂ કરવામાં આવ્યો. માનનીય જવાહરભાઇ, ઘણા બધા એવા પણ નેતા હતા કે કયારેય મંદિરોમાં પણ ગયા ન હોય પરંતુ મંદિરોમાં જવા માટે ટેમ્પલ રનની હરિફાઇ શરૂ થઇ હોય. ગઇકાલે મેં એક વિડિયો જોયો ખૂબ મોટા નેતાને મેં ભજન ગાતા પણ જોયા છે. ગઇકાલે વિડિયોમાં મેં માનનીય ચંદ્રિકાબહેનને પણ જોયા ખૂબ સરસ ભજનો ગાતા હતા.

ભારતનું ચૂંટણી પંચ એટલે બંધારણીય રીતે સ્વતંત્ર સંસ્થા છે, સો કરોડ દેશ વાસીઓની લોકશાહીનું આસ્થાનું કેન્દ્ર છે, પણ ચૂંટણી પૂરી થયા પછી જિલ્લા કક્ષાએ સ્ટ્રોંગ રૂમ સંભાળવા માટે દેશના સૈનિકોના બદલે રાજકીય પાર્ટીના આગેવાનોને સ્ટ્રોંગ રૂમ સાચવવા માટે બેસાડ્યા અને ગણતરી ચાલુ થાય તેના આગલા બે દિવસ તો ટી.વી. ઉપર નવી નવી સરકારો રચાઇ ગઇ. કોને કોને કયા ખાતા ફાળવવા તેની પણ જાહેરાતો આવવાની શરૂ થઇ ગઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે ભજનનો એક કાર્યક્રમ રાખીશું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : જયારે રીઝલ્ટ આવ્યું ત્યારે ગુજરાતની શાણી પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ મેન્ડેન્ટ આપ્યો. મેં કોઇ રાજકીય પક્ષનું નામ નથી લીધું. આજે મને કહેતા ગૌરવ થાય છે કે ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર લગાતાર રહી છે અને સતત છઠ્ઠી વખત ગુજરાતની છ કરોડની જનતાએ અમને સ્પષ્ટ મેન્ડેટ આપ્યો છે. ગુજરાતમાં એક નવા ઇતિહાસની રચના થઇ છે અને ગઇકાલે જે ત્રણ રાજયોના પરિણામો આવ્યા છે. સમગ્ર દેશમાં ૧૦૦ વર્ષ જૂની કોંગ્રેસ સરકારનો ધીરે ધીરે સફાયો થઇ રહ્યો છે. એ બીજા ઉપર આક્ષેપ કરતા પહેલાં કોંગ્રેસે પોતે આત્મવિશ્લેષણ કરવાની જરૂર છે કે સમગ્ર દેશમાં માત્ર ચાર રાજયોમાં એ લોકો રહી ગયા છે. ગયા વખતની રાજય સરકારમાં આ જ પ્રકારે છેલ્લું બજેટ હતું ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા જ મિત્રોના થોડા થોડા જવાબો આપે છે. રાજકીય અવલોકન બધી તરફથી થયું છે. તમે ધીરેથી જવાબ આપો. જોર જોરથી ન આપો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, આખો દિવસ મેં સાંભળ્યું છે. ગયા વખતનું જે છેલ્લું બજેટ હતું ત્યારે મિત્રો કહેતા હતા કે હવે પછી ચૂંટણીમાં તમારે અહીંયા બેસવાનું છે અને અમારે ત્યાં બેસવાનું છે. આવું તો છેલ્લે ૨૦૦૨માં પણ કહેવામાં આવ્યું હતું, ૨૦૦૭માં પણ કહેવામાં આવ્યું. ૨૦૧૨માં પણ કહેવામાં આવ્યું અને ૨૦૧૭માં પણ કહેવામાં આવ્યું, પણ ગુજરાતની પ્રજાએ અમને સેવા કરવા માટે અહીંયા રાખ્યા અને ગુજરાતની પ્રજાએ તેમને ત્યાં બેસાડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રને સાકાર કરતી આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એક આદિવાસી સમાજના આગેવાન તરીકે કામ કરી રહ્યો છું. સરકારના જવાબદાર મંત્રી તરીકે કામ કરી રહ્યો છું ત્યારે જે નાના નાના સમાજો છે, જે ગરીબ સમાજો છે તેમના માટે સરકાર જે કામ કરી રહી છે તેના માટે વાત કરું તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે એટલું ચોક્કસ કહીશ કે આ સરકાર એ ગરીબોની સરકાર છે, ખેડૂતોની સરકાર છે, વંચિતોની સરકાર છે, યુવાનોની સરકાર છે અને મહિલાઓની સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સેવાસેતુની ખૂબ ટીકાઓ કરવામાં આવી. આપણને બધાને ખ્યાલ છે. સામાન્ય માણસ જયારે તાલુકા કચેરીએ જતો હોય, જિલ્લા કચેરીએ જતો હોય ત્યારે તેને વૃદ્ધ સહાયનું ફોર્મ ભરવાનું થાય, વિધવા સહાયનું ફોર્મ ભરતા હોય, તેને ચૂંટણી કાર્ડ કઢાવવાનું હોય, આધાર કાર્ડ કઢાવવાનું હોય, રેશનકાર્ડ કઢાવવાનું હોય. ભૂતકાળમાં આ સરકારની યોજનાઓનો લાભ હતો એ લાભાર્થીના બદલે વચેટીયાઓ લઇ લેતા હતા. આ રાજયની સરકાર દેશની પહેલી સરકાર છે કે ગામડાંની અંદર ગઇ અને ૪,૦૦૦ કાર્યક્રમો અમે કર્યા. આ રાજયમાં ૧ કરોડ ૦૩ લાખ લોકોના ઘરઆંગણે જઇને અમે એમના કામો કરી આપવામાં સફળ થયા. આ સેવાસેતુની સફળતાઓ છે. એ જ પ્રમાણે સામાન્ય ગરીબ માણસનો પરિવાર હોય, તેના પરિવારમાં કોઇ માણસ બિમાર પડતો હોય. સામાન્ય બિમારી હોય તો દરેક ગામમાં ડોકટર હોય, પી.એચ.સી., સી.એચ.સી. પરથી સારવાર લઇ લે, પણ જયારે તેને ગંભીર પ્રકારની બિમારી થઇ હોય કે જેનો ખર્ચ લાખ-બે લાખ રૂપિયા હોય ત્યારે એ પરિવાર ઉપર આભ તૂટી પડતું હોય છે અને સગા-વહાલાની મદદથી પણ જ્યારે બિલ ભરી શકતા નથી ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર મા-બાપ બનીને ''મા-અમૃતમ્'' યોજના બનાવીને ગરીબોને મદદ કરી રહી છે. મને કહેતા આનંદ થાય છે કે, ગરીબ વર્ગનો પરિવાર, મધ્યમવર્ગનો પરિવાર ગુજરાત સરકારની સારમાં સારી આ યોજનાનો લાભ મેળવી રહ્યો છે. એનો યશ કોઇને આપવો હોય તો અમાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને આપી શકાય. તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ વર્ષે એનાથી પણ વધારે સારી સેવા કરવા માટે અમારી સરકાર આગળ વધી છે. ''મા-વાત્સલ્ય યોજના, મા-અમૃતમ્ યોજના''નો લાભ લેવા માટે રૂ.૨.૫ લાખની આવકની મર્યાદા હતી તેમાં વધારો કરીને અમે રૂ.૩/- લાખ કર્યા છે. હવે આ યોજનાનો લાભ ત્રણ લાખ રૂપિયા આવક મેળવતા તમામ લોકોને મળશે. આ ગૃહના સૌ સભ્યોને કહેતાં આનંદ થાય છે કે અત્યાર સુધીમાં ૯,૪૫,૦૦૦ લોકોએ લાભ લીધો છે અને ગુજરાત સરકારે રૂ.૧૩૩૮/- કરોડ ગરીબોના બિલ પોતે ચૂકવ્યા છે. આ ખૂબ મોટું સેવાનું કાર્ય છે એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ભારત સરકારે દેશની અંદર સમતુલીત વિકાસ થાય, સમતુલીત સામાજીક વિકાસ થાય એના માટે ૧૯૭૫થી ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ ગરીબો માટે બનાવ્યો હતો. એમાં સૌથી સારી કામગીરી ગુજરાત સરકાર કરી રહી છે. અમારા શ્રી કૌશિકભાઇ એના અધ્યક્ષ હતા અત્યારે મંત્રી બન્યા છે. એમણે ગરીબો માટે એટલી સારી કામગીરી કરી છે કે સમગ્ર દેશમાં રાજસ્થાન પછી ગુજરાતનો બીજો નંબર છે. એ જ પ્રકારે ગુજરાતનો કોઇપણ ગરીબ માનવી બે ટાઇમ ભૂખ્યો ન રહે એના

માટે ગુજરાત સરકારે સૌથી પહેલા ત્રણ રૂપિયે કિલો ચોખા અને બે રૂપિયે કિલો ઘઉં આપવાની યોજના શરૂ કરી છે. એનાથી પણ આગળ વધીને વાત કરું તો ગરીબ વિસ્તારોમાં વિશેષ કરીને અમારા આદિવાસી સમાજના ભાઇઓ, અન્ય ગરીબ સમાજના ભાઇઓ રોજી–રોટી માટે જ્યારે શહેરમાં જતા હોય છે, સવારે વહેલા ઘરેથી નીકળીને બસ પકડે છે, ટ્રક પકડે છે, રિક્ષામાં જાય છે કે પછી સાઇકલ ઉપર જાય છે. એમની સાથે એમનો પરિવાર ન હોય તો એમને પોતાની રસોઇ જાતે બનાવવી પડતી હોય છે. એની ચિંતા પણ ગુજરાત સરકારે કરી છે. એમના માટે ''શ્રમિક અન્નપૂર્ણા યોજના'' બનાવી છે. હોટલમાં જમવા જઇએ તો સાઇઠ કે સો રૂપિયાની એક ડિશ મળતી હોય છે. અમારી સરકારે એક ગરીબ શ્રમિકને માત્ર દસ રૂપિયામાં ભોજન મળે એના માટેની વ્યવસ્થા કરી છે. આ યોજના હેઠળ એક દિવસમાં અમે ૨૫૦૦૦ લોકોને જમાડીએ છીએ. આ વર્ષે એમાં પણ ઉમેરો કરીને બીજા વધારાના ૫૧ સેન્ટર શરૂ કરવાના છીએ અને એના માટે આ બજેટમાં ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય ધારાસભ્યશ્રી ગરીબ મેળાની ચિંતા કરતા હતા. તેમણે થોડી ઘણી ટીકાઓ પણ કરી. અમે તો ગરીબ વિસ્તારમાંથી આવીએ છીએ. ગરીબ માણસો જ્યારે લાભ લેવા માટે જતા હોય છે ત્યારે એક ટેબલથી બીજા ટેબલ ઉપર એને ધક્કા ખાવા પડતા હતા. કચેરીની બહાર થેલો લટકાવીને વચેટીયાઓ તૈયાર હોય એ એના ફોર્મ ભરી આપે. એમાં એનું કમિશન હોય. આ સરકારે આ ગરીબ મેળાઓ શરૂ કર્યા. સરકાર પોતે ગામડાંમાં લાભાર્થીઓ નક્કી કરવા માટે જાય. એ ગરીબ લાભાર્થીઓ નક્કી થાય પછી એમને બસ લેવા માટે જાય, બસમાં નાસ્તા–પાણીની વ્યવસ્થા કરીએ. જાહેરમાં મેળાઓ થાય. એને રોજીરોટી મેળવવાના સાધનો આપવામાં આવે. એમને આપેલી સાઇકલોમાં, સિવવાના સંચા હોય, બ્યુટી પાર્લરના સાધનો, સુથારી કામ, લુહારી કામના સાધનો જાહેરમાં આપવાના હોય જાહેરમાં આપવાનું હોવાને કારણે કવોલીટીમાં કયારેય પણ બાંધછોડ ના થઇ શકે અને એ ગરીબ મેળામાં એમને વસ્તુ મળી જાય, સામાન મળી જાય એટલે બસ એને છેક ગામ સુધી મુકવા જાય છે. આ ખરેખર ગરીબ લોકોની સેવા છે. મને કહેતા આનંદ થાય છે અત્યાર સુધીમાં અમે ૧૪૫૧ જેટલા ગરીબ મેળા કર્યા અને ૧,૩૫,૦૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને ૨૩, ૮૯૦ કરોડની સાધન સહાય અમે ગરીબો સુધી પહોંચાડવામાં સફળ થયા છીએ. આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ જે કોઇ ગરીબ માણસ સારવાર અર્થે હોસ્પિટલમાં ગયો હોય, કયાંક એનો રસ્તામાં અકસ્માત થયો હોય તો એની પણ ચિંતા કરીને એમણે નવી જોગવાઇ કરી છે કે આ ગરીબના ઘર સુધી એનું ડેડબોડી સન્માનથી પહોંચાડવાનો સંપૂર્ણ ખર્ચો હવે અમારી ગુજરાત સરકાર ઉપાડે છે. એનાથી પણ આગળ વધીને અહીંયા મહિલાઓ બાબતમાં ગુજરાતમાં ચિંતા કરવામાં આવી. વિપક્ષના મિત્રોને મારે કહેવું છે કે ૨૦૦૨ સુધીમાં તો ગુજરાતની અંદર મહિલા અને બાળકલ્યાણ વિભાગની રચના પણ નહોતી કરવામાં આવી. આ મહિલાઓની ટીકા કરવાનો આપણને કોઇ અધિકાર નથી. ગુજરાતમાં મહિલાઓનું સશકિતકરણ કરવા માટે, પ્રતિનિધિત્વમાં ભાગીદાર બનાવવા માટે ચાલીસ વર્ષની સરકારોમાં કોઇએ કામ નહોતું કર્યુ એ અમારી ગુજરાતની સરકારે કર્યુ અને નોકરીઓમાં ૩૩ ટકા અનામતની અમે જોગવાઇ કરી. સરપંચ, તાલુકા પંચાયતમાં, જિલ્લા પંચાયતમાં અમે ૫૦ ટકાનું રીઝર્વેશન લઇને આવ્યા. એસ.ટી., એસ.સી., ઓ.બી.સીના વિદ્યાર્થીઓ ભણતા હોય, ભૂતકાળમાં અમે બધા તો આ લોકોની કોંગ્રેસની સરકારમાં ઝાડ નીચે ભણતા હતા. શહેરમાં ભણવા જવાની વાત તો દુર, વિદેશમાં ભણવા જવું એટલે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સમાજ માટે સ્વપ્ન સમાન હતું. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપવા પડે કે સરકારની મદદથી એસ.સી., એસ.ટી., ઓ.બી.સીના ૧૧૫૩ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા મોકલ્યા. એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને શહેરમાં ભણાવવા માટે ગુજરાતની સરકાર કટિબદ્ધ છે. એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને મદદ કરવા માટે શિષ્યવૃત્તિ, ગણવેશ અને ભોજન માટે આ બજેટમાં ૧૫૦૦ કરોડ રૂપિયાની અમે જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે વ્યકિતગત લાભ લેવો હોય તો એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના લાભાર્થીઓને તો આવકની મર્યાદા હતી એમાં પણ અમારા મુખ્યમંત્રીશ્રીએ ચર્ચા વિચારણા કરીને વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં ૪૭હજારની મર્યાદા હતી એ વધારીને ૧ લાખ ૨૦ હજાર કરી. શહેરી વિસ્તારમાં ૬૮હજાર હતી એને વધારીને દોઢ લાખ કરી. એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ જયારે શહેરમાં જાય, કોલેજોમાં એમને પ્રવેશ તો મળી જાય પણ એમને હોસ્ટેલમાં રહેવાનું ના મળે તો અધવચ્ચેથી અભ્યાસ છોડીને એ પોતાના ગામડે જતા રહેતા હતા. નરેન્દ્રભાઇને આજે પણ અભિનંદન આપવા પડે કે સમરસ છાત્રાલયો બનાવ્યા અને સુરત, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, ભાવનગર ૬૨૮ કરોડ રૂપિયાના ખર્ચે બનાવી આ વર્ષે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓના ૧૧,૧૨૧ વિદ્યાર્થીઓને અમે એડમીશન આપ્યું. એનાથી પણ આગળ વાત કરું આ બજેટમાં તો અમારા આદિવાસી સમાજ માટે અમારા નાણામંત્રીશ્રીને અભિનંદન આપવાનું મન થાય કે આદિવાસી જિલ્લાઓ જેવા કે નર્મદા, સાગબારા, ડેડીયાપાડા, ડાંગ, સુબેર, બોરખતલા, વલસાડ, કપરાડા, સુરત, બારડોલી, માંડવી, સાબરકાંઠામાં કોસીના, ભરુચમાં વાગલખોડ, છોટા ઉદેપુર, નસવાડી, પાવી જેતપુર, ઝાલોદ આવા વિસ્તારોમાં આદિવાસી વિદ્યાર્થીઓને ભણવાની સગવડ, રહેવાની સગવડ, જમવાની સગવડ મળે એના માટે કુમાર અને કન્યા છાત્રાલયો, સમરસ છાત્રાલયો, એકલવ્ય સ્કૂલ, આદર્શ નિવાસી શાળાઓ માટે ૨૬૯ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. વન બંધુ કલ્યાણ યોજનાની વાત પણ આ ગૃહના સભ્યશ્રીઓને જણાવવી છે. કારણ કે ૧૩ હજાર કરોડની જોગવાઇ કરી છે. નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૫ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી પણ પાંચ વર્ષના અંતે જ્યારે હિસાબ કરવામાં આવ્યો ત્યારે ૧૭,૨૦૦ કરોડ અમે વાપર્યા હતા. ત્યારબાદ વન બંધુ કલ્યાણ યોજના ફેઝ–૨ માં અમે ૪૨ હજાર કરોડ વાપર્યા અને

ત્યારથી આપણે જોઇ શકીએ છીએ કે આદિવાસીઓના ૧૪ જિલ્લાઓમાં રસ્તા, પીવાનું પાણી, આંગણવાડી, ભણવા માટેની સ્કૂલ, કોલેજો, સિંચાઇની સગવડ આ બધું ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આવ્યું છે. જંગલની જમીનની ખૂબ ચર્ચા અમારા આદિવાસી વિપક્ષના સભ્યશ્રીઓ જ્યારે સત્ર મળતું હોય છે ત્યારે કરતા હોય છે. આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર આદિવાસીઓને જંગલની જમીન કોઇ સરકારે આપી હોય તો માત્ર ને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. વન અધિકારનો કાયદો આવે તે પહેલાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ૩૪,૨૪૮ વ્યક્તિઓને ૫૧,૮૯૯ એકર જંગલની જમીન આપી. ત્યારબાદ ૨૦૦૬ પછી વન અધિકારનો કાયદો આવ્યો. ૮૪,૧૨૨ આદિવાસી પરિવારોને અમે ૧ લાખ ૨૮ હજાર ૧૨૬ એકર જંગલની જમીનો આપી. ૪૫૯૯ જેટલા સામૂહિક દાવાઓ મંજૂર કર્યા. જે જમીનને એકરમાં ગણીએ તો ૧૧ લાખ ૬૦ હજાર ૮૫૭ એકર જમીન સામૂહિક દાવાઓમાં આપી. આદિવાસી સમાજને સિંચાઇ અને પીવાના પાણીની વાત કરું તો ભૂતકાળમાં આદિવાસી સમાજને પીવાના પાણીનો પ્રશ્ન ખૂબ વિકટ હતો. અમારી આદિવાસી બહેનોએ ૫–૧૦ કિલોમીટર દૂર નદીમાં અને કૂવામાં દૂર દૂર સુધી પાણી લેવા જવું પડતું હતું. સિંચાઇની કોઇ સગવડો ન હતી. આજે મને કહેતા આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સોનગઢ, ઉચ્છલ, નિઝર, માંડવી, ઉમરપાડા, સંખેડા, બોડેલી, સાગબારા, ડેડિયાપાડા, દાહોદ, ઝાલોદ જેવા અંતરિયાળ વિસ્તારમાં સિંચાઇ કરવા માટે આ બજેટમાં ૯૪૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. પીવાના પાણી માટે ૧૦ મોટી યોજનાઓ આદિવાસીઓ માટે મંજૂર કરી ૨૮૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જીતુભાઇ, તમારા વલસાડ જિલ્લા માટે ખૂબ આનંદના સમાચાર છે. કપરાડા, ધરમપુર આ બધા વિસ્તારમાં જે પાણીની તકલીફો હતી એના માટે વર્ષોથી અસ્ટોલ જૂથ પાણી પુરવઠા શરૂ થાય એવી માગણી હતી. આ વખતે આ અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજના માટે બજેટમાં ૫૮૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. અમારા પી.ડી. વસાવાજી અમારા વડીલ પણ છે. અમારી ટ્રાયબલ યુનિવર્સિટીની ચિંતા કરતા હતા. મને કહેતા આનંદ થાય છે કે જ્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બની રહ્યું છે એ જ તાલુકામાં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી બનાવવા માટે લગભગ ૪૦ એકર જમીન રાજ્ય સરકારે અમને ફાળવી આપી છે અને એ તૈયાર કરવા માટે ૨૨ કરોડ રૂપિયાની જોગવાઇ અમારા નાણામંત્રીશ્રીએ આ બજેટમાં કરી છે. અમારા લોક લાડિલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતમાં હતા ત્યારથી હર હંમેશ આદિવાસી સમાજની ચિંતા કરતા હતા. ગયા પછી પણ આદિવાસી સમાજને ભૂલ્યા નથી અને માનનીય અધ્યક્ષશ્રી, લાલ કિલ્લા ઉપરથી એમણે આદિવાસીઓને યાદ કર્યા કે આદિવાસીઓએ સ્વતંત્રતાની લડાઇમાં જે યોગદાન આપ્યું છે એ ભૂલી ના શકે એના માટે ગુજરાતમાં જ્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બની રહ્યું છે ત્યાં નેશનલ કક્ષાનું ટ્રાયબલ ફ્રિડમ ફાઇટર મ્યુઝિયમ બનાવવાનો નિર્ણય આ નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લા પરથી જાહેરાત કરી હતી અને નરેન્દ્રભાઇએ અમને ૨૫ કરોડ રૂપિયા આપ્યા છે અને આ બજેટમાં ૭ કરોડ રૂપિયાનો ગુજરાત સરકારે બંદોબસ્ત કર્યો છે. જ્યારે જ્યારે દેશની આઝાદીની વાત કરવામાં આવે, દેશના મોટા મોટા નેતાઓની વાત કરવામાં આવે ત્યારે ભારત રત્ન એવોર્ડની હરહંમેશ ચર્ચા થતી હોય છે. અમારાં શૈલેષભાઇનું એક દિવસ પ્રવચન સાંભળતો હતો. શૈલેષભાઇએ બહુ ગંભીરતાથી કીધું કે, જવાહરલાલ નહેરુ ૧૮ વર્ષ જેલમાં રહ્યાં હતા. મારે શૈલેષભાઇને કહેવું છે કે, શૈલેષભાઇ આઝાદીની લડાઇમાં આદિવાસી અને દલિતભાઇઓએ પણ ખૂબ બલિદાન આપ્યું છે એમને પણ ક્યારેક ક્યારેક આપણે યાદ કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ભારત રત્ન એવોર્ડની વાત કરવામાં આવે છે. હું કોઇનું અપમાન કે ટીકા નથી કરતો પણ ભારત રત્ન એવોર્ડ જવાહરલાલ નહેરુની હયાતીમાં ૧૯૫૫માં આપવામાં આવ્યો. શ્રીમતી ઇન્દિરા ગાંધીને પણ તેમની હયાતીમાં ૧૯૭૧માં ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો અને શ્રી રાજીવ ગાંધીના મૃત્યુ પછી બીજા જ વર્ષે ૧૯૯૧માં ભારત રત્નથી તેમને સન્માનવામાં આવ્યા. ગુજરાતના સપૂત ૬૫૦ રજવાડાઓ જેમણે ભારતમાં સામેલ કર્યા એવા સરદાર વલ્લભભાઇ પટેલના મૃત્યુ પછી ૪૧ વર્ષ પછી ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો. એ જ પ્રકારે ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરનું નિધન થયું ૧૯૫૬માં ૩૪ વર્ષ પછી ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે પૂરું થાય છે. (અંતરાય) પ્રવચન પૂરું થવા આવ્યું છે મેં એમ કીધું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે–પાંચ મિનિટ જ બચી છે. ભલે અન્ય પાર્ટીઓએ બાબા સાહેબને સન્માન ન આપ્યું પણ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ એમને સન્માન આપ્યું છે. તેઓનું લંડનમાં જે નિવાસ સ્થાન હતું એ અમારી મહારાષ્ટ્રની ભાજપ સરકારે આ નિવાસસ્થાનની અમે ખરીદી કરી. જ્યાં મુંબઇમાં તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો એ ચૈત્ય ભૂમિનું માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભૂમિ પૂજન કર્યું અને ૭૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ ભૂમિ ખરીદી અને ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ત્યાં સ્મારક બનાવવા માટે નરેન્દ્રભાઇ પોતે ગયા અને ભૂમિ પૂજન કરીને આવ્યા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, હજુ તો ૫–૧૫ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. એકાદ મિનિટ કહી શકો. હજુ મારી પાસે સમય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રકારે દલિત સમાજનું પણ આઝાદીની લડાઇમાં ખૂબ મોટું યોગદાન રહ્યું છે અને ૧૮૫૭ની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં વાજીદઅલી શાહની સેનામાં કામ કરતા ઉપચા ચમાર નામના દલિત સૈનિકે બગીચામાં સૂરંગ પાથરીને અંગ્રેજોને ઉડાવી દીધા હતા. સૌથી પહેલા શહીદ એ અમારા ઉપચા ચમાર હતા. ઝાંસીની રાણી ઉમરના કિલ્લામાં દુશ્મનો વચ્ચે ઘેરાઇ ગયા ત્યારે જલતારા નામની દલિત દીકરીએ એનું છત્ર ઓઢીને ઝાંસીની રાણીને બચાવી લીધી હતી. ૧૯૫૭માં વિપ્લવ વખતે મંગલ પાંડેને ક્રાંતિકારી થવાની પ્રેરણા આપનાર કોણ હતો? ગંગૂમહેતર નામનો દલિત ચમાર હતો એણે મંગલ પાંડેને પ્રેરણા આપી હતી ત્યારે આજે જે અમારા નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એ ખરેખર આપણે પણ માનનીય શૈલેષભાઇ, આદિવાસી, દલિતો

બધાને પણ યાદ કરવા જોઇએ. માત્ર એકલા ગાંધી પરિવારને અને નહેરુ પરિવારને ના યાદ કરો. (અંતરાય) નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ સંપૂર્ણપણે માનવીય અભિગમોને સમાવી લેતું ગુજરાતનું સારામાં સારું બજેટ છે એમને હું સંપૂર્ણપણે મારો સહયોગ આપું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. આજે આપણા વિધાનસભા ગૃહમાં માનનીય મહેશભાઇ વસાવા ઉપસ્થિત છે અને એક આદર્શ ધારાસભ્ય તરીકે તેઓ બેઠા છે શાંતિથી અને બધાને સાંભળતા આવેલા છે એમને આપણે પાંચ મિનિટની તક આપીએ છીએ બોલવા માટે.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી અને જે સામાન્ય અંદાજપત્ર લઇને આવેલા નાણામંત્રીશ્રી એમની ચર્ચા માટે હું ઉભો થયો છું. પહેલી વાત તો હું એ કરી લઉં કે ગૃહની અંદર ઘણું બધું સાંભળ્યું છે પણ અમે ન્યૂટ્રલ માણસ છીએ ન કોંગ્રેસ, ન બી.જે.પી. અમારા સન્માનનીય છોટુભાઇ વસાવા સાતેક ટર્મથી ચૂંટાય છે પણ ખાસ અમારી જે લડત છે એ લડત સમગ્ર દેશના હોય કે ગુજરાત રાજયની હોય. પણ અમે ગુજરાત રાજયની વાત કરીશું. ગુજરાત રાજયની અંદર આદિવાસી, દલિત, ઓ.બી.સી. અને આમ જનતા છે પણ સૌથી વધારે અશિક્ષિત લોકો હોય તો એ આદિવાસી સમાજ છે એટલા માટે અમે એમની વાત કરીએ છીએ. આદિવાસી સમાજ ઉમરગામથી અંબાજી સુધી રહે છે. ૧૬ ટકા આદિવાસીઓની વસતિ છે પણ અત્યારે ત્યાં આગળ શિક્ષણ માટેની જે વ્યવસ્થા છે કે ટ્રાયબલ એરીયાની અંદર શિક્ષણ માટે ઘણી મોડલ સ્કૂલ બનાવવામાં આવી છે, એકલવ્ય સૂકલ બનાવવામાં આવી છે પણ ત્યાં પૂરતા શિક્ષકો નથી. આજે પણ ટ્રાયબલ એરીયાની અંદર જાવ, બાળકો આઠમુ, નવમુ ભણે છે ત્યાં સુધી ગુજરાતી વાંચતા નથી આવડતું એ સૌથી દુઃખની બાબત છે એટલે શિક્ષણ સુધરવું જોઇએ. અંદાજપત્રની વાત કરી તો સૌથી વધારે કદાચ અનામતની જે વાત આવે છે અનામત ડો. બાબાસાહેબ આંબેડકરે એટલા માટે રાખી હતી કે જે પછાત વર્ગ છે એ પછાત વર્ગની દર દસ વર્ષે સમીક્ષા થવી જોઇએ અને એની પરિસ્થિતિ સુધરે તો બંધારણમાં સુધારો કરવાની વાત હતી પણ આ દેશને આઝાદી મળ્યાને ૭૦ વર્ષ પૂરા થવા આવ્યા છતાંપણ દુઃખની વાત એ છે કે આઠમા, નવમા ધોરણના છોકરાઓને ગુજરાતી વાંચતા નથી આવડતું તો આ સૌથી વધારે કચડાયેલો આદિવાસી સમાજ એ કેવી રીતે રોજગારી મેળવી શકશે? એ કેવી રીતે આ ટેકનોલોજીના જમાનાની અંદર આગળ જશે? પૂરતા શિક્ષકો હોવા જોઇએ, પૂરી સગવડો હોવી જોઇએ. ત્યાં હોસ્ટેલ હોવી જોઇએ. જયાં સ્કૂલો બનાવી છે ત્યાં હોસ્ટેલ હોવી જોઇએ કેમકે આદિવાસી સમાજ એવો છે કે ત્યાં રોજગારી નથી. બે ટંકના રોટલા માટે એ લોકો સૌરાષ્ટ્ર અને શહેર તરફ માઇગ્રેટ થાય છે. એમના છોકરાઓને પણ સાથે લઇ જાય છે અને એ લોકો મજૂર બને છે. ખાસ કરીને જયાં જયાં સુગર ફેકટરી છે ત્યાં એ સુગર ફેકટરીની અંદર મજૂરી માટે માબાપ જાય છે એની સાથે એમના બાળકો પણ જાય છે પણ એના શિક્ષણ માટેની કોઇ વ્યવસ્થા નથી. એ છોકરાઓ પણ એના ખેતરની અંદર, તંબુની અંદર આજે પણ તડકા અને ઠંડીની અંદર ઉઘાડા જીવે છે તો એના શિક્ષણ માટેની વ્યવસ્થા થવી જોઇએ કે જે કોઇ સુગર ફેકટરીમાં હોય એમાં સરકાર તરફથી એમને આદેશ કરવા જોઇએ કે જેથી એ છોકરાઓ પણ શિક્ષણ મેળવી શકે. આ ભારત દેશની લોકશાહી છે. લોકશાહી બચી શકે અને ગરીબો અને અમીરો વચ્ચેની જે ખાઇ છે એ ખતમ થાય એવી અમારી પણ ઇચ્છા છે એટલે શિડયૂલ-૫ જે બંધારણની અંદર લખવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : આપના વકતવ્યનો સમય પૂરો થાય છે.સભાગૃહનું કામકાજ પૂરું થાય છે. સભાગૃહ આવતીકાલે ૧૨-૦૦ વાગે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | મત્સ્યોદ્યોગ પ્રભાગનું મંજુર થયેલ મહેકમ | ૨૩૪ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૩૭ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૩૯૮ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૩૪૯ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો | ૯૪ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૧૩૮ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને જુનાગઢ જિલ્લામાં રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બિલ ન ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૮૧ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો | ૧૩૨ |
| | મહીસાગર અને ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૨૦ |
| | મહીસાગર અને ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની કોલેજ | ૩૩૨ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૩૮૧ |
| | મહીસાગર અને નર્મદા જીલ્લામાં નવીન શૌચાલય | ૨૪૪ |
| | રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગ્રીન હાઉસ માટે મળેલ અરજીઓ | ૧૮૬ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને ડાંગ જિલ્લામાં ખાધ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૧૪૦ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૪૧ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવયા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૯૯ |
| અનિલ જોષીયારા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૩૦૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકમાં જ્યોતિગ્રામ યોજનાના લાભથી વંચિત ગામો | ૫૪ |
| | અરવલ્લી જિલ્લામાં ડેમવાર માછીમારીના કામની સોંપણી | ૨૧૯ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૨૨૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ન્યાયિક જીલ્લા કોર્ટ તથા સંલગ્ન કોર્ટોની સ્થાપના | ૩૭૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય | ૨૬૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં શાળાઓનું સંચાલન | ૩૨૨ |
| | વડોદરા જીલ્લામાં શાળાઓમાં પીવાના પાણીની સગવડો | ૪૧૬ |
| | સંખેડા તાલુકાના હાંડોદ–રતનપુર–રામપુરા રોડને પહોળો કરવાની કામગીરી | ૭૨ |
| અમરિષભાઇ ડેર | અમરેલી અને ગીર સોમનાથ જીલ્લામાં ગ્રીન હાઉસ માટે મળેલ અરજીઓ | ૨૭૮ |
| | અમરેલી અને જુનાગઢ જિલ્લામાં આવેલ કોલેજો | ૩૫૧ |
| | અમરેલી અને બોટાદ જીલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૪૦૦ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં વેટ, જી.એસ.ટી. કે અન્ય વેરાની વસૂલાત | ૪૪ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં રૂ.૧ લાખ કે થી વધુ રકમના વીજ બીલ ન ચૂકવયા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૧૦૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૪૬૦ |
| | કૃષિ વિભાગનું મંજૂર થયેલ મહેકમ | ૨૪૦ |
| અમિત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં શાળાના જર્જરિત ઓરડાઓ | ૩૩૫ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં સબડીવીઝન વાર પાકી કેનાલ બનાવવાની કામગીરી | ૧૧૭ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | આણંદ અને ખેડા જિલ્લામાં હેન્ડપંપ, જેટપંપ, મીનીયોજના, પાઈપલાઈન અને ટાંકીઓના કામ | ૫૯ |
| | આણંદ અને ખેડા જીલ્લામાં ગ્રીનહાઉસ બનાવવા સબસીડી | ૨૧૪ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કરવા બાબત | ૩૮૫ |
| અર્જુનસિંહ ચૌહાણ | ખેડા જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઈ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ | ૩૬૩ |
| | ખેડા જિલ્લામાં પેટ્રોલપંપની તપાસણી | ૨૧૮ |
| | ખેડા જિલ્લામાં મીની પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના | ૨૦ |
| | ખેડા જિલ્લામાં સ્મશાન સગડી વિના મૂલ્યે પુરી પાડવા | ૪૦૯ |
| | નડિયાદ આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ સ્કુલના લાઈસન્સની ચકાસણી | ૨૬૩ |
| | ખેડા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૪૩૪ |
| અરૂણસિંહ અ. રણા | પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૬ |
| | ભરૂચ જિલ્લામાં અનાજનું વિતરણ | ૨૦૯ |
| | ભરૂચ જિલ્લામાં કેળા પાકના વાવેતરમાં સહાય | ૨૫૮ |
| | ભરૂચ જિલ્લામાં દુધાળા પશુ આપવાની યોજના | ૩૫૭ |
| અરવિંદ પટેલ | વલસાડ જિલ્લામાં તાકીદની ગ્રાન્ટ | ૪૨૬ |
| | વલસાડ જિલ્લામાં સી અને ડી ગ્રેડ મેળવેલ શાળાઓ | ૩૯૭ |
| અરવિંદ રૈયાણી | રાજકોટ જિલ્લામાં ડીટેઈન વાહનો | ૨૨૮ |
| | રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ | ૪૩૦ |
| | રાજકોટ જીલ્લાની ગ્રામ પંચાયતોને સફાઈ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ | ૩૫૩ |
| | રાજકોટ જીલ્લામાં કૃષિ વીજ જોડાણ | ૧૩૧ |
| | રાજકોટ મહાનગરપાલિકામાં મંજુર કરેલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૮૦ |
| | મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૪૦૨ |
| | રાજકોટ જિલ્લાની વેણુ-૨ સિંચાઈ યોજના | ૧૯ |
| અરવિંદ રાણા | તાપી જીલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સગવડો | ૩૮૧ |
| | બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં નવા ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવા બાબત | ૨૧૦ |
| | સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર-વીરપોર રોડને પહોળો કરવાની કામગીરી | ૧૮ |
| | સુરત જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા | ૩૩૧ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ | ૩૪૮ |
| | શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જન્મજાત બધીર બાળકોને અપાતી સારવાર | ૫૨ |
| | શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જન્મજાત બધીર બાળકોને અપાતી સારવાર | ૧૧૧ |
| | અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો | ૨૨૪ |
| | વલસાડ આર.ટી.ઓ. કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ | ૧૯૮ |
| | વલસાડ જિલ્લામાં સમરસ ગ્રામપંચાયતો | ૩૪૮ |
| અલ્પેશ ઠાકોર | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગનું મંજુર થયેલ મહેકમ | ૨૨૦ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો | ૧૪૩ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૧૦૨ |
| | પાટણ અને વલસાડ જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી પીએનજી ઉપર વેરો | ૪૩ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નવીન શૌચાલય | ૨૦૮ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં આર.ટી.ઈ એક્ટ હેઠળ પ્રવેશ | ૪૨૯ |
| | અરવલ્લી અને છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૪૦૧ |
| | અરવલ્લી અને વલસાડ જિલ્લામાં આવેલ કોલેજો | ૩૫૩ |
| આનંદભાઇ ચૌધરી | નવસારી અને વલસાડ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ | ૪૨૦ |
| | તાપી અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૩૮૪ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૩૩૪ |
| | સુરત અને તાપી જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો | ૪૦ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં ગ્રીનહાઉસ માટેની અરજીઓ | ૨૨૩ |
| | સુરત અને નવસારી જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો | ૯૮ |
| આશા પટેલ | આંગણવાડીના બાળકોને આપવામાં આવતો ખોરાક | ૪૨૮ |
| | મહેસાણા અને ડાંગ જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી, પી.એન.જી ઉપર વેરો | ૯૨ |
| | મહેસાણા અને સુરત જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૩૪ |
| | મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૪૦૧ |
| | રાજ્યમાં આંગણવાડી કાર્યકરને વેતન બાબત | ૩૫૨ |
| ઈન્દ્રજીત સિંહ પરમાર | ખેડા અને ડાંગ જિલ્લામા નવીન શૌચાલય | ૨૧૭ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો | ૧૫૩ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૬૪ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૧૨૦ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૩૩૦ |
| | છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૩૮૦ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ અને નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના | ૨૨૫ |
| | અમદાવાદ શહેરની શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૩૨૭ |
| | આંગણવાડીના બાળકોને આપવામાં આવતો ખોરાક | ૩૭૬ |
| ઋત્વિકભાઇ મકવાણા | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગનું મંજુર થયેલ મહેકમ | ૨૧૩ |
| | સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૭૮ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૪૦૫ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બિલો ના ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૧૩૦ |
| | સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૩૫૬ |
| ઋષિકેશ ગ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૪૪૧ |
| | ''મહેસાણા જિલ્લામાં'' ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ'' | ૧૦૭ |
| | મહેસાણા જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ | ૪૮ |
| | વિસનગર ખાતે ''ઇ–૧'' ટાઇપના રહેણાંકના મકાનો | ૪૧૨ |
| | મહેસાણા જિલ્લામાં પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત | ૪૩૫ |
| કેતનભાઇ ઇનામદાર | વડોદરા જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો | ૨૧૭ |
| | સાવલી ખાતે 'બી–૧' પ્રકારના રહેણાંક કવાર્ટર બાંધકામ | ૪૨૫ |
| | વડોદરા જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ | ૬૭ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
| --- | --- | --- |
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | વડોદરા જિલ્લાના વિદ્યાર્થીઓને ફી પરત ચુકવણી સહાય | ૩૯૪ |
| | વડોદરા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો | ૧૨૩ |
| | વડોદરા જીલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૨૬૩ |
| | વડોદરાની જિલ્લાની ગ્રામપંચાયતોને સફાઈ કર વસુલાત અંતર્ગત ગ્રાન્ટ | ૩૪૫ |
| કનુભાઇ દેસાઇ | વલસાડ જિલ્લામાં આદિવાસી મહિલાઓને આજીવિકા | ૪૨૬ |
| | વલસાડ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૩૪૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૪૪૮ |
| | પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૬ |
| | વલસાડ જિલ્લામાં મેલેરીયાના કેસો | ૬૨ |
| | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાની ફાળવણી | ૨૬૬ |
| | વલસાડ જિલ્લામાં પેટ્રોલપંપની તપાસણી | ૨૨૪ |
| | વલસાડ જિલ્લામાં સી અને ડી ગ્રેડ મેળવેલ શાળાઓ | ૩૯૬ |
| કનુભાઇ પટેલ | બાવળા ખાતે 'ડી-૧' ટાઈપના રહેણાંકના મકાનો | ૪૨૦ |
| | અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ અને એ.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૨૮૧ |
| | અમદાવાદ જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓ | ૮૫ |
| | અમદાવાદ જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ | ૨૦૧ |
| | અમદાવાદ જિલ્લામાં ઘાસચારા વિકાસ યોજના | ૨૫૨ |
| | અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૧૩૩ |
| | અમદાવાદ જીલ્લાની પંચાયતોને તાકીદની ગ્રાન્ટ | ૩૩૩ |
| | અમદાવાદમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને સારવાર | ૨૩ |
| | સાણંદ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૩૮૨ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં નવીન શૌચાલય | ૨૧૪ |
| | ભાવનગર અને મોરબી જિલ્લાની પીવાના પાણીની સુવિધા | ૧૧૪ |
| | તળાજા તાલુકાની શાળાઓમાં સંવર્ગવાર મહેકમ | ૩૪૩ |
| | તળાજા તાલુકામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | ૩૯૨ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો | ૪૨૪ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શન | ૧૫૦ |
| | ભાવનગર અને બોટાદ જીલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો | ૫૫ |
| કુબેરભાઈ ડિંડોર | મહીસાગર જિલ્લામાં ન્યાયિક જિલ્લા કોર્ટ તથા સંલગ્ન કોર્ટની સ્થાપના | ૪૦૮ |
| | નર્મદા જિલ્લામાં પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત | ૪૩૩ |
| | મહીસાગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાં યોજનાની અરજીઓ | ૧૯૬ |
| | મહીસાગર જિલ્લામાં દૂધાળા પશુ આપવાની યોજના | ૩૬૨ |
| | મહીસાગર જીલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૨૪૯ |
| કરશનભાઇ સોલંકી | મહેસાણા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૪૩૦ |
| | મહેસાણા આરટીઓ કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાઇસન્સ | ૧૮૨ |
| | મહેસાણા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત. | ૫૧ |
| | મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૨૪૩ |
| | મહેસાણા જીલ્લામાં ગ્રામપંચાયતોને તાકીદની ગ્રાન્ટ | ૩૫૪ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | મહેસાણામાં સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી શરૂ કરવા બાબત | ૪૦૩ |
| કુંવરજીભાઈ બાવળીયા | રાજકોટ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૧૯૩ |
| | રાજકોટ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૩૩૮ |
| | રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૨૪૭ |
| | રાજકોટ જિલ્લામાં વીજ જોડાણની અરજીઓ | ૭૭ |
| | રાજકોટની શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલને કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૧૬ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ | ૧૯૪ |
| | ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૫૪ |
| | સિહોર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૩૬૭ |
| | ભાવનગર જિલ્લાના જેસર તાલુકામાં વિકાસપથ યોજના | ૬૬ |
| | ભાવનગર જિલ્લાની શેત્રુંજી સિંચાઈ યોજના | ૧૨૧ |
| | ભાવનગર જિલ્લામાં અનાજ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા બાબત | ૨૪૮ |
| | ભાવનગર જિલ્લામાં પૂર્ણ સીનીયર સિવીલ જજશ્રીની કોર્ટની સ્થાપના | ૪૧૨ |
| | ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૩૬ |
| કેસરસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૨૬૭ |
| | અરવલ્લી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૪૨૩ |
| | ખેડા જીલ્લામાં સ્મશાન સગડી વિના મૂલ્યે આપવા બાબત | ૩૮૭ |
| | ખેડા અને આણંદ જિલ્લાની સિંચાઈ નહેરો | ૧૩ |
| | ખેડા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૩૩૭ |
| | નડીયાદ આરટીઓ ખાતે ઓવરલોડ વાહનો | ૨૨૪ |
| કાંતિભાઈ ખરાડી | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આવેલ ઈજનેરી કોલેજ | ૩૨૮ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો | ૩૭૭ |
| કાંતિભાઈ પરમાર | ખેડા અને છોટા ઉદેપુર જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેક્શનો | ૬ |
| | ખેડા અને પાટણ જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૭૪ |
| | મહીસાગર અને મહેસાણા જિલ્લામાં ગ્રીન હાઉસ માટે મળેલ અરજીઓ | ૧૯૨ |
| કાંતિભાઈ બલર | અમરેલી જિલ્લામાં પી.ઓ.એસ. મશીન આપવા બાબત | ૨૯૦ |
| | માંડવી અને માંગરોળ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર | ૩૪૧ |
| | સુરત આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહનો | ૨૭૧ |
| | સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ-લવેટ રોડને પહોળો કરવાની કામગીરી | ૩૪ |
| | સુરત જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ | ૨૩૩ |
| | રણ મહોત્સવ-૨૦૧૬-૧૭ | ૩૯૦ |
| કાંતિભાઈ સોઢાપરમાર | આણંદ અને નવસારી જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૩૦ |
| | આણંદ અને નવસારી જિલ્લામાં આવેલ કોલેજો | ૪૨૫ |
| | આણંદ અને રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૧૩૫ |
| | આણંદ અને જુનાગઢ જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની કોલેજ | ૩૪૪ |
| | આણંદ અને જુનાગઢ જિલ્લામાં ગ્રીનહાઉસ માટે મળેલ અરજીઓ | ૨૫૫ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | આણંદ અને મહિસાગર જિલ્લામાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી ઉપર વેરો | ૯૦ |
| | આણંદ અને અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ | ૩૯૩ |
| | આણંદ અને ભરૂચ જિલ્લામાં નવીન શૌચાલય | ૨૦૪ |
| કાન્તિભાઈ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી અને રાસાયણિક ખાતર પર લેવાનો વેટ અને સેસ | ૩૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં રીકાર્પેટ ન થયા હોય તેવા રસ્તાઓ | ૧૩૬ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાના ડામર કર્યા વગરના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ | ૯૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં બીપીએલ લાભાર્થીની અરજીઓ | ૧૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજનાના કામો | ૨૮૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ મંજૂર પ્રોજેક્ટ | ૨૪૮ |
| કાળાભાઈ ડાભી | કપડવંજ અને કઠલાલ તાલુકામાં જર્જરીત ગ્રામ પંચાયતો | ૩૬૨ |
| | કપડવંજ અને કઠલાલ તાલુકામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી | ૨૮૨ |
| | કપડવંજ અને કઠલાલ તાલુકામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી | ૨૮૨ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૬૩ |
| | ગ્રામ વિકાસ પ્રભાગનું મંજૂર થયેલ મહેકમ | ૨૦૨ |
| | પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો | ૪૩૩ |
| | પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રીન હાઉસ માટે મળેલ અરજીઓ | ૨૫૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ કોલેજો | ૪૦૮ |
| કિર્તિસિંહ વાઘેલા | અંબાજી આરટીઓ ખાતે ઓવર ડાયમેનશનવાળા વાહનો | ૨૪૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘર વપરાશ વીજ જોડાણ | ૧૩૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૧૯૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૨૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓને સાઈકલ સહાય | ૩૪૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ | ૮૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન | ૩૯૩ |
| કિરીટકુમાર પટેલ | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૩૨ |
| | અમીરગઢ,ગુંદરી, અંબાજી અને થરાદ ચેક પોસ્ટ પરના બંધ સીસીટીવી કેમેરા | ૨૧૬ |
| | પાટણ અને તાપી જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૯૧ |
| | પાટણ અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૩૫૦ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આર. ટી. ઈ. એક્ટ હેઠળ પ્રવેશ | ૪૦૦ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ કોલેજ | ૪૨૭ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ | ૮૩ |
| | અમદાવાદ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહનો | ૨૧૬ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામપંચાયતો | ૪૧૫ |
| | અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ | ૨૧ |
| | ચેરીટીતંત્રની વડી કચેરી વસ્ત્રાપુર ખાતે ખસેડવા બાબત | ૩૧૭ |
| | પાટણ જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૩૭૧ |
| | બોટાદ જિલ્લામાં બીપીએલ અને એપીએલ કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય | ૨૮૭ |
| | ભિલોડા બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજુર રકમ | ૨૬૦ |
| ગજેન્દ્રસિંહ પરમાર | તલોદ ખાતે સી ટાઇપના સ્ટાફ ખાતે ક્વાર્ટરના બાંધકામ | ૪૧૫ |
| | પ્રાંતિજ તાલુકાના સાદરા–બોભા રોડને પહોળો કરવાની કામગીરી | ૭૦ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૩૭૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુવાઓનું વિજળીકરણ | ૧૨૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલપંપની તપાસણી | ૨૨૭ |
| | સાબરકાંઠા જીલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા | ૩૧૫ |
| ગણપતસિંહ વે. વસાવા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૪૬૧ |
| ગેનીબેન ઠાકોર | અમીરગઢ, ગુંદરી, અંબાજી અને થરાદ ચેક પોસ્ટ પરના બંધ સીસીટીવી કેમેરા | ૨૧૭ |
| | બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૩૨૬ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ | ૧ |
| | બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં નવીન શૌચાલય | ૨૬૧ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૧૨૭ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલોના ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૭૩ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ જિલ્લાની શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી | ૩૨૪ |
| | અમદાવાદ જિલ્લામાં રદ થયેલા રેશનકાર્ડ | ૨૦૧ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં અંત્યોદય યોજના | ૨૫૨ |
| | અમદાવાદ શહેરમાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૫૫ |
| | અમદાવાદ શહેરમાં રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજ બીલ ન ચૂકવ્યા હોય તેવા ઔદ્યોગિક એકમો | ૧૧૩ |
| | રાજ્યમાં આવેલી બ્લડ બેંકોમાં બ્લડ પ્રોસેસીંગના દરો નક્કી કરવા | ૧૫૦ |
| | રાજ્યમાં સિંહ, સિંહણ અને સિંહબાળના મૃત્યુ | ૩૭૫ |
| ગીતાબા જાડેજા | ગોંડલ તાલુકામાં સુવિધાપથ યોજના | ૪૪ |
| | મોરબી જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૩૪૨ |
| | મોરબી જિલ્લામાં રોટાવેટર સહાય માટેની અરજીઓ | ૨૮૮ |
| | રાજકોટ જિલ્લામાં ગેસ એજન્સીઓની તપાસ | ૨૩૦ |
| | રાજકોટ જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર | ૩૯૧ |
| | રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૦૩ |
| | રાજકોટ જિલ્લામાં રોટાવેટર સહાયની અરજીઓ | ૨૭૦ |
| ગોવિંદભાઇ પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૪૫૫ |
| | રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ | ૧૯૨ |
| | રાજકોટ જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો | ૨૪૭ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેમીલી કોર્ટની રચના | ૩૨૮ |

| પુસ્તક ૫૧ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મહેકમ | ૩૭૭ |
| | રાજકોટ જીલ્લામાં વીજ ગ્રાહકો માટે લોક અદાલતો | ૧૫ |
| ગોવિંદભાઈ પરમાર | આંકલાવ ખાતે 'સી' અને 'ડી' ટાઇપના રહેણાંકના મકાનો | ૩૯૯ |
| | ખેડા જિલ્લામાં એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ | ૯૯ |
| | ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે જ્યુડિસિઅલ ઓફિસર માટે રહેણાંકના ક્વાર્ટરના બાંધકામ | ૩૫૦ |
| | ખેડા જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ | ૨૫૦ |
